गूजरात विद्यापीठ ग्रंथालय
(गुजरात कोपीराईट विभाग)

अनुक्रमांक १२४७ किंमत –

ग्रंथनाम ઈંગ્લેન્ડની મુસાફરીનું

वर्गांक વર્ણન

૧૨૭૩

# पहेली आवृत्तिनी प्रस्तावना.

જે પ્રવાસનું વર્ણન આ ગ્રંથમા કર્યું છે તે વિષે આ દેશના ઘણા લોકોના સાંભળવામા આવ્યું હશે. એ બાબતપર ઘણી ચરચા ચાલી ચુકીછે, તેથી આ ઠેકાણે કાંઈ વધારે કહેવાની જરૂર નથી. સિવિલ સરવીસના ટી. સી. હોપ સાહેબે એ મુસાફરીની ઉઠામણી તથા ગોઠવણી કરી. એ કામમા કેળવણી ખાતાના ઉપરી હાવર્ડ સાહેબ તરફથી તેમને સારી મદદ મળી હતી. એ યાત્રાનો ખર્ચ કરવાને મારી શક્તિ નહોતી, માટે એ બન્ને સાહેબોએ મોટી મેહેરબાની કરી મને આશરે બેહજાર રૂપીઆ આપ્યા. હું મારા ખાનગી લાભને અર્થે ત્યા ગયો નહોતો, પણ આ દેશના ફાયદાને સારૂ એ કામ માથે લીધું હતું. તેથી આપણી માયાળુ સરકારે મારો બર પગાર આપવો જારી રાખ્યો હતો, અને પાછા આવવાનો આગબોટ તથા રેલવેનો કુલ ખરચ સુમારે રૂ ૧૫૦૦) આપવાની મેહેરબાની કરી હતી. એ સર્વેનો હું મોટો પાડ માનુંછું. અને ઇંગ્લાંડમા જેમણે મારા ઉપર મેહેર કરી હતી, તેમનો પણ હું આભારી છું.

મારી એ મુસાફરીથી આપણા દેશને ઘણો લાભ છે, એ કારણથી મુંબઈના કેટલાક ગૃહસ્થોએ મારી સાથે એક ઓદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ આવ્યો હતો તેના ખરચને સારૂ મદદ કરી હતી. આ ગ્રંથને અંતે પ્રગટ કરયા પ્રમાણે મને સાહે કરનારાએ નાણાં આપ્યાં હતાં. એ સાહેબોનો હું ભારે ઉપકાર માનું છું.

ઇંગ્લાંદની મુસાફરી કરવી કાંઈ કઠણ નથી. સેંકડો માણસ બઇરાં છોકરાં સહિત હર મહિને ત્યા જાએ છે ને ત્યાંથી અહીં આવે છે. હિંદુઓને કેટલીક હરકતો છે પણ તે દૂર થાએ એવી છે. આપણા લોકો હઠ લઈને બેઠા છે, પણ હું ખાતરીથી કહું છું કે એમા તેમની ભૂલ છે. મારી નાતવાળા એ વાસ્તે મારી જોડે રીસાયા છે, ને મને ઘણીજ પીડા કરે છે. એ વાત મેં મૂળથી જાણી હતી તેથી હવે ગભરાતો નથી. સારાં કામ કરવામા જે જે દુઃખો પડે તે સહન કરનારા ઘણા માણસ આપણા દેશમાં થશે ત્યારેજ પણો દહાડો વળશે. તારીખ ૧ લી અપરેલ.

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

કરસનદાસ મૂળજીનો ઇંગ્લાંડનો પ્રવાસ પ્રગટ થયા પછી આ લઘુ ગ્રંથની બીજી આવૃત્તિ છપાવવાની જરૂર શી છે? એવો પ્રશ્ન મારા મનમાં ઉઠ્યો. એના ઉત્તરમાં મને બે કારણ સુઝયાં. ૧લું, આપણા દેશની નિશાળોમાં ઇનામ આપવા જોગ પુસ્તકો ઘણાજ થોડાં છે. નિશાળમાં ભણવાને જે ચોપડીઓનો ખપ છે, તે ગરીબ લોકને વેચાતી લેવાની શક્તિ નથી હોતી કે શક્તિ હોય તો તે વેચાતી લેવાની રૂચિ નથી હોતી તેમનાં પુત્ર પુત્રીઓને એવી ચોપડીઓ ઇનામ આપવાની જરૂર પડેછે. પણ તે ઉપરાત ઇનામને માટે બીજી ઘણી ચોપડીઓની જરૂર પડે છે. એને માટે બે જાતની ચોપડીઓ ઘણુંકરીને પ્રગટ થતી જોવામાં આવે છે. નિશાળની ચોપડીઓના અર્થ, પ્રશ્નોત્તર, સારાંશ, ગણીતના દાખલા વગેરે સાહેકારી ચોપડીઓ છપાય છે પણ તેઓની ગરજ નથી, અને વાપરવાની કેળવણીખાતાના અધિકારીઓની મના છે; તેઓ લાભકારી નથી એટલુંજ નહીં પણ ઘણુંકરી નુકશાનકારી છે, અને તેઓને ઇનામમાં આપવાનો હુકમ નથી. બીજી જાતની ચોપડીઓ ઘણુંકરીને પ્રસિદ્ધ થતી જોઈએ છીએ તેઓ નાટક કે વાર્તારૂપે શૃંગારરસની હોય છે. પેહેલી જાતની કરતાં આ બીજી જાતની ચોપડીઓ બાળકને વધારે હાનીકારક છે. કરસનદાસનો પ્રવાસ છે એ ઇનામને માટે ઘણો યોગ્ય છે, તથાપિ હાલ તેની કીમત અર્ધી કર્યા છતાં બહુ મોંઘી છે; ઘણુંકરીને ગુજરાતી નિશાળોમાં ઇનામને માટે હલકી કીમતની પણ સુબોધકારી ને સારા જ્ઞાનની ચોપડીઓની જરૂર છે. એ અર્થે આ નાની ચોપડી કામ લાગશે એવું ધારી આ બીજી આવૃત્તિ પ્રગટ કરી છે. પાંચમા અને છઠ્ઠા ધોરણના નિશાળીઆને ઇનામમાં કામ લાગે તેવી છે. દેશાટણો, સદ્‌ગુણી સ્ત્રી પુરૂષોનાં ચરિત્રો, વિદ્યા અને સુનીતિ વિષે બાળકને રસિક લાગે તેવી સોંઘી ચોપડીઓ, અને તેમની ઉમરને લાયકની સુનીતિની નાની ચોપડીઓની બહુ જરૂર છે. નિશાળીઆના હાથમાં આપવા જોગ નાની

સેહેલી, અને સોંઘી, સદ્જ્ઞાન અને સદ્બોધની, પોથીઓ પ્રગટ થાય અને તેઓ નિશાળોમાં ઈનામ આપવામાં વપરાય તો જે કેળવણી હાલ આપવામાં આવે છે તેને આશ્રય મળે.

# અનુક્રમણિકા.


પ્રકરણ ૧ લું. પૃષ્ઠ

૧ રતનાગરસાગર. ૨ વહાણુ અને તેપર બનેલો હેવાલ. ૩ એ-
ડન. ૪ રાતોસમુદ્ર, સુવેઝ, કૈરો, હોટેલ, સીકંદ્રીઆ. ૫ ભૂમ-
ધ્ય સમુદ્ર. ૬ માલતા. ૭ તોફાન. ૮ જીબરાલતર. ઉત્તર આત-
લાન્તિક સાગર. ૯ સાઉધામપતન .. .. .. .. .. ૧

પ્રકરણ ૨ જું.

૧૦ લંડન. ૧૧ ઘરોની માંહેની હાલત તથા સામાન. ૧૨ ગાસ
અથવા વાયુના દીવા. ૧૩ જાનવરશાળા. ૧૪ સંગ્રહસ્થાનો. ૧૫
ક્રીસતલપાલેસ એટલે બીલોરી મેહેલ. ૧૬ ટેમ્સનદી નીચેથી જવા-
નો રસ્તો. ૧૭ ટાવર અથવા કીલ્લો. ૧૮ બીજી ઇમારતો... .. ૧૪

પ્રકરણ ૩ જું.

ઇંગ્લાંડની રાજનીતિ—૧૯ રાજાનો અખતીઆર. ૨૦ અમી-
રોની સભા. ૨૧ લોકની સભા, પારલેમંટ. ૨૨ મ્યુનીસીપાલ-
ખાતું, માજીસ્ત્રેટ, પોલીસ. ૨૩ ઉપજખરચ. ૨૪ દરીઆઈ તથા
જમીનની ફોજ, વાલંટીઅર ફોજ. .. .. .. .. .. ૨૭

પ્રકરણ ૪ થું.

૨૫ એક્સીટર હાલ વગેરે મંડળી મળવાના ઠેકાણું, ક્લબો. ૨૬
ગરીબ ભીખારીની બરદાસ. ૨૭ વિદ્યાનો ફેલાવો, વરતમાનપત્રો,
પુસ્તકો. ૨૮ લંડન યુનિવરસીટી. ૨૯ ટ્રેનિંગસ્કુલો. ગરીબના છો-
કરાની બરદાસ. ૩૦ સરકારી નોકરી.. .. .. .. .. ૩

પ્રકરણ ૫ મું.

૩૧ વીંડસર, રાજકુટુંબની સાહાઈ. ૩૨ બ્રાઇટન. ૩૩ બાથ. ૩૪
ચેલટનહામ. ૩૫ ચેલટનહામની પાઠશાળાઓ. ૩૬ ટ્રેનિંગ
તથા તેને લગતી નિશાળો .. .. ૧[illegible]

### પ્રકરણ ૬ ઠું.

૩૭ ગ્લોસ્તર. ૩૮ બરમિંગહામ, રેલવે, બાગ. ૩૯ હુનરના કારખાનાં. ૪૦ ટાઉનહાલ, વ્યાકરણશાળા, દેશની આબાદીનો દાખલો. ૪૧ રગબીસ્કુલ. ૪૨ માનચેસ્ટર, બોલટન. ૪૩ લીવરપુલ. ૬૦

### પ્રકરણ ૭ મું.

૪૪ ચેલટનહામનો વાસ, બ્રામ્સગ્રોવ. ૪૫ ઉવુસ્ટર, હાથના મોજાં તથા ચીની વાસણનાં કારખાનાં. ૪૬ સિરિંસ્ટર. કૃશીશાળા. ૪૭ આલફ્રેડરાજાનો કોતરાવેલો ઘોડો. ૪૮ રૂતુઓ, શીઆળો. બરફ. ૪૯ ચખ, સ્લાઇડિંગ. સ્કેટિંગ. ૫૦ તાપણીનું સુખ. ૫૧ ઓક્સફોર્ડ. ૫૨ લંડન અને પારિસ વચેનો રસ્તો .. .. .. ૮૦

### પ્રકરણ ૮ મું.

ઇંગ્રેજ લોકોની ચાલચલણ. ૫૩ બાળક ઉછેરવાની રીત. ૫૪ સ્ત્રીકેળવણી. ૫૫ લગન રૂડી. ૫૬ લગનની ક્રિયા. ૫૭ પરણ્યા પછીની હાલત તથા ધણીનો અખતીઆર. ૫૮ સ્ત્રીઓની રેહેણી તથા પોશાક. ૫૯ તેમને માન તથા મહેમાનગત. ૬૦ જાતિભેદ. ૬૧ લોકનો ધર્મ.. .. .. .. .. .. .. .. .. ૯૫

### પ્રકરણ ૯ મું.

૬૨ ઇંગ્લિશ લક્ષણો. ૬૩ ઉત્સાહપૂર્વક અચળપણે કામ કરવું, ઉદ્યોગ, હીમત અને આગ્રહ. ૬૪ સાહસ. ૬૫ આત્માભિમાન. ૬૬ સ્વસ્તા, સ્વતંત્રપણું. ૬૭ ઇંગ્રેજ લોકના અપલક્ષણો. ૬૮ ઇંગ્લાંડમા શું જોવાનું છે .. .. .. .. .. .. .. .. ૧૦૮

### પ્રકરણ ૧૦ મું.

૬૯ પારિસ. ૭૦ ઇન્સ્ટિટયુટ ડિ ફ્રાંસ. ૭૧ પારિસની ખુબસુરતી. ૭૨ પારિસનું ટુંકુ વર્ણન. ૭૩ પારિસથી મુંબઈ સુધીનો પ્રવાસ. ૧૨૧

# ઈંગ્લાંદની મુસાફરી.

## પ્રકરણ ૧ લું.

૧. સંવત ૧૯૧૬ના ચૈત્ર શુદી ૫ ને મંગળવાર તા૦ ૨૭મી માર્ચ સન ૧૮૬૦ની રાતના ૯॥ કલાકે અમારા વહાણનું લંગર ઉપડયું, અને મધ્યરાત થયા પેહેલાં મુંબઈનું બારૂં છોડી આથમણી દિશાએ મહાસાગરમાં પડયું. દરીઓ સ્થિર હતો ને મધુરો પવન વાતો હતો તેથી જીવને કાંઈ અસુખ થયું નહીં, અને રાત મીઠી ઊંઘમાં ગઇ. વહાલાંને પછવાડે મુકી દૂર દેશાવર જતાં જે દિલગીરી થાયછે તે બીજે દહાડે સવારે પાછી થવા માંડી, પણ તેની જોડે બીજા વિચાર આવ્યા. ચોતરફ મહાસાગરનો બોહોળો ફેલાવ પેહેલોજ તે દિવસે મારા જોવામાં આવ્યો. રત્નાગર હર્ષમાં થોડો થોડો ઉછળી ઉછળી ધીમા ધીમા ફુફાડા મારતો હતો, અને વહાણનો વરાળીઓ ઘોડો ખુંખારી રહ્યો હતો. ચોમેર જળ દેખાતું હતું. ઉપર આભ ને નીચે પાણી સિવાય બીજું કાંઇ નજરે પડતું નહોતું. વહાણ ડોલ્યાની અસર જણાવા લાગી. ઉભા રેહેવું મુશકેલ પડે એટલુંજ નહીં પણ બેઠેલા હોઈએ ત્યારે પણ મોળ આવે, ને હમણાં પાછું નંખાશે એમ થાય. ખાવાની રૂચી થાય નહીં. આવું ઘણાખરા ઉતારૂઓને થયું. તેમાં સ્ત્રીઓને વધારે થયું. તેમનાં મુખ ફીકાં દીસવા લાગ્યાં. પથારીમાંથી ઉઠવાનું મન થોડાંનેજ થતું. માત્ર બે ત્રણ દહાડા સુધી એ પોહોચ્યું, પછી ઘણાખરાને સહવાસ પડી ગયો, અને તેઓ ફરવા હરવા, ને મોજ મજા કરવા લાગ્યા.

૨. અમારી આગબોટનું નામ ઓટવા હતું. વિલાયતી વહાણોમાં ઉતારૂઓને રેહેવાની જગા કેવી છે તેનો બરાબર વિચાર નજરે જોયાથીજ આવે. વહાણના નોકરો ઉતારૂઓના સુખની સંભાળ લેવામાં

કાંઈ મણા રાખતા નથી. વળી સર્વ સુંદર અને શોભીતું રાખે છે. દરરોજ સવારમાં ઝાઝના મથાળાનો સઘળો ભાગ તથા નીચેના કેટલાએક ભાગ ધુવેછે. ખાવા પીવાનું તથા ઓઢવા પાથરવાનું સર્વને સારી રીતે પુરૂં પાડેછે. નહાવાની ગોઠવણો પણ સારી છે. પેહેલા વર્ગના ઉતારૂઓની સુવાની ઓરડીઓ સ્વચ્છ અને સુખદાયક હોયછે. ઉતારૂઓને વાચવા માટે ચોપડીઓ રાખે છે, તથા તેમને રમવાને વાસ્તે શેતરંજ અને ગંજીફા વગેરે આપે છે. ગાવાનાં વાજંત્ર પણ આપે છે. તેમને બેસવા ઉઠવા તથા જમવાને એક મોટું દિવાનખાનું હોય છે. ખુરશી, કોચ, ગાદી, શેતરંજી, તક્તા, વગેરેથી તે મઝાનું શણગારેલું હોય છે. ઉતારૂઓની ચાકરી કરવાને નોકરો રાખેલા હોય છે, તથા તેમને ઓષદ કરવાને વૈદ રાખે છે. તેમને ખાવાને દૂધ જોઈએ માટે દૂઝણી ગાયો રાખે છે. દહાડામાં ચાર વાર જમવાનું થાય છે. તેમાં બાર ઉપર ચાર કલાકનું ભોજન મુખ્ય ને બાકીનાં હલકાં ભોજન હોય છે. અંગ્રેજ લોકો પોતાને ઘેર જેવું ખાય છે તેવુંજ અહીં પણ તેમને નિત્ય ઉનું ને તાજું મળે છે. આપણા લોકને એમનું ખપે નહીં માટે મેં મારૂં ખાવાનું તથા પાણી જૂદાં લીધાં હતાં અને મારી ઓરડીમાં રાખ્યાં હતાં. હરેક ઓરડીમાં એક અથવા વધારે ઉતારૂઓ રહે છે. પણ મેં મારે સારૂં એક અલાયદી ઓરડી લીધી હતી. તેમાં બીજા કોઇનો પગ નહોતો. ઘણા ઉતારૂઓ મારી જોડે ભલમાણસાઇથી વાત ચિત કરતા હતા. કેટલાએક ઘણીવાર મારી ખબરઅંતર પુછતા હતા.

૩. ચૈત્ર શુદી ૧૩ ને બુધવાર તા. ૪થી એપ્રિલની સવારે ૯ કલાકે અમે એડન પહોંચ્યા. અરબસ્તાનને એક છેડે દરીઆમાં આગળ પડી આવેલા ઉજડ ખડક ઉપર એ ગામછે. અંગ્રેજ સરકારની છાવણીના માણસો સિવાય અહીં બીજી થોડીજ વસ્તીછે. જ્યાં કાંઈ પાકે નહીં ત્યાં દોલત શાની હોય. ઘણી મેહેનતે થોડાં ઝાડ ઉગાડ્યાંછે. બંદરથી છાવણી ચારેક મૈલ દૂરછે. આગબોટ કોયલા લેવાને અહીં સાંજ સુધી રહેવાની હતી, તેથી ઘણાક ગૃહસ્થો ગામ જોવાને ગયા. કોઈએ ગધેડાની સ્વારી

કરી,કોઈ ખચરે ચઢ્યા, અને કેટલાએક બગીમાં બેસીને ગયા. ભાઈ રાજારામ ઉત્તમરામ વિશળનગરા નાગર બ્રાહ્મણ તથા ભાઇ ડાહ્યાભાઈ કરીને એક બીજો મિત્ર એ બંને એ વખત છાવણીમાં સરકારી નોકરીપર હતા, તેઓ મને પોતાને ઘેર તેડી ગયા. રાજારામને ઘેર હું તથા મારો ભટ જમ્યા. અહીં મુંબઈના તથા પોરબંદરના થોડાક વાણીઆ વેપારને વાસ્તે રહે છે. તેઓ એવું માનેછે કે અસલના વખતમાં અહીં હિંદુની વસ્તી હતી, અને પાંડવો વનવાસ નિકળ્યા ત્યારે અહીં આવ્યા હતા. આ વાત ખોટી છે એમાં કાંઈશક નથી. જૂના વખતમા એડનમાં સારી વસ્તી હતી તેની નિશાનીઓ છે. તે વળાના બાંધેલા મોટાં તળાવો હાલ પણ છે. અહીં વરસાદ કોઈજવાર વરસે છે, પણ વરસેછે ત્યારે એકદમ ખૂબ આવે છે. વરસાદનું પાણી એકઠું કરી રાખવાને સરકાર હાલ એમાંના કેટલાએક તળાવોને સમરાવે છે, તે મેં જોયાં. આરબસ્તાનમાં જવાનો રસ્તો સેહેલો કરવાને સરકારે કેટલીએક સુરંગ ફોડી છે, તે પણ મેં જોઈ. એડનની આસપાસનો મુલક જે રાજાના કબજામાં છે તેને આપણી સરકાર દર વરસે કાંઈ નાણું આપી રાજી રાખે છે. હું ગામમાં મોડો ગયો તેથી પાછાં આવતાં જરા વાર લાગી. અમારા ઝાઝનો કપતાન માયા કરી મારે માટ ઠરાવેલા વખત ઉપરાંત થોડી મિન્યુટ ખોટી થયો. તેણે એમ નહીં કર્યું હોત તો હું પાછળ રહી જાત ને આપત્તિમાં પડત.

૪. એડન છોડયા પછી અમે રાતા સમુદ્રમાં પેઠા. એ દરીઆમાં સુકાનીને ઘણી ખબરદારી રાખવી પડે છે, કેમકે એમાં ખડકો ઘણા છે. કોઇ કોઇ વહાણો જતાં આવતાં જણાતાં હતાં. અમારી આગબોટના બે અંગ્રેજ ખારવા મરી ગયા, તેમનાં મડદાં પાંચમી તારીખે ધર્મની ક્રિયા કરીને સમુદ્રને સ્વાધીન કરયાં. કોઈ વખત એક અને કોઈ વખત બંને કીનારા નજરે પડતા હતા. દર રવીવારે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે જાહેર પ્રાર્થના વહાણમાં કરે છે. જો ઉતારૂઓમાં કોઇ તેમના ધર્મનો ઉપદેશક હોયતો તે કરાવેછે, નહીંતો કપતાન કે, દાકતર

કરાવેછે. તા૦ ૧૧ મી એપ્રિલે બાર ઉપર ચાર કલાકે આગબોટ સુવેઝ આગળ લંગર કરયું. કીનારે જવાની અગાઉ પાઘડી સિવાય અમે અમારો બીજો પોશાક બદલ્યો ને વિલાયતમાં પહેરવાને જે લુગડાં લીધાં હતાં તે પેહેરયાં. અહીંથી ઉતારૂઓનો સામાન આગની ગાડીમાં ચડાવ્યો તે સિકંદરીઆના બંદરમાં બીજી આગબોટમાં ચડયા ત્યારેજ પાછો જોવામાં આવ્યોછે. સુવેઝ જોવાનો અમને વખત મળ્યો નહીં કેમકે સાત વાગતાં અમારી ગાડી ચાલતી થઈ. જેમણે એ જોયું છે તેઓએ મને કહ્યું કે એમાં કાંઈ જોવા લાયક નથી. રાતના ૧૨ કલાકે અમે કેરો શેહેરમાં પોહોંચ્યા. મારા ઓળખીતાઓ એક હોટેલમાં ગયા ત્યાં હું પણ તેમની સાથે ગયો. મુસાફરોને ઉતરવાને વાસ્તે જે ઘરો છે તેને હોટેલ કહે છે. એની જોડે સરખાવતાં આપણી ધર્મશાળાઓ કેવળ જંગલી દીસે છે. પૈસાદાર લોકોના ઘરોમાં જેવા વગ અને સુખનાં સાધનો હોય છે તેવાંજ અહીં છે. નહાવાનું, સુવાની પથારી વગેરે જે જોઈએ તે આપે છે. સર્વને જુદા જુદા ઓરડા મળે છે. ચાકરી કરવાને માણસો હાજર રહે છે. તાજું ખાવા પીવાનું, જ્યારે માગે ત્યારે આપે છે. જેની પાસે નાણું હોય તેને કાંઈ અડચણ પડે નહીં. ગરીબોને સારૂ થોડા ખરચવાળા હોટેલ હોય છે. હિંદુઓ સિવાય દુનિયાના બીજા લોકોમાં ખાવા પીવાનો જાતિ ભેદ નથી; બીજી જાતના લોકોનું રાંધેલું ખાતાં વટલાઇશું એવું તેઓ માનતા નથી, તેથી તેમને હોટેલની ગોઠવણથી દેશાટન કરવું ઘણુંજ સહેલ પડેછે. ખુદ યુરોપની હોટેલોતો બહુજ સરસ હોયછે. ત્યાંનાં નાના ગામડામાંપણ તેના ગજા પ્રમાણે નાની મોટી હોટેલ હોયછે.

કેરોમાં સવારે અમે ઉઠયા એટલે ખબર આવી કે અમારે ઝટ ઝટ નાસ્તો કરી આઠ વાગે આગની ગાડીમાં ચડવુંછે. એથી શેહેર તથા ત્યાંથી સાત ગાઉપર પિરામિડ નામે જૂના કાળની પ્રખ્યાત ઇમારતો છે તે જોવા જવાનો અમને વખત મળ્યો નહીં. કેરો મિસર દેશની રાજધાની છે. રાતે સુવાના તથા ખાવાના મળી દર માણસ પાસે

રૂ. ૫) લીધા. મેં ત્યાંનું કાંઈ ખાધું નહીં તોપણ એટલાજ રૂપીયા મારે આપવા પડ્યા. બધી હોટેલોમાં એવો જુલમી દર કે ધારો હોતો નથી. મારગમાં આસપાસનાં ખેતરો તથા ગામડાં અમે જોયાં. જમીન ગુજરાતના જેવી સપાટ અને રસાળ દેખાતી હતી. ખેતીની નીશાની ચોતરફ જોવામાં આવતી અને દેખાવ રળિયામણો હતો. નીલ નદી અને તેની શાખાઓનાં પાણી ધીમે ધીમે વહેતાં હતાં, અને તડકાથી ચળકતાં હતાં. ગામડાનાં ઘરો માટીનાં બાંધેલાં હતાં, અને ગરીબ હાલતમાં જણાતાં હતાં. ઘણાં ઘરોને મથાળે ઢળતા પડાળનાં છાપરાં નહોતાં, પણ સપાટ માટીનાં છાજ જેવું હતું. એક ખેડુતને પોતાને હળે એક મેર પાડો અને બીજી મેર નાનું ઊંટ જોડી ખેડતાં મેં જોયો. રસ્તે લોકો જતા આવતા હતા તેમાંના કોઈ ગધેડા ઉપર અને કોઈ ખચ્ચર ઉપર બેઠા હતા. સ્ત્રીઓને મોઢે બુરખા હતા, માત્ર તેમની આંખો અને કપાળ ખુલ્લાં હતાં. રેલવેમાં બેસવાના પૈસા મળે નહીં માટે તે લોક એમ મુસાફરી કરતા હતા. તેમના પોસાકનો રંગ કાળો હતો, અને તે એવો હલકો હતો કે તેના પહેરનાર કંગાળ હાલતમાં હોય એવું લાગ્યું. મારી જોડે ગાડીમાં બેઠા હતા તેમના બોલવામાંથી એવું નીકળ્યું કે મિસર દેશનો પાદશાહ બિચારા ખેડુતોને ઘણોજ નીચોવેછે. તેમની મેહેનતનાં ફળમાંથી તેમને સુખે ખાવા જેટલું પણ બરાબર રહેવા દેતા નથી. મોટાં શેહેરોમાં પૈસાદાર લોકો છે, પણ ગામડાના લોક છેક નિર્ધન અને દુખીઆ છે. આગળ ચાલતાં રેતીનું મેદાન આવ્યું અને ત્યાં ભોગજોગે એકાએક મોટું વાયુંનું તોફાન થઈ આવ્યું. તેથી સર્વે બહુજ હેરાન થયા. ધુળ અને રેતીથી આકાશ છવાઈ ગયું, અને તેના હુમલાથી અમારાં નાક અને આંખોનો બચાવ મુશકેલીએ કરી શક્યા. પવનનું જોર ઘણી વાર રહ્યું, તેથી કાયર કાયર થઈ ગયા. પાછલે પહોરે વરસાદ આવ્યો ને તોફાન નરમ પડવા માંડ્યું. સાંજે અમે સિકંદરીઆમાં પહોંચ્યા. મારસેલ્સની રાહે જનારાની આગબોટ તૈયાર હતી, તેથી તેમને પાધરા તેમાં ચડાવી

દીધા, ને હું તથા બીજા સાઉધામ્પટનને માર્ગે જનારા હૉટેલમા ગયા. મોટા સિકંદર પાદશાહના વસાવેલા આ પ્રખ્યાત શેહેર વિષે મારા મનમા ઘણા વિચાર આવ્યા તેથી પોણી રાત જાગતાં કહાડી. બીજે દહાડે પાછલે પોહોરે પાચ વાગતાં સાઉધામ્પટનની આગબોટ ઉપડ-વાની હતી તેથી તે દહાડો અમને શેહેર જોવાને મળ્યો. સિકંદરીઆ શેહેર મોટું નથી પણ સ્વચ્છ ને ભભકાદાર તથા શોભીતાં ઘરોએ તથા દુકાનોએ ભરેલું છે. ઈમારતોની બાંધણીની તરેહ વિલાયતી છે. દુ-કાનોની રચના સુંદર છે. શેહેરની આસપાસ સારી વાડીઓ છે. અહીંનું બંદર વગવાળું છે ને હમેશ વહાણોએ ભરેલું રહે છે. બે હજાર વરસ ઉપર અથવા કદાપિ તેની અગાઉ બાંધેલા બે કીર્ત્તિસ્થંભ મેં જોયા. એકનો આકાર સોયના જેવો છે, તેથી તેને "સોય-મિનાર" કહેછે. અને બીજાનું નામ "પોમ્પીમિનાર" છે. એવું ક-હેવાય છે કે, ઈટાળીના અસલના રૂમ શેહેરનો નામીચો સરદાર પા-મ્પી કરીને હતો તેની યાદગારીને માટે બાંધ્યો છે. સોયમિનાર મિસર દેશની કિલઓપેટ્રા રાણીની નામનાને માટે છે, એવું કહેવાય છે. એ મિનારા ઊંચા અને મજબૂત છે, ને નવાઈ એ છે કે તે-ઓ આખા સલંગ પથરના છે. એ મોટા પથરા કેમ લાવ્યા હશે ને શી તતબીરથી ઉભા કર્યા હશે તે હાલના વિદ્વાન શિલ્પ શાસ્ત્રિ-ઓના સમજવામાં પુરૂં આવતું નથી. સહુથી ખુશકારી અને આશ્ચર્ય પમાડનારી ઈમારત પાદશાહનો મેહેલ છે. એ હાલ તતંનો બાંધેલો છે. એને શણગારવામા અને સુખદાયક કરવામાં કાંઈજ કસર નથી કરી. એના દીવાનખાના, બેઠકો, સુવાના ઓરડા, અને બીજા ભાગો એવા ખૂબ સુરત છે કે હું જોઇને દંગ થઈ ગયો! એનો સા-માન શું સુંદર અને કીમતી છે!! ભૂમિ ઉપર પાથરેલા ગાલીચા ચીનાઈ મખમલ જેવા સારા છે. જેમની મેહેનતનો પૈસો એમા વપરાયો છે, તે બાપડાઓને ઓઢવા પાથરવાને તળાઇ ગોદડા મળતા નથી, ને બેસવાને સાદડી પણ નથી. મિ-સર દેશના લોક મુસલમાની ધર્મ માને છે; અને પોતાના સ-

રકારની ગુલામગીરીમાં છે, એટલે પાદશાહના અખત્યાર ઉપર રૈયતની શેહ નથી, પાદશાહની મરજીમાં આવે તેમ કરે, લોકનું તેના ઉપર કાંઇજ ચલણ નથી. તેથી જબરજસ્તીથી માલ લેવો, માર મારવો, વગર તજવીજે તથા વગર ગુને કેદ કરવા, લોકોને પુછ્યા વગર કર લેવા, વગરે જુલમી રાજરીતિના બીજા જંગલી ધારા ચાલેછે. પાદશાહ અસલ પરદેશી, પણ હાલતો એજ દેશમાં રહે છે, તેથી લોકોનું છીનવી લીધેલું ધન તેમનામાંજ ખરચાયછે એટલું ઠીકછે. પાદશાહ, તેના અમલદારો તથા અમીરો તુરક લોક છે, તેઓ અંગ્રેજ લોકના જેવા સુધરેલા અને શાણા નથી, ને આળસુ ઘણાછે. તેથી રાજ કરવામાં ન્યાય તથા દયાનો ઉપયોગ થોડોજ કરેછે. તેઓ લોકોના ભલા ઉપર ધ્યાન આપતા નથી.

૫. તા. ૧૩ મી એપ્રિલે અમે યુકસાઇન નામે આગબોટમાં બેસી સાંજરે ભૂમધ્યસમુદ્રમાં પેઠા. એ વખતે ઠંડો પવન વાતો હતો તથા દરીઓ ઉછળતો હતો; મને તથા મારા ભટને ફેર આવવા લાગ્યા, તથા દરીઓ લાગ્યાની બીજી નિશાનીઓ જણાઇ, તેથી અમે પાધરા સુઇ ગયા, ને ભરનિંદ્રામાં રાત કહાડી. બીજે દહાડે મારા જીવને પાછું સુખ થવા લાગ્યું. ત્રીજે દહાડેતો પવન નરમ પડયો અને અમે બંને સારા થયા. એ દહાડે ઝાઝ એટલું સ્થિર ચાલતું હતું કે ઉભા રહીને મારી મેળે મારી દાઢી બોડતાં મને જરાપણ આંચકો લાગ્યો નહીં. જોઇએ તેવી ગરમી પડતી હતી, ને હું ફેરા ફરીને કસરત કરી શકતો હતો. વહાણના કપતાન, તથા દાકતર, તથા ઉતારૂઓ જોડે મારે ઘણીવાર વાતચીત થતી હતી, ને વાંચવાને સારાં પુસ્તકો હતાં તેથી અણગમો થતો નહીં. કોઇકોઇ વહાણ જતાં આવતાં જણાતાં હતાં; મોટી બીહામણી માછલીઓ પણ વખતે પાણીને મથાળે આવતી હતી. આ દરીઆમાં ભરતી ઓટ થતાં નથી.

૬. તા. ૧૭ મીની રાતના બાર કલાકે અમે માલતે પહોચ્યા. બીજે દહાડે સવારે હું તે જોવા ગયો. યુરોપનું પેહેલું શેહેર એજ મેં જોયું. માલતા નાનો સરખો દરીઆથી ચોમેર ઘેરાએલો પર્વત છે. અહીં

વહાણુને ઉભાં રહેવાની જગા સારી છે. અંગ્રેજ સરકારના થોડાંક લડાઈનાં વહાણુ અહીં જાથું રહે છે. એ બેટ અંગ્રેજ સરકારના કબજામાં છે. શેહેરની બાંધણી સારી જોવા લાયક છે. ઘરો મોટાં અને શોભિતાં છે. રસ્તા પણ સાફ રાખેછે. "સેંતજાનનું" દેવળ, નામે એક મોટી ઇમારત મેં જોઇ. એવડી મોટી ઇમારત આગળ મારા જોવામાં આવી નહોતી. માંહેનો ભાગ સુંદર છે. આગળના વખતમાં ખ્રીસ્તી અને મુસલમાન લોકો વચે લઢાઇ ચાલતી હતી તેની યાદની ઘણીક નિશાનીઓ જેવી કે ચિત્રો, પૂતળાં વગેરે છે આપણા દેરાં કે મંદિરોમાં ને એમાં ઘણો ફેરછે. ખ્રિસ્તીઓનાં દેવળો આપણા દેશમાં છે તેજ તરેહનું એ છે. એમાં ઇસુખ્રિસ્ત તથા તેની મા નામે મરીઆમની કેટલીએક સુંદર મૂર્ત્તિઓ તથા શોહામણી છબીઓ છે. બીજો સામાન પણ ઘણો ને સુશોભીત છે. માથે પાઘડી કે ટોપી સાથે એમાં પેસવાં દેતા નથી, તેથી માંહે ફરતી વેળા મારી પાઘડી મારે હાથમાં રાખવી પડી; માલતાના ગવરનરનો મેહેલછે તે પણ જોવા યોગ્યછે. જુના વખતનાં બખતરો તથા હથિયારો અહીં રાખેલાંછે. "ક્રુસેડ" નામે લડાઈના ઈતિહાસથી જેઓ જાણીતા હશે તેમને ઉપલી બંને ઇમારતો તથા તેમાંની ચીજો મનોરંજક લાગશે. બજારની દુકાનો પણ શોભીતીછે. અહીંની નારંગી મને ઘણીજ મીઠી લાગી. મોહોલ્લાઓમાં કોઈકોઇ ઠેકાણે મેં કેટલાક માણસોને સગડીઓમાં કાંઈ શેકતાં ને ઉકાળતાં જોયા. મારા ભોમીઆએ કહ્યું કે તેઓ વેચવાને બુંદ શેકેછે ને ઉકાળેછે. માલતાના લોકોની બોલી અરબી, તુર્કી અને ઈતાલિયન ભાષાઓ મળીને થઈછે. પણ ત્યાં અંગ્રેજી બોલનારા ઘણા માણસો છે. બપોર પેહેલાં અમે માલતા છોડયું.

૭. તા. ૨૦મીએ મોટું તોફાન થયું. પવનનું જોર ઘણું વધ્યું ને પાણીની છાલકો બહુ ઊંચી ઉછળવા લાગી. બંને બાજુઓથી આગબોટમાં પાણી આવતાં હતાં, ને તેના અફળાવાથી તથા પવનના ઘુઘવાટાથી ભયંકર અવાજ થતા હતા. બીછાનામાં અમારાથી સ્થિર

સુવાય પણ નહીં; એક મેર ગબડીએ, વળી બીજીમેર ગબડીએ. કોઇ કોઈ વાર વહાણ એટલું વાંકું થાય કે જાણે હમણાં સુઈ જશે. પાછલે પોહોરે જરા નરમ પડયું, પણ આખી રાત વહાણ ઘણું ડોલતું હતું તેથી સુખે ઊંઘાયું નહી. દહાડો ને રાત દુખમાં કાઢયાં. મારા ભટજીનો જીવ મુંથાઈ ગયો ને બહુ હેરાન થયો. બીજે દિવસે વહાણવાળે વળી પવનનું જોર વધ્યું ને આખો દહાડો જારી રહ્યું, પણ સમુદ્ર તેટલો ઉછળતો નહોતો. રાતે બધું શમી ગયું. મેં ઝાઝના માણસને કહ્યું કે એ તોફાન ભારી હતું, ત્યારે તેઓ હશીને બોલ્યા કે એતો અમારી ગણતીમાં પણ નથી; એવી લપટ ઝપટને અમે તોફાન નથી કહેતા. મહાસાગરોમાં જે મોટાં તોફાન થાયછે તેની આગળ એ કાંઈ નથી. મને આ બોલવું જરા પતરાજી ભરેલું લાગ્યું પણ કેવળ ખોટું નહીં હશે. હવે મને ટાઢ જણાવા લાગી, પણતેની જોડે તનદુરસ્તી વધતીગઈ. સ્પેન દેશના પર્વતોના બરફથી ઢંકાએલા શિખરો દિસવા માંડયાં, ને આસપાસ વહાણો ઘણાં દેખાતાં હતાં.

૮. તા. ૨૪મીના મલસકા પહેલાં અમે જીબ્રાલટર પોહોંચ્યા. એ સ્પેનદેશનો દક્ષિણ છેડોછે, ને શેહેર ડુંગર ઉપર બાંધ્યુંછે. લશ્કરી મથકને સારૂ એ જગા ઘણી મજબુતછે, ને ભૂમધ્યસમુદ્રની જાણે ભાગળછે. સામો આફ્રિકાનો કાંઠો ઘણો નજીકછે. એ સ્પેનનો ભાગ છે તથા વસ્તીનો ઘણો ભાગ સ્પાનીશ લોક છે. એ જગા અંગ્રેજ લોકે સ્પેનના રાજા પાસેથી છીનવી લીધીછે. કબજે રાખવાનું તેમનામાં બળ છે, તે સિવાય તેમનો બીજો હક કાંઈ નથી. એથી ઇંગ્લાંડના વેપારનું રક્ષણ થાય છે એમાં શક નથી. તોપો, સિપાઇ અને લઢવાઇઆં વહાણનો આહીં સારો જમાવ રાખેછે. બંદર ઉપર અમે ઉતર્યા ત્યારે ભીડ હતી. ગમમાં બન્દરની તથા ઘરોની રચના સારીછે. આગબોટ ઉપરથી એ ઘરોનો દેખાવ મને અજબ જેવો લાગ્યો. એકના ઊપર એક બાંધ્યા હોય એવાં જણાતાં હતાં. બપોરે અમારે ઝાઝે લંગર ઉપાડયું. પોહોર દોઢપોહોર સુધી સ્પેન

અને આફ્રિકા એ બંનેના કીનારા દિસતા હતા. ઉત્તરઆટલાન્ટિક સાગરના જે ભાગને બીસ્કેનો અખાત કહે છે તેમા અમે પેઠા. કિનારાની પાસે પાસે અમારી આગબોટ ચાલતી હતી. આગબોટો, વહાણો, અને હોડીઓ આસપાસ દેખાતી હતી. કેપ ત્રેફાલગર તથા સેન્ટવિન્સન્ટ જયાં મોટાં નાવ યુદ્ધ થયાં હતાં ત્યાંથી અમે ચાલી ગયા.

૯. તા. ૨૬મીએ સાગર મસ્તી કરવા લાગ્યો ને અમારા ઉપર પાણીની છાલકો ફેંકીને આગબોટને ડોલાં ખવડાવ્યાં. આવું બને છે ત્યારે આગબોટનો ચાલવાનો વેગ ઓછો થાય છે. તેથી અમે ઇંગ્લાંડ ત્રણેક દહાડા મોડા પહોંચ્યા. એક સાંજરે બે માણસ છાકટા થઈ મારી ઓરડી કને મારામારી લઢયા, તે રાતમાં મને ઊંઘમાં વિચાર આવ્યો કે આગબોટના માણસો તથા ઉતારૂઓ ખૂબ દારૂ પીને છાકટા થઇને તરવાર તથા બંદુકથી માંહોમાંહે વઢવા લાગ્યા. કેટલાકનાં માથાં કપાયાં, અને કેટલાકના જીવ ગોળીથી ગયા. કોઈ દુષ્ટે આગ લગાડી તેથી આગબોટ મોટા જોરથી બળવા લાગી. હું ગભરાએલો જાગી ઉઠીને જોઉંછું તો કાંઈ મળે નહીં. જે માણસોનો ચોકીનો વારો હતો તેઓ ફરતા હતા, ને બાકીના સર્વે સુતા હતા. ચંદ્રમા આથમતો હતો ને આગબોટ શાન્ત દરીયા ઉપર દોડતી હતી; મારા ભટનું ઘોરવું તથા આગબોટના ચાલવાથી જે અવાજ થતો હતો તે સિવાય બીજું કાંઈ સંભળાતું નહોતું; તેપરથી નક્કી થયું કે એ સ્વપ્ન હતું.

૧૦. વૈશાખ સુદી ૯ ને રવિવાર તા. ૨૯ મીએપ્રિલની સવારે ઇંગ્લાંડનો કિનારો જણાવા લાગ્યો. બપોરે તો એટલા પાસે આવ્યા કે ઝાડો અને ઘરો દેખાયાં. કોઈ કોઈ ઠેકાણે તોપો ગોઠવેલી ને મજબૂત કિલા જણાયા. વાઇટ નામે બેટ અને સામેનો કિનારો ઘણોજ પાસેછે તેની વચે થઇને અમે ગયા. અહીંનું તોપખાનું જોરાવર અને ભયંકર છે. પવનચક્કીઓ અને જળચક્કીઓ દૂર દેખાતી હતી. ઘણાંખરાં ઝાડ સુકાઈ ગએલાં હતાં, સાઉથામ્પટન્‌ના બારામાં ઘણાંક વહાણો ઝુ-

બનતાં હતાં. એમાંના થોડાંએક સરકારી વઢવૈયાં હતાં. ગ્રેટ ઇસ્ટર્ન નામે એક આગબોટ સૌથી મોટી હતી. એના જેવડું મોટું ઝાઝ દુનિયામાં બીજું નથી. હું જે આગબોટમાં બેઠો હતો તે ત્રણ હજાર ખાંડીની હતી, તેમ છતાં પણ જ્યારે તે ઇસ્ટર્નની સોડમાં થઇને ગઇ ત્યારે મુકાબલે તેની આગળ એક નાની હોડી જેવી જણાઇ. બાર ઉપર ચાર કલાકને સુમારે મેં ઇંગ્લાંડને કિનારે પગ મેલ્યો; એ વેળા મારા મનમાં જે હર્ષ થયો તે જણાવવાને બોલ જડતા નથી! જે સ્વપ્નમાં થવું કઠણ તે ખરેખરૂં બન્યું ત્યારે એટલી ખુશી થાય તેમા શી નવાઇ! કામાકંપની નામે કેટલાક પારશી વેપારીઓની પેઢી તે વેળા લંડનમાં હતી તેના ઉપર મેં મુંબાઇથી ભલામણ લખાવી હતી. કામાજીની તરફના એક માણસે મને ઉતરવાનું ઠેકાણું બતાવ્યું, ને મારો સામાન તપાસી લીધો. મુકામ ઘણો સુખદાયક હતો. ત્યાં જરા ખાધ કરી તાજો થઇ હું શેહેર જોવા નિકળ્યો. એ દાહાડે રવિવાર હતો તેથી ઇંગ્લાંડના કાયદા પ્રમાણે દુકાનો બંધ હતી. ઠેકાણે ઠેકાણે દેવળમાંથી લોક બહાર નિકળતા હતા. વિલાયતના શેહેરોની બાંધણી, રસ્તા, અને ઘરો આપણાં ઘરોથી કેવળ જૂદી તરેહનાં છે. રસ્તા ઘણા પોહોળા ને પથરથી બાંધેલા હોયછે. તેમાં વચમાં ગાડી ઘોડાને જવાનો માર્ગ અને આસપાસ પગે ચાલવાનો માર્ગ હોયછે. એ પગ માર્ગ ઉપર પથરના ચપટા લંબચોરસ ચોસલાં જડેલાં હોય છે. બધે ઠેકાણે આખી રાત દીવા બળે છે. વરસાદનાં પાણી વહી જવાને નીચે નળો હોય છે. સફાઇ રાખવાની જુગતીઓ ઘણી કરે છે. સાઉધામ્પટનનાં ઘણાં ઘરો બે ત્રણ માળના ને રંગથી શોભિતાંછે. માળની ઊંચાઇ આપણા કરતાં સવાઇ કે દોઢી હોયછે. ટાઢા મુલકમાં કાચની બારીઓ વિના તો ચાલેજ નહીં. ઘરો સીધી પંક્તિબંધ હોય છે. દરેક ઘરને મથાળે ધુમાડો નિકળી જવાને નળો ઉભા હોય છે. ટાઢને લીધે બારી બારણાં ભીડેલાં રાખવાં પડે છે. બારણાને એક કમાડ સળંગ હોય છે, આપણી પેઠે બે હોતાં નથી. આ શેહેરમા એક બે જગાએ જાહેર બાગ છે. તેમા લોક

ફરતા હતા. છાપરાંને પાંખો હોતી નથી. કોઈ છાપરાંને હોય તે બહુ નાની હોય છે. ચકલે ચકલે પીવાનું પાણી લેવાના નળો ઉભા હોય છે. તેના હાથા ઊંચા નીચા ફેરવીએ એટલે તેના મુખમાંથી પાણી આવે છે. એ નળોની શાખા ઘરોમાં જાય છે. ઘણા ઘરોને આંગણે ઓટલા હોતા નથી, પણ કેટલાકને નાની સુંદર વાડીઓ હોય છે. ઘરમાં જવાને બારણું ઉઘડાવવા સારૂ બહારથી માંહેનો ઘંટ ખેંચવાને હાથો હોય છે. તેનો અવાજ સાંભળી ઘરનું માણસ આવી બારણું ઉઘાડે છે. મોટાં ઘરોમાં ચાકરને ખેંચવાના ઘંટ જુદા હોય છે. પોસ્ટના કાગળને સારૂ માંહેથી કાચની નાની પેટી કમાડને જડેલી હોય છે, ને તેમાં બહારથી કાગળ નાંખવાને લાંબુ બાકું હોય છે, તેમાં પોસ્ટના સિપાઈ કાગળ નાંખી ચાકરનો ઘંટ વગાડી ચાલ્યો જાય છે. પૈસાદાર લોકોના ઘરોને બારણે ફાનસો હોય છે. ઘણાખરા ઘરોને તળીએ ભોંયરાં હોય છે. તેમાં અજવાળું જવાનો રસ્તો હોય છે. ત્યાં રસોડું, કોયલા ભરવાનું, તથા ચાકરોને બેસવા ઉઠવાનું હોય છે. એ બધું જોતો જોતો તથા મારા ભોમીઆ સાથે વાતો કરતો અંધારૂં થતે હું મારે ઉતારે ગયો. ઇંગ્લાંડ પોહોચ્યાની ખુશી તથા નવું નવું જોયું તેથી મને એટલા બધા વિચાર આવ્યા કે ઊંઘ ઉડી ગઈ, ને પોણી રાત જાગતે કહાડી. બીજે દહાડે હું "ગ્રેટ ઇસ્ટર્ન" આગબોટ જોવા ગયો; એ જોવા લાયક છે. ઉતારૂઓને વાસ્તે ઓરડા કેવા મજાના છે! એનું દીવાનખાનું ઘણુંજ મોટું ને સુંદર સણગારોથી શોભિતું છે. અંદરની કેટલી આખી ભીંતોએ આરસા જડેલા છે! ને તેની આસપાસ ચળકતા પીળા રંગના સોનેરી વરક મઢી લીધા છે! બેસવાની મખમલની ગાદીઓ ઘણી સુખદાયક છે. આગબોટને મથાળે એક છેડેથી બીજે છેડે તારથી ખબર મોકલે છે. એ પોહોલાણમાં એટલી બધી છે કે તેની એક બાજુએથી બુમ પાડીએ તો બીજી બાજુએ પુરી સંભળાય પણ નહીં. ભોમીઆ વગર એમાં ફરવા જઈએ તો ભુલા પડીએ. એના સંચા એવા મોટા છે કે જોઈને બીક લાગે. એના ઉપલા ભાગ ઉપર મુંબઈ સરખા શેહેરના મહાજનને જમવા બેસાડ્યું

હોયતો સેહેલથી માઈ રહે, કે ગંભાર* કરી મુંબાઇના બધા પારસી-
ઓને એ ઉપર જોડે ખાવા બેસાડી દીધા હોય તો ઘણી અવઘડ નહીં
પડે બાર ઉપર ત્રણ વાગે અમે લંડન જવા નિકળ્યા. એપ્રિલ માસની
આખરે ઇંગ્લાંડમાં હમેશ જેટલી ગરમી પડેછે તેથી આ વેળા ઓછી
પડી હતી તેથી ઝાડોને પાંદડાં હજી પુરાં ફુટ્યાં નહોતાં. ખેડેલા ખે-
તરો બંને તરફ હતાં. સારી વાડ વગરનું કોઈ ખેતર નહોતું. ઠે-
કાણે ઠેકાણે મોટાં ઘર આવતાં હતાં. એમાં મોટા ધનવાન ખેડુતો
રહેછે. એ દેશમાં મોટા ખેડુતો ઘણુંકરીને પોતાના ખેતરોની પાસે
ઘરો બાંધીને પોતાના કુટુંબ તથા ચાકરો સહિત રહેછે. આસપાસ
ઘાસની ગંજીઓ, ઘોડા, તથા ઢોરને રહેવાના તબેલા તથા અનાજ
વગેરે માલ ભરવાની વખારો હોયછે. ઘણા ગામો તથા કસબાઓ
આસપાસ આવતા હતા. દેખાવ રળીઆમણો હતો. ધોળા ચાકના
ડુંગરો કેટલેક ઠેકાણે હતા. નદીઓ તથા પાણીથી ભરેલી ખાડીઓ
ઘણી જોઇ. પાંચ વાગી ગયા કેડે ખેતરોને બદલે પાસે પાસે ઘરો
આવવા લાગ્યાં અને અમારી ગાડીની દોડ જરા ધીમી થઇ. થોડી
વારમાં ચોપાસ નજર પહોંચે ત્યાં સુધી ઘરોજ નજરે પડે, અને
ધુમાડીઆમાંથી ધુંમાડો રમતો રમતો ઊંચે ચઢતો દેખાય. આથમતા
સુરજના પીળા કિરણો, સ્લેટના છાપરાં ઉપર, કાચની બારીઓ, અને
રંગેલી દીવાલ ઉપર પ્રકાશતાં હતાં. ધુંમાડીઆના અગણિત નળો મને
ઘણાજ નવાઇ જેવા લાગ્યા. છ વાગવા આવ્યા તોપણ ઘરાં પુરાં થાય
નહીં. હું આશ્ચર્ય પામતો જાઉં કે આવડું મોટું શેહેર તે કિયું
હશે! આખરે વાટરલુ બ્રીજ નામે મથક આગળ ઉતર્યા ત્યારે જા-
ણ્યું કે હું લંડનમાં આવ્યો. એ રીતે વૈશાખ સુદી ૧૦ ને સોમ-
વારની સાંજના મુંબઈ છોડયા પછી પાંતરીસમે દિવસે હું અંગ્રેજી
રાજની રાજધાનીમાં પહોંચ્યો.

---

*પારશીઓનો ભંડારો.

# પ્રકરણ ૨ જું.

## લંડન શેહેર.

૧૧. મેથી તે આગષ્ટ માસની આખર સુધી હું લંડનમાં રહ્યો. એ ચાર મહિનામાં મેં ઘણાં આશ્ચર્ય જોયાં, અને ઉપયોગી જ્ઞાન મેળવ્યું. પહેલા બે દહાડા તો મુંબઈ મોકલવાના કાગળો લખવામાં ગયા. ત્યાર પછીના ચાર પાંચ દિવસમાં લંડનના મોટા રસ્તાઓમાં ફર્યો, અને જેમના ઉપર મારી પાસે ભલામણના પત્રો હતા તેમને મળ્યો. તેમણે બીજાઓ સાથે ઓળખાણ કરાવ્યું. કેટલાએકે મને પોતાના કુટુંબને મેળવ્યો. એથી તેમને ઘેર જવા આવવાનો વ્યવહાર થયો. જેમ જેમ લંડનમાં હું વધારે ફર્યો તેમ તેમ વધારે આશ્ચર્ય પામ્યો. એ શેહેરના જે ભાગોમાં ગરીબ લોકોની વસ્તી છે, તે સારા નથી; રસ્તા તથા ઘરોની હાલત નઠારી હોય છે; છાકટા આદમી ઘણા દીઠામાં આવેછે; અને ચીંથરીઆ ને ગંદાં જંગલી છોકરા આપણી પાછળ બુમો પાડતાં દોડે છે. લંડનમાં ચોર તથા લુચ્ચા માણસો તથા અનીતિવાન બાઈડીઓ ઘણીછે. એમની જાળમાં નહીં પકડાવાને સંભાળ લેવાની ઘણીજ જરૂર છે. બીજું બધું જે મારા જોવામાં આવ્યું તે ઘણું વખાણવા યોગ્ય છે. મોટા બજારોની દુકાનો તથા ઇમારતો બહુ સોહામણીછે. એ દુકાનો જોયાથી લંડનની દોલતનો કાંઈક વિચાર આપણા મનમાં આવે. તેઓ ઘણી મોટીછે. દોઢ બે માથોડાં લાંબા પોહોળા કાચને ચળકતા પીતળના ચોકઠામાં જડેલાની ફરેફાળ કે બાડું મોટી દુકાનોને આગળે પાસે હોયછે. નિત્ય તેને ચોખા કરેછે. તેઓની અંદરની ગોઠવણની સફાઈ અને ભભકાથીજ આપણે અજબ થઈજ એ. માલ વેચાવાને ખૂબસુરત અને મીઠી બોલીની બાઇડીઓ તથા માટીડા (ભાયડા) રાખ્યા હોયછે, અને તેમને ફાંકડા પોશાક પેહેરાવે છે. એવી લાખો રૂપીઆના ભાત ભાતના અને દેશ દેશાવરના માલથી ભરેલી દુકાનો એટલી બધીછે કે, આખો દહાડો

ફરતા ફરતા જોઈએ તોપણ પુરી થાય નહીં. એ દેશમાં ભાવની રગ જગ કરવાની ચાલ નથી. હરેક વસ્તુની કીમત આગળથી કરી રાખેલી હોય છે. માલ ખરીદ કર્યા પછી આપણે ઘેર પહોચાડવાનું દુકાનદારને માથે છે. આપણું ઠેકાણું કહીને જઈએ એટલે તે મોકલાવી દેછે. ઠેકાણે ઠેકાણે ખાવા પીવાની દુકાનો હોયછે. ત્યાં બેશીને જમવાની સારી જગા તથા તરોવત કરી હોય છે. પીરસવા વગેરેનું કામ કરવાને ચાકરો હાજર હોય છે. વાંચવાને ચોપાનીઆં તથા વર્તમાનપત્રો પણ હોય છે. આ શેહેરમાં એવી ગોઠવણનો ઘણો ખપ છે. શેહેર બહુ મોટું તેથી દુકાન, પેઢી, કે બીજાં કામ કરવાની જગાની પાસેતો થોડાંનાજ ઘર હોય છે. આ ઠંડા દેશમાં દહાડામાં ત્રણ ચારવાર ખાવું જોઈએ, નહીંતો ટાઢ ઘણી વાય, અને હેરાન થવાય, તેથી એવી જાહેર જમવાની જગાની જરૂર છે. લંડનના ધોરી રસ્તા ઘણા પહોળા પથરોથી બાંધેલા અને સાફ છે. જે ભાગને શેહેર કહે છે, તેના મોટા રસ્તાઓમાં ગાડીઓની ઘણી ભીડ થાય છે. "આમનીબસ" કરીને મોટી ગાડી થાય છે. તેની આવ જા બહુ હોય છે. એ ભાડુતી ગાડીઓ છે. એમાં માહેથી બેસવાનું હોય છે, અને બાહારથી તેને મથાળે પણ હોય છે. બાહાર અને માંહે મળીને વીસથી ચોવીસ સુધી માણસો માય છે. ભાડું બહુ થોડું લેછે. પરઠવાની વાત નહીં, ધારો બાંધ્યો હોય છે તેજ પ્રમાણે લે. ગાડીઓ ઘણે ખરે ધોરી રસ્તે સવારથી તે રાતના બાર વાગ્યા લગી મળે છે. ઘણું કરીને એને બે ઘોડા જોડે છે, પણ કેટલીકને વધારે હોય છે. એ ઘોડા ઘણાજ કદાવર અને જોરાવર હોય છે. એવા ઘોડા આપણા દેશમાં નથી. ભાર ખેંચવાને ગાડે જોડવાના ઘોડા એથી પણ વધારે મોટા ને જાડા હોય છે, પણ તેઓથી ઉતાવળે દોડાતું નથી. ઇંગ્લાંડમાં બળદને જોડતાજ નથી, ઘોડાથીજ કામ લેછે. ભાડાની નાની પણ સારી ગાડીઓ રસ્તે રસ્તે ઉભી હોય છે. ટાઢ પડે છે ત્યારે દોડતા ઘોડાના નાકમાંથી શ્વાસ નીકળે છે તે ઠરી જાય છે, ત્યારે વરાળના ગોટ નીકળતા હોય

તેવું જણાય છે. બધા ઘોડાને પગે નાળ જડેલા હોય છે. શેહેરમાં સવારના નવ વાગ્યાથી તે સાંજના છ કલાક સુધી બહુજ ભીડ રહે છે. જાણે મોટા મેળો ભરાએલો હોય તેવું રોજ દેખાય છે. ટેમ્સ નદી લંડનના વચમાં વહેછે, અને તેના બે ભાગ કરે છે. એ બે ભાગને એકઠા કરવાને છ સાત મોટા પુલો છે. વળી જેમ મોટા બજારોમાં હરદમ આમનીબસ દોડયાં કરેછે, તેમ એ નદીમાં નાની નાના આગબોટો દોડે છે. નુર જુજ છે. એમાંની એકમાં બેસીએ તો નદીમાંથી લંડન કેવું દેખાય છે તે માલમ પડે. સઘળા પુલો, બંને કાંઠાનાં ઘરો, અને શેહેરની ઊંચી ઈમારતોના શિખરો દિસે છે; હવાની હાલત સારી હોય તો દેખાવ રળીઆમણો લાગે છે. સેંતપાલના દેરાનો સોનેરી ઘુમટ ચળકી રહે છે, અને તેની આસપાસ નાનાં બચ્ચાં જેવા અગણિત દેવળનાં શિખરો, મનારા વગેરે દિસે છે. કેટલીએક મોટી ઈમારતો નદીને કાંઠે છે, તેનો ભભકો પણ કાંઈ ઓછો નથી. સમરસેટ હાઉસ, પારલેમેન્ટ હાઉસ, વેસ્તમિનિસ્તર આબી, વગેરે મોટી મોટી શોભિતી ઈમારતો દીપી રહી છે. લંડનબ્રિજની એક બાજુએ એ બધુંછે ને બીજી બાજુએ નાના મોટાં અંગ્રેજી તથા બીજી પ્રજાઓનાં વેપારીનાં ઝાઝો છે; કોઈ માલ ઉતારે છે, કોઈ લે છે. સરકારી લડવડેયાં વહાણો તથા આગબોટો લાગરેલાં છે. અહીં કાંઠા ઉપર મોટી વખારો છે. લંડનના કેટલાએક મોટા ચકલામાં ઇંગ્લાંડના મહાપુરૂષોની મુર્ત્તિઓ છે. મોટી લડાઈઓ મારેલી, એવા નામીચા સરદારો, તથા પ્રખ્યાત રાજકારભારીઓ, વિદ્યા હુનરોમાં મોટી શોધો કરનારા અથવા બીજી રીતે સ્વદેશનું ભલું કરનારાઓના પુતળા જાહેર જગોમાં મુકયાં છે, તેથી બીજા માણસને સારાં કામ કરવાની હોસ થાય છે, તથા શેહેરને શોભા છે. "ચેરીંગક્રાસ" નામે ચકલા ઉપર એક મોટો હોજ છે, અને તેમાં ફુવારા નિત્ય ઉડે છે. એ હોજની આસપાસ પણ એવાં પુતળાં છે. પૈસાદાર લોકો જે મોહોલ્લાઓમાં રહે છે, ત્યાંના ઘરો ઘણાં ઊંચા અને ઘાટદાર છે. કેટલીએક શેરીઓ અર્ધ ચંદ્ર

આકારે છે; કેટલાએક ફળીઆમા વચે સુંદર વાડીઓ છે. તેમાં ફુલનાં તથા દેખાવમાં સારા એવાં ઝાડો હોય છે, અને ઘાસને એવું કાતરેલું રાખે છે કે જાણે મજાની લીલી શેતરંજી હોય તેવું દિસે છે. એમાં ચાલવાના પગરસ્તા હોય છે. એવા બાગો ઘરોના લગતા પણ હોય છે. વિસ્તારમાં ઘણા મોટા એવા કેટલાએક બાગો લંડનમા છે તેને પાર્ક કહે છે. એ બાગો દેખાવમાં ઘણા સુંદર છે. સર્વે લોકો રમુજને તથા કસરતને સારૂ ફરવાને તથા તાજી હવા ખાવાને તેમાં જાયછે. ત્યાં બેસવાને ખુરશીઓ તથા પાટયો હોયછે. હાઈડ પાર્ક નામે જે બાગ છે, તેમાં સર્વમાં સરસ છે. એની વચમાં એક નાની સરખી સરપેનટાઈન નામની નદી લાવ્યા છે, તે ઘણો બહાર આપે છે. બાગની વચમા એક ખૂબસુરત હોજ છે. અઠવાડીઆમાં કેટલાએક દિવસ એમા વાજું વગાડનારની ટોળી આવી વાજીંત્રથી ગાયન સંભળાવે છે. એમાં ઘોડા દોડાવવાની જગા જુદી છે, ગાડીની જુદી છે, અને પગે ફરનારાને સારૂ જુદા રસ્તા છે. ઊનાળામાં અમીરો વગેરે મોટા લોકો તથા તેમનાં બઈરાં છોકરાં ઘણાં આવે છે, અને જોવા સરખું થઈ રહે છે. એ બાગની એક ભાગળ આરસપાણની છે અને શોહામણી ગણાય છે.

૧૨. લંડનમાં ત્રીશ લાખ કરતાં વધારે માણસોની વસ્તી ગણાય છે. કોટથી ઘેરાએલું નથી તેથી દહાડે દહાડે મોટું થવામાં એને અડચણ નથી. અહીં જેટલી દોલતનો જમાવ છે તેટલો દુનીઆમા બીજે કોઈ ઠેકાણે નથી. જેની બરસ દહાડે પચાસ લાખ રૂપીઆ સુધીની પેદાસ એવા શ્રીમંતો રૈયતમાં અહી રહેછે; લખેશ્વરી તો હજારો છે. એ લોકોના ઘરની માંહેની હાલત જોતાંજ આપણા કરતાં તેઓ એટલું બધું વધારે સુખ ભોગવે છે તે જણાઈ આવે છે. જ્યાં જોઈએ ત્યાં સફાઈ અને સોજ્જુ દેખાયછે. ભીંતોએ ભાત ભાતના રંગિત તથા બુટાદાર કાગળો એવી સારી રીતે ચોઢેછે કે જાણે તેઓ સુંદર આરસની હોય તેવી દિસે છે. ઘરમાં જેટલું લાકડાનું કામ હોય તે સર્વ રંગ અને રોગાનથી ખૂબસુરત કરેલું હોયછે.

ઓરડાઓની છાજને પણ તેમજ શોભિતી કરેછે. ઘરમાં કોઇપણ જગા સુંવાળી સાદડી વગરની નથી હોતી. વળી તે ઉપર શેતરંજીઓ પાથરેલી હોયછે. ઓરડામાં તો ઘણાજ મજાના ગલેચા હમેશ પાથરેલા હોયછે, તથા તેઓને આરસી, તખતા, દીવાળગીરીઓ, ઝુમરો, ચોપડીઓ, નવાઇની ચીજો, તોફે ગાદીવાળી સુંદર ખુરશીઓ તથા કોચ, વગેરેથી શણગારેછે. બારીઓને શોભિતા પડદા હોયછે. દાદરનાં પગથીઆં ઉપર પણ સારી સાદરી કે શેતરંજી પાથરેછે. દરેક ઓરડામાં એક બાજુએ ભીંતમા સઘડી કરેલી હોયછે. એ સઘડીના ઉપર દીવાલમાં ધુમાડીયું હોયછે. મેડી ઉપર કોઇ ઠેકાણે માટીની થાપ દેતા નથી, બધે પાટીઆ હોય છે; ભોયતળીએ પણ તેજ ઇયા ચુનાની ભોંય હોયછે. ઘરમાં વગ ઘણીજ હોયછે. બેસવાના, સુવાના, લુગડાં પેરવાના, અને જમવા બેસવાના ઓરડા જુદા હોયછે. રસોડામાં ચુલા સામે જમવાની જંગલી રીત નથી. જમવાની રીત ઘણી ભભકાદાર છે. ટેબલ ઉપર સાફધોળું કપડું પાથરી તે ઉપર સોનેથી રસેલી સુંદર ચીનાઇ રકાબીઓમાં ખાણું પીરસેછે, અને નવી વાની મુકે ત્યારે બીજી નવી રકાબી મેલે. સારા હાથાની ચળકતી છરીઓ, રૂપાના ચમચા તથા કાંટા (એટલે પંજા) વતી ખાયછે, આંગળે ખાતા નથી. જમતી વેળા માથું ઉઘાડું રાખેછે. પણ બીજો બધો બહાર જવાનો પોશાક પેહેરી રાખેછે. એજ પોશાક સવારે ઊઠે ત્યારથી તે રાત્રે સુવે ત્યાં લગી પેહેરી રાખેછે. બાઇડી ભાયડા જોડે બેસીને જમેછે. પૈસાદાર લોકોમાં આ બધુંછે એટલુંજ નહીં, વચલે વાંગેના તથા ગરીબોમાં પણ એજ ધાટી છે. જેમ શક્તિ ઓછી તેમ ઘરો નાનાં હોય અને સામાન વગેરે સાદો, થોડો, ને હલકા મૂલનો હોયછે. ગરીબના ને તવંગરનાં ઘરો સાથે સાથે નથી હોતાં. ઊંચ લોકોના અને નીચ લોકના મોહોલ્લા નોખા હોયછે. શેહેરમાં ઘણાખરા ભાડાનાં ઘરોમાં રહેછે. સર્વ સામાન સુધાનાં કે વગર સામાનનાં ખાલી જેવાં જોઇએ તેવાં ઘરો ભાડે મળેછે. ઓછા ભાડાનાં પણ મળે અને વ-

ધારે ભાડાનાં પણ મળે. મીઠું પાણી અને ગ્યાસ નળીઓ વડે બધા ઘરમાં આણેછે. ખાળ અને સંડાસ એવી તરબીરેથી કર્યા છે કે તેઓને સહજ સાફ થઈ શકે છે. તેઓને ઘણાજ ચોખા રાખેછે. વાડાનું સુખ ઘણુંજ છે.

૧૩. આ દેશથી જનારા મુસાફરને લંડન કેવળ આશ્ચર્ય પમાડેછે. આ દેશના બેડોળ, મેલાં અને ધૂળથી છવાએલાં ઘરો ત્યાંનાં ઘરોની આગળ ઝુપડાં છે. અહીંના જેવી સાંકડી બદસુરત ને ગંદી પોળો તથા સેરીઓ શેહેરના કોઈ સારા ભાગમાં જોવામાં નથી આવતી. લંડનના રસ્તા અને દુકાનોનો વિચાર વાંચનારના મનમાં ઊતારવો મુસ્કેલ છે. શેહેરમાં રવિવાર સિવાય બીજા સર્વ દિવસે ગાડીઓ તથા પગે ચાલનાર લોકની આવ જા અજાણ્યા આદમીને ગભરાવી નાંખે તેવી છે. વખતની કીમત ત્યાં ઘણીજ છે. સર્વે ઉતાવળે પોતપોતાને કામે વળગવા દોડેછે. કામની ચિંતા સર્વેના મુખ ઉપર જણાયછે. રસ્તામાં એટલી ભીડને લીધે ઠરાવેલી વેળાએ જવામાં ઘણી અડચણ પડેછે, તેથી હાલ મુખ્ય રસ્તામાં રેલવે કરવા માંડીછે એટલુંજ નહીં, પણ રસ્તાની હેઠે ખોદીને લોઢાની સડક કરીછે. ઉપર ગાડી, ઘોડા, માણસો, તથા આગગાડી ચાલેછે, અને નીચે પણ રેલવે ઉપર ગાડીઓ દોડેછે!! એ બંને સડકો થતી મારી નજરે મેં જોઈછે. બજારમાં પણ એવા ચમત્કાર છે. સારા ગૃહસ્થોની વસ્તી લંડનના પશ્ચિમ ભાગમાં છે, ત્યાંનાં ઘરો ને શેરીઓ જોઈ ભૂખ ને તરસ બેહુ ઉડી જાયછે. લંડનમાં રાતે ફરવાનો બહાર પણ ઘણો છે. મુંબઈમાં જેવી દીવાળીમાં રોશની થાયછે તેવી લંડનમાં નિત્ય થાયછે. તેલ દીવેલ ને દીવેટ વગર એ દીવા બળેછે, ને તેનું એક એકનું અજવાળું આપણા ચાર દીવા કરતાં પણ વધારે છે. ત્યાંના લોક લાકડાને ઠેકાણે ખાણના કોયલા વાપરેછે; એ કોયલા એક જાતના પથરા છે. એમાંથી તેઓ એક વાયુ કહાડેછે, ને તેને દીવા બાળવાના ખપમાં આણેછે. કેટલાએક એવડે રાંધે પણ છે. એ વાયુ અથવા ગ્યાસ નળીઓ વડે

લોકોના ઘરમાં લાવ્યા છે. એ શોભામાં એક ખામી પડેછે. ત્યાં રૂતુનો કાંઈ મેળ નથી. સારો બેશ તડકો પડયો હોય ને તરત વાદળાં થઇ આવે ને વરસાદ વરસવા મંડી જાય. વળી ઘણીકવાર ધુમર પડેછે, ત્યારે સર્વ ઝાંખું ને ઉદાસ લાગેછે. લંડનમાં સંચા તથા કારખાનાં ઘણાં છે તેનો ધુમાડો ઘણો થાયછે. વળી ઘરોની સંખ્યા ઘણીજ છે. ને તેથી તેઓનો ધુમાડો પણ ઘણો થાયછે. એ બધો ધુમાડો હવાને જરા ઝંખવેછે. વાદળાં પણ ઘણીવાર થઈ આવેછે ને રહે છે.

૧૪. લંડનમાં ઘણાંક ઠેકાણાં જોવા લાયક છે. એક મોટી જનાવરશાળા છે; તેની ચારે તરફ સુંદર વાડી છે. એ શાળામાં મેં અનેક તરેહનાં પશુ, પક્ષી, નાના મોટા સાપ, અને જળચર જોયાં. એશીઆ, યુરોપ, આફ્રિકા, અમેરિકા, ને આસ્ટ્રેલીઆ એ બધા ખંડોનાં જીવતાં પશુ, પક્ષી વગેરે સર્વ અહીં રાખ્યાં છે. જેવી જગામાં જેને રહેવાનો સ્વભાવ તેવી જગા તેને વાસ્તે બની શકે તેમ કરી છે. જે જાતનો ખોરાક તેને માફક આવે તે તેને ખવરાવે છે. એક દહાડામાં પુરૂ જોવાયું નહીં તેથી ફરીથી બીજીવાર હું ગયો. વાઘ, સિંહ વગેરે કેટલાંક જનાવરોને ખાવાનું આપેછે, તે વેળા તેમને કુદાવેછે ને બુમો પડાવે છે, તે જોવાની મઝા પડેછે. જનાવરી વિદ્યાના અભ્યાસીઓને એ શાળાથી ઘણી મદદ મળે છે; તેમને એમાં શિખવા મફત જવા દેછે.

૧૫. લંડનમાં ઘણાંક સંગ્રહસ્થાનો છે તેમાંના સર્વથી મોટાને "બ્રિટિશ મ્યુઝિયમ" કહે છે. એમાં જે પુસ્તકશાળા છે તે ઘણીજ મોટી છે. તેમાં લાખો પુસ્તકો છે, ને દરરોજ નવાં નવાં ઉમેરતા જાય છે. એ જ્ઞાનના ભંડારમાં ફરતી વેળા કેવું અજબ લાગે છે! અનેક તરેહની ભાષાના અનેક વિષયોના ગ્રંથો અહીં છે. ચોપડીઓ જોતાં જોતાં થાકી જવાય છે. અંગ્રેજ વિદ્યાર્થીઓને એની મદદથી અભ્યાસ કરવો ઘણોજ સરળ પડેછે. એ સંગ્રહસ્થાનમાં બીજી ઘણીક વસ્તુઓ એકઠી કરેલી છે, મોટા મોટા ઓરડાના ઓરડા ભરેલા

છે. બીઇ તળીઆના ઘણા ઓરડાઓમા અસલના પવન તથા રૂમી લોકના નામીચા ને કસબી કારીગરોનાં બનાવેલાં પુતળાં ગોઠવેલાં છે. તેમજ તેમની ઇમારતોના નમુના, તથા મિસર, કાલદીઆ વગેરે દેશોના જુના કોતરેલા પથરો, વાસણો, શિલાલેખ, તથા બીજી પ્રાચીન ઇતિહાસની નિશાનીઓ છે. ત્યાંથી જોતાં જોતાં ઉપર ચઢીએ છીએ. અહીં લાખો નવા પદાર્થો રાખેલાછે. ભાત ભાતની તરેહવાર સાપો, કોડા, શંખલા, કોરલ, અને બીજી સમુદ્રની પેદાશો, જમીનમાં જાતજાતના ખડકો છે તેના નમુના તથા આગલા યુગોમાં પૃથ્વી ઉપર જે જનાવરો વસતાં હતાં તેઓનાં હાડકાં, દાંત, અને બીજા ભાગો, તથા ભૂવિદ્યાની શોધોનાં બીજાં આશ્ચર્યકારી ફળો, હાલ જે પ્રાણીઓ પૃથ્વી ઉપર વસે છે તેમનાં હાડ વગેરે ઘણાંજ જાળવીને રાખ્યાં છે. પ્રાચીનકાળની રહેલી સેંકડો જણસો અહીં જોવામાં આવે છે. એક મોટા ઓરડામાં ઘણાક કબાટોમાં ધાતુ અને પથરાની મૂર્ત્તિઓ ભરી છે. કૃષ્ણની જુદા જુદા રૂપની, શિવની, ગણપતીની, અંબા, કાળી, વગેરે દેવીઓની, બ્રહ્મા, વિષ્ણુ, રામ, સીતા, હનુમાન, પારસનાથ, બુદ્ધ, ઇત્યાદિ હીંદુઓમાં જે મૂર્ત્તિઓ પૂજાય છે તે સર્વ ત્યાં છે. તેમજ ચીન, ટીબેટ વગેરે બીજા દેશોની મૂર્ત્તિઓ પણ છે. એ લોકોના સ્વર્ગ નરકમાં કેમ કામ ચાલે છે તે પણ પુતળાંવડે દેખાડયું છે. એ સંગ્રહસ્થાનમાં હું એક વાર ફરી રહ્યો ત્યારે થાકીને લોથ થઇ ગયો તોપણ બધું પૂરૂં જોવાયું નહી. સેંકડો વિદ્યાર્થી એમાં પોત પોતાને ખપની ચીજો જોવાને આવે છે. એ સંગ્રહસ્થાનનો સઘળો ખરચ સરકારને માથે છે. સરકારી ખરચથી એક બીજું સંગ્રહસ્થાન કરેલું છે તેને "કેનસીંગટન મુઝીયમ" કહેછે. એમાં બધી વાનીનાં અનાજ, કઠોળ, વાસણ, મસાલા, ફળ, શાક, વગેરેના નમુના સુંદર કાચની પેટીઓમાં રાખ્યા છે. જાત જાતના લાકડાના કડકા, ઇંટો, નળીઆં, લોઢાનો સામાન, સાંચાના નમુના, અને બીજા હજારો પદાર્થો અહીં છે. એ સર્વને બહુ ચતુરાઇથી ગોઠવ્યાં છે. વળી કસબી

સલાટોનાં ઘડેલા પુતળાંની પ્રતિમાઓ તથા વખણાએલા ચિતારાની ચિત્રેલી તસબીરો તથા ચિત્રો જેનું હજારો રૂપીઆ મુલ વિલાયતમાં ઉપજે એવા અહીં રાખ્યાં છે, એ જોઈને હું મોહ પામી ગયો! એ સંગ્રહસ્થાન નિશાળોને તથા મદ્રેશાઓને બહુ કામનું છે, કેમકે તેઓને કામમાં આવે એવી ઘણી ચીજો અને ચોપડીઓ એમાં મુકી છે. એમાં વિદ્યાહુનર સંબંધી જાહેર ભાષણો થાયછે. ચિત્ર કળાના વિદ્યાર્થીઓ તથા ધંધો કરનારા અહીં આવી શિખે છે, તથા નકલો લેછે. કેળવણી ખાતાને મદદ કરવાને એને ઉભું કરયું છે. બીજાં પણ કેટલાંએક ઉપયોગી સંગ્રહસ્થાનો છે.

૧૬ હીંદુસ્તાનની સરકારના ખર્ચથી એક સંગ્રહસ્થાન તથા પુસ્તકશાળા ચાલે છે. તેમાં હિંદુસ્તાનમાં જે જે બને છે તથા ઊગે છે તેના નમુના રાખ્યા છે, તથા સંસ્કૃત, ફારશી, અરબી, વગેરે એશીઆના દેશોની ભાષાની પુષ્કળ ચોપડીઓ છે. એવું ધારવામાં આવે છે કે એના જેટલા સંસ્કૃત ગ્રંથો પૃથ્વી પર કોઇ ઠેકાણે નથી. લંડનથી થોડાક ગાઉ ઉપર એક આશ્ચર્યકારક ઇમારત છે. તે જાણવા ને જોવા યોગ્ય છે. તેને ક્રીસતલપાલેસ એટલે બીલોરી મેહેલ કહે છે. એ મેહેલનાં શાં વખાણ કરૂં! વાહ! વાહ! શું એની શોભા છે! એની ચારે દેવાલો ભોંયથી તે છાપરા સુધી મરા દળદાર બીલોરી કાચની છે ને છાપરૂં પણ તેનુંજ છે, એ કાચને હમેશ સાફ રાખે છે. એમાં પાંચ મોઠી અને ઊંચી મેડીઓ છે. એને ભોંયતળીએ ઘણાક સાંચાનામોટા નમુના છે, તેમાંના કેટલાએક ચાલે છે. સન ૧૮૫૧માં એ મેહેલ લંડનમાં બનાવ્યો હતો, અને એમાં દુનીઆના સઘળા દેશોથી સ્વભાવિક અને હુનરોની પેદાશોના તથા યંત્રોના નમુના અંગ્રેજ લોકને દેખાડવા સારૂ મંગાવ્યા હતા. એ દેખાડવાનું કામ પુરૂં થયા પછી તેમાંની ઘણીક વસ્તુઓ વેચી નાંખી તોપણ હજી ઘણી બાકી છે. એ બાકી રહેલી ચીજો તથા મેહેલ કેટલાક ગૃહસ્થોએ વેચાતો લેઇ હાલની જગાએ આણ્યો છે. ઘણાં કીમતી ને ખુશકારી પુતળાં, છબીઓ, ચિત્રો, ઝાડો, અજાયબ જેવા હુનરોથી બનેલા પદાર્થો,

દેશ દેશના લોકોના પોશાક, વાહન, હથીઆર, ઓજાર, ઇત્યાદિ હજારો જણસો ભભકાદાર કાચના કબાટો વગેરેમાં ગોઠવી છે. એ બધું જોતાં જોતાં પારજ નથી આવતો. અસલના મિસર, રૂમી, યવન, વગેરે પ્રજાઓની બનાવટો, તેમનાં ઘરોનો સામાન, તેમના દરબારની રચના, ઇત્યાદિ જુદા જુદા ઓરડામાં છે. તરેહ તરેહના સુંદર માલની દુકાનો પણ છે. એ દુકાનોની શોભા ઘણી છે, ને તેમાંનો માલ તો જાણે ઉડીને આંખે વળગશે એવો છે. વળી ત્યાં નાચ, ગાયન, અને બીજી રમતો થાય છે. ખાવા પીવાનું જે જોઇએ તે મળે છે. વખતે હજારો ગવઇઆ જોડે બેસી વાજાં વગાડે છે, અને ગાયન કરે છે. શિખવાનું અને મોજ કરવાનું બંને અહીં છે. મેહેલની ચોમેર ફરતો ઘણો મોટો ને સોહામણો બાગ છે. એમાં જાત જાતનાં સુંદર ઝાડો ને ભાત ભાતનાં ભભકાદાર રંગનાં ફૂલો ઉનાળામાં ખીલી રહેલાં હોય છે. ફુવારાઓ છૂટે છે, અને ભોંય ઉપરનું ઘાસ તો કે ગલીચાના જેવું શોભે છે. એ વાડીમાં જઇ જોઇએ છીએ ત્યારે એ કાચનો મેહેલ બહુજ મજાનો દેખાય છે. અહીં જોતાં જોતાં મન ધરાતું નથી, બધું સારી પેઠે જોવાને ત્યાં ઘણીવાર જવું જોઇએ.

૧૭. ટેમ્સ નદીની નીચે થઇને એક કાંઠેથી બીજે કાંઠે જવાનો માર્ગ છે. તે મોટો અચંબો ઉપજાવે છે. બંને તરફથી કાચની બારીઓ વડે માંહે અજવાળું પડે છે. કોતરની ઉપર નદી વહેછે, તે પોહોળાઇમાં સુરત આગળ તાપી છે તેટલીજ છે, અને તેમાં પાણી તો ઘણાંજ ઊંડાં છે, એટલાં કે મોટાં સફરી વહાણો બારે માસ તે ઉપરથી જા આવ કરે છે. એવડી મોટી નદીની હેઠેથી રસ્તો કરવો એ સેહેલી વાત નથી. નીચે ઘણું ઊંડું ખોદવું પડ્યું છે તેથી પાણીનું જોર ઘણું નડયું હશે. જે ઇંજનેરે એ બનાવ્યું તેની અકલ અને હિંમતને ધન્ય છે! એની પાછળ પૈસો પણ બહુજ ખરચ થયો છે. ધાર્યા જેટલી હાલ એની પેદાશ થતી નથી. તેમાં કાંઇ પૈસાનો લાભ થયો નથી, પણ અંગ્રેજ લોકનું સાહસ, આગ્રહ,

અને દોલતનું બળ દેખાડી આપે છે.

૧૮ લંડનમા એક કિલ્લો છે તેને "ટાવર" કહેછે. એ જોવાની સર્વને રજા છે. એ બહુ જુની ઇમારત છે. એમાં દુશમનો પાસેથી જીતી લીધેલી તોપો, બંદુકો, તરવાર, વાવટા, વગેરે જયની નિશાનીઓ છે. અસલના બખતરો, ભાલા, પોશાક, તથા ઇંગ્લાંડના રાજાઓની પ્રતિમાઓ, અને બીજી નવાઇની જણસો છે. ઇંગ્લાંડના ઇતિહાસના વાંચનારને એમાંની કેટલીએક જગા મનોરંજક છે. કેટલાએક મોટા માણસોને કેદ કર્યા હતા, તથા કેટલાએકને ગરદન માર્યા હતા, તે સ્થળો જોવામા આવે છે. કેટલાએક પોતાનાં નામ દીવાલો ઉપર કોરી ગયા છે, તે પણ હજી છે. એમાંના એક ઓરડામાં રાણીજીના મુગટો, રાજદંડ, કંઠા, હીરા, મોતીના હાર, હાથપોંચીઓ, અને બીજાં ઘરેણાં છે. એ સર્વને જ્યાં ગોઠવ્યાં છે ત્યાં આસપાસ લોઢાની જાળી ભરી લીધી છે. એ જાળાની બહાર ઉભા રહી જોવા દે છે. જવાહીરની શોભામાં કાંઇજ મણા નથી. એવી ભારે કીમતના હીરા માણેક ને બીજાં રત્નો પૃથ્વીમાં બીજે એક બે ઠેકાણેજ છે. કોહેનુર એટલે અજવાળાનો પર્વત એ નામનો આપણો પ્રખ્યાત હીરો મેં અહીં જોયો.

૧૯ લંડનના પશ્ચિમ ભાગની સેરીઓ અને ઘરો જોઇને અચરજ પામી જવાય છે. ત્યાં ફકત પૈસાદાર ગૃહસ્થોનીજ વસ્તી છે. વિલાયતમાં તવંગર અને ગરીબનાં ઘરો જોડા જોડ હોતાં નથી. એ ભાગની એક એક હવેલી મોટા અને શોભિતા મેહેલ જેવી છે. હરેક મોહોલ્લામાં બંને બાજુઓનાં ઘરોની બાંધણી ઘણું કરીને સરખી છે. એ સઘળાં ઘર ખાનગી છે. લંડનનાં કેટલાંએક જાહેર મકાનો છે, તે જોવા યોગ્ય છે. "રાયલ એકસ્ચેંજ" કરીને એક મોટી ઇમારત શેહેરની વચોવચ છે. ત્યાં રોજ વેપારીઓ ભેગા થાય છે, અને કરોડો રૂપિયાની આપ લે તથા સાટાં કરે છે. બજારમાં હરેક બાબતના ભાવ અહીં નિકળે છે; વેપાર સંબંધી ખબરો અહીંઆ સહુથી પેહેલી આવે છે. દલાલોનું મળવું પણ અહીંજ થાય છે. દે-

વાળીઆને તથા લુચ્ચા આદમીને એમાં પેસવા દેતા નથી. આ દેશના જે શેહેરમાં વેપાર ઘણો છે, ત્યાં એવી જગાની ઘણી જરૂર છે. ઇંગ્લાંડની મોટી બેંક એટલે સરાફની પેઢીનું મકાન એની સોડે છે. એમાં કરોડો રૂપીઆનું લેણદેણ થાય છે. એ પેઢીની નોટો એ દેશમાં ખપે છે. જ્યાં નોટો પડે છે તે જોવાની રજા મળે તો જરૂર મેળવવી, તે જોવા જેવું છે. બીજા બધા ભાગમાં તો સર્વને ફરવાની છુટી છે. સરકારનો પૈસા સંબંધી કારભાર એજ પેઢી ચલાવે છે. જેમ એ પેઢી જોવા યોગ્ય છે તેમ એનાથી થોડે દૂર પોસ્ટઆફીસ છે તે પણ તેવીજ છે. એજ લતામાં સેંટપાલનું ઘણુંજ ઉંચું અને વિશાળ દેવલ છે. એ દેશમાં તો એવડા મોટા ઘુમટનું તથા લાંબું પોહોળું દેહેરૂં એકે નથી, ને યુરોપમાં પણ એથી મોટું એક રોમ શેહેરમાંજ છે; એને શિખરે સોનેરી કળશ છે, ત્યાં ચઢીને જોઇએ છીએ ત્યારે આખું લંડન શેહેર જણાય છે. રસ્તાઓમાં ચાલનારાં માણસો નાનાં છોકરાં જેવડાં દિસે છે. ટેમ્સ નદી શેહેરના વચમાંથી સર્પને આકારે વહેતી માલમ પડે છે, અને બીજા અનેક મનોરંજક દેખાવ જોવામાં આવે છે. જ્યારે વાદળાં નથી હોતાં ત્યારે જોવાનો ઘણોજ બહાર પડે છે. પણ ચઢવાંની મેહેનત એટલી છે કે, બીજીવાર જવાનું મન ન થાય. લંડનના લાર્ડ મેયર એટલે મુખ્ય માજીસ્ત્રેટની દરબાર જ્યાં ભરાયછે તે પણ બહુ મોટી હવેલી છે. એ સિવાય શેહેરના એ ભાગમાં બીજી કેટલીએક વિશાળ ઇમારતો છે, જેનાં કઠણ નામ જાણવામાં રસ નહીં પડે. એ સઘળી પથરની છે. આ દેશનાં મકાનોથી એ કેવળ જુદીજ તરેહની છે. બહારનો ઘાટ જુદી રીતનો છે, અને માંહેના ઓરડા ને દીવાનખાનાં ઘણાજ મોટાં સુશોભિત છે. વચ્ચે થાંભલાઓની અડચણ નથી. આપણા શેહેરોના બજારમાં જેવાં નાનાં ઝુપડાં છે તેવાં તો ત્યાં એકે નથી; જ્યાં જોઈએ ત્યાં મોટી મોટી હવેલીઓજ આવી રહી છે. લંડનના જે ભાગમાં રાણીનો મેહેલ તથા પાર્લમેન્ટનાં મકાન છે તે પણ ઓછો આશ્ચર્ય ભરેલો નથી. અહીં પણ મોટી મોટી આશ્ચ-

યંકારી ઇમારતો, દુકાનો, દેવાલયો, ને બાગો છે. રસ્તા પણ તેવાજ સારા છે. વાઇટ હાલ નામે જુનો મેહેલ છે, તેમા હાલ પ્રિવિકૌન્સીલની તથા બીજી આફીસો છે. એની પાસે દાઉનીંગસ્ટ્રીટ નામે મોહોલ્લામાં રાણીના મુખ્ય પ્રધાનોની આફીસો છે. બકીંગામપાલેસ નામે જે મેહેલ છે, તેની સાથે સરખાવતાં આપણા રાજાના મેહેલો ઝુપડાં છે. તેના દરવાજા આગળ હમેશ બે ઘોડેસ્વાર ઊભા રહે છે, અને ત્યાંથી એક ગાઉ ચાલીએ ત્યારે મેહેલ આવેછે. એ વચલી જગામાં સુંદર વાડી છે તથા રળીઆમણું તળાવ છે. મહારાણીજી લંડનમાં હોય છે ત્યારે એ મેહેલમાં રહે છે. વેસ્ટમિન્સ્ટર નામે એક જુનું દેવળ છે, તેની બાંધણી વખાણવા યોગ્ય છે. અંગ્રેજી ઇતિહાસમા એ મકાન પ્રખ્યાત છે. ઇંગ્લાંડમાં જે જે મહાપુરૂષો થયા છે, તેમને એ દેવળની સરહદમાં ડાટ્યા છે. મુવે એમા ડટાવું એ મોટી આબરૂ ગણાય છે. એક ખુણે પ્રસિદ્ધ કવિઓને ડાટ્યાછે. એમાં ફરવાની સહુને રજા છે. ભણેલા આદમીનું મન એમની કારીગરી તથા મહાપુરૂષોની કબરો જોયાથી રંજન થાય છે. એ દેવળની નજીક પાર્લમેન્ટનો મેહેલ છે. એ ઇમારત નવી છે. એના બે ભાગ છે. એકને દિવાનેઆમ અને બીજાને દિવાનેખાસ કહીએ તો ચાલે. દિવાનેઆમની માંહેની દીવાલો, છાજ, બેઠકો, વગેરેનું કામ સાદું છે, ને દિવાનેખાસનું સર્વ ઘણું સોહામણું અને ભભકાદાર છે. સોનાના વરકોથી બધું ઝળકી રહ્યું છે. ગાદી, તકીઆ, પડદા, વગેરેમાં પણ કીનખાબ ને મખમલ વાવર્યાં છે. મહારાણીને સારૂ અહીં એક તખ્ત છે. એ બંને મકાનમાં સભાસદ સિવાય બહારના માણસને બેસવાની ગોઠવણ કરીછે. એમા સાંજ પડે દીવા કરવા હોય ત્યારે બધા દીવા એકદમ જોડે સળગી જાય એવી તતબીર કરી છે. એમાં પેસતાંજ પેહેલાં તો બે બાજુએ ઇંગ્લાંડના મોટા રાજકારભારીઓનાં સુંદર આરસનાં પુતળાં જોવામાં આવે છે. આગળ ચાલતાં એક હાથે દિવાનેઆમ છે, ને બીજીમેર દિવાનેખાસ છે. એ મકાનનો બાહેરનો દેખાવ પણ ઠીક છે. એ-

નો શો ઉપયોગ થાય છે તે આવતા પ્રકરણમાં જણાવ્યું છે. વેસ્ટમિન્સ્ટર હાલ જ્યાં ઈનસાફની મુખ્ય કોરટો બેસે છે તે ભાગ પણ એને લગતો છે.

---

## પ્રકરણ ૭ જુ.

### ઇંગ્લાંડની રાજરીતિ.

૨૧. ઇંગ્લાંડની રાજરીતિ ઘણીજ વખાણવા જોગ છે. ઘણીક બાબતોમાં એના જેવી રીત બીજા કોઈ રાજમાં નથી. રાજા અને પ્રજા બેહુને એ લાભકારી અને સુખદાયક છે. આપણા લોકને એ સમજવી કઠણ છે. દેશમાં મુખ્ય અધિકારી રાજા અથવા રાણી જે ગાદી ઉપર હોય તે છે. પણ આપણા રાજા અને ત્યાંના રાજાના અધિકારમાં આસમાન જમીનનો ફેર છે. આપણા દેશમાં રાજા રૈયતનો ધણી છે, ને ઇંગ્લાંડમાં રાજા રૈયતનો નોકર છે. આપણે અહીં બધી જમીનનો માલીક રાજા છે, ઇંગ્લાંડમાં તેમ નથી. ઇનસાફ રાજાને નામે થાય છે, પણ તેમા વચમાં પડવાનો તથા જડજોને બરતરફ કરવાનો રાજાને અધિકાર નથી, તે કોરટમાં ન્યાય ચુકાવવા બેશી શકતો નથી. કોઇ માણસને પકડવાનો, કે મારવાનો, કે દંડ કરવાનો, કે કેદ કરવાનો અખત્યાર ગાદીપતિને નથી. કાયદા પ્રમાણે ઠરાવેલા અમલદારો ગુનેગારોને ધારા પ્રમાણે શિક્ષા કરેછે. પરંતુ તેમાં પાદશાહનું કશું ચલણ નથી. દાખલાથી વધારે સમજાશે. મારા સાંભળવામાં આવ્યું હતું કે એકવાર હાલની રાણીની એક ખાનગી છબીની તેમની રજા વિના કોઈએ નકલો કરી બજારમાં વેચવા માંડી, ને મના કરી તોએ માન્યું નહીં, ત્યારે હવે શો ઉપાય કરવો. આપણા રાજા હોય તો શું કરે તે કોઈને અજાણ્યું નથી. હિંદુસ્તાનમાં અંગ્રેજ સરકારના અમલદારો પણ દેશી રાજાની પેઠે ઘણી વાતે વર્તેછે, પણ તેમાં નવાઈ નથી, કેમકે તેમણે દેશ જીતીને લીધો છે. ઇંગ્લાંડમાં તેમ નથી. ઇંગ્લાંડ સ્વતંત્ર દે

શ છે, ને અંગ્રેજ લોક ઘણું છુટાપણું ભોગવે છે. રાણી પોતાના અખત્યારથી તે માણસને અટકાવી શકી નહીં, પણ સરકારી વકીલ પાસે તેના ઉપર અદાલતમાં ફરીઆદી કરાવી, ને ત્યાં દાવો સાબીત થયાથી હુકમનામું થયું તે ધારા પ્રમાણે બજવાવ્યું. સરકારના ખરચને સારૂ વેરા રાણીને નામે ઊઘરાવે છે. પણ રાણીને તથા તેના કુટુંબના માણસોને પગાર મળે છે, તે ઉપરાંત તેમાંથી તેમનાથી એક પઈ પણ ઉપાડી શકાય નહીં. કાયદા મુજબ સઘળું કામ ચાલે છે. કાયદાથી જેટલો અખત્યાર મળ્યો હોય તેટલો વપરાય. ગાદીપતિની મરજી પ્રમાણે થતું નથી. કાયદા બદલવાનો ઈયા નવા કરવાનો અખત્યાર પાદશાહને નથી. પ્રધાનોને માથે સઘળું જોખમ છે. કાયદા વિરૂદ્ધ અથવા પ્રજાને નુકશાન કિંવા અપકીર્ત્તિ થાય એવી રીતે તેઓ અમલ કરે તો રૈયત તેમને બરતરફી અપાવે, અથવા જોઈએ તો મનસાફ કરી સજા કરે. રૈયતથી જે અધિકાર મળ્યો હોય તે પ્રમાણે ગાદીપતિ હમેશ વજીરોની સલાહથી ચાલેછે. અથવા એમ કહીએ તો વધારે ખરૂં છે કે જેમ પ્રધાનો સલાહ આપે તેમ ગાદીપતિ વર્ત્તે છે. જો પાદશાહ દેશના કાયદા વિરૂદ્ધ અથવા રૈયત નાખુશી થાય તેવું અથવા પ્રધાનોની મરજીથી ઉલટું કામ કરવાનો હુકમ કરે તો તેઓ પોતાની નોકરી છોડી દે. ગાદીપતિને પણ કેટલાએક હકો છે. દેશમાં અને પરદેશનાં રાજ્યો સાથે બીલકુલ કારભાર ગાદીપતિ જે હોય તેના નામથી ચાલે છે. બીજા દેશના આપઅખત્યારી પાદશાહોને જેટલું માન મળે છે તેટલુંજ માન ઇંગ્લાંડના પાદશાહને મળેછે. જુલમ કરી શકતા નથી માટે લોકની પ્રીતિ ઘણી સંપાદન કરે છે. સદ્ગુણી અને માયાળુ સ્વભાવનો રાજા હોયછે તેને રૈયત ઘણુંજ ચહાય છે. મહારાણીજી વિકટોરીઆ અંગ્રેજ લોકને બહુ વહાલી છે, તેથી બહુજ માન પામેછે. દેશ એટલી સુધરેલી દશાએ પહોંચ્યો છે કે તખત ખાલી પડેછે ત્યારે રાજકુંવરો તે લેવાને લઢી શકતાનથી એટલુંજ નહીં પણ તેવું કરવાનો તેમના મનમાં વિચાર પણ નથી આવતો; જેનો હક હોય તે સુખે બેસે છે, ને પોતાના ભાઈઓ

તથા કુટુંબીઓ તરફથી નિર્ભયપણે જીવે ત્યાં સુધી રાજ કરેછે. ઇંગ્લાંડના રાજા જેવો સુખ શાન્તિમાં દિવસ કહાડેછે તેવા પૃથ્વીના બીજા કોઈ દેશના કહાડતા નથી. કાયદાથી અને દસ્તુરથી ગાદીપતિ શું શું કરી શકે છે, તે આગળ બીજી બાબતોનું વર્ણન કરવામાં જણાશે. આ ઠેકાણે જૂદું પાડીએ તે કરતાં યોગ્ય જગાએ આવશે તેથી વાંચનારના ધ્યાનમાં વધારે ઉતરશે. સરકારી કામનું સઘળું જોખમ પ્રધાનોને શિર છે તેથી ગાદીપતિને માથે કદી અપરાધ આવે નહી. પ્રધાનો પાસે પાર્લમેન્ટ જવાબ લેનાર છે, તે અખત્યાર રાજાનો નથી. રાજા કે રાણીને નજરાણું કરવાનો ચાલ જતો રહ્યો છે.

૨૨. રાજાથી ઉતરતો દરજ્જો અમીરોનો છે. રાજકારભારમાં એમનો અખત્યાર કેટલો છે તે ટુંકામાં જણાવુંછું કે પાર્લમેન્ટમાં જે જે બાબતોનો ઠરાવ કરવામાં આવે છે, તેમાં મત આપવાનો હક અમીરોને છે. જે ઠરાવ તેઓ નાકબુલ કરે તે રદ જાય છે. દીવાની ફેંસલા ન્યાયાધીશો કરેછે તેમાંના કેટલાક ઉપર અપીલ સાંભળવાનો તથા કેટલાએક હકોની તપાસ કરવાનો તેમને અધિકાર છે. હાઉસ આવ લાર્ડ અથવા પાર્લમેન્ટના મકાનના જે ભાગોમાં એમની બેઠક છે તેને દિવાનેખાસ કહીએ તો ચાલે. શાહાજાદા તથા બીજા રાજવંશીઓ પણ ત્યાં બેસે. એમાં બેસી મત આપવાનો હક આશરે સાડીચારસેં માણસોનો છે. નવા અમીરો કરવાનો હક ગાદીપતિને છે. ઘણાક અમીરોને મોટી જાગીરો છે. અમીરની પદવી ઓલાદે ઉતરે છે પણ માત્ર વડા છોકરાનોજ હક છે, એટલે બાપ અમીર હોય તો તેના મોત પછી તેનો ઈતાબ તથા સ્થાવર મિલકતનો વારસ તેનો વડો દીકરો થાય છે. બીજા દીકરા હોય તો તેમને બાપ અથવા વડો ભાઈ સારી નોકરીએ અથવા ધંધે લગાડે છે. કેટલાએક અમીરોને દિવાનેખાસમાં બેસવાનો હક નથી, પણ તેમને કોઈ ગામના લોક દિવાનેઆમમાં મોકલે તો જઈ શકે. ગાદીપતિના પ્રધાનોમાં અમીરોની સભામાં બેસનારામાંના કોઈ હોવા જોઈએ, કેમકે જે પ્રધાન લાર્ડ હાઈ ચાનસેલર કહેવાય છે તે

ત્યાંનો અધ્યક્ષ છે. એ સભામાં બિરાજવાનો જેનો હક હોય તેજ બેશી શકે છે. તેના જીવતાં તેને બદલે તેનો દીકરો કે કોઇ બીજો બેસી શકે નહીં.

૨૩. દિવાનેઆમમાં લોકની તરફના ગૃહસ્થ લોકો બેસે છે. અહીં સભાસદોની સંખ્યા આસરે છસેં છે. ઇંગ્લાંડ, વેલ્સ, સ્કાટલાન્ડ, અને આયરલાન્ડ એ ચારે દેશના સભાસદો તેમાં છે. પાર્લેમેન્ટને બોલાવવાનો અધિકાર ગાદીપતિનો છે. ને બોલાવ્યા પછી તે સાત વરસ બેસી શકે છે, પણ તે મુદત પુરી થયા અગાઉ ગાદીપતિની ખુશી હોય તો સભાને વિસર્જન કરી બીજી સભા પસંદ કરવાને લોકને ફરમાવે છે, અને સાત વરસ સુધી એવું ન બને તો તે મુદતને અંતે નવા સભાસદોને પસંદ કરવાનું કામ ચાલે છે. નવી પાર્લેમેન્ટ મેળવવી હોય છે ત્યારે ગાદીપતિ અમીરોને ઇજન કરે છે તથા શેહેરો તથા પરગણાના લોકોને સભાસદો પસંદ કરવાને તેમાંના અમલદારોની મારફતે આજ્ઞા કરે છે. એ સભાસદો મોકલવાનો મત આપવાનો સઘળી રૈયતનો હક નથી. અમુક ઉપજ અથવા મિલકતના ધણીનેજ હક છે. એ લોકની સભાને પોતાના પ્રમુખની મારફતે રૈયતમાંના હર કોઇને તથા પ્રધાન અથવા હર કોઇ બીજા સરકારી અમલદારોને પકડી મગાવવાનો તથા કેદ કરવાનો અખત્યાર છે. રાજાને મસલત આપનારાઓનો વાંક પડે તો ઇનસાફ કરી સજા કરવાનો અધિકાર છે. સરકારનો નાણાં સંબંધી વ્યવહાર બીલકુલ એ સભાના તાબામાં છે. જે કાંઇ વેરા લેવા તથા ખરચ કરવો તે વિશે હર વરસ એની મંજુરી જોઇએ. સરકારી કામ સંબંધી કોઇ પણ બાબત ઉપર પાર્લેમેન્ટ સરકાર પાસેથી જવાબ લેઇ શકે છે. પાર્લેમેન્ટમાં કામ કરવાને સારૂ કોઇ સભાસદને પગાર મળતો નથી. એમની બેઠકો સત્રે થાય છે. કામને લીધે અથવા બીજા કારણથી સભાસદમાંનું કોઇ હાજર ન થાય તો તેને કોઇ પુછતું નથી. બારેમાસ સભા બેસતી નથી. વરસમાં છ સાત મહિના સભા જારી રહે છે. ને બરખાસ થયા પછી બીજે વરસે પ્રધાનો દહાડો ઠરાવે તે દિવસે કામ પાછું શરૂ થાય

છે. દર વરસે એ સભાની જે દિવસે પેહેલી બેઠક થાય છે, ત્યારે રાણીજી પોતે અમીરોની સભામાં તખત ઉપર મોટા દબદબાથી જઇ બિરાજે છે, ને લોકની વતીના સભાસદોને ત્યાં તેડી દેશની હાલત તથા પરરાજ્યો જોડે સંબંધ વિશે પોતાના દિવાનોએ ટુંકામાં લખી આપેલો હેવાલ વાંચે છે; પોતાથી ન જવાય તો દિવાન કને વંચાવે છે. પાર્લેમેન્ટની તરફથી તેનો જવાબ પાછળ થોડે દહાડે વિચાર કરીને આપવામાં આવે છે. વળતી નવા ઠરાવ તથા કાયદા કરવાનું કામ ચાલે છે. કાયદો પસાર થયા પેહેલાં તેને બીલ કહે છે. જો અમીરોની સભામાં કોઈ બીલ તૈયાર થાય તો તેને લોકની સભામાં પાસ થવા મોકલે છે, ને લોકની સભામાં પહેલું બને તો અમીરોની સભામાં મોકલે છે. ગાદીપતિએ મંજુર રાખ્યું એટલે તે કાયદો ગણાય છે, ને અમલમાં આવે છે. વજીરોને એ બંને સભામાં પોત પોતાની જગાએ હાજર રેહેવું પડે છે. જેમની તરફ એ સભાઓમાં બહુ માણસ હોય તેઓજ પ્રધાનપણું કરી શકે છે. પાર્લેમેન્ટ તથા રાજા સર્વે રૈયતની ખુશી મુજબ દેશનો કારભાર કરે છે.

૨૩. ઇંગ્લાંડના લોક રાજકારભાર તથા દેશહિતના કામમાં એટલું બધું ધ્યાન આપે છે, તેનું મુખ્ય કારણ એ છે કે તે બધી વાતમાં સરકાર ઉપર આધાર રાખતા નથી. ઘણુંએક કામ જે આ દેશમાં સરકાર કરે છે તે વિલાયતમાં રૈયત કરે છે. પાર્લેમેન્ટનું એટલું આખું જોર છે તે ઉપરાંત દેશની માહેનો ઘણોક કારભાર રૈયત ચલાવે છે. હર વરસ શેહેરોમાં તથા પરગણાઓમાં રૈયત પોતાના માજીસ્ટ્રેટ ઠરાવેછે તથા મ્યુનિસીપલ કમિશનરો પસંદ કરે છે. પાર્લેમેન્ટથી કેટલોક અધિકાર તેમને મળ્યો છે, તે મુજબ તેઓ વર્તે છે. ગામ સુધારાને કાજે તેઓ પોતપોતાના બપ જેટલો જુદો વેરો ઉઘરાવે છે. પોલીસ રાખે છે. રસ્તા, પુલો, નેહેરો, વગેરે ઘણાક કામો તેઓ કરે છે, ને રૈયતને હરવરસ હિસાબ આપેછે, ને તેમની આજ્ઞા પ્રમાણે ચાલે છે. એથી દેશમાં જુલમ થઇ શકતો નથી. મોટી સરકારને ઓછી મેહેનત પડે છે, ને રૈયતને રાજકારભારમાં હાથ ઘાલવાની

રીત માલમ પડેછે, ટેવ પડેછે, ને હોંસ ઉત્પન્ન થાય છે. ઇંગ્લાંડ-ના પોલીસના તથા લસ્કરી માણસો રૈયતની જોડે કેવી સારી સલુ-કાઈ કરે છે તે જોઈને આપણા દેશમાંથી જનારા મુસાફરને અચંબો લાગ્યાવિના રહે નહીં. વધારે માહેતગારી મેળવતાં આ બીનામાં નવાઈ જેવું જણાતું નથી. એ દેશમાં સરકારી અમલદારો, શેઠ સાહુકારો, અને સર્વે કોઇ એક એક સાથે એવા માનથી વર્ત્તે છે કે તે હિંદુ અને મુસલમાન લોક સેહેલથી સમજી શકે નહીં. સ-રકાર ધણી છે, મા બાપ છે, એવું ત્યાંની રૈયત જાણતી નથી. સ-રકાર સર્વ લોકની નોકરી કરે છે, એવું સર્વ માને છે, ને તે પ્રમાણે વર્ત્તે છે. ગાદીપતિ પ્રીતિના બળે રાજ કરે છે. ઇંગ્લિશ લોકને પોતાનો જીવ જેટલો વહાલો છે, તેટલોજ રાણીનો વહાલો છે ને પો-તાની આબરૂના બચાવ માટે જેટલું નુકસાન ખમે તેટલુંજ રાણીની આબરૂને સારૂ તેઓ ખમે.

૨૪. ઇંગ્લાંડ, વેલ્સ અને સ્કાટલાન્ડ મળીને ગ્રેટબ્રિટન કેહેવાય છે; આયરલાન્ડ માંહે ઉમેરીને સર્વને "યુનાઇટેડ કિંગડમ" કહે છે. એ રાજમાં જેમ ઉદ્યમ, વેપાર, રોજગાર, ને દોલત ધણી છે તેમ ખેતી પણ ધણી સારી છે. ત્યાં જમીન ઉપર વેરો નથી. આપણા મુલકોમાં એવું કહેવાય છે કે આ રાજાને આટલી પેદાશ છે. એ પે-દાશમાંથી તે ગમે એટલો ખરચ કરે ને ગમે એટલો પૈસો ખજાને રાખે. ખજાને પૈસો એકઠો થતો હોય તે જાણીને રાજા ઓછો વેરો લે નહીં, ને જાસ્તી ખરચ આવે તો વધારે વેરો લે. એવી રીત ઇંગ્લાંડ તથા યુરોપના ઘણાક દેશોમાં નથી. ઇંગ્લાંડમાં ખરચ તપાશી રૈયત ખપ જોગો વેરો આપે છે, ને ખરચ ઓછો કરવો કે વધારવો તે પણ રૈયત-ની ખુશી પ્રમાણે થાય છે. હાલ યુનાઇટેડ કિંગડમનો આશરે સાઠ કરો-ડનો ખરચ છે, ને તેટલી ઉપજ છે. એ મુલક ગુજરાત ને કાઠીઆ-વાડ જેવડો છે. વેરો આવી રહેતાં તો વરસ દહાડો થાય ને એક એક કોઈ રાજા જોડે લઢાઈ ઉઠ્યાથી અથવા બીજા કારણસર નાણાંની મોટી રકમ સરકારને જોઇએ તો બજારમાં જે વ્યાજનો ભાવ હોય

તે ભાવે સરકારને જેટલાં નાણાં ઉછીતાં જોઈએ તેટલાં તુરત મળેછે. એવું કરજ કાઢવું હોય ત્યારે પાર્લીમેન્ટની મંજુરી જોઈએ છીએ; ને એવી મંજુરી મળ્યા પછી એ કરજનું જોખમ રૈયતને શીર છે. હાલ ઇંગ્લાંડની સરકારનું કરજ એટલું છે કે તેનું વ્યાજ ફકત દરવરસે અઠાવીશ કરોડ રૂપીઆ થાયછે. રાજ્યની ઉપજ ૭૮ કરોડને સુમારે છે. ઇંગ્લાંડ દેશ ગુજરાત જેટલો વિસ્તારમાં લગભગ છે.

૨૫. અંગ્રેજી પ્રજાનું મોટું જોર તેમની દરીઆઈ ફોજમાં છે. એ બાબતમાં તેઓ આખી દુનીઆમાં સર્વથી બળવાન છે. તેમની મનવારો એટલે લડાઈનાં વહાણોએ મોટા શત્રુઓને હરાવ્યા છે, ને પોતાના દેશમાં આજ આઠસેં વરસ થયાં કોઈ દુશમનને પગ મુકવા દીધો નથી. જેટલી નાની મોટી મનવારો એ લોકો કને છે તેટલી બીજા કોઈ પાસે નથી, ને જેમ જેમ બીજા રાજવાળા પોતાના વહાણની સેના વધારતા જાય છે, તેમ અંગ્રેજો પણ વધારતા જાય છે. એનો ખરચ ઘણો છે, પણ રૈયત ખુશીથી આપે છે, કેમકે એમાં તેમની મોટાઈ તથા બચાવ છે. ઇંગ્લાંડમાં જમીનનું લશ્કર પણ તેની બહાદુરી, દૃઢ નિશ્ચય, અને હોંશીઆરીને વાસ્તે પ્રખ્યાત છે. તેણે મોટી લડાઇઓ મારીને જય મેળવ્યા છે. પરંતુ યુરોપનાં બીજાં મોટાં રાજ્યોનાં લશ્કરો જેવડું તે મોટું નથી, એટલે તેમાં સિપાઇઓની સંખ્યા મુકાબલે ઘણી ઓછી છે. દેશમાં રહે અથવા પરદેશમાં જ્યાં મોકલે ત્યાં જાય એવી જે ફોજ છે, તે ઉપરાંત કેટલીક દેશમાંજ ખપ પડે ત્યારે લડે એવી છે. તેને "મિલિશીઆ" કહે છે. એ સિપાઇઓનો પગાર ઘણો થોડો છે. તેમ તેઓને પોતાને ઘેર રહેવાની તથા બીજો ધંધો કરવાની છુટ છે. ઠરાવેલ દિવસે કવાયત કરવાનો મહાવરો કરાવવાને બોલાવે છે, ત્યારે તેઓ હાજર થાય છે, ને તે થઈ રહ્યા કેડે સર્વે પોત પોતાને ધંધે જાય છે. એવાં આશરે બે લાખ માણસ છે. દેશનો બચાવ કરવાને તેમને જે વેળા બોલાવે તે વેળા હાજર થાય છે. એ શિવાય જ્યારે કોઈ જોરાવર રાજાની ભણીથી દેશમાં ચઢાઇ થવાની ભારે

ધાસતી હોય છે ત્યારે દેશમાંના લઢી શકે એટલી ઉમરના સર્વે લોક યુદ્ધ કરવાને તૈયાર થાય છે. એવી સેનાને વાલંટીઅર સેના એટલે સ્વઇચ્છા સેના કહેછે. ગયા વરસમા ફ્રાન્સના શહેનશાહની તરફથી હુમલાની બીક હતી માટે મહારાણીએ વાલંટીઅર ફોજ ઉભી કરવાની સૂચના કરી હતી. તે ઉપરથી ગામે ગામથી લોકની પોતાને ખરચે પલટણો ઉભી થઇઓ. એમાં જમીદાર લોક, વેપારીઓ, વિદ્યાર્થિઓ, સરકારી નોકરો, દુકાનદારો, કારીગરો, વગેરે સઘળા લોક સામીલ હતા. એમાં તેમનો કેટલોક વખત તથા પૈસો જતો હતો. ફ્રાન્સ જોડે લઢાઇ થવાની વાત અટકી નહીં હોત તો એ લશ્કર ઘણુંજ મોટું થઇ જાત. જે દિવસે મહારાણીજીએ ફોજના કેટલાક ભાગની લંડનમાં રેવ્યુ (તપાસ) લીધી તે વેળા જે શોભા થઇ તેનું ઘટતું વર્ણન કરવું કઠણ છે. તે જોઇને મારા મનમાં ઘણાક વિચાર અને સાનંદાશ્ચર્ય ઉપજ્યું. એનું જુજ બ્યાન મેં મુંબઇના એક વર્ત્તમાન પત્રને સારૂ લખી મોકલ્યું હતું. તે નીચે મુજબ હતું.

લંડન તા. ૩ જી જુલાઇ સન ૧૮૬૦. સત્યપ્રકાશના લખનાર જોગ—તા. ૨૩ મી જુન અને શનિવારના બાર ઉપર ચાર કલાકે લંડનના હાઇડપાર્ક નામે મોટા બાગમાં જે દેખાવ મેં જોયો તે હું કદી ભુલનાર નથી. એનો હેવાલ તમે વર્ત્તમાનપત્રોમાં વાંચશો તેથી એ વિશે લંબાવીને આ કાગળમાં લખવાની જરૂર નથી, ને જેવું બ્યાન તેમાંથી તમને મળશે તેવું લખવાની મારી શક્તિ પણ નથી. તો જુજ હેવાલ લખી મોકલું છું—

ફ્રાન્સની ફોજ ઇંગ્લાંડ ઉપર ચઢાઇ કરશે એવું કેટલાક મહિના થયાં અહીં ઘણાક લોક ધારે છે. ઇંગ્લાંડનું ખુશકીનું લશ્કર ફ્રાન્સના લશ્કરથી ઘણું ઓછું છે, તથા તેનો ઘણો ભાગ હિંદુસ્તાન, અમેરિકા, વગેરે ઇંગ્રેજી સંસ્થાનોમાં વિખરાએલો રહે છે, તેથી થોડા મહિના ઉપર મહારાણીજીએ એક જાહેરનામું કર્યું હતું કે, રૈયતે પોતેજ પોતાના ખરચથી એક વાલંટીઅર ફોજ ઉભી કરવી જોઇએ. તેને સરકારી હથીઆર સોંપવામાં આવશે, તથા સરકારી લશ્કરના

અમલદારો કવાયત શિખવશે. એ ઉપરથી અમીરો, જાગીરદારો, વેપારીઓ, દુકાનદારો, કારીગરો વગેરે હજારો માણસો પોતાને ખરચે લશ્કરી પોશાક વગેરે ખરીદ કરી ગામેગામ અને ચકલેચકલે પલટણો બાંધી તેમાંહે સામીલ થયા, તથા ધંધા રોજગારથી નવરાસની વેળામાં કવાયત શિખ્યા. હાલ એ ફોજની સંખ્યા સવા લાખથી વધારે છે, ને ફ્રેંચ ફોજ આવે તો બીજા દશ બાર લાખ જુવાનીઆ તથા પુખ્ત ઊમરના ગૃહસ્થો એમાં સામીલ થઈ જાય. પોતાના દેશને સ્વતંત્ર રાખવો, પોતાના દેશીઓને ચહાવા, અને બીજી પ્રજાઓ કરતાં મોટા ગણાવવું એ કામ અહીંના લોક સર્વથી મોટું ગણે છે. પોતાની દોલત તથા પોતાનો જીવ કરતાંએ તેમને વધારે વહાલું છે. હિંદુસ્તાનમાં પરમેશ્વર એ દહાડો કયારે દેખાડશે! ગમે એટલું મોટું ફ્રેંચ લશ્કર ઇંગ્લાંડમાં આવે તોપણ હું ધારતો નથી કે તેમાંનું કોઇ સહીસલામત પાછું જાય. એ નવા લશ્કરને વાલંટીઅર ફોજ કહે છે. એમાંના આસરે ત્રીશ હજાર માણસની ઉપર લએલે દિવસે મહારાણીજીએ રેવ્યુ લીધી. એ વખતે જે શોભા થઈ તેમાં કાંઈજ મણા નહોતી.

એક બાજુએ મહારાણીજીને સારૂ સુંદર તખ્ત ઉભું કર્યું હતું, અને તેની આસપાસ અમીર, ઉમરાવો, શેઠ સાહુકારો,વગેરેને વાસ્તે બેઠકો કરી હતી. એની સામે મોટું મેદાન હતું, જેમાં ખૂબ સુરત ઝાડો ખીલી રહ્યાં હતાં, તથા લીલાં તથા પોચાં પણ ટુંકાં ઘાસથી જમીન ઢંકાએલી હતી. હું બાર ઉપર એક કલાકે ત્યાં ગયો. એ વેળા ગાડીઓ તથા પગે ચાલનારા લોકની ખૂબ ઠઠ મળી હતી. અને વાલંટીઅરોએ પલટણબંધ આવવા માંડયું હતું. લશ્કરી વાજાં આગળ વાગતાં હતાં, ઊઘાડાં આયુધના ચલકાટ થતા હતા, તથા વખાણ કરનારા લાખો માણસ શાબાશીની બુમો પાડતા હતા. સાડા ત્રણ કલાકે બધા આવી રહ્યા. ઘણી મુદ્દત સુધી કવાયત શિખેલા સિપાઇઓની પેઠે તેઓ બધી હાલ ચાલ કરતા હતા. બંદોબસ્ત રાખવાને નોકરીઆત પલટણોની ટુકડીઓ બોલાવી હતીઓ. મહારાણી-

જીનો ઘોડેસ્વાર પાયગા સોહામણા પોશાક, ચળકતાં બખ્તર અને નાગી તરવાર સાથે ડંકો વગાડતી આવી હતી. તોપો પણ ગોઠવેલી હતી. ભભકામાં કસર નહોતી. જોનારા લોકનો મોટો જમાવ થયો. એટલા બધા માણસ એવા કામે એક ઠેકાણે ભેગા કદી થયા હશે નહીં. મોટો રસ્તો અને લાબો માણસ માય એવો બાગ ખીચોખીચ ભરાઈ ગયો હતો એટલુંજ નહીં પણ આસપાસનાં ઘરોની બારીઓ, છાપરાં, અગાશીઓ, સર્વ સ્ત્રી પુરૂષ અને છોકરાથી ભરાએલી હતી.

બાર ઉપર ચાર કલાકે મહારાણીજી પધાર્યાં. તેમનું બખતાવર પગલું બાગમાં પડતાંજ સલામતીની તોપો છુટવા માંડી, અને મળેલી આલમે ખુશી અને આશીર્વાદના અવાજથી આકાશ ગજાવી નાખ્યું. વાલંટીઅર સેના ઉભી હતી ત્યાં પોતે પહેલાં ગયાં, ને તેમની સલામ લેઈ ગાદીએ બિરાજ્યાં. વળતી વાલંટીઅરો કેટલીક કવાયત કરીને તખ્ત આગળ થઇને ચાલી ગયા. એ વેળા ચારે તરફથી લોકે શાબાશીની બુમોથી કાન બેહેરા કર્યા. એ સમે મન ઉપર અસર થયા વિના કેમ રહે? અને પરદેશીઓને અદેખાઈ આવે તેમાં નવાઇ શી? ગાદીપતિ અને રૈયત વચે આવી દોસ્તી, તથા પોતાના દેશ ઉપર આવો પ્રેમ જોઈ કોણ વખાણ નહીં કરે? એ વાલંટીઅરો બીજા દેશોને લુટવાને, કે પ્રજાનું સ્વતંત્રપણું ખુંચી લેવાને, કે કોઈ ઉપર જુલમ કરવાને આગળ પડ્યા નહોતા. એ દુષ્ટ કામ તેઓનું નથી. તેઓ તો પોતાના વાહાલા દેશનો બચાવ કરવાને તૈયાર થયા છે. ધન્ય છે, તેમને ધન્ય છે!! વહાલા દેશીઓ ઘરમાં બેશી ન રહો, જેની શક્તિ હોય તેઓ પરદેશોમાં ફરો, બીજાઓનું જુવો ને શિખામણ લો. દયાળુ પરમેશ્વરે તમને હાલ એવી સારી જોગવાઈ આપી છે કે, જો તમે જાગૃત થઇ મેહેનત લેશો તો આપણા દેશની દુર્દશાને દૂર કરી શકશો. પણ જો વહેમ, આળસ, અને બેવકુફાઇમાં પડી રહેશો તો હજીએ વધારે માઠી હાલતમાં પડશો.

ઇંગ્લાંડની રાજરીતિ તથા ઇંગ્લિશ લોક જે હકો ભોગવે છે

તેનું પુરૂં વર્ણન કરીએ તો મોટો ગ્રંથ થાય. વિસ્તારીને લખ્યા વિના એ કઠણ બાબતમાં સમજ પડતી નથી. ઈતિહાસમાં એ વિશે લંબાવીને લખાય, કેમકે એ ઈતિહાસનો મુખ્ય ભાગ છે. આ મુસાફરીના બ્યાનમાં આમ ટુંકામાં પતાવવું પડે છે.

---

## પ્રકરણ ૪ થું.

૨૬. અંગ્રેજ લોકની એક મોટી ખાસીઅત એ છે જે હરકોઈ કામને વાસ્તે એકઠા મળવું, સૌએ પોતાના વિચાર જાહેર કરવા, તથા બહુ મતે જે ઠરે તે કરવું. મંડળીઓ ભરવાના લંડન શેહેરમાં મોટાં મોટાં મકાનો છે. એમાંના "એકસીટર હાલ" નામે વિશાળ મકાનમાં ભરાએલી મંડળી જોવા એક વાર હું ગયો હતો. તે વેળા લગભગ દસ હજાર આદમી ત્યાં બેઠાં હતાં. ગરીબ લાચાર માણસોનાં રસ્તામાં રડવડતાં છોકરાંને ભણવાને કહાડેલી નિશાળોનો વાર્ષિક રિપોર્ટ સાંભળવાને એ મંડળી ભરાઈ હતી. ઘણું કરીને ધર્મ સંબંધી બાબતોનો વિચાર કરવાને જે મંડળીઓ ભરાય છે તેના કામમાં એ મકાન આવે છે. એમાં મળનારા લોક પોતાનો ધર્મ બીજાઓને મનાવવાને ઘણાજ હોંશીલા હોય છે ને તેમાં ફતેહ પામવાના ઈલાજો શોધે છે. ધર્મ સંબંધી ગેરવાજબી કરવાને પણ તેઓમાંના કોઈ કોઈ રાજી છે, એવું કહેવાય છે; એટલે પોતાનો ધર્મ બીજાઓ પાસે મનાવવાને ખરાજ ઉપાય કરે એમ નહીં. વિદ્યા હુનરની બાબતોનાં ભાષણ કરવાને બીજાં ઠેકાણાં છે, રાજકારભાર વિશે વિચાર કરવાને મળવાની જગા પણ ઘણી છે. એવી સભાઓ ભરાય છે ત્યારે ત્યાં દાખલ થવાને ટિકિટો લેવી પડે છે. ટિકિટોના ઘણીખરીવાર પૈસા આપવાનો ધારો હોય છે. એથી જે નાણાં મળે તે ભાષણ કરનારને મળે, અથવા બીજી જે રીતે ઠરાવ્યું હોય તેમ વપરાય. લંડનમાં કેટલાંક "ક્લબ" છે. ક્લબ એ ભેગા

થવાનાં ઠેકાણાં છે. એ મકાનો ઘણાં મોટાં ને સુંદર છે, અંદર પણ તેહ્ને બેસવા ઉઠવાનો સામાન છે, વાંચવાનાં પુસ્તકો તથા વર્તમાન પત્રો રાખે છે, તથા સભાસદોને જમવાની ગોઠવણ પણ કરેલી હોય છે. સર્વ સભાસદો એના ખરચને સારૂ વરશો વરસ નાણાં ભરે છે. એ લવાજમની રકમ ભારે હોય છે. દરેક ક્લબના સભાસદોનાં મત ઘણું કરીને એક સરખાં હોય છે. જેવા મતનો જે પુરૂષ હોય તેવા મત ધરાવનારા ક્લબમાં તે સામીલ થાય છે. માટે ક્લબ એટલે ટોળી કહીએ તો ચાલે. એ ટોળીને મળવાને તથા વિચાર કરવાને ઠેકાણું જોઈએ તે ઉપર મુજબ કરે છે. દરેક ટોળીને કાંઈ કામ પાર પાડવાની મતલબ હોય છે. કોઈ ક્લબ વિદ્યા હુનરનો ફેલાવો કરવાને થએલું હોય છે, કોઈ રાજકારભારી બાબતને સારૂ, કોઇ મોજને સારૂ, એમ ઘણાક જૂદા અર્થે ઘણાંક ક્લબો થએલાં છે. એ ક્લબોની શરૂઆત હાલની નથી, સો બસો વરસ ઉપર કેટલાંક ક્લબોનો આરંભ થએલો છે. કેટલાંક ક્લબો ઉપયોગી છે, ને હાલના કરતાં પણ અગાઉ વધારે ઉપયોગી હતાં. જે જે ચાલ લંડનમાં છે તે એ દેશના બીજા શેહેરમાં પણ છે.

૨૭. લંડનમાં અને આખા યુનાઈટેડ કિંગડમમાં ભીખ માગવાની મના છે. જે કોઈ ભીખ માગતાં પકડાય તેને સજા થાય છે. એવું છતાં પણ ભીખારીઓ રસ્તામાં હોય છે. તેઓ મોઢે માગતા નથી. કેટલાક હાથમાં કાંઈ હલકી વેચવાની જણસ રાખેછે. કામ કરી શકે એવા ભીખારીઓને આપવાથી આળસનો વધારો થાય છે, એવું ત્યાંના લોક સમજે છે. માટે ઘણા લોક એવા માણસને ભીખ આપતા નથી. આખા દેશમાં ભીખારીઓને મદદ કરવાને વેરો છે. એ વેરાની પેદાશમાંથી ભીખારીઓને રહેવાને ઘર બાંધ્યાં છે. તેમાં લાચાર માણસ રહેવા માગે તો રાખે છે; તેને લુગડાં, પથારી, ખાવાનું, ઓસડ, વગેરે જરૂરીનું સર્વ પુરૂં પાડે છે. આંધળા, લુલા વગેરે લાચાર અપંગની અહીં બરદાસ લે છે. ગરીબ ગરબું, ડોસું ડગરૂં હોય તેમને પણ આશરો આપે છે. ખાનગી ગૃહસ્થોની

ઉદારતાથી થએલાં કેટલાંક ઠેકાણાં છે. તથાપિ હરામખોર માણસોને એવી જગામાં જવું ગમતું નથી, કેમકે ત્યાં ગયા પછી તેમનાથી મરજીમાં આવે ત્યાં જવાતું આવાતું નથી, તથા આળસુ થવાતું નથી. જેમનાથી કામ થાય તેમની પાસે કામ કરાવે છે. એ મુલકના લોકોની સમજણ એવી છે કે, જે માણસ કામ કરી શકે તેમને ભીખ આપવી એથી નિરૂદ્યમ વધે છે, ને દેશમાં ખરાબી થાય છે, માટે ભીખ માગનારા વધે એવું ઉત્તેજન આપતા નથી. ત્યાં હિંદુસ્થાનના જેટલા હરામખાઉ ભીખારીઓ નથી, ને જે છે તેમને ઘણી ભીખ મળતી નથી. કોઇ ભીખારી ભાયડો કે બાયડી દયા ઉપજે એવી વાત કહી પૈસા માગે તેનું કેહેવું ખરૂં છે કે ખોટું; તે શોધી કહાડવાને એક મંડળી છે. એ મંડળીએ પોતાના તરફથી તજવીજ કરવા સારૂ માણસોને પગાર આપી રાખેલાં છે. ધનવાન ગૃહસ્થો એ મંડળીને વરસ દહાડે ૨૦ રૂપોઆ આપી એના સભાસદો થાય છે. એના સભાસદોમાંથી કોઇની કને હર કોઇ ભીખારી અરજી લેઈ કિંવા મોઢે માગવા આવે તો તેનું નામ ઠામ પુછી એ મંડળીના કારભારીને મોકલે છે. તે તપાસ કરી સર્વ ખીના પુછનાર ગૃહસ્થને જણાવું એ એ મંડળીનું કામછે. જો માગનાર ખરેખરો દુઃખી તથા સાચો અને સારી ચાલનો હોય તો તેને તે ગૃહસ્થ મદદ કરે, ને ઢોંગી કે અનીતિવાન હોય તો કાંઇ આપે નહીં. વળી એ મંડળી ખરેખરા દુઃખી માણસોને ઉદ્યમે લગાડવાની કે બીજી ઘટતી મદદ કરે છે, ને જેઓ કાયદો તોડી ભીખ માગતા હોય તેમને પકડાવી સજાએ પહોંચડાવે છે. ભીખારીઓનો આવો સારો બંદોબસ્ત છે, તેમજ લંડનમાં તથા બીજાં શેહેરોમાં ઠેર ઠેર ગરીબ લોકને ઓશડ કરવાને ધર્મની હાસપીતાલો છે. મજુર તથા બીજા જેઓ પોતાના પેટ જોગું પેદા કરે, પણ માંદા પડે ત્યારે દવા કરવાને તથા ખાવાને મળે નહીં તેવાને એવા દવાખાનામા આરામ થાય ત્યાં સુધી રાખે છે. મફત ધર્માદા ઓસડ આપવાનાં પણ ઠેકાણાં છે. એ બધું પ્રજામાંનાં દયાળુ અને સખી સ્ત્રી પુરૂષોનું કરેલું

છે, ને હાલ પણ નવાં નવાં ઉભાં થાય છે. સરકારથી આબરૂ લેવાને કોઈએ કર્યું નથી.

૨૮. આવા મોટા શેહેરમાં બીલકુલ નહીં ભણેલાં, એક અક્ષર પણ વાંચતાં નહીં આવડે એવાં, ઘણાં આદમી છે, તોપણ વસ્તીના પ્રમાણમાં વિદ્યાનો ફેલાવો ઘણો છે. સંગ્રહસ્થાનો વિશે આગળ કહ્યું છે. લાઈબ્રેરીઓ એટલે પુસ્તકશાળાઓ મોહોલ્લે મોહોલ્લે છે. "મુંડી" નામે સખ્સની એક પુસ્તકશાળા છે તે ઘણીજ પ્રખ્યાત છે. તે જોવા હું ગયો હતો. મોટી ભારે દુકાનના જેવું એનું કામ ચાલે છે; એને હજારો ઘરાકો છે. ચોપડીઓ વાંચવા આપવાનુંજ કામ અહીં ચાલે છે. પંદર વીશ કારકુનો કામ ચલાવે છે. એનું લવાજમ વરસ દહાડે એક ગીની તથા બે ગીની એટલે સાડાદસ રૂપીઆ અને ૨૨૧ છે. તેમાં જેજે ચોપડી જોઈએ તે ઘેર બેઠાં પોહોંચાડે. ચીઠી લખી ટપાલની પેટીમાં નાખી કે ત્રણ ચાર કલાક પછી ચોપડી આવે. પાછી મોકલવી હોય તો તેમજ ચીઠી મોકલવી, એટલે ત્યાંના નોકર આવી લેઈ જાય. લંડનમાં પાસે પાસે દાગની પેટીઓ છે, ને તે બબે કલાકે ઉઘાડે છે, તેથી સવારે કાગળ નાખીએ તો બપોરે તેનો જવાબ ફરી વળે. એ "મુંડી"ની લાઈબ્રેરીમાંથી ગાડીઓ ભરી ભરી ઘરાકોને ચોપડીઓ આપવા મોકલે છે, ને તેજ રીતે પાછી આણે છે. એક એક જાતની સેંકડો ને કેટલીકની તો હજારો ચોપડીઓ રાખે છે. કોઈ વખણાએલા ગ્રંથકર્ત્તાનો નવો ગ્રંથ પ્રગટ થતો હોય તો એને સારૂ બે ચાર હજાર પુસ્તકો ખરીદ કરી લે, કેમકે એવી ચોપડી ઘણા વાંચનારા માગે. વળી જે ગ્રંથો વંચાઈ વંચાઈ મેલા ને ચોળાઈ જાય કે ફાટે તેને વેચી દેછે, ને તેને બદલે નવા લેછે. એવી વપરાએલી ચોપડીઓ એટલી બધી હોય છે કે, તે વેચવાની દુકાન સારૂ મકાનનો એક જુદોજ ભાગ ઠરાવ્યો છે; તેમજ પુસ્તક લેઈ જવાનું ઠેકાણું જુદું છે, ને આપી જવાનું ઠેકાણું જુદું છે. એ વિના બીજી પુસ્તકશાળા સેંકડો છે. વર્ત્તમાન પત્રો વાંચવાનો શોખ

પણ એ શેહેરમાં તેટલોજ છે. લંડન ટાઇમ્સ નામનું તથા બીજાં કેટલાંક પત્રો દિવસમાં બે વાર વરાળયંત્રથી છપાય છે, તે જોઇને હું તો અચંબો પામ્યો. ટાઇમ્સની કીમત દરરોજની પોણાત્રણ આના છે. તે દહાડામાં બે વાર છપાય છે, સવારે તથા સાંજરે. બે વાર લે તેને બેવડી કીમત આપવી પડે છે. દરરોજ એના સાડા પાંચઆના આપી લેનારાં હજારો ઘરાકો છે. કેટલાંક પત્રોનું એથી ઓછું મુલ બેસે છે. આઠ પાઇથી ઓછી કીમતનું એકે નથી. એવા પણ દિવસમાં બે વાર બહાર પડે છે. એ દરરોજના સિવાય અઠવાડીઆમાં ત્રણવાર, બેવાર, ને એકવાર છપાનારાં પણ કેટલાંક છે. એ પત્રોનાં કદ બહુ મોટાં છે. ટાઇમ્સ ન્યુસપેપર ૩ ગજ લાંબું ને ત્રણ ગજ પોહોળું છે. લંડનમાં વર્તમાનપત્રોની ઠેકાણે ઠેકાણે દુકાનો છે, ત્યાં બધાં મળે છે. છપાતાંવાર તે પત્રોના માલીકો એ દુકાનોમાં પહોંચાડે છે, ને ત્યાંથીજ તેના પૈસા લે છે. હજારો નકલ નિત્ય મોટા પરોઢીઆમાં રેલવેને મારગે પરગામ મોકલેછે. એ પત્રોમાં રાજરીતિ વિષે જુદા જુદા મત પ્રગટ થાય છે. નિ૰પક્ષપાતે કોઇમાંજ લખાય છે. ટાઇમ્સનું લખાણ સૌથી કાબેલીવત ભરેલું હોય છે, ને તેનું વજન પણ ઘણું છે. પરંતુ તેમાં હમેશાં ખરા વિચાર હોતા નથી. પ્રજાને ગેરવાજબી સલાહ ઘણીવાર તેમાં અપાય છે. બધાં પત્રોમાં અંગ્રેજ લોકના સ્વાર્થની વાતો લખાય છે. જ્યાં સ્વાર્થ ન હોય ત્યાં વાજબી તથા સારા વિચાર આપે છે. આ પ્રમાણે સાધારણ રીતે કહી શકીએ, તથાપિ કેટલીક વાર જુલમ અને ગેરવાજબી બીજાઓ ઉપર કરવા વિષે ભલામણ કરે છે. મારનીંગસ્ટાર નામે એક પત્ર મારા વાંચવામાં આવતું તેમાં ઘણુંકરીને સાચા અને પરમાર્થી વિચાર હું જોતો. એ પત્રોની મોટી ખુબી એ છે કે તે પોતાના દેશમાં કોઇ પણ માણસ ઉપર જુલમ થયો જાણે કે તુરત સર્વે મોટો પોકાર કરી ઉઠે છે. ગમે એવો ગરીબ માણસ હોય તોપણ તેની દાદ પહોંચાડે. અમલદારોને કાયદાથી ઉલટા અથવા બેમુનાસબ સખતાઇથી ચાલતાં તેઓ અટકાવે છે. પ્રધાનથી તે પોલીસના સિપાઇ

લગી સઘળા વર્ત્તમાન પત્રોથી ડરે છે. માઠી ચાલ જાહેર થયેથી ફજેતી થાય એ દેહેશતથી સરકારી માણસો પાધરા ચાલે છે, ને રૈયતને દુઃખ દેતા નથી. બીજાં કારણ પણ છે; પરંતુ વર્તમાન પત્રોની તથા ચોપાનીયાંની ઘણી અસર છે. એમાંનું કોઈ પત્ર ધર્માદા નથી, એટલે નામને સારૂ સહજ કીમત લે તેવું નથી. વેપાર દાખલ ભાગીદારો થઇ કહાડે છે, ને તેમને નફો સારો રહે છે. ટાઇમ્સપત્રના ધણીઓ ખરચ બાદ કરતાં લાખો રૂપીઆ કમાય છે. એડીટરોનું એટલે વિષયો લખનારનું કામ જેમને સોંપે છે તેઓ વિદ્યાવાન હોય છે, ને સારા પગાર લેછે. એવું કહે છે કે ટાઇમ્સના મુખ્ય એડીટરને વરસે એક લાખ રૂપિયાનો મુસારો મળે છે. એના હાથ હેઠે દશ બાર મદદગાર એડીટરો છે. એ બધા ઘણું ભણેલા હોય છે. એ ઉપરાંત કેટલાક રિપોર્ટરો રાખે છે તેઓ શેહેરની ખબર લાવેછે, અદાલતમાં તથા માજીસ્ટ્રેટની કોરટમાં હાજર રહી જે જે બને છે તે લખી લાવે છે, તથા કેટલાક પાર્લામેંટમાં જે જે ભાષણો તથા કામ થાય છે તે લખવાને ત્યાં હાજર રહે છે. પાર્લામેંટમાં જે રિપોર્ટરો જાય છે તેમનું કામ મુશ્કેલ છે, તથા ઘણીવાર પોહોંચેછે માટે જેમ કલાકે કે બએ કલાકે લશ્કરી સિપાઓના પોહોરા બદલાય છે તેમ તેમની પણ બદલી થાય છે. જેનો વારો પુરો થાય કે તે પાધરો આફિસમાં જઈ પોતાની નોંધને લંબાવી સાફ લખે છે ને છાપનારને આપે છે. એ નોંધ લેવાની ટુંકામાં રીત છે, તેથી મોટાં ભાષણો થોડી જગામાં ને ઉતાવળે જેમ બોલાય તેમ લખી લેવાય છે. દરરોજ છપાતાં પત્રો છે તેઓને એવા રિપોર્ટરો છે. બીજા પત્રવાળા તેમાંથી ઉતારો કરે છે. એ દેશનાં બીજાં શેહેરોમાં તેઓ રિપોર્ટરો રાખેછે, ને યુરોપનાં મુખ્ય શેહેરોમાં પણ રાખે છે. એ સઘળાને પગાર મળે- છે. જ્યારે કોઈ દેશમાં લઢાઈ ટંટો થાય છે ત્યારે ત્યાં ટાઇમ્સપત્રની ને બીજાં પત્રોની તરફથી હોશીઆર રિપોર્ટરો જાય છે. એ રિપોર્ટરો વિદ્વાન ગૃહસ્થ હોય છે. એ પત્રોને બાંધેલાં ઘરાક છે તે ઉપરાંત દરરોજ હજારો નકલ બજારમાં ને રસ્તે રસ્તે વેચાય છે. ઘણા માણસો રોજ લેઈ

શકતા નથી પણ જે દહાડે હાથમાં પૈસા હોય તે દહાડે લેઈ લે. ઘણા-ક માણસ નિત્ય છુટક લેવાને પસંદ કરે છે. જે પત્ર પોતાના મતનું હોય તે લે છે. જે દિવસે ઘણી જાણવા જોગ બીના છપાઈ હોય છે તે દિવસે ઘણા પત્રો ખપે છે. છુટક ભાવ ને બાંધેલો ભાવ એકજ છે. રેલવેસ્ટેશન ઉપર પણ બધાં પત્રો વેચાય છે. દર અઠવાડીએ, પખવાડીએ, મહિને, ત્રણ મહિને નિકળનારાં ચોપાનીઆં પુષ્કળ છે. અનેક તરેહની નવી નવી હજારો ચોપડીઓ હમેશ છપાય છે ને વેચાય છે. જે ગ્રંથ કર્તાઓનું લખાણ લોકને પસંદ પડે છે તેઓ એ ગ્રંથો રચવાથી લાખો રૂપીયા કમાય છે. ચોપડીઓ વેચવાનો ધંધો ઘણીજ સારી હાલતમાં છે. એની મોટી મોટી સેંકડો દુકાનો છે, ને લાખો રૂપીઆનો વેપાર પુસ્તકોનો થાય છે. રાજાથી તે રંક સુ-ધી સૌના ઘરમાં પુસ્તકો એ મોટું ભૂષણ ગણાય છે. ગ્રંથોને સંતાડી રાખતા નથી. દિવાનખાનામાં શોભિતા કબાટમાં બહારથી દેખાય તેમ રાખે છે.

૨૮. લંડન યુનિવરસિટી નામે એક મોટી પાઠશાળા આ શેહેરમાં છે. એ હાલના વખતમાં સ્થાપન થઈ છે. ઇંગ્લાડમાં બીજી યુનિવરસિટીઓ છે તેમાં ને આમાં બે મોટા ભેદ છે. લંડન યુનિવરસિ-ટીમાં ભણનારા વિદ્યાર્થીઓ પોતાને ઘેર રહેછે ને જમે છે, તથા તેમાં ધર્મ સંબંધી અડચણ નથી, એટલે વિદ્યાર્થીનો ધર્મ સુજે તે હોય. અહીં ભણવાનો ખરચ પણ બીજી જગાઓ કરતાં ઓછો છે. પ-રદેશી જુવાનો વિદ્યાભ્યાસ કરવાને ઘણું કરીને અહીં આવે છે. હું ગયો તે વારે મુંબઇના બે પારસી જુવાનો નામે નવરોજી પોંચા તથા ફરામજી કામા અહીંની કાલેજમાં અભ્યાસ કરતા હતા. તેમના કહેવાથી જણાય છે કે, ત્યાંના અંગ્રેજી વિદ્યાર્થીઓ પરદેશી વિદ્યાર્થીઓ ઉપ-ર ઘણી માયા રાખે છે. એ વરસમાં યુનિવરસિટી કાલેજના વિદ્યા-ર્થીઓને ઇનામ આપ્યાં તે હું જોવા ગયો હતો. તે વેળા લાર્ડ સ્તાનલી જે આગળ હિંદુસ્તાન ખાતાનો મોટો વજીર હતો તે પ્રમુખ-ની ખુરશીએ હતો. પારસી વિદ્યાર્થીને તેમણે ઇનામ આપતી વેળા

કહ્યું કે, હું આશા રાખું છું કે તમારે દેશથી તમારા જેવા હિંમતવાન ને હોંસીલા ઘણા જુવાન અહીં ભણવા આવશે. ઘણીક વિચાર કરતાં મારો નિશ્ચય થયો છે કે, હિંદુસ્તાનની અવદશા ફેરવવાનું મોટું સાધન એજ છે કે એ દેશના ધનવાન લોકના દિકરા વિલાયતમાં જઈ ત્યાંની મોટી પાઠશાળાઓમાં પોતાના વિદ્યાભ્યાસમાં વધારો કરે. કેટલીક માઠી ટેવ આપણા લોકમાં છે તે કહાડી નાખવાની જરૂર છે, પણ તે ત્યાંની કેળવણી સિવાય જવાની નથી. નજરે જોયાવિના ફકત ગ્રંથો વાંચે પુરી કેળવણી મળતી નથી. યુરોપના દેશોની ચાલચલણ આપણાથી કેવળ જૂદીજ છે. મને તો જાણે એ નવીજ દુનીઆં લાગી. વિદ્યા ભણવાને જેની ઉમર વહી ગઇહોય તેણે માત્ર મુસાફરી કરવા જવું. ભણનારને લંડનની યુનિવરસિટીકાલેજ ઠીક છે. આ દેશથી ત્યાં જનારા જુવાનોની સંભાળ લેવાને કેટલાક સારા ગૃહસ્થો તૈયાર છે. તેમને ધર્મ સંબંધી કોઇ હરકત કરવાનું નથી. પોતાની ખુશીથી જે છોડે તેનો ઉપાય નહીં, પણ તે સિવાય બીજી બીક કશી નથી. લંડનમાં કિંગ્સકાલેજ નામે એક બીજી પાઠશાળા છે ત્યાં પણ રૂસ્તમજી કરીને એક પારશી જુવાન શિખે છે. એ એનાથી ઉતરતે દરજ્જે કેળવણી આપનારી નિશાળો ઘણી છે. તેમાંની કેટલીએકમાં છોકરાંને રહેવાનું તથા ખાવાનું પણ ખરૂં. એ સઘળે ઠેકાણે ખરચ ઘણો છે, તેથી કારીગરો ને મજુરોનાં છોકરાં ભણી શકતાં નથી. વરસે પાંચસેંથી તે હજાર સુધી છોકરો કે છોકરીને ભણાવવાનો ખરચ થાય તે ગરીબ લોક આપી શકતા નથી, માટે એનાં છોકરાંને માટે ધરમાદા નિશાળો છે. નિશાળો ઉભી કરવાને ઘણી દોલત પરોપકારી પુરૂષોએ બક્ષેલી છે.

૨૯. વિલાયતમાં વિદ્યાનો પ્રસાર ઘણો થયોછે, એવો કે આ દેશના લોકના ધ્યાનમાં તે વાત ઉતારવી કઠણ છે. વિદ્યાનો અર્થ હિંદુઓ સમજે છે તેથી જૂદો છે. સરસ્વતીનો માયનો ત્યાં ઓહોળો કરે છે. વાંચતાં, લખતાં, ને આંક લખે એ તો માત્ર વિદ્યાનો આરંભ ગણાય છે. કોઈ સંસ્કૃત ભણ્યો કે તે આપણા દેશમાં વિદ્વાન ગણાય છે, પણ વિલાયતમાં ફકત એક ભાષાજ શિખેલો પુરૂષ વિદ્વાન

કહેવાતો નથી. એકજ ભાષા શિખેથી બુદ્ધિ પુરી ખુલતી નથી. ઉપલા વર્ગના સબળા લોક વિલાયતમાં પોતાની ભાષા ઉપરાંત ગ્રીક તથા લાટીન (જેઓ સંસ્કૃત જેવી અઘરી છે), ફ્રેંચ, જર્મન, વગેરે કેટલીક ભાષાઓ શિખે છે, તથા અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, ઇતિહાસ, ભૂગોળવિદ્યા, વ્યાકરણ, ખગોળ તથા ભૂવિદ્યા, રસાયનશાસ્ત્ર, ચિત્ર, ગાયન, કાવ્યશાસ્ત્ર વગેરે ભણે છે. એવું ભણેલા લાખો માણસ ત્યાં વસે છે. પોતાના છોકરા તથા છોડીઓને ભણાવવાને સારૂ હજારો રૂપીઆ ખરચે છે. એટલું ભણેલો હોય તેજ ગૃહસ્થમાં ગણાય છે ને માન પામે છે. જેમને એટલો ખરચ કરવા નથી મળતો તેઓ ઉતરતી પંક્તિમાં ગણાય છે, ને તેઓનાં છોકરાં હલકી નિશાળોમાં એથી થોડું ભણે છે. એ છતાં પણ એવા લાખો માણસ છે, જેઓ મજુરી કરી પેટ ભરે છે, ને જેઓ પાસે પોતાનાં છોકરાંને થોડું પણ ભણાવવાને પુરતો પૈસો નથી, એવા લોકોનાં છોકરાંને માટે નિશાળો સ્થાપવાને ઊપલા વર્ગના લોકો તથા સરકાર મદદ કરેછે. કોઇ પણ શેહેર કે ગામમાં એવી નિશાળના ખરચ ને કાંઈ ભંડોળ થઈ તથા દેખરેખ રાખવાને પંચ ઠરાવીને સરકારને જણાવે તો સરકાર મદદ કરે છે. એવી નિશાળોમાં મેહેનતુ તથા વસવાઇઆ લોકનાં છોકરાં ભણે ને દર અઠવાડીએ દોઢ આનો ફી આપે છે. ગૃહસ્થનાં છોકરાં ત્યાં જતાં નથી. આમાં ભણાવવાનું પણ થોડું છે. તેની તપાસને માટે સરકારે ઇન્સ્પેક્ટરો રાખ્યા છે. એવી નિશાળોને વાસ્તે મેહેતાજી તૈયાર કરવાને શાળા કહાડીઓ છે, તેનો ખરચ પણ ઉપલા વર્ગના લોક તથા સરકાર ભેગા મળી ચલાવે છે. મેહેતાજીઓના પગાર થોડા તથા પદવી હલકી તેથી ઉપલા વર્ગના લોકમાંનું કોઇ એ નોકરી કબુલ કરતું નથી. માટે દુકાનદાર, કારીગર, કે મેહેનતુ લોકનાજ જે જુવાનીઆની ખુશી હોય તેઓને એને સારૂ મેહેતાજીનું કામ શિખવે છે; જે શાળામાં મેહેતાજી તથા મેહેતીજીઓને તૈયાર કરે છે તેને ટ્રેનિંગ કાલેજ કે નાર્મલ કાલેજ કહે છે. એવી કાલેજો વિલાયતમાં ઘણી છે. કેટલીકમાં જુવાન છોકરા ને

કેટલીકમાં જુવાન છોકરીઓ તથા કેટલીકમાં બંને એ કારણ માટે ભણે છે. એમા વિદ્યાર્થીઓને સરકાર પગાર આપીને શિખવે છે, તથા છેલી પરીક્ષામાં જેટલા પાસ થાય તેના પ્રમાણમાં નિશાળીઆના માથાદીઠ ગુરૂને ઇનામ આપે છે. પરોપકારી લોક પણ એને સારો આશરો આપે છે. એવી કેટલીક કાલેજો છે. એમાં કામ શી રીતે ચલાવેછે, તે નજરે જોઇને શિખવું એ મારી ઇંગ્લાંડ જવાની મુખ્ય મતલબ હતી. એ કાલેજોના ઉપરી ધર્મ ઉપદેશકોમાંનું કોઈ હોય છે, અને તેઓ સારા વિદ્વાન તથા ગૃહસ્થો હોય છે. જૂદા જૂદા પંથો પોતપોતાને માટે એવી કાલેજો કહાડેછે. ઘણુંકરીને દરએક પરગણામા એવી એક ટ્રેનિંગકાલેજ છે. તેમાં મોટી ઉમરના મહેનતુ લોકના છોકરા તથા છોકરીઓને થોડી વિદ્યા શિખવે છે, તથા ભણવાનો હુનર અનુભવ સહિત શિખવે છે. થોડા પૈસામાં ઘણાં છોકરાંને શિખવવાની સારામાં સારી રીત કઈ છે તે ઉપર અહીં ખૂબ ધ્યાન આપે છે. માણસના મનની શક્તિઓને કેમ મોટી કરવી તેનો શોધ પણ કરે છે. એ વિશે કેટલાએક ગ્રંથો લખાએલા છે. ખેડુત તથા વસવાઇઆ લોકનાં છોકરાંને માટે નિશાળો છે. તે સિવાય બીજી ભીખારીઓનાં છોકરાંને માટે પણ છે. તેઓ કેવળ ધર્માદા છે. એ પણ વહેવારીઆ ગૃહસ્થોના પૈસાથી ચાલે છે. ભુખે મરતાં ને ફાટેતુટે લુગડે રડવડતાં છોકરાંને જેમતેમ સમજાવી ખાવાપીવાનું આપી નિશાળમાં રાખે છે, ને જરાતરા ભણાવી રોજગારે લગાડે છે. તેમાંનાં કેટલાંકને બુટ સાફ કરતાં શિખવે છે, ને તે કરવાને જે જુજ ઓજાર જોઇએ તે અપાવી રસ્તાઓમાં મોકલાવેછે. લંડનમાં એવા બુટ સાફ કરનારા છોકરા ઠેકાણે ઠેકાણે હોયછે. આવતા જતા લોકમાંથી જેની મરજી હોય તેઓ એક પેની આપી સાફ કરાવે છે. વરસાદ પાણીનો દિવસ હોય ત્યારે ઘરાક ઘણાં મળે. પરોપકારી માણસોએ એવા છોકરાને સુધારવાની આ જુગતી કહાડી ત્યાર પેહેલાં તેઓમાંના ઘણાક ચોરી કરતા, ને મોટપણે ગજવાં કાતરૂ ને ખાતર પાડનારા થતા, તથા કેટલાક ભુખ,

તહાડ વગેરેથી બહુજ હેરાન થતા, ને મરીપણ જતા. માણુસ જાતના દુખ ઓછાં કરવાને અનેક પ્રકારની મેહેનત લે છે, ને પૈસા ખરચે છે; પણ જેથી નિરૂદ્યમ અને આળસ વધે એવું કાંઈ કરતા નથી. જનાવરોને દુઃખ દેવાની દેશના કાયદાથી મના છે. લંડન આવડું મોટું શેહેર છે તોપણ કોઈ ઠેકાણે દુબળાં ઢોર, ભુખે મરતાં ગધેડાં કે કુતરાં નથી. માંદા કે સુકાઈને હાડકાં નિકળેલા ઘોડાને ગાડીએ જોડવા દેતા નથી, તથા લોહી નીકળે કે મોટા સળો પડે એવો માર જનાવરોને મારવા દેતા નથી. ખરી દયા આપણા શ્રાવકો કરતાં તેઓમાં વધારે છે.

૩૦ રાણીના પ્રધાનો તથા ઉપ પ્રધાનોની નોકરી જેમની પાર્લામેંટમાં હોંશીઆરી જણાય ને વગ હોય તેમને મળે છે. બીજી હલકી નોકરી મેળવવાને પરીક્ષા આપવી પડે છે. એ પરીક્ષામાં જે પાસ થાય તેમનેજ સરકાર નોકર રાખે છે. એ પરીક્ષા લેનારા "સિવિલ સરવીસ કમીશનર્સ" કહેવાય છે. હિંદુસ્તાનમાં સનંદી નોકરી લેવાની જેમની મરજી હોય તેમની પરીક્ષા પણ તેઓજ લે છે. સંસ્કૃત તથા બીજી કોઈ આ દેશની ચાલતી ભાષાની પરીક્ષા પણ તેમને આપવી પડે છે. હું લંડનમાં હતો ત્યારે એક ઉમેદવારે ગુજરાતી બોલીની આપવાનું કહ્યું. તેની પરીક્ષા લેવાને કમીશનરોએ મને તેડ્યો હતો, ને મારી મેહેનતને બદલે પચાસ રૂપીઆ આપ્યા. તેથી મોટા લાભ મને એ થયો કે ત્યાં મારે સારા સારા વિદ્વાન પુરૂષોને મળવું થયું. હિંદુસ્તાન ખાતાની હર વરસે સાઠ સીત્તેર જગા ખાલી હોય છે. હિંદુસ્તાનના વતની જઇ એ પરીક્ષા આપી પાસ થાય તેમને પણ એ મોટી નોકરીઓ મળે. હિંદુસ્તાનમાં જેવું અણઘટતું સરકારી નોકરોને માન છે તેવું ઇંગ્લાંડમાં નથી. સરકારી નોકરો ત્યાં બીજા લોકોને દબાવી શકતા નથી. કોઇની આગળ કે પાછળ સિપાઈ ચાલતા નથી, ને કોઈ તેમનો ભાવ પુછતું નથી. રૈયતની સત્તા રાજકારભારમાં ઘણી છે તેથી સૌ સમાન ગણાય છે. મોટા વજીરોને બારણે પણ સરકારી સિપાઇને બેસાડતા નથી. મોટા મોટા

શેઠશાહુકારો તથા સરકારી અમલદારો એકલા ચાલી જતા જોવા-માં આવે છે; જેઓ તેમને ઓળખતા નહી હોય તેઓ તો પારખી પણ નહી શકે કે, આ કોઇ મોટો પુરૂષ છે. મોટા લશ્કરી અમલદારો, અમીરો અને રાજવંશીઓ પણ ઘણીજ સાદાઇ રાખે છે. અસ્વારી સાથે નીકળવાનો રીવાજ જતો રહ્યો છે. સરકારી નોકરી લેવાને તે દેશના લોક આપણા લોકના જેટલા ગાંડા થતા નથી.

---

## પ્રકરણ ૫ મુ.

૩૧. હું લંડનમાં હતો તેવારે કોઇ વાર આસપાસનાં ગામ તથા શેહેરો જોવા જતો હતો. હમેશના જેટલો એ વરસમાં તાપ પ-ડ્યો નહીં, ને વરસાદ વિશેષ હતો તેથી વરસો વરસ કરતાં વન-સ્પતીની શોભા ઓછી હતી, તોપણ ગામોમાં ફરવાની મઝા પડી. લંડનથી આશરે દશેક ગાઉપર વિંડસર કરીને સુંદર કસબો છે. એમાં મહારાણીજીનો સૌથી સારો મેહેલ તથા કિલ્લો છે. ઊંચા ડુંગરના શિખર ઉપર એ કિલો છે, તેથી વેગળેથી દેખાય છે. મહારાણી પોતાના કુટુંબ સહિત અહીં જાથુ રહે છે, એટલે જ્યારે પાણી ફે-રને, કે રાજમાં ફરવા ન ગયાં હોય, કે લંડનમાં ન હોય ત્યારે વિં-ડસરના મેહેલમાં રહે છે. એની માંહેનું પાસું મારા જોવામાં આ-વ્યું નથી, કેમકે હું ગયો તે વેળા તેમાં પાદશાહી કુટુંબ રહેતું હતું. એ કસબાની દક્ષિણ બાજુએ "ગ્રેટપાર્ક" નામે એક મોટો બાગ છે, તેનો ઘેર આશરે દશ ગાઉ છે, એમાં શિકાર રમવાનું છે, તથા બીજી ગમતો ઘણી છે. તેના જવાના રસ્તાની બે બાજુએ રળીઆ-મણાં ઝાડોની હાર આવી રહી છે. કિલ્લાની ઉત્તરે એક બીજો બાગ છે, તે એનાથી નાનો છે પણ ઘણો તાજો છે. વર્જીનીઆ વાટર્સ કરીને અહીંથી બે ગાઉ પર રમણીય સ્થળ છે, તે હું ધારૂં છું કે મોટા બાગનો ભાગ હશે. ત્યાં હું મારા પારશી મિત્રો જોડે ઘણીવાર રવિ-

વારે જતો; મને ત્યાંની મઝા હમેશ યાદ રહેશે. ત્યાં સુંદર ઝાડી છે, ફરવાનાં મેદાન છે, વળી વચમાં એક ખુશકારી તળાવ છે. જોડે એક નાની સરખી નદી બનાવી છે, તેનો ઝીણો ધોધ નીચાણમાં પડે તેવી તદબીર કરી છે. ત્યાં ઉતરવાનું તથા જોઇએ તો વાસો કરવાનું પણ ઘર છે. ત્યાં જવાની કોઇને મના નથી. વસંત રૂતુમાં તથા ઊનાળામાં લોક એ સુખ ભોગવવાને જાય છે. આવડા મોટા રાજની ગાદી ભોગવનાર જ્યાં રહે છે તે ઠેકાણાનું ડોળ જોવાને મુસાફરે જવું જોઇએ. કોઇપણ તરેહનો જંગલી ભપકો અહીં રાખ્યો નથી. મહારાણી, રાજકુંવરો તથા કુંવરીઓ બીજા ગૃહસ્થોની પેઠે સાદાઇથી ફરે છે, ને એક એકની કશી બીક રાખતાં નથી. એ સાદાઇનું રૂપ નીચેની વાત ઉપરથી ધ્યાનમાં આવશે. એ વખતમાં મહારાણીનો વડો દીકરો જે તેની પાછળ તખ્તે બેસનાર છે તે અમેરિકામાં ફરવા ગયો હતો, ત્યાંથી પાછા આવવાની વકી ચાલતી હતી. વિંડસર ગામમાં કોઇ ગાંધીનો છોકરો ચળેલો હશે તેને ઘેલાની હાસપીતાલમાંથી સાજો થયો જાણી રજા આપી તેથી એ વખતમાં પોતાને ઘેર આવ્યો. તેનું કદ એ યુવરાજના જેવડું હતું. એ ગાંડા જુવાનીઆના મનમાં એમ આવ્યું કે હુંજ યુવરાજ છું. એક સવારમાં પોતે નાહી ધોઇ નવાં કપડાં પહેરી મેહેલભણી ગયો. પેહેરેગીરોએ અટકાવ્યો ત્યારે કહ્યું કે, હું રાણીનો વડો પુત્ર વેલ્સનો પ્રીન્સ છું, ને મારી મા પાસે જાઊંછું. એમ કહી કેટલીક ચોકીઓ ચુકાવી છેક અંદર પેઠો. સિપાઇઓએ જાણ્યું કે ધાર્યા કરતાં દરીઆમાં તે કુંવરને વધારે દિવસ થયા તેથી સર્વેને ચિંતા થતી હતી તે જાણી પોતે રેલવેમાંથી ઉતરી માણસોને પાછળ મુકી પોતે એકલા દોડી આવ્યા હશે. તેમણે સર્વે કુંવરને ઘટતું માન આપ્યું. અંતે એક ખીજમતગારે એને દીઠો. તે કુંવરને ચેહેરાથી ઓળખતો હશે, તેણે પુછ્યું કે તમે કોણ છો? વાત કરતાં પરખાઇ ગયું ત્યારે તેને મેહેલ બહાર લઇ જઇ તેના બાપને સોંપ્યો. એ રાજવંશીઓ બીજા ગૃહસ્થો માફક ભણે છે. ગાદીએ બેસવા સારૂ એક ભાઇ બીજા ભાઇને મારશે કે

આંખ ફોડશે એવી ધાસ્તી નથી. એ વિશે જે અનીતિ એશિઆમાં હ- જી પણ ચાલે છે તે યુરોપમાંથી સેંકડો વરસ થયાં નિકળી ગઇછે. એક વાર ઇરાનનો કોઈ શાહાજાદો ઇંગ્લાંડમાં આવ્યો હશે, ને ત્યાંના એ- ક રાજવંશીની ભેટ લેવા ગયો. એ રાજવંશીની આંખો દુખતી હતી માટે અંધારા ઓરડામાં બેઠા હતા. તે જોઇ ઇરાનના શાહજાદાએ કહ્યું કે સાહેબ રાજ કુંવરોને માથે બધા દેશોમાં એવાં દુઃખ હોય છે. અંગ્રેજી રાજવંશીએ તેને સમજાવ્યો કે 'મારી આંખ કોઇએ ફોડી નથી, ને અમારા દેશમાં એવી દેહેશત નથી'. મહારાણીજી પંડે પણ ફરવા નિકળે છે ત્યારે બે ત્રણ નોકરોજ સાથે રાખેછે. વિં- ડસરથી થોડે છેટે લંડન તરફ ઇટન નામે ગામ છે. અહીં મોટી પ્રખ્યાત શાળા છે, તેમાં ઉપલા વર્ગના લોકના છોકરાજ ભણેછે, કેમકે ત્યાં ઘણી ઉંચી જાતની કેળવણી આપવામાં આવેછે, ને ખરચ પણ ઘણો છે, એટલો કે વરસ એકે છોકરા પાછળ હજાર રૂપીઆ કરતાં પણ વધારે થાય છે; ને ઓછાંમાં ઓછાં ત્રણ ચાર વરસ ભણાવવો પડે છે. એક દિવસે મહારાણીજી ઇટન સુધી ઘોડે બેસી ફરવા આવ્યાં હશે, ત્યાંથી પાછાં ફરતાં હતાં, એવામાં વરસા- દના છાંટા થવા લાગ્યા ને તેમની કને છત્રી નહતી. તે જોઇ એક છોકરે દોડતાં જઇ પાછળ ખીદમતગાર હતો તેને પોતાની છત્રી આપી કહ્યું કે મહારાણીજીને આપો. રાણીએ તે લીધી. થોડે આગળ જતાં વરસાદ રહી ગયો એટલે છત્રી પાછી મોકલીને જોડે એક સોનાની મોહોર તે છોકરાને માટે મોકલી. આ વાત ખરી- જ હશે એમ નક્કી કહી શકાતું નથી. એવી વાતો લોકોમાં ઘ- ણી ચાલે છે.

૩૨. ઇંગ્લાંડના લોકને ઉનાળામાં પરગામ ફરવા જવું બહુ ગમે છે, ને દેશમાં જોવા લાયક ઠેકાણાં છે. રેલવેના માલીકો એ રતમાં વખતે વખતે એકસકરશન ટ્રેન તવે તવે ઠેકાણે મુકે છે. એ- કસકરશન ટ્રેનમાં જનારા લોકને આવવા જવાની જોડે ટિકિટ મળે છે, ને તેનું ઘણુંજ ઓછું મૂલ બેસેછે. જે ઠેકાણે ફકત જવાનો

હમેશ એક રૂપીઓ પડે છે ત્યાં એવી ટ્રેનમાં જવા આવવાનો મળી અરધો રૂપીઓ લેછે. તેમાં પાછા ફરવાનો વખત ઠરાવેલો હોય છે, તે વેળા ચુક્યા તો પૈસા જાય. એવી ટ્રેનના જોગથી થોડે નાણે ઘણાં શેહેરો, ડુંગરો વગેરે જોવાઈ શકાયછે, ને લાખો માણસ તેનો ફાયદો લેછે. એવી એક ત્રેનમાં બેસી એકવાર હું લંડનથી બાઇ નવરોજજી પોચા નામે મારા એક જુવાન મિત્ર સાથે બ્રાઇટન કરીને પ્રખ્યાત શેહેર છે, તે જોવા ગયો હતો. એ શેહેર ઈંગલાંડના સસેકસ નામે પરગણામાં દરીઆ કીનારે છે. એના બારામાં મોટાં ઝાઝને આવવાની જગા નથી, તેથી માત્ર નાનાં વહાણોજ આવે છે. એને કાંઠે દરીઆમાં નહાવાનો વગ સારો છે, તેથી ઘણા ગૃહસ્થો ત્યાં જાયછે. માંદાં માણસો પણ દરીઆની હવાને સારૂ ત્યાં રેહેવા જાય છે. શેહેરના રસ્તા સાફ ને શોભિતા છે. સમુદ્ર કીનારાની ઘણી મોટી ને સુંદર હવેલીઓ હાલ થોડા વરસ ઉપર બંધાએલી છે. સન ૧૭૬૦ સુધી તો બ્રાઇટન નાનું સરખું ગામડું હતું, ને તેમાં માછી લોકનીજ વસ્તી હતી. હાલ તો અમીર ઉમરાવ ને મોટા સોદાગરો તનદુરસ્તી કે મોજને સારૂ ત્યાં જાય છે. તેમને જોઇએ તેવાં ભાડાનાં ઘરો સામાન સરનજામ સુધાં તૈયાર ભાડે મળે છે. ઇંગ્લાંડ અથવા યુરોપના કોઇ પણ દેશમાં જ્યાં જઇએ ત્યાં એ તરફની અડચણ પડતી નથી. બ્રાઇટનમાં ફરવાની તથા બેસવાની જગાઓ ઘણીજ મજાની છે. સમુદ્ર કાંઠે ફરવાનાં ઠેકાણાં રળીઆમણાં છે. તેમજ ગામમાં ચોક, બજાર, તથા શેરીઓ રળીઆમણાં છે. એમાં મઝાનાં હમામખાનાં, નાટકશાળા, જાહેર સભા ભરવાનાં મકાનો તથા વાડીઓ છે. જ્યાર્જ રાજાએ ગાદીએ બેઠા પેહેલાં એક સુંદર ઇમારત અહીં બાંધી હતી, તેને “પવેલીઅન” કહે છે. એ ઉનાળામાં રેહેવાને કરી હતી. મુસાફરને જોવા લાયક એ મકાન તથા તેનો બાગ છે. બ્રાઇટનમાં એક ડકકો છે, તે ઘણો તાજુબી ભરેલો છે. તે સમુદ્રમાં દૂર લગી કર્યો છે, ને લોઢાની સાંકળોએ લટકતો છે. એ ડકકાને છેડે બેસી મોજ કરવાની ગોઠવણ કરી છે. એ બેઠકની ત-

બે એક મેડી છે, તેની નીચે દરીઆનાં પાણી વહે છે. આગબોટો તથા વહાણોના ઉતારૂઓને એ માળે ઉતારે છે. અમે તે જોવા ગયા તેવામાં વરસાદ આવ્યો, તેથી કોરા દિવસના જેવો બહાર પડ્યો નહીં. બ્રાઇટનને એક છેડે 'કેમ્પટાઉન' નામે નાનો સરખો કસબો છે તે પણ સુંદર છે. લંડનથી પારીસ જવાનો રૂસ્ટેનના મારગનો રસ્તો બ્રાઇટનમાંથી છે. ઘણા માણસ એ વાટ પસંદ કરે છે, કેમકે તે પાસે છે ને સોહામણો છે. બ્રાઇટનના દરીઆમાં નાહાવાને, દરીઆની સેલ કરવાને તથા હવાને સારૂ ઘણા લોક જાય છે. અહીં નાહાવાની રીત નવાઇ જેવી છે. ગરીબ માણસો તો નાગા થઇને પાણીમાં નાહાવાને તથા તરવાને પડેછે, ને બીજાઓને સારૂ નાહાવાની એક ઘોડાની ગાડીઓ હોય છે. એ ગાડીમાં બેસી બારણાં બંધ કર્યાં કે નાની સરખી ઓરડી જેવું થઈ રહે છે. તેમાં લુગડાં ઉતારી મુકવાની જગા ઊંચી હોય છે. ગાડીમાં બેઠાં નહવાય એટલું પાણી આવે તટલે સુધી ગાડીવાન હાંકી લેઈ જાયછે. કોઇને તરવાનું મન થાય તો તેમાંથી બાહાર નિકળીને તરે. એક ગાડીમાં એક માણસને નાહાવાનો વગ હોય છે. સ્ત્રીઓ પણ એમાંજ નાહે છે. એવી રીતે નદીએ કે દરીએ નાહાવાનાં કારણ બે છે. એક તો એ કે ભીના શરીરને તાઢો પવન ન લાગે ને બીજું એકે કોઇ એબ જોય નહીં. એ દેશમાં નાહાતી વખતે કેવળ નાગા થવાનો રીવાજ છે. હમામખાનામાં તથા પોતાના ઘરમાં નાહાવાની ઓરડીઓ હોયછે, તેમાં અજવાળું આવે પણ પવન ન આવે તથા કોઇની નજર તેમાં પડે નહીં એવી ગોઠવણ કરેલી હોય છે. નાહાવામાં પાણી ઘણું વાપરેછે, ને ખૂબ દીલ ચોળીને નાહાવાનો ચાલ છે.

૩૩. બ્રાઇટનની પેઠે બાથ પણ અમે એક દિવસ જોઈ આવ્યા. એ શેહેર સમરસેટ પરગણામાં એવન નામે નદીને કાંઠે છે. એ પ્રાચીનકાળથી એના ઉના પાણીના ઝરાને વાસ્તે વિખ્યાત છે. એ ગરમ પાણી નાહાવાના ઉપયોગમાં આવે છે, તથા દવા માફક પીવામાં પણ આવે છે. સંધીવા, પીત, વગેરે કેટલાક રોગ ઉપર તે

સારો ગુણ કરે છે. અગાઉ જેટલા લોક ત્યાં રહેવા જતા તેટલા હાલ જતા નથી. એની નામના એટલી હતી કે, અમીર, ઉમરાવ અને બીજા તવંગર ગૃહસ્થો મંદવાડથી સારા થવાને અથવા એશ-આરામને માટે ત્યાં જઈ રહેતા. એનો મોહ હાલ ઉતરી ગયો છે, તોપણ મુસાફરે તેને જોવું જોઈએ. એમાં જેવાં સુંદર ને મોટાં રહેવાનાં મકાનો છે તેવાં ઇંગ્લાંડના બીજા કોઈ શેહેરમાં નથી. એની બાંધણીઓ ઘણી ખૂબસુરત છે. એમાં એક સારૂં ને મોટું દેવલ છે. રોમન લોકે બાંધેલાં હમામખાનાં (નહાવાનાં ઘરો) હજી રહેલાં છે. શેહેરમાં ફરવાનાં ઠેકાણાં કર્યાં છે, તે ઘણાં રળીઆમણાં છે; કેટલાક રસ્તામાં બે બાજુએ સુંદર ઝાડોની હાર આવી રહી છે. વળી કેટલાક મઝાના બાગો પણ છે. એનો એક ભાગ ઊંચાણમાં છે તે ઉપર ચઢી જોતાં આસપાસનો દેખાવ ખુશકારી જણાય છે.

૩૪. ચાર મહિના લંડનમાં રહીને હું તા. ૫ મી સપટેમ્બરે ચેલટનહામ નામે શેહેરમાં ગયો. અહીં પણ મેં આશરે ચાર મહિના મુકામ કર્યો, પણ તે મુદ્દતમાં હું બીજાં શેહેરો તથા ગામો જોવા જતો તથા મારા પારસી મિત્રોને મળવાને વખતે વખતે લંડન જતો. લંડનમાં કામાની કંપનીની તરફનું કામ ચલાવનાર મુખ્ય શેઠ મંચેરજી હોરમસજી કામાજી હતા, તે પણ મારા ઉપર ઘણી રહેમ રાખતા ને મદદ કરતા. તેમને મળવા હું જતો. ચેલટનહામ લંડનથી લગભગ ૯૦ ગાઉ છે, પરંતુ રેલવેથી જતાં વાર લાગતી નથી. વચમાંનો મુલક ઝાડ, પાન, ડુંગર, અને ખાણ, નદીઓ, તથા નેહેરોથી શોભાયમાન છે. કેટલેક ઠેકાણે ડુંગરોના ઢાળને ખેડે છે, તથા કેટલીક જગાએ સુંદર ઘાસ ઉગાવે છે, તેથી રળીઆમણું દીસે છે. ઇંગ્લાંડના પશ્ચિમ ભાગમાં ગ્લાસ્ટર પરગણામાં ચેલટનહામ છે. એ શેહેર હાલ થોડા વરસમાં વૃદ્ધિ પામ્યું છે. એની આસપાસ ડુંગરો આવી રહેલા છે, ને વચમાં ખાડામાં શેહેર બંધાયું છે. એ ડુંગરો ઉપર સેલ કરવાને હું કોઈવાર જતો. તેઓ ઉપર જવું આવવું મળી છ સાત ગાઉ થાય, પણ તેથી બહુ થાક જણાતો નહીં. એમાંના એક ડુંગરમાં ટેમ્સ નદીનું

એક મૂળ છે, તે જોવા હું બે વાર ગયો હતો. હાથ હાથને છેટે સાત ઝરા નિરંતર વહે છે, ને નીચે ખાડામાં પાણી એકઠું થાય છે. એને ટેમ્સનું મૂળ ગણે છે. તેમનો વેગ થોડો છે. એ ડુંગરના ધણીએ તેઓનું પાણી ખપમાં લેવાને પાળ બાંધી અટકાવ્યું છે. પાણીનો જથો બહુ વધે ત્યારે નિકળી જવાને એ પાળમાં બારણું છે. એજ પાણીનું જોર ને જથો લંડન આગળ એટલાં છે કે તે ઉપર કરોડો મણનો ભાર તરે છે. એ ઝરા વડે એક જળચકી ફરે છે. જળચકી તે શું ને તે કેમ ચાલે છે તે મારા જોવામાં પેહેલવેહેલું અહીં આવ્યું. ચેલટનહામથી થોડે થોડે અંતરે કેટલાંક ખુશકારી ગામો, અમીરોના મેહેલો, જુના કિલ્લા, વગેરે જોવા જોગ સ્થળો છે; પણ તેથી એ વસ્યું નથી. એ શેહેરમાં કેટલાક ગુણકારી કુવા છે. એ કુવાનાં પાણી પીધેથી કેટલાક હઠીલા રોગ જાય છે, ને માંદા માણસ તનદુરસ્ત થાય છે, એવી ખબર દેશમાં ફેલાઇ તે ઉપરથી ઘણા ધંનવંતા લોક ત્યાં પાણી ફેરને આવવા લાગ્યા. તેમને રેહેવાને સુંદર ઘરો બંધાયાં; હાટેલો થઇ, ને સારી સારી દુકાનો બેઠી. એ કુવાના ધણીઓએ તેઓની આસપાસ સુંદર બાગ બનાવ્યા છે, જ્યાં ફરેથી શરીર સુખ પામે છે. લોકની ગમતને સારૂ બાગમાં તળાવ, ફુવારા વગેરે કર્યા છે, ને બેસવા ઉતરવાને સારાં મકાન બંધાવ્યાં છે. એ મકાનોમાં વખતે નાટકો થાય છે, વખતે સભાઓ ભરાય છે, ને વખતે ગાયન થાય છે. એ કુવાનાં પાણી દોરીલોટે કે ઘડે દોરડે કાઢવાં પડતાં નથી. એમાં અને વિલાયતના સઘળા કુવામાં બંબા ઉતારેલા હોય છે. એ બંબાનો દાંડો ઉપર જમીનને મથાળે હોય છે, તે હલાવીએ એટલે પાણી આવે. ઉપર લખેલા કુવાનાં મથાળાં તો શોભિતાં કર્યાં છે, ને તેને કાક મુક્યા છે, તે ફેરવેથી પાણી આવે છે. એ કુવાનાં પાણી ઉપર હવે અગાઉ જેટલો ભાવ રહ્યો નથી. થોડાજ આજારીઓ હવે તે પીવાને આવે છે, તથાપિ ચેલટનહામની હવા સારી છે, તેથી સારા ગૃહસ્થો આવી વસ્યા છે, ને વસતા જાય છે. હુંગ્લાંડથી ઘણા માણસો પર-

દેશ પૈસા કમાવા જાય છે, તેઓ પાછા સ્વદેશ આવે ને પોતાનું ઘર ન હોય તો ચેલટનહામ અથવા એવી બીજી જગામાં ઘર કરી રેહેછે. હિંદુસ્તાનથી અંગ્રેજો ઘરડા થઇને જાય છે તેઓ ચેલટનહામમાં રહેવું પસંદ કરે છે. સઘળા ત્યાંજ જઇને રહે છે એમ નથી; પણ ઘણા રહેવા જાય છે. ચેલટનહામમાં નીચ લોકની વસ્તી થોડી છે. શેહેર ઘણું સુઘડ ને શાંત છે. કમાઇને ધંધા રોજગારથી વેગળું સ્થળ પસંદ કરવાને રહેવાને મઝાનું શેહેર છે. એમાં ચાર વર્તમાન પત્રો છે, ને હરરોજ બપોરે લંડનથી વર્તમાન પત્રો આવેછે; એટલે સવારમાં ત્યાં છપાય તે બપોરે ત્યાંના લોક વાંચે છે. પુસ્તકશાળાઓ જોઇએ એટલી છે. કેટલીકમાંથી ચોપડી વાંચવાને ભાડે મળે છે, એટલે વરસનું કે મહિનાનું લવાજમ જે ન ભરતું હોય તેને કોઇ પુસ્તક વાંચવાને જોઇએ તો જુજ ભાડું આપતાં મળે. તેમ વર્તમાન પત્રો વાંચવાને કોઇ કોઇ દહાડો જવાની ઇચ્છા હોય તો જે દિવસે જાય તે દિવસના ચાર પૈસા આપીને વાંચી આવે; ઘણા માણસો તો વરસનું કે મહિનાનું ઠરાવેલું લવાજમ આપેછે. પણ કોઇ એમ છુટક આપીને વાંચે છે. ફકત વર્તમાન પત્રો વાંચવાને મહિને રૂપીઓ આપવો પડેછે.

૩૫. ચેલટનહામમાં બે મોટી પાઠશાળા છે, તથા કેટલીક નિશાળો છે. તેથી પણ એની આબાદાનીમાં વધારો થયો છે. એકનું નામ ચેલટનહામ કાલેજ છે. એ ઘણી વખણાય છે. એમાં આશરે આઠસેં વિદ્યાર્થીઓ ભણે છે. શાળાનું મકાન, મજબુત, મોટું, ને રૂપાળું છે. ગામની ઘાડી વસ્તીથી થોડું દૂર છે, તેથી જગાની સંકડાસ નથી. નિશાળીઆને રમવાને જોડે મોટું મેદાન તથા વાડી છે. કેટલાક ગૃહસ્થો પોતાનાં છોકરાંને ભણાવવાને અહીં આવીને રહે છે. એ કાલેજ ઉપર સરકારનો કાંઇ હક નથી તથા તેના ખરચને સારૂ કાંઇ આપતા નથી. એ તથા બીજી બધી ઊંચવર્ણનાં છોકરાંને ભણવાની પાઠશાળાઓ તથા નિશાળો સરકારથી સ્વતંત્ર છે. પૈસાવાળા ગૃહસ્થોએ માંહોમાંહે ઉઘરાણું કરી મોટી નાણાંની રકમ ભેગી કરી,

તેમાંથી તથા નિશાળીઆ કનેથી ફી લેવાય, તેમાંથી સઘળો ખરચ નિકળે છે. વિદ્યાગુરૂઓના પગારભારે છે, કોઈને હજાર રૂપીઆનો, કોઈને બે હજારનો, એમ દરમાયા મળે છે. એ કાલેજ સરસ ગણાય છે, તેનું કારણ એ છે કે એમાં છોકરાંનાં માબાપ જે વિષયો કહે તે શિખવે છે. ઇંજીનિયરનું, લશ્કરી અમલદારનું, ધર્મોપદેશકનું, વકીલનું, વગેરે ભણતર એમાં શિખવે છે. તેમજ અમુક ધંધાને લાયક થવાને કેળવણી ન લેતાં સાધારણ કેળવણી લેવી હોય તો તે પણ આપે છે. લાટીન તથા ગ્રીકભાષાઓ શિખી જૂની રીતે કેળવણી લેવી હોય તો તેમ આપે છે; વળી અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, વગેરે અર્વાચીન ભાષાઓ, અર્વાચીન ઇતિહાસ, ખગોળ, પદાર્થવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર, વગેરે બાબતો શિખવી હોય તો તે શિખવે છે. હિંદુસ્તાનમાં સનંદી નોકરીની પરીક્ષામાં પસાર થવાને જે વિષયો શિખવા પડે છે તે પણ શિખવે છે. એ પાઠશાળામાં નીચ વર્ણના છોકરાંને દાખલ નથી કરતા; ઠરાવેલી ફી આપે તોપણ લેતા નથી. જેઓ "જેંટલમેન" કહેવાય છે તેમનાંજ છોકરાંને આવવા દે છે.

૩૬. એ શેહેરમાં એક મોટી ટ્રેનિંગ કાલેજ છે. એમાં બે ભાગ છે. એક ભાગમાં મોટી ઉમરના છોકરા, ને બીજા ભાગમાં મોટી ઉમરની છોકરીઓ નિશાળ ભણાવવાનું કામ શિખે છે. એ બેને રહેવાનાં તથા ભણવાનાં મકાન ગામના જૂદા જૂદા ભાગમાં છે, પણ જે ગુરૂઓ છોકરાને શિખવે છે, તેઓ છોડીઓને શિખવવા જાય છે. ચેલટનહામ ગ્લાસ્ટર પરગણામાં છે. એ પરગણાની ગરીબ રૈયતની છોકરીઓની તથા છોકરાની નિશાળ ભણાવનારને તૈયાર કરવાને એ પ્રગણાના ઉપલા વર્ગના લોકે ઉઘરાણું તથા સરકારની મદદ લેઈ એ શાળા સ્થાપી. એનું મકાન શોભિતું ને વગવાળું છે. એના એક ભાગમાં શાળાનો મુખ્ય ગુરૂ મી૰ બ્રામ્બી પોતાના કુટુંબ સાથે રહે છે. એ ગૃહસ્થ છે, ને પાસે એક દેવળ છે તેનો ધર્મ ઉપદેશક છે. એનું ઘર સામાન સરનજામથી શણગારેલું છે. એનો પરિવાર મોટો છે, પરંતુ તેમાં સદ્ગુણ અને

સુખ વસ્યા છે. એ સર્વે મારા ઉપર બહુ માયા રાખતાં હતાં. મકાનના બીજા ભાગમાં મેડીએ નાર્મલ સ્કાલરોને સુવાની ઓરડીઓ છે. એમાંની દરેકમા એક માણસ સુવે એવો લોઢાનો ખાટલો છે, ને તે ઉપર સ્વચ્છ સુખકારી પથારી તથા ઓઢવાનું છે. ભોય તળીએ શેતરંજી જડેલી છે. ભીંતો સારી રંગેલી છે, ને ગ્યાસનો દીવો કરવાની એક નાની ભુંગળી છે. સ્કાલરો સુવા જાયછે ત્યારે દીવો કરે છે, ને તે ઘેર કરી સુઇ જાય છે. એ ઓરડીઓ બધી હારબંધ છે, ને લુગડાના આંતરાથી એક એકથી છુટી પડે છે. વાળી ઝાડીને હમેશ સાફ રાખવામાં આવે છે. સઘળા સ્કાલરો રાત્રે એકે વખતે જોડે સુવા જાય છે, ને સવારે સાથે ઉઠે છે. એમને જમવાને માટે એક મોટો ઓરડો છે, તેમાં સર્વે એકે વખતે જમે છે. એમની સાથે એમના કેટલાક શિક્ષકો જમવા બેસેછે. રાંધનારા,પીરસનારા,વગેરે માણસો રાખ્યા છે. અભ્યાસ કરવાના ઓરડા ભોયતળીયે છે. એ સ્કાલરોનો પગાર સરકાર એ શાળાના ઉપરીને આપે છે તેટલે નાણે ખરચ ચાલતો નથી, માટે એને સારૂ જે થાપણ છે તેમાંથી પણ વાવરે છે. સ્કાલરો સીતેર છે, ને તેમને શિખવનારા પાંચ છે. એક જણ ગુરૂધર્મ, નિશાળપદ્ધતિ, ચિત્ર, ગાયન તથા વાજીત્ર વગાડતાં શિખવે છે, તથા છોકરાં ભણાવવાનો મહાવરો કરાવે છે; બીજો ખ્રીસ્તીધર્મ, વ્યાકરણ તથા અંગ્રેજી ભાષા શિખવે છે; ત્રીજો ઇતિહાસ તથા અર્થવિદ્યા; ચોથો ભૂગોળ તથા નકસા; પાંચમો અંકગણિત, પદાર્થવિજ્ઞાન વિગેરે વિદ્યા શિખવેછે. નાર્મલ ક્લાસની છોકરીઓને શિખવે છે તેમાં ફેર એટલો કે તેમને ગણિત તથા વિદ્યા ઓછી શિખવે છે, ને તેને બદલે વેતરવું, સીવવું, ભરવું, ગુથવું, તથા કેટલાંક ઘરના કામ શિખવે છે. સ્કાલરોને રમવાને શાળાને લગતું મોટું મેદાન છે, ને તેમાં કેટલીક તરેહની રમવાની યુક્તીઓ કરી છે. એમને ભણાવતાં શિખવવાને એક છેઆશાળા તથા એક કન્યાશાળા એજ ઘરમાં સ્થાપી છે. એમા વસવાયા તથા ખેડુત લોકનાં છોકરાં આવે છે, ને તેમ-

ની ફનેથી દર અઠવાડીએ સવા આનો એટલે મહિને પાચ આના ફી લે છે. અહીં ભણી રહીને જેની ખુશી હોય તેમને એનીપાસે જરા ઊંચા દરજાની એક બીજી નિશાળ છે તેમાં શિખવે છે. અહીં અઠવાડીએ બે આના ફી લે છે. એ નિશાળોમાં બધા શિક્ષકો બધે વખતે ઉભા રહીને શિખવે છે. નિત્ય નિશાળનું કામ શરૂ થાય છે તે વેળા પહેલવેહેલી પરમેશ્વરની પ્રાર્થના શિક્ષકો તથા નિશાળીઆ ભેગા કરે છે, તથા ઇશ્વરસ્તુતિનાં એક બે ગીત ગાય છે, ને નિશાળ છોડતી વેળા પણ એમજ કરે છે. એ છોકરાઓને વાચતાં, લખતાં, અંકગણિત, લેખાં, સામાન્યજ્ઞાન, ભૂગોળ, વ્યાકરણ, અંગ્રેજી ભાષા, ઇતિહાસ, સારૂં ચિતરવું તથા ગાવું શિખવેછે. છોકરીઓને એમાંની કેટલીક બાબતો થોડી શિખવે છે, ને તેની જોડે વેતરવું, શિવવું, ભરવું, ધૂળ ઉડે નહિ તેમ વાળવું, લુગડાં ધોવાં, રાંધવું, વગેરે ઘરનાં કામ શિખવે છે. મોટપણે જે ધંધો એ ગરીબ માણસોનાં છોકરાં કરવાનાં તેમાં તેમને વેહેલી સમજ પડે ને તેમની બુદ્ધિ ખુલે એવી નજર રાખી કેટલીક નિશાળોમાં ઘટતી બાબતો શિખવે છે. જેમકે દુકાનદારના છોકરાને લખવું, વાંચવું ને હિસાબ એવા વિષયનો વધારે અભ્યાસ કરાવે છે, ને લુવાર, સુથાર, કડીઆ વગેરે કારીગરના છોકરાંનું ધ્યાન હુનરો ઉપર વધારે લગાડે છે. ખડીને વાટી તેનો કેલ કરી તેના ઘરના નમુના કરાવે છે. નાના નાના લાકડાના ચાર ખુણીઆ કકડાને બંગલા, ખુરશી વગેરેના નમુનાના આકારમાં ગોઠવાવે છે. સુંવાળા નરમ ઘાસની ઝીણી ઝીણી સુંદર ટોપલી, કંડીઆ, વેંત દોઢ વેંતની સાદડીઓ વગેરે ગુંથાવે છે. હુનર શિખવાનો શોક લાગે, ને તેમાં વેહેલી સમજણ પડે માટે ઉપર લખ્યા છે તે શિવાય બીજા હુનરો વિષે પણ થોડું થોડું જ્ઞાન આપેછે. દર રોજ અરધો કલાક કે કલાક એવું શિખવવામાં લગાડે છે. કુંભાર, સુતાર, સલાટ, કડીઆ, સોની વગેરે કારીગરના ઓજારના નાના નાના નમુના છોકરાને દેખાડે છે, અને તેના ઉપયોગ સમજાવે છે. લંડનમાં "હોમ ને કલોનીઅલ ટ્રેનિંગકાલેજ" છે તેમાં આ કામ

ઘણું સરસ ચાલે છે. છોકરાંને તો આ રમત જેવું લાગે છે, પણ એથી તેમને ફાયદો ઘણો થાય છે. નવરાસની વેળાએ રમવાની અનેક તરેહની જુગતી આ નિશાળોમાં કરીછે. ગામડાઓની નિશાળોના મેહેતાજીઓને ખેતીનું કાંઇક અનુભવી જ્ઞાન થાય માટે કેટલીક નાર્મલસ્કુલમાં નિત્ય એક કલાક તે કામ કરાવે છે. તે શિખવવાને મિહ્નતને રાખે છે. એથી સ્કાલરોને સારી કસરત પહોંચે છે, ને વળી રમુજ પડે છે, ને તેથી તેમની તનદુરસ્તી ઠીક રહે છે. વળી તેથી તેમને ખેતી વિષે જાણવાનો શોક લાગે છે, તથા વાતચીત કરવી ગમે છે. એ કાલેજના તાબામાં "ઇંફંટ સ્કુલ" છે. ઉપલા વર્ગના લોકના બે ત્રણ વરસનાં છોકરાંને રમાડવાને થોડું ભણેલી ગણેલી બાઇડીઓને રાખે છે. તેઓ રમાડે છે ને રમતાં થોડું ભણતાં પણ શિખવે છે. ગરીબ લોકથી એવી સ્ત્રીઓ રાખી શકાતી નથી, ને તેમનાં છોકરાંની મા ઘરમાં કે બહાર આખો દિવસ ધંધો કરે છે, તેથી તેમનાં બાળક રઝળતાં ફરે છે, ને માઠી હાલતમાં રહે છે. એ તેમને ઘણું નુકશાન છે. ઘણાંક માબાપ તેમને સાચવવાને જરા મોટી છોકરીઓ હોય તેમને નિશાળે ન જવા દેતાં ઘરમાં રાખે છે. એ હરકતો દૂર કરવાને તથા સુધારાનું બીજ છેક નાનપણથી કુમળાં મનમાં રોપવાને ઇંફંટ સ્કુલ એટલે બાળશાળા સ્થાપી છે. એમાં બડી રમુજથી ભણાવે છે. એમાં દોઢ બે વરસથી તે પાંચ વરસ સુધીનાં છોકરાં આવે છે. એમને નિશાળમાં ભણવા કરતાં રમવાનું વધારે મળે છે. એમના મનને થોડી કસરત પહોંચે તથા શરીરને ખૂબ મેહેનત પડે તથા ગમત થાય એવી જુગતીઓ કરી છે. એમને ધુળમાં રમવા દેતા નથી. સાફ લુગડાં પહેરાવ્યાં નહોય તો નિશાળમાં રાખે નહીં, હાથ પગ વગેરે સાફ રાખવાની ટેવ પાડે છે, અપશબ્દ બોલવા દેતા નથી, વગેરે અનેક ફાયદા કરેછે. શિખવવાની રીતોનું વર્ણન હું કરતો નથી, કેમકે આ ચોપડી કેળવણી કેમ આપવી તે જણાવવાને માટે નથી. પાંચ છ વરસનું છોકરૂં થયું કે તેને જુવેનાઇલ સ્કુલમાં લે છે. એ નિશાળમાં પાંચથી તે દશ વરસની વય

સુધીનાં છોકરાંને ભણાવે છે. બાળશાળામાં કામ ચાલે છે તે કરતાં એમાં થોડો ફેર છે, કેમકે નિશાળીઆની ઊમર જેમ વધારે તેમ ભણવાનું પ્રમાણમાં વધારે કઠણ હોય છે, ઓછીવાર રમાડે છે, ઇત્યાદિ.

---

# પ્રકરણ ૬ ઠું.

૩૭. શિયાળો બેઠા પેહેલાં ઇંગ્લાંડના કેટલાંક શેહેરો જોવા હું તથા ભાઈ કાવસજી એદલજી નામે મિત્ર (જે કામાકંપનીની પેઢીમાંના ગુમાસ્તા હતા તે) ફરવા નિકળ્યા. ચેલટનહામમાં ભાડે ઘર રાખી તેમાં મારો સામાન મુકયો. પેહેરવાનાં થોડાં લુગડાં તથા રાંધવાનાં બે ત્રણ વાસણ જોડે લીધાં. એ બધું મળીને સામાન એટલો હતો કે ઉંચકવાને મજુર કરવો પડે નહીં. હું તથા મારો રસોઇઓ, તથા કાવસજી તથા તેનો રાંધનાર એટલા જણ નિકળ્યા. સપટમ્બર મહિનાની ૨૬ મી તારીખે ગ્લોસ્તર શેહેર જોવા ગયા. એ ઘણું જુનું શેહેર છે. એમાં અસલના વખતનું એક સુંદર દેવળ છે. એક બિશપ એટલે ધર્માચાર્ય એ નગરમાં રહે છે. ચેલટનહામથી એ શેહેર ખૂબસુરતી તથા વસ્તીમાં ઉતરતું છે, પણ માઠું નથી. એમાં મોટા હુનરનાં કારખાનાં નથી. ઘરોની બાંધણી, રસ્તા, બાગ, વગેરે વિલાયતનાં બીજાં શેહેરોની માફક વખાણવા જોગ છે. એ પરગણાના મુખ્ય સરકારી અમલદારોની કચેરી અહિં છે. સેવરન નામે નદી તથા એક મોટી ઉંડી ખાડી એના થડમાં છે. તેમાં પાણી ઘણું ઉંડું છે, તથા તે વડે બીજાં શેહેરો જોડે એના લોકને વેપાર કરવો સહેલો પડે છે. એ ખાડીમાં વહાણો ફરે છે તથા તેને લગતી એક ગોદી કરેલી છે. એવી ખાડીઓથી ઘણાં શેહેરો જોડાએલાં છે, અને રેલવે થયા પેહેલાં માંહેના ભાગનો વેપાર તે વડે થતો હતો. હાલ પણ તેઓ ઉપયોગી છે. વરસાદ ઘણો વરસ્યાથી ખેતરોમાં પાણી જોઇએ તથી વધારે મચે છ, ત્યારે યુક્તિથી તેને એ ખાડીઓમાં કહાડી

નાંખે છે. ખેતીના કામમાં પાણી જોઈએ તો લેવાય પણ ખરૂં. નાની ખાડીઓમાં ઘોડા હોડીઓ ખેંચેછે. સેંકડો મણ ભાર એક ઘોડો સહેલથી તાણે છે. હોડીનાં દોરડાં જોડે કાંઠા ઉપર ઘોડાને જોડે છે, પછી તેને એક માણસ હાંકે છે. તેજ દિવસે સાંજના અમે ચેલટનહામ પાછા આવ્યા.

૩૮. પેહેલી અકટોબરે અમે બરમિંગહામ ગયા. અહીંનું રેલવેસ્ટેશન જોવા લાયક છે. બે જુદા ધણીના રેલવેનાં સ્ટેશન અહીં ભેગાં બાંધ્યાં છે. બે તરફ મોટાં ને લાંબાં શોભિતાં મકાન આવી રહેલાં છે, ને વચમાં ઊંચું કાચનું છાપરૂં છે. મુસાફરનો સામાન મુકવાની જગા તથા વેપારીઓનો માલ રાખવાના ઓરડા મોટા ને સાફ છે. મુસાફરને બેસવાના ઓરડા છે તેમાંનો પેહેલા વર્ગની ગાડીમાં બેસનારાને સારૂ જે છે તે રૂપાળા કોચ, ખુરશી, ટેબલ, ગાલીચા વગેરેથી શોભાયમાન છે. ઉતારૂના સુખને માટે ઘણી સંભાળ લે છે. એ ઓરડાઓમાં તાઢના દહાડામાં ઘણો ધકધકતો દેવતા રાખે છે. શરીરનાં બીજાં જરૂરીઆત કામને સારૂ પણ ઘટતી ગોઠવણ કરેલી છે. તેમને ઉતરવાને તથા ખાવા પીવાને કશી અડચણ પડે તેવું નથી. જો મુસાફરી લાંબી હોય તો ચાર પાંચ કલાકને અંતરે કોઈ સારે ઠેકાણે ગાડીઓ અરધો કલાક ઉભી રાખે છે, ને તેમાં બેઠેલા માણસોને ઉતરવા દે છે. જે ભુખ્યા કે તરસ્યા હોય તેમને ખાવા પીવાનું મળે છે. જેવા આપણે પરગામ જવાના કોઈ રેલવે સ્ટેશન ઉપર જઈએ કે પાધરાં રેલવેનાં માણસો આવી આપણો સામાન તોળવાની જગાએ લેઈ જાય છે, ને તે ઉપર જે ગામ લેઈ જવો હોય તે ગામના નામની ચીઠી ચોઢે છે. એ સામાનની પછી આપણે ફીકર કરવાની રહી નહીં. ગામના અનુક્રમે ગોઠવે છે. એટલે ઉતરતી વેળા રેલવેના મજુરો આપણો માલ આપણે સ્વાધીન કરે છે. ધકા મુકી કે હુકમ રેલવેના માણસો કોઈ ઉપર કરતા નથી. મુસાફરના નોકર હોય તેમ વરતે છે; ઘણી અદબથી વાત કરે છે, ને ગરીબ કે પૈસાદાર કોઈનું અપમાન કરતા નથી. પેહેલા વર્ગના

ગાડીઓમાં શિઆળામાં પગતળે ઉના પાણીના લોઢાના ચોબાજુએ બંધ કરેલા નળા મૂકે છે, તથા બીજી ઘણીક સંભાળ લે છે, ને મુસાફરને રાજી રાખે છે. મોટાં મોટાં સ્ટેશનો ઉપર ન્યુસપેપરો, ચોપાનિયાં તથા રસિક ગ્રંથોની દુકાન હોય છે. મોટાં શેહેરોનાં રેલવે-સ્ટેશનોનો ભભકો તથા રચના સરસ છે. ઉપર કહ્યા પ્રમાણે મુસાફરોને સઘળે ઠેકાણે સલુક મળેછે. કોઇ જગાએ ઇજા કે અપમાન થતું નથી. રેલવેના નોકર પોતાનાં કામ કરવામાં કાંઈ કસર રાખતા નથી. વિવેકે સૌ સાથે ચાલે છે, પરંતુ પોતાના ધર્મમાં ચુકતા નથી. જે હુકમ તેમના ઉપરીઓએ આપ્યા હોય તે વગર બીહીકે બજાવે છે. ઉદાહરણ દાખલ એક સાંભળેલી વાત લખુંછું તેથી એ બીના સાફ રોશન થશે. એ વાત ખરી છે એમ હું કહી શકતો નથી, પણ તે ઉપરથી આપણે અનુમાન કરી શકીએ. એક વખત રાણીને પોતાના વજીરોનું એકાએક ઘણું જરૂરનું કામ પડયું હશે તે વેળા પોતાનો મુકામ લંડનથી દૂર હતો તેથી તેમને તુરત પોતાની કને હાજર થવાનો હુકમ મોકલ્યો. જતાં વાર ન લાગે માટે પ્રધાનોએ પોતાને માટે સ્પેશિયલ ત્રન, એટલે જુદીજ ત્રેન મુકાવી. રેલવેનાં માણસોને હુકમ છે કે, ઠરવેલે વખતે ગાડીઓ ચલાવવી, કોઇની વાટ જોવી નહીં, ને કોઇને ચાલતી ગાડીએ ચઢવા દેવા નહીં. તે વેળાનો સર્વેથી વડો પ્રધાન લાર્ડ પામર્સ્ટન શિવાય બીજા બધા આવી બેઠા હતા. ઠરવેલે વખતે ત્રેન ઉપડી એટલામાં લાર્ડ પામર્સ્ટન આવ્યા ને ગાડીઓ ધીમે હીંડતી હતી તેથી ઉપર ચઢવા ગયા, કે તુરત રેલવેના એક ચોકીદારે તેમને બાથમાં પકડી હેઠે આણ્યા. તે ઉમરાવે તેના ઉપર ગ્રીસ ન કરતાં શાબાસી આપી. રેલવે ઉપર હર રોજ ઘણી ત્રેનો ફરે છે, ને તેમના નોકરોની ગફલતથી માણસને કે માલને નુકશાન થાયછે તેને માટે રેલવેના માલીકોને દંડ ભરવો પડે છે, માટે સક્ત બંદોબસ્ત રાખવો પડે છે. દર ટ્રેન કલાકે કેટલા માઇલ ચાલે, ને કઇ વખતે ક્યાં પહોંચે તે આગળથી ઠરવે છે. ઠરાવ્યા પ્રમાણે જે ન કરે તેને સજા થાય છે. એની જોડે સરખાવી જોતાં આ

દેશની રેલવેનું કામ જંગલી ને દુખકારી રીતે ચાલતું માલમ પડેછે.

૩૯. રેલવે સ્ટેશનમાથી નિકળ્યા તેવોજ બજાર આવ્યો. તે દહાડે ગુજરી ભરાવાનો વારો હતો તેથી નિત્ય કરતાં બહુ વધારે ભીડ હતી. આસપાસના ગામોના લોક વેચવા લેવાને આવ્યા હતા. એ બજાર ઘણો શોભિતો છે. પથરોથી બાંધેલા પોહોળા ને સાફ રસ્તા, સુંદર દુકાનો ને ઘરો જોઇ ખુશી ઉપજે છે. મોટા ચકલામાં ફુવારાની ધારાઓ ઊંચે ઉડીને મોટા હોજોમા પડતી હતી. એની આસપાસ લીસી શીલાઓથી બાંધેલો મોટો ચોક છે, ને તેમાં સુંદર આરસની રૂપાળી મૂર્ત્તિઓ ઉભી છે. એ મૂર્ત્તિઓ કીઆ દેવોની હશે! એ શાણા લોક એકજ દેવને માને છે. જગતનો સરજનાર જે પરમેશ્વર તેને એકલાનેજ પૂજે છે; તેની સ્તુતિ અને પ્રાર્થના કરે છે, પરંતુ તેની મૂર્ત્તિ કરી રમત રમાડતા નથી. તેની મનવડે ભક્તિ કરે છે. પથર કે ધાતુમા રૂપ આપતા નથી. પણ તેની આજ્ઞા માની સત્કર્મો કરવામા પુણ્ય માને છે; પાણી, ફૂલ કે ચંદન ચઢાવવામા કે શરીર ધોવામા માનતા નથી. ત્યારે એ પ્રતિમાઓ કોની હશે? જે મહાપુરૂષોએ મોટી વિદ્યા હુનરોની શોધ કરી, જેઓએ યુદ્ધમા પોતાના દેશના શતરૂઓનો પરાજય કર્યો, તથા જેમણે રાજરીતિમાં સુધારા કરાવી પ્રજાના સુખમાં વધારો કર્યો, જેવા કે વાટ અને સ્ટિવનસન, નેલસન, અને વેલીંગટન, પીલ અને પિટ, તેઓની એ મૂર્ત્તિઓ છે. એ શેહેર બહાર એક મોટો શોભિતો બાગ છે, તેમા શેહેરના લોક બે ઘડી સેલ કરવા જાય છે. એબાગમા એક બંગલો છે, તેમાં નવાઇના તથા જોવા લાયક પદાર્થો, ચિત્ર, પૂતળા વગેરે રાખ્યાં છે. એના એક ઓરડામાં ગ્રીનલાંડના શિયાળાનો દેખાવ જોવામાં આવે છે. ગ્રીનલાંડદેશ ઘણોજ ઉત્તરમા છે, તેથી ત્યા બહુજ તાઢ પડે છે; વરસમા થોડાજ દિવસ સૂરજની ગરમી પડે છે તેથી અનાજ પાકતું નથી. એવાં કારણોને લીધે તે દેશની વસ્તી થોડી છે. જેવારે પુષ્કળ બરફ વરસી રહ્યું હોય છે, તેવારે દેશ કેવો દેખાય છે ને માણસો ચામડા ઓઢી કેવા ભરાઇ રહે છે, તેનો નમુનો સદરહુ

ઓરડામાં દેખાડયો છે.

૪૦. ઇંગ્લાંડમાં હુનરનાં કારખાનાં મુખ્ય સ્થળો છે તેમાં બરમિંગહામ પ્રસિદ્ધ છે. બજાર મૂકીને આગળ હીંડયા કે શેહેરમાં ચોપાસ ગગને ગએલાં ધુમાડીઆંમાંથી ધુમાડાના ગોટેગોટ નિસરતા દીસે છે. ભાત ભાતનો કરોડો રૂપીઆનો માલ અહીં સંચાવડે બને છે. ટાંકણી, સોય, બટન, સ્ટીલ પેન, ચાપુ, કાતર, અસ્ત્રા, તલવાર, બંદૂકો, તોપ, બંદૂક છોડવાની ટોપીઓ, લોઢાની સાંકળો, સળીઆ, ઇસ્કુ, ખીલા, ત્રાંબા પીતળના તાર, ભુંગળાં, વરાળયંત્રો, બંબા, કાંતવાનાં તથા વણવાનાં યંત્રો, છત્રીઓ, સોના રૂપાના ઘાટ, તથા ઢોળ ચઢાવેલો ઘાટ, ત્રાંબાનાં પત્રાં તથા વાસણો, કાચ તથા તેથી બનતા ઘાટ, વગેરે ઘણો સામાન અહીં બને છે. ઉદ્યમમાં બરમિંગહામથી ચઢતી જગો ઇંગ્લાંડમાં થોડીજ છે, ને એની બરાબરી કરી શકે તેવી ઘણી નથી. એની વસ્તી આશરે અઢીલાખ માણસની ગણાય છે. એમાંનો ઘણો ભાગ કારખાનાંમાં કામે લાગેલો છે. કોયલા ને લોઢું અહીં સોંઘામાં આણી શકાય છે તેથી એ કારખાનાંઓને ઠીક ફાવે છે. એ શેહેરના થડમાં ખાડીઓ ને રેલવે છે તે વડે માલ લાવવો લેઇ જવો સેહેલા પડે છે. અહીંનાં ઘણાખરાં કારખાનાં વગર ઓળખાણે જોવાડતા નથી. લંડનની કામાની કંપનીની મારફતે અમને ત્યાંના એક મોટા કારખાનાવાળા ઉપર ભલામણનો કાગળ મળ્યો હતો. એમની સીફારસે અમે ઘણાંક કારખાનાં જોયાં. છ દિવસ લગી નિત્ય જોતા ફર્યા, પણ પૂરાં થયાં નહીં. ઘણે ઠેકાણે તો તેમનો એક ગુમાસ્તો અમારી જોડે આવ્યો હતો. વાંચનાર એ કારખાનાંમાંના સાંચાનું વર્ણન વાંચવાની આશા કરશે, પણ તે કરવું ઘણું કઠણ છે, ફકત એક વાર જોએથી તેઓનું ધ્યાન થઈ શકતું નથી. જેણે યાંત્રિકવિદ્યાનો અભ્યાસ કર્યો હોય અને લાંબી મુદત લગી એવાં કારખાનામાં અનુભવ મેળવ્યો હોય તે એને વર્ણવી શકે ખરો. પણ એ વિદ્યાનો અભ્યાસ કર્યા વિના બીજાથી સમજાય નહીં. મુંબઈ તથા અમદાવાદમાં સુતર કાંતવાનાં તથા વ-

ણુંબાના યંત્રો આવ્યાં છે તે જોઈ કેવો અચંબો થાય છે તો એનાથી ઘણાં મોટાં અને જૂદી જૂદી વસ્તુઓ બનાવવાને જૂદા જૂદા આકારનાં જોઈ મને કેટલું આશ્ચર્ય લાગ્યું હશે, તે વાંચનાર સહજ વિચારી શકશે. નાની સરખી સ્ટીલપેન એટલે ખરા લોઢાની કલમ જે પઈ પઈએ મળે છે, તેનું એક મોટું કારખાનું જોવા ગયા હતા. તેમાં આશરે પાંચસેં કારીગરો કામે લાગેલા હતા. એમાંના ઘણાંક તો બઈરાં હતાં. પેન અને હોલડર ઘણાને હાથે ચડે છે ત્યારે સંપૂર્ણ થાય છે. એમાંનું દરએક જણ જૂદી ક્રિયા કરે છે. એ સઘળી ક્રિયા કરવાને અજબ તરેહનાં યંત્રો કામે લગાડયાં છે. લાખો રૂપીઆની સ્ટીલપેન અહીં બને છે. વરાળયંત્ર સિવાય જે બીજી યુકિતઓ કામે લગાડી છે, તેમાંની ઘણીક એ કારખાનાના માલીકે શોધી કહાડી છે. લોઢાના સળીઆ, પાટ, તાર, વગેરે બનાવવાના એક કારખાનામાં અમે ગયા. અમારા દેખતાં ભઠીમાંથી ખૂબ લાલ તપેલો માણસના હાથ જેવડો લાંબો ને જાડો લોઢાનો દાંડો કહાડયો, ને વરાળયંત્રથી ચાલતા હથોડા તળે મેલ્યો; પંદર સેકડ એટલે પા મીનીટ થઈ, એટલામાં તે વીશ હાથ લાંબો થયો. આપણા લુહારને એટલું કરવાને કેટલી બધી મેહેનત ને વાર લાગે! આ દેશના તાર કરનારા જેટલો તાર આખા દહાડામાં કરે છે તેટલો અહીં સંચાની મદદથી જોત જોતામાં થઈ જાય છે. એ કારખાનાવાળાને શક આવ્યો કે અમે એનો હુનર શિખી જવાને આવ્યા હઈશું તે માટે અમે કોણ છીએ, અમારે શું જોવું છે, કયાંથી આવ્યા વગેરે ઘણીક પડપૂછ કર્યા બાદ અંદર પેસવા દીધા. તલવાર અને બંદૂકના એક કારખાનામાં જે હથોડો હતો તે તો બીક લાગે તેવો હતો. જે વેળા તે વરાળના જોરથી ચાલે છે તે વેળા તેમાં જો હાથીનો પગ આવે તો ચુરેચુરા થઈ જાય, તો માણસના શા આશરા! તરેહ તરેહની બંદૂકો થાય છે તેથી અમે અહીં વાકેફ થયા; નામ સાંભળેલાં, પણ તે કેવી છે તે અહીં જોયું. હિંદુસ્તાનની, ઇંગ્લાંડની, તથા વખતે યુરોપના દેશની સરકાર જથાબંધ હજારો બંદૂકો બનવાવે છે, તેમાં એમને ઘણી ક-

માઈ છે. વખતે લંડન તથા બીજી જગાના બંદૂકના કારખાના-વાળાને સારૂ પણ તેઓ બનાવે છે, ને માલપર તે જગાની છાપ પાડે છે, આ દગલબાજી છે. કાચનાં વાસણના કારખાનામાં જઈને જોયું તો ઘણા સુંદર ઘાટ કારીગરો સહજ બનાવતા હતા. મોટી ભઠીમાં એક મોટું કુંડું હતું, તેમાં ઝીણી ધોળી રેતી, ચકમકનો ભુકો, સોમલ તથા ભાગેલા કાચ કાંઈક પ્રમાણમાં નાંખતા હતા. એ કીઆ પ્રમાણમાં છે તે મેં પુછ્યું, પણ તેમણે બતાવવાની ના કહી. ભઠીમાં એટલો તો તાપ હતો કે સર્વ પિગળીને થોડી વારમાં પાણી જેવો પ્રવાહી રસ થઈ જતો. એ રસને જોઈતો જોઈતો લઈ ખપ જોગો તાદો પાડીને ભાત ભાતના ઘાટ બનાવે છે. ખરે અમને તો રમત કરતા હોય તેવું જણાયું. પીતળ, સીસું, વગેરે ધાતુના નળો જ્યાં બનતા હતા તે જોવા ગયા, ત્યાં પણ આનંદ પામ્યા. એ કારખાનાનો માલીક તથા ચલાવનાર સારા સ્વભાવનો તથા બહુ બુદ્ધિવાન હતો. સંચાના જૂદા જૂદા ભાગ એવી સારી રીતે સમજાવ્યા કે તે સાંભળવું રસિક લાગ્યું. એણે પોતાનો ઇતિહાસ કહ્યો તે જાણવા લાયક છે. એનાં માબાપ ગરીબ મજુર હતાં, અને તેને નવ દશ વરસનો મેલી મરી ગયાં. તેને એકે દિવસે નિશાળે મોકલ્યો નહોતો. પોતાની જોડે મજુરીએ તેડી જતાં. કારખાનાંમાં મજુરીએ જવું તેણે જારી રાખ્યું. ઉંમર નાની તેથી એટલા થોડા પૈસા મળતા કે પુરૂં ખાવા મળતું નહીં. ફાટે લુગડે ને ઉઘાડે પગે ફરવું પડતું. વિલાયતમાં ઉઘાડે પગે ફરવું એમાં મોટી લાજ અને દુઃખ છે; તે છેક દરિદ્રતાની નિશાની છે. જન્મથી એનામાં બુદ્ધિ ઘણી હતી, ને માબાપના મુવા પછી એનું ચિત્ત ઉદ્યમમાં બહુ લાગ્યું. તે અનીતિએ વરત્યો નહીં. એની સ્વભાવિક હોંશીઆરી ઉપરીના જાણવામાં જેમ આવતી ગઈ તેમ અકલ વાપરવાનું કામ એને મળતું, ને તેથી પગાર જાસ્તી મળવા લાગ્યો. જે કારખાનામાં તે નોકર હતો ત્યાંના સંચાનું અવલોકન કરવામાં એને બહુ રમુજ પડતી. એનામાં યાંત્રિક બુદ્ધિબળ વિશેષ હોય એવું જણાય છે, કેમકે. તેમાં એને ઘણી

સમજણ પડતી. એ રીતે અનુભવી જ્ઞાન મેળવતો હતો, તે વેળા એણે વિચાર્યું, કે જો મને વાંચતાં આવડે તો જે હું નજરે જોઉં-છું ને હાથે કરૂંછું તેનાં કારણ પણ સમજું. તરત તેણે એક મૂળાક્ષરની ચોપડી લીધી ને વાંચતાં શિખ્યો. એથી એની બુદ્ધિએ વધારે જોર પકડ્યું. જે કારખાનામાં નોકર હતો ત્યાંનાં યંત્રોની ઓડો તેણે સુધારી તથા કેટલીક નવી યુક્તિઓ શોધી કહાડી. તેથી તેના ધણીને ઘણું ધન મળ્યું. એથી તેની એટલી આબરૂ વધી કે નોકર ટાળીને તેને ભાગીઓ કર્યો. હાલ તે દશ બાર લાખની આશામી છે. તે ઘણો વિવેકી તથા મળતાવડો છે. એનો પાડ માની અમે ધુપછત્રીનું કારખાનું જોવા ગયા. વિલાયતમાં ઝાઝો તાપ પડતો નથી, માટે ત્યાં તડકામાં મરદ છત્રી ઓઢતા નથી; સ્ત્રીઓ ઓઢે છે; પણ વરસાદમાં સ્ત્રી પુરૂષ બંને ઓઢે છે. મીણકપડની કે કાગળની છત્રી કોઈની પાસે જોવામાં આવતી નથી. વરસાદમાં પણ સર્વે જણ ધુપછત્રી રાખે છે તે છત્રીઓ ગરભ સુતર કે રેશમનાં લુગડાંની હોય છે, ને મોંઘી મળે છે. છત્રીઓના સળીઆ, દાંડા વગેરે ભાગ યંત્રની મદદથી તૈયાર થાય છે, ને લુગડું પણ સંચાવડે શિવાય છે. કારખાનાના એક ભાગમાં સેંકડો સળીઆ તૈઆર થાય છે. બીજામાં તેઓને ૨૫ ૨૫ વેહે પાડે છે, ત્રીજામાં દાંડા ઉતારે છે, ચોથામાં હાથા જડે છે. કેટલાએક માણસો દાંડાને સળીઆસાથે તારવતે જોડે છે, કેટલાએક તેના ઉપર તૈયાર થએલું લુગડું સીવી લે છે. એમ કારખાનામાં સેંકડો માણસ જૂદે જૂદે કામે લગાડેલાં હતાં, તે સઘળાની મેહેનત મળી દરેક છત્રી બને છે. એક એક માણસ એક એક આખી છત્રી કરતો નથી. એથી માલ ઘણો સોંઘામાં બને છે. એજ પ્રમાણે બધાં કારખાનાંમાં કરે છે. અમે ઘણાંક કારખાનાં જોયાં, અને દરેકથી અચરજ પામ્યા. અઠવાડીયું ગયુ તે જણાયું પણ નહીં. કોઈ કોઇ કારખાનાં ઘણાંજ મોટાં હોય છે, તેનો એક દાખલો આપુંછું. બરમિંગહામથી બે ત્રણ ગાઉપર એક કાચનું કારખાનું છે તે આખા ઇંગ્લાંડમાં પ્રસિદ્ધ છે. ચાનસીસ નામે ભા-

ઈઓ સહીઆરે એના માલીક છે. અહીં શીટગ્લાસ તથા ક્રાઉન-ગ્લાસ કરે છે, તથા કાચમાં રંગીત ચિત્ર પાડે છે; કાચના ઘાટ પણ બનાવે છે. એક મિત્રની ચીઠી લેઈ અમે તે જોવા ગયા. એ કારખાનું આશરે અરધો ગાઉ જગા રોકે છે, ને હરરોજ ચારહજાર માણસને કામે લગાડે છે. એના એક કારભારીએ કહ્યું કે આખા ઈંગ્લાંડમાં કે કદાચ આખી પૃથ્વી ઉપર એવડું મોટું કાચનું કારખાનું બીજે કોઈ ઠેકાણે નથી. એ કારખાનામાં એટલો બધો માલ બને છે કે ફકત તેનેજ સારૂ ત્યાં રેલવેનું સ્ટેશન કર્યું છે. માલ ભરવાની વખારને છ માળ છે, ને એટલા ઊંચા છે કે અમને લાગ્યું કે ચઢતાં થાકીશું. ચઢતાં ચઢતાં તો થાક્યા નહીં, કેમકે અમને એક ચોરસ પાટીઆના તળીઆવાળા સીકામાં ઉભા રાખી ઉપર ફેલી મેડીએ ખેંચી લીધા. બધી મેડીઓ ઉપર માલ એજ રીતે ચઢાવે ઉતારે છે. પોતાને જોખમે તઓ થોડોજ માલ કરે છે, ઘણું કરી વેપારીઓના માગવા પ્રમાણે આગળથી બાનું લેઈ કરે છે. કારખાનાની આબરૂ એટલી બધી છે કે હમેશ એને પુષ્કળ કામ મળે છે. મોટી વખારો તરેહ તરેહના માલથી ભરેલી હતી, તેને ઘણાક માણસો પેટીઓ ભરી રવાને કરવાના ઉદ્યમમાં હતા. કેટલીક મેડીઓ ઉપર કાચ કાપનારા કામ કરતા હતા. બીજાઓમાં કાચ રંગનારા તથા ચિતરનારા ઉદ્યોગે લાગેલા હતા. એ ચિતરનારાના પગાર ભારે હતા, સબબ તેમાં ચતુરાઈ તથા અનુભવનો વધારે ખપ છે. ભોંયતળીએ ઘણાંક છાપરાં તળે જૂદાં જૂદાં કામ ચાલતાં હતાં. ક્રાઉનગ્લાસ ઈંગ્લાંડમાં ઘણાં વરસ થયાં બને છે. કાચના જાડા રસનો મોટો લોંદો લેઈ ફુંક કે પવનવડે તેનો મોટો પોલો ગોળો કરે છે, પણ તેને જ્યાંથી ચીપીઆવડે ઝાલ્યો હોય ત્યાં એક દાટો રહે છે. એ ગોળાને તાપ આગળ લાવી કેટલીક યુકિતથી સપાટ કરે છે, તેથી તેનું મોટું ગોળ ચકર થાય છે. એને કાપી જોઈએ તેવી તકતીઓ કરે છે. એ કામ સરસ છે, પણ તેના ચોખુણીઆ બે ચાર ગજ કે વધારે લાંબા પોહોળા તકતા થતા નથી. એવા,

કાચ બનાવવાની કળા ફ્રાન્સમાં ઉત્પન્ન થઈ. તેઓ શીટગ્લાસ એટલે કાચનાં પત્રાં કહેવાય છે. ગોળો કરીને ફુંકીને કરતા નથી, બીજી યુકિતથી ચોરસ આકારના જોઈએ તેવાં મોટાં કરે છે. આ કારખાનામાં એવાં કામ હાલ બનાવે છે પણ તેના કારીગરો ફ્રેંચમેન એટલે ફ્રાન્સના વતની છે. તેમને તે દેશમાંથી મોટા પગાર આપી તથા તેમની ખુશી હોય તો જીવે ત્યાં સુધી રાખવાની શરતે તેડી આણ્યા છે. તેમના હાથ નીચે કેટલાક અંગ્રેજો પણ એ કામ શિખે છે. જેટલાં મોટાં ને જાડાં કામ કરવાં હોય તેટલાં તેઓ કરી શકે છે.

૪૧. સરકારી એટલે લોકહિતના કામ સારૂ ભેગા થવાને બરમિંગહામમાં એક મોટું મકાન છે. એને ટાઉનહાલ કહે છે. હજારો માણસ માય એવી મોટી એ ઇમારત છે. બાંધણીની કારીગરી પણ સારી છે. વિદ્યાહુનર વિશે ભાષણો પણ અહીં થાય છે, તથા ગાયન મંડળી પણ ભરાય છે. એ શેહેરના લોકો ધંધા રોજગારમાં ગરક થઈ જઈ કેળવણીને ઉત્તેજન આપવું ભુલી ગયા નથી. પુસ્તકશાળો, સંગ્રહસ્થાનો, તથા નિશાળો જોઈએ એટલી અહીં છે. ગરીબોના છોકરાને ભણાવવાને પણ નિશાળો સ્થાપી છે. એક વ્યાકરણશાળા અમે જોઇ તેનો હેવાલ જાણવા જોગ છે. દેશની હાલતમાં કેટલો ફેરફાર થયો છે, તે એ ઉપરથી જણાશે. ત્રણસેં વરસ પેહેલાં છઠા એડવર્ડ રાજાએ આ ગામમાં એ શાળા સ્થાપી હતી, તથા એના ખરચને વાસ્તે વરસે બે હજાર રૂપીઆ પેદા થાય એટલી જમીન બક્ષી હતી. જમીનનો વિસ્તાર તો ઝાઝો હતો, પણ તેમાં ઘણું પાકતું નહીં. હાલ એની કેટલી ઉપજ છે? એ શાળાના મુખ્ય શિક્ષાગુરૂ સાથે અમારે એક મિત્રની ભલામણની ચીઠીવડે મુલાકાત થઈ, તેણે કહ્યું કે એ જમીનનો કેટલોક ભાગ ચાર લાખ ત્રીસ હજાર રૂપીએ રેલવે વાળાને વેચ્યો, ને જે બાકી રહી છે તેના દર વરસે એક લાખ રૂપીઆ ગણોત આવે છે!! એ ગુરૂ માયાળુ સ્વભાવનો છે. એણે અમને બધા વર્ગ દેખાડ્યા, ને તેનો હેવાલ કહ્યો. શાળાનું મકાન મોટું ને મજબુત છે. છોકરા લાટીન તથા ગ્રીકભાષા અહીં શિખે

છે, માટે એને વ્યાકરણશાળા કહે છે. જેમનાં માબાપની મરજી એ ભાષા શિખવવાની નથી હોતી, તેમના છોકરાને અંગ્રેજી બોલીમાંજ કેળવણી આપે છે. છોકરાની સંખ્યા અહીં ઘણી છે, ને તે બધા ઉપલા વર્ગના લોકના છે. ઘણું કરીને વેપારી, દુકાનદાર, કારખાનાંવાળા એ લોક ગ્રીક ને લાટીન ભાષાની કેળવણી ચહાતા નથી. બરમિંગહામની નજીક એક ટ્રેનિંગસ્કુલ છે, તે અમે જોઈ. બીજી એ જાતની છે તેવી એ પણ છે. એ શેહેરની પાસેના એક ગામમાં બાળઅપરાધી શાળા છે. તે જોવા અમે ગયા હતા. અહિં ભણાવવાના કરતાં ઉદ્યમ શિખવવાપર વધારે મેહેનત કરે છે. નાની ઉંમરના છોકરા ચોરી વગેરે ગુનાહ કરતાં પકડાય તેમને કેદખાનામાં, મોટી ઉમરના અપરાધીઓમાં રાખવાથી સુધરવાને ઠેકાણે ઉલટા બગડે છે, ને બંધીખાનેથી છુટ્યા પછી મોટા ગુનાહ કરે છે. તેટલા સારૂ સુધરેલા દેશોમાં તેમને સારૂ ઉદ્યોગશાળા કહાડે છે. ઇંગ્લાંડમાં એવી કેટલીક છે. જે પરગણામાં એવી શાળા હોય તેમાંના અથવા પાસેના પરગણાના બાળઅપરાધીઓને તેમાં ઘાલતા નથી. દૂરનાને લાવે છે. તેઓ નાસી ન જાય માટે પોલીસની ચોકી રાખે છે. ખેતી, સુતાર, લુવાર, મોચી વગેરેના ધંધામાં તેમને અનુભવ કરાવે છે, ને જોડે થોડું વાંચતાં, લખતાં, ભૂગોળવિદ્યા અને અંકગણિત પણ ચલાવે છે. ત્યાંથી છોકરાને રજા આપે છે, ત્યારે જરૂર જણાય તો જે ધંધો તેને શિખવ્યો હોય તે કરવાનાં ઓજાર તેને બક્ષીશ આપે છે.

૪૨. ઉવારવિક પરગણામાં બરમિંગહામની પાસે રૂગબી નામે કસબામાં મોટી ને બહુ પ્રખ્યાત વિદ્યાલય છે. દાકતર ટેમ્પલ નામે વખણાએલો વિદ્વાન ત્યાંનો મુખ્ય ગુરૂ છે. તેના ઉપર ભલામણની ચીઠી લેઈ અમે તે જોવા ગયા. રેલવે વડે થોડા કલાકમાં ત્યાં જઇ પહોંચ્યા. અમે ગયા તે વારે નિશાળનું કામ ચાલવા માંડ્યું હતું, ને દાકતર ટેમ્પલ વર્ગમાં ગયા હતા, તેથી તેમના નોકરે કહ્યું કે એવે વખતે ચોકી આપવા કે કાંઇ કહેવા જવાને હુકમ નથી, તથા કોઇને તેમ-

ની રજા વિના શાળામાં જવા દેવાતું નથી; બાર ઉપર એક વાગે આવશો તો તે સાહેબ મળશે. એ સાંભળી અમે ગામમાં ફરવા ગયા. એ આવાન નદીને કાંઠે નાનો પણ સોજો ને તનદુરસ્ત કસબો છે. એમાં આશરે ચાર હજાર માણસની વસ્તી છે. કસબાની આસપાસ કેટલીક વાડીઓ અને રમણિક ખેતરાં છે. એ સર્વ જોઈ રહ્યા પછી એક મુસાફરખાનામાં થોડીવાર વિશ્રાંતિ લીધી, તથા વર્તમાન પત્રો વાંચ્યાં. એક વાગે પાછા શાળામાં ગયા. દાકતર ટેમ્પલે અમને સારો આવકાર દીધો. એ પુરૂષ મહારાણીજીનો ધર્મગુરૂ છે, તથાપિ કાંઈ પણ મગરૂરી દેખાડી નહીં. વિદ્યાર્થીઓને ભણવાની, સુવા બેસવાની, ખાવાની, રમવાની વગેરે જગાઓ દેખાડી, તથા એ શાળાનો વહિવટ કેમ ચાલે છે, કયી બાબતો શિખવાય છે, શાળાની સ્થિતિ વગેરે વિશે વાતો કરી. શાળામાં કામ ચાલતું જોવાની અમારી ઇચ્છા હતી પણ તેણે કહ્યું કે, ત્યાંનો એવો કાયદો છે કે બહારના માણસને કામના વખતમાં આવવા દેવા નહીં. એણે કહ્યું કે મારા આવ્યા પછી ફકત એક વાર ઈંગ્લાંડના મોટા પ્રધાનને ચાલતું કામ જોવા દીધું હતું, બીજા કોઇને દેખાડયું નથી. અહીં વીશ છોકરા પગાર ખાઇને ભણે છે. સન ૧૬૫૭ માં લારેન્સ શેરીફ નામે લંડનના ધનવાન પુરૂષે એ શાળા સ્થાપી ત્યારે તેણે ચાદ જણના પગારની ગોઠવણ કરી હતી, ને પછીથી છ સ્કાલરશીપ દરેકના હર વરસે રૂ. ૨૫૦) ના પગારની ઉઘરાણાને પૈસે કરી છે. બાકીના બધા છોકરા પગાર આપી ભણે છે. રગબીસ્કુલ ઘણીજ આબરૂદાર ગણાય છે. એની બરોબરીની માત્ર બેજ મારા સાંભળવામાં આવી છે, તેનાં નામ ઇટન અને હેરો છે. અમીર, જાગીરદાર, તથા મધ્યમ વર્ગના લોકના છોકરાજ અહીં ભણે છે. દર વરસે એક એક છોકરા પાછળ ભણવાની ફી, ખાવાનું, ચોપડી, લુગડાં વગેરે મળી આશરે બારસેં રૂપીઆ ખરચ થાય છે. એ બધો ખરચ તેનાં માબાપને શિર છે. છોકરાની સંખ્યા ઘણીકવાર આઠસેં કે હજાર સુધી થાય છે. અહીં શિખવનારા

મોટા વિદ્વાન ગૃહસ્થો છે. મુખ્ય ગુરૂને લગભગ વરસે આઠ હજારનો પગાર મળે છે. રગબી શેહેરના છોકરા તો થોડાજ છે, ઘણાખરા પરગામના છે. નિશાળમાં દાખલ થતીવેળા છોકરાને અંગ્રેજી ભાષા આવડવી જોઇએ. અહીં લાટીન, ગ્રીક, તથા ગણિત ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. અહીં ભણીરહીને ઘણાક છોકરા ઓક્સફોર્ડ કે કેમબ્રિજની પાઠશાળાઓમાં જાય છે; ચૌદેક વરસની ઉંમરે દાખલ થાયછે તથા ચારથી તે આઠવરસ લગી અહીં તેઓ શિખે છે, એટલે બુદ્ધિવાન ને ઉદ્યોગી છોકરો હોય તો ચાર વરસમાં ભણી રહે, ને આળસુ હોય તો વધારે મુદત લાગે. આ તથા બીજી મોટી નિશાળોમાં જેટલું ભણવા ઉપર ચિત્ત લગાડે છે તેટલુંજ શરીરની કસરત ઉપર લગાડે છે. અમે ગયા તેને બીજે દિવસે 'ફુટ બાલની' (પગથી ફેંકવાના દડાની) રમત થવાની હતી, તે જોવા રહેવાને દાકતર ટેમ્પલે અમને કહ્યું, પણ તેજ દહાડે પાછા બરમિંગહામ જવાની ગોઠવણ અમે કરી હતી માટે રહી શક્યા નહીં. પટા, કુસ્તી કે બીજા તાલીમખાનાના દાવ શિખવતા નથી; તરેહ તરેહની રમતો છોકરા વગર શિખવે ને પોતાની ખુશીથી રમે છે. એમાંની કેટલીક ભય ભરેલી પણ હોય છે. હું ધારૂંછું કે કશરતશાળાની મેહેનત કરતાં આ વધારે ગુણકારી છે. સાહસ, શૂર, ધીરજ, સમય સૂચકતા, વગેરે લક્ષણો ઇંગ્લિશોમાં જોવામાં આવે છે તેઓ આવી શાળાઓમાં સંપાદન કરેલાં હોય છે. ઇંગ્લિશ લોકનો મોટો શૂરવીર ઉવેલીંગટનનો ડયુક પોતાની મોટામાં મોટી ઉવાટરલુની લડાઇ જીતીને સ્વદેશ આવી ઇટન સ્કુલ જોવા ગયો, તે વેળા બોલ્યો કે એ લડાઇ આ ઠેકાણે જીતાઇ ચુકી હતી, એટલે જે ગુણોવડે એણે તે મોટી ફતેહ મેળવી, તે ઇટન સ્કુલમાં શિખ્યો હતો. તે મહાપુરૂષનું આ કહેવું ખરૂં હતું. ઓગણીશ વીશ વરસની ઊમરના થાય છે ત્યાં સુધી અહીં રહે છે. જેટલો વખત વિદ્યાભ્યાસમાં કહાડે છે તેટલોજ સાહસ અને ખૂબ મેહેનત ભરેલી તથા મનોરંજક રમતોમાં કહાડે છે, તેથી શરીરે મોટા દૈત્ય જેવા મજબુત ને જોરાવર થાય છે, ને મ-

ન પણ જોઈએ તેટલુંજ સુધરે છે.

૪૩. બરમિંગહામથી અમે માનચેસ્ટર ગયા. રસ્તામાં ઘણે ઠેકાણે ધુમાડા દેખાતા હતા, તથા ખાણોમાંથી કોલસા કહાડતા હતા. આસપાસના પરગણાંઓમાં ઠામ ઠામ કારખાનાં આવેછે. માનચેસ્ટર અને તેની આસપાસનાં ગામોમાં સુતર તથા કાપડનાં કારખાનાંજ અતિશે છે. શેહેરમાં જેવા પોહોચ્યા તેવાજ ભાઇ જમસેદજી પાલણજી નામે એક પારસી મિત્ર પોતાને ઘેર તેડી ગયો, અને મકાન તૈયાર કરી રાખ્યું હતું તેમાં ઉતારો આપ્યો. પોહોચ્યા તે વેળા રાત પડી હતી ને વરસાદ વરસતો હતો, તેથી તે રાત્રે તો આરામ લીધો. બીજે દિવસે સવારે જમીને શેહેર જોવા નિકળ્યા. બરમિંગહામ કરતાં એ મોટું છે, ને વસ્તીમાં લગભગ બમણું છે; રસ્તા તથા બજારની રચના પણ વધારે સોહામણી છે. બજારમાં મોટી છ છ સાત સાત માળની સારી રંગેલી કાપડની વખારો આપણને અચરજ પમાડે છે. અહીંનો ચોક પોહોળો ને રળિયામણો છે. તેની વચમાં ફુવારા નિરંતર છુટે છે. ફુવારાની આસપાસ ઇંગ્લિશ પ્રજામાં થઈ ગએલા મહાપુરૂષોની સુંદર આરસપાણની રૂપાળી મૂર્ત્તિઓ આવી રહીછે. અત્રેનું એક્સચેંજનું મકાન પણ ઠીક છે. તેમાં પણ મહાપુરૂષોના પુતળાં છે. શેહેરની બહાર કેટલાંએક ઘર છે, તે ઘણાં મોટાં ને શોભાયમાન છે. એ કરોડપતિના વાસ છે. પ્રર્ક તથા ઇરવેલ એ બે નદીઓ એની બે બાજુએ છે. શેહેરની આસપાસ ફરવા હરવાને કેટલીક સુંદર વાડીઓ છે. પીલપાર્ક નામે એક છે, તે જોવા હું ગયો હતો. એ બાગ વખાણવા જોગ છે. નાચરંગ તથા ઉજાણી કરવાનાં જોઈએ તેવાં મકાનો પણ પુષ્કળ છે. એવું કહેવાય છે કે, માનચેસ્ટરમાં એના કદના પ્રમાણમાં બ્રિટિશ રાજના બીજાં બધાં શેહેરો કરતાં વધારે ધન છે. આશરે નેવું વરસ ઉપર સંચા દાખલ થયા હતા. ત્યારપછી એ દોલત મળી છે. સણનું, હીરનું, અને સુતરનું કાપડ અહીં બને છે, તેમાં સુતર તથા સુતરના કપડાં જેટલાં અહીં બને છે, તેટલાં બીજે કોઇ ઠેકાણે થતા

નથી. કરોડો રૂપીઆ એથી પેદા થાય છે, ને લાખો માણસ નિત્ય એ કરવામાં લાગેલાં રહે છે. એની આસપાસ આખા પરગણામાં એજ ધંધો છે. એ કામને માટે બધું રૂ પરદેશોથી આવેછે. એક મોટું કારખાનું અમે જોયું. એમાંના મોટા સંચા અને ઉદ્યોગ જોઈને અમે ડંગ થઈ ગયા. રૂ પીંજાતું હતું, સુતર કંતાતું હતું, તરેહ તરેહના દોરા વણાતા હતા; અને ભાત ભાતનાં લુગડાં વણાતાં હતાં. એ કારખાનાંઓમાં ઘણાં છોકરાં તથા બઈરાં કામે આવે છે. તેઓ કેવળ મૂર્ખ અને જંગલી છે. એ કારખાનું અમે જોઈ રહ્યા ત્યારે તેમને જમવા જવાની રજા થઈ હતી, તેથી અમે એકલા બહાર નિકળી શક્યા નહીં. કારખાનાનો ધણી અમારી સાથે આવ્યો ત્યારે જવાયું. એકલા ગયા હોત તો કાંકરાનો માર પડત. માનચેસ્ટરના બિશપ(ધર્માધ્યક્ષ) ને મળ્યા. તેણે કહ્યું કે એ લોકને ભણાવી સુધારવાને ઉપલા વર્ગના લોક તથા સરકાર મેહેનત કરે છે. દરરોજ થોડો વખત નિશાળે જવાની છોકરાંને હર કારખાનાવાળાએ રજા આપવી, એવો કાયદો પણ થયો છે. ધર્માદા દવાખાનાં, પુસ્તકશાળા, પાઠશાળા, વર્તમાન પત્રો, એ સર્વ અહીં ઘણાં છે. 'ઓવેનકાલેજ' નામે પ્રસિદ્ધ પાઠશાળાછે, તે જોવા અમે ગયા હતા. ઓવેન નામે કોઈ વેપારીએ એ સ્થાપી હતી. એનો એક કાયદો એ છે કે, સર્વ ધર્મના વિદ્યાર્થીઓને અહીં ભણાવે. આ સુધરેલો ધારો ઇંગ્લાંડની બીજી થોડીજ મદ્રેસાઓમાં છે. અહીંના વિદ્યાગુરૂઓએ આદરમાનથી શાળા દેખાડી, તથા ત્યાંનું કામ શી રીતે ચાલે છે, તે સમજાવ્યું. રસાયનશાસ્ત્રીએ થોડાએક પ્રયોગ કરી ખુશી કર્યા. માનચેસ્ટરનો મોટો રોજગાર સુતર કાતવું તથા લુગડાં વણવા એ છે, માટે રૂનો ખપ અહીં ઘણો છે. ઘણું ખરૂં રૂ ઉત્તર અમેરીકાના યુનાઈટેડ સ્ટેટ્સમાંથી આવેછે. માનચેસ્ટરના કારખાનાવાળા ઇચ્છેછે કે, એક દેશ ઉપર આધાર રાખવો પડે છે, તેના કરતાં હિંદુસ્તાન તથા બીજા દેશોથી વધારે રૂ મળે તો ઠીક. આ બાબતની તજવીજ કરવા સારૂ ત્યાં એક મંડળી સ્થાપેલી છે. તે જે દેશોમાં રૂ પાકે

છે ત્યાં માણસ મોકલીને ત્યાંની સરકારની મારફતે તપાસ કરે છે; વખતે વખતે ચોપાનિયાં તથા ગ્રંથો પ્રગટ કરે છે. પોતાને મળવા વગેરે કામને વાસ્તે એક મકાન ભાડે રાખ્યું છે, ત્યાં અમે ગયા હતા. દેશ દેશના તથા તરેહ તરેહના રૂના નમુના, કપાસ લોઢવાના ઘણી જાતના ચરખા, જાત જાતના કપાસનાં બી, એ વિશે લખાએલા ગ્રંથો ઇત્યાદિ રાખ્યા છે. ભરતખંડના પ્રાંતોમાં રૂનો પાક થાય છે, તે સુધારવાને તથા વધારવાને એ મંડળી બહુ કોશીશ કરે છે. હિંદુ ખેડુતોને મદદ આપવાને એ તૈયાર છે.

ઇંગ્લાંડના શેહેરોમાં બંદોબસ્ત રાખવાનું કામ કોણ ચલાવે છે તે બાવીશમી કલમમાં લખ્યું છે. માનચેસ્ટરનો કારભાર કરનારી સભામાં ૪૮ કોંસિલરો છે, તથા ઊંચા દરજ્જાના અલડરમેન કરી બીજા પંદર કારભારીઓ છે; એ સર્વને માથે એક મેયર છે; તે શેહેરના મુખ્ય માજીસ્ત્રેટનું કામ કરેછે. એ અધિકારીઓને પસંદ કરી ઠરાવવાનો અખતીઆર શેહેરની રૈયતના હાથમાં છે. તે કરવું સેહેલ પડે માટે શેહેરના પંદર ભાગ ઠરાવ્યા છે. સઘળા ઠરાવ બહુ મતથી કરવામાં આવે છે. એ સભાને કાયદા સંબંધી મસલત આપવાને વડી સરકાર તરફથી એક "રિકારડર" નામે ઓધેદાર ઠરાવવામાં આવે છે. એ પુરૂષ બારિસ્ટર હોવો જોઇએ.

માનચેસ્ટર કારખાનાંઓથી ભરેલું છે. એ કારખાનાંઓમાં મજુરો, કારીગરો, ગુમાસ્તાઓ વગેરે મળી લાખો માણસ કામે લાગેલાં છે. એ લોકોને ભણાવવાને કેટલીક ઉપયોગી શાળાઓ છે. નાનપણમાં નિશાળે જવાની જોગવાઈ ન મળ્યાથી એઓમાંના ઘણા છેક અજ્ઞાન છે. એવા મોટી ઉમરના માણસોને ભણાવવાને સારૂ કેટલીક નિશાળો સાંજ પડ્યા પછી બે ત્રણ કલાક બેસે છે. ત્યાં વાંચતાં, લખતાં, થોડું અંકગણિત તથા ભૂગોળવિદ્યા શિખવે છે, એથી ઉંચા દરજ્જાની કેટલીક નિશાળો છે, તેમાં કારીગરો પોતપોતાના ધંધામાં વધારે લાયક થાય તેવા હુનરો વિશે જ્ઞાન પામે છે. એથી વધારે ભણવાની જે કારીગરોની ઇચ્છા હોય, તેમને ઇતિહાસ,

કવિતા, પ્રાચીન ભાષાઓ, ગણિત, વ્યાકરણ, ન્યાય, એવા વિષયો શિખવા માટે કેટલીકએક મદ્રેસાઓ છે. તેમાંની એકને "વરકિંગમેન્સકાલેજ" એટલે ('મેહેનતુ માણસની મદ્રેસા') કહે છે. એ જોવાને હું ગયો હતો. અહીં મોટા વિદ્વાન પુરૂષો ભણાવવા આવે છે, અને ધનવાન ગૃહસ્થો પૈસાની મદદ કરે છે.

મદ્રેસાની પંચને સલાહ આપવાને તથા મદદ કરવાને વિદ્યાર્થીઓની સભા છે. એ સભાના કહેવાથી નિબંધો વાંચી તે ઉપર વિવાદ કરનારી મંડળી ઉભી કરી છે; તેજ પ્રમાણે રમુજી તથા કસરત આપે એવી રમતો રમનારી મંડળી સ્થાપી છે. એ મંડળીઓમાં સઘળા વિદ્યાર્થીઓને દાખલ કરે છે. પરોપકારી સજ્જનોએ મેહેનતુ માણસોને સુધારવા તથા સુખી કરવા સારૂ આવી ઉપયોગી શાળાઓ સ્થાપી છે તે જોઇ મને ઘણોજ હરખ થતો.

માનચેસ્ટરમાં હતા તે વારે અમે બોલટન શેહેર જઈ આવ્યા. એ બે વચે છેટું થોડું છે, તેથી સવારે ગયા ને સાંજરે પાછા આવ્યા. બોલટનમાં અનેક જાતનાં યંત્રો બનાવે છે. બીજાં કામનાં કારખાનાં છે, પરંતુ સંચાઓ બનાવવાનાં ઘણાં છે. વરાળયંત્ર બનાવવાનું એક કારખાનું અમે જોયું. મુંબાઈના શેઠ મંગળદાસ નથુભાઈનો સુતર કાંતવાનો તથા વણવાનો સાંચો આ વખતે ત્યાં બનતો હતો તે પણ અમે જોયો. માનચેસ્ટરમાં સુતરાઉ તાકા વણાય છે, તેમાંના ઘણા અહીં નિખારવાને મોકલે છે. નિખારવાનું એક કારખાનું અમે જોયું. વાહ! વાહ! શી ચતુરાઇ અહીં કામે લગાડી છે! એક ઝપાટામાં તાકાના તાકા ધોવાઈ જાય છે. અહીં બધું કામ સંચાથી થાય છે. ધોવું, આર દેવો, આસ્ત્રી કરવી, ઘડી વાળવી, વગેરે સર્વે ક્રિયા યંત્રો કને કરાવે છે. નાના કડકા કે બંડી, અંગરખાં વગેરે સીવેલાં લુગડાં એ કારખાનામાં ધોવાતાં નથી. વરાળયંત્રના જોરથી એ સંચા ચાલે છે.

૪૪. માનચેસ્ટરથી હું લિવરપુલ ગયો; કામાકંપનીની એક શાખા અહીં હતી, તથા શેઠ દાદાભાઇ નવરોજજી, જેઓ આગળ મું-

બઈની એલફિનસ્ટન મેદ્રેસામાં મારા ગણિતગુરૂ હતા, તેઓ અહીં પેઠી કહાડી રહેતા હતા. એમનું એક માણસ લેઈ શેહેર જોવા નિકળ્યો. એ માનચેસ્ટરથી પણ મોટું છે. એવું કહેવાય છે કે આખા અંગ્રેજી રાજમાં લંડન સિવાય એનાથી મોટું બીજું એકે શેહેર નથી. પાદશાહી રસ્તાઓની સુઘડતા, તથા તેઓની બંને બાજુઓની સુંદર દુકાનો, તથા ઊંચાં ને શોભિતાં ઘર જોઇ અચરજ પામીએ છીએ.ગામમાં કેટલીક મોટી મોટી વખાણવા જોગ ઇમારતો છે.વિશાળ ચોક, મોટા ફુવારા, રૂપાળાં પુતળાં, તથા વાડીઓ વગેરેથી શેહેર દીપી રહ્યું છે. 'સેંતજીઆરજીહાલ' નામની એક મોટી જાહેર ઇમારત છે. એની માંહે બહુ સુંદર રચના કરી છે. હુનરથી બનાવેલા ખૂબસુરત પદાર્થોથી એનો મોટો ઓરડો ભર્યો છે. ટાઉનહાલ તથા એક્સચેન્જની બાંધણીનો ઘાટ તથા મહત્વ એ મોટા શેહેરને લાયક છે. પુસ્તકશાળાઓ, સંગ્રહસ્થાનો, નાટકશાળાઓ, મેદ્રેશાઓ, નિશાળો, વગેરે ઉપયોગી સ્થળો ઘણાં છે, ને તેનાં મકાન મોટાં ડોળદાર છે. આ વખતે મારા મિત્ર ડી. બી. કરટીસ સાહેબ લિવરપુરમાં આવ્યા હતા, તેઓ તથા હું, કામાકુટુંબના કેટલાક છોકરા એક ખાનગી શાળામાં ભણતા હતા તે જોવા ગયા. ત્યાંનો માસ્તર જરમની દેશનો વતની હતો, પણ ઘણાં વરસ થયાં ઇંગ્લાંડમાં આવી વસેલો તેથી તેને અંગ્રેજી ભાષા સારી આવડતી હતી,તથાપિ તેના ઉચ્ચાર અંગ્રેજના જેવા નહતા. ગરીબોને માટે ઘણીક તરેહની ધર્મની નિશાળો છે. આંધળાં તથા બેહેરાં માણસોને કાજે એક શાળા છે તે જોવા હું ગયો હતો. એમાં બે ભાગ છે, એકમાં આંધળાને શિખવે, ને બીજામાં બેહેરાને. બાઈડીઓ તથા ભાઈડા, નાની ઉમરના તથા મોટી ઊંમરના એ સર્વેને એમાં લે છે. અજબ તદબીરોથી એમને વાંચતાં, લખતાં, ભૂગોળવિદ્યા તથા અંકગણિત તથા કેટલાક રળીખાવાના ઉપયોગી હુનરો શિખવે છે. તેમની બનાવેલી વસ્તુઓ તેજ ઘરના એક ઓરડામાં વેચાય છે; તે બધી કામની અને સુંદર છે. ત્યાંના એક આંધળા માણસે મારી જોડે હિંદુસ્તાનીમાં વાત કરી. તે

ઘણા વરસ હિંદુસ્તાનમાં રહ્યો હતો. દરેક કામ કરવાનો વખત ઠરાવ્યો છે, ને તે બતાવવાને માણસ રાખ્યાં છે. સઘળાને ધર્મનું જ્ઞાન કરે છે, ને નિત્ય પરમેશ્વરની પ્રાર્થના સર્વેને એકઠા બેસાડી કરાવે છે. ખાવાનું, પીવાનું, લુગડાં, સુવાનું, સર્વે એ બીચારા અપંગોને અહીંથી મળે છે. કોઈનાં સગાં ખરચ આપી શિખવાને મુકવા માગે તો તેમ કરવા દેછે. જેમને કોઈ પાળનાર નથી તેમને જીવતાં સુધી અહી રહેવા દેછે, ને સઘળું ધર્માદા પુરૂં પાડે છે. શિખી રહીને તેની ઇચ્છા સ્વતંત્ર ધંધો કરવાની હોય, કે સગાં વહાલાંને ઘેર જવાની હોય તો તેને તેમ કરવાની રજા મળે છે. આવી શાળા ગુજરાતમાં હોય તો કેવું સારૂ! નવી પુસ્તકશાળાને સારૂ એક મોટું ઉંચું ને ભભકાદાર મકાન તેજ માસમાં તૈયાર થયું હતું. હું ધારૂંછું કે, એ બંધાવતાં બે ત્રણ લાખ રૂપીઆ ખરચ થયા હશે. તે સઘળા એક ઉદાર શ્રીમંતે આપ્યા હતા. વળી તેની ઇચ્છા એવી હતી કે, સર્વે ત્યાં મફત વાંચવા જાય, ને કોઈ કને એમાંનાં પુસ્તકો, વર્તમાન પત્રો વગેરેનો ઉપયોગ કરવાને માટે કશું લેવું નહીં. એ કારણસર તેણે એવડી મોટી નાણાંની રકમ ધર્માદા આપી કે, તેનું વ્યાજ હજારો રૂપીઆ ઊપજે ને તેમાંથી સઘળો ખરચ ચાલે. બહુ ખરચે બનાવેલાં દેવળો પણ ઘણાં છે.

લિવરપુલમાં તરેહ તરેહના ઉદ્યમો ચાલે છે. ચીનાઈ વાસણો, લખોટેલાં માટીનાં વાસણો, ઘડીઆળ, મોજાં, કાચ, લોઢાનો સામાન, સાબુ, મીઠું, દોરડાં તથા ત્રાંબાની ચીજો બનાવવાનાં અને ખાંડ ધોવાનાં મોટાં મોટાં કારખાનાં અહીં છે. એ નગર બોહોળા વેપારને માટે બહુજ પ્રખ્યાત છે. આખા બ્રિટિશ રાજમાં ફક્ત લંડનનો વેપાર એથી વધારે છે. લાંકાશાએર પરંગણામાં મરસી નદીને કાંઠે એ શેહેર છે. એનું બંદર ઘણું સરસ છે. ઘણા ખરચ અને મેહેનતથી તેને બનાવ્યું છે. મોટાંમાં મોટાં વહાણો માય એવી ઘણીક ગોદીઓ છે. એમાં મરજીમાં આવે તે વેળા પાણીને આવવા દેછે ને જવા દેછે. એ ગોદીઓ આશ્ચર્ય પમાડે છે. માલ તથા ઉતારૂઓ

ને ઉતારવાને એવી સારી ગોઠવણો કરી છે કે જરા હરકત કે નુકશાન થતું નથી. સેંકડો વાહાણો આ બંદરમાં પડેલા રહે છે, ને સેંકડો જતાં આવતાં દીસે છે. માંડવી પણ એ મોટા બંદરને ઘટે તેવી છે. વેપારીનાં મોટાં સફરી વાહાણોને સારૂ કપતાન, માલમ, આદિ લેઈ અમલદારો તૈયાર કરવાને અહીં એક નિશાળ છે. નિશાળનું સઘળું કામ એક મોટા વાહાણ ઉપર ચાલે છે. પુસ્તકના જ્ઞાનની જોડે અનુભવ પણ કરાવે છે, કેમકે માહાવરા વિના એવાં કામ આવડતાં નથી. વાહાણોના અમલદારોનું કામ આબરૂદાર ગણાય છે, તેથી એ નિશાળમાં ગૃહસ્થો ઘણા પૈસા ખરચી છોકરાને ભણવા બેસાડે છે. સરકારી વાહાણના અમલદારો તૈયાર કરવાને કેટલાંક બંદરેમાં મોટી મોટી શાળાઓ છે, ત્યાં તો અમીરોના દીકરા તથા રાજકુંવરો પણ શિખે છે. મહારાણીજીના બીજા કુંવરને એ ધંધો શિખવેો છે, ને હાલ એ કામ તે કરે છે. લિવરપુલમા બધી જાતનો કરોડો રૂપીઆનો વેપાર ચાલે છે. દેશ દેશનો માલ અહીં ઉતરે છે, ને ઇંગ્લીશ માલ આ બંદરથી પૃથ્વીના સઘળા મુલકોમાં જાય છે. એમાં અમેરીકા તથા તેના બેટોની સાથેનો વેપાર સૌથી વધારે છે. આફ્રિકા, બાલટિક સમુદ્રના કાંઠાના દેશો, પોર્ટુગાલ, હિંદુસ્તાન વગેરે મુલકો જોડે પણ ઘણો વેપાર છે. ગ્રીનલાંડને કીનારે વેહેલ નામે મચ્છને માટે વહાણો જાય છે; આયર્લાંડનાં તથા ગ્રેટબ્રિટનનાં બીજાં બંદરો જોડે વળી ખુબ વેહેવાર છે, તેમજ નાના બારકસોથી, ડી, રીડલ, આઉસ, ટ્રેંટ, હમબર, સેવર્ન, ટેમ્સ, વગેરે નદીઓ તથા કેટલીક ખાડીઓથી તથા રેલવેથી ઇંગ્લાંડના મધ્ય ભાગ જોડે ભારે વેપાર ચાલે છે. બુધ તથા શનીવારે મોટા બજાર ભરાય છે, તે વખત આસપાસના ગામોના પુષ્કળ લોક માલ વેચવા તથા ખરીદવા આવે છે. લિવરપુલથી પાર્લેમેન્ટમાં બે સભાસદો મોકલવામાં આવે છે.

## પ્રકરણ ૭ મું.

૪૪. તા. ૧૮મી અક્ટોબરે હું ચેલટનહામ પાછો ગયો. અહીં મારો જથ્થ મુકામ આવતા જાન્યુઆરી માસની આખર સુધી રહ્યો. મારા ઘરનું ભાડું અઠવાડીએ સોળ શિલિંગ હતું. એક શિલિંગની કીમત અરધા રૂપીઆથી વધારે થાય છે. જેઓ થોડી મુદ્દતને સારૂ ઘર ભાડે લે છે, તેમને અઠવાડીએ ભાડું આપવાનો રીવાજ છે. એ સોળ શિલિંગમાં ભાડું ખાનાર ધણી અમને રાંધવાને કોયલા આપે એવી સરત હતી. એ ઘરમાં શેતરંજીઓ, ગલીચા, કોચ, ખુરશીઓ, તખતા, સુવાના પલંગ, વગેરે સઘળો સામાન ઘરધણીનો હતો. ઘરતો એક માળનું હતું, પણ સારા રસ્તાપર વગવાળું ને સુઘડ હતું. નવેમ્બર મહિનો બેઠા કેડે તાઢ પડવા માંડી, તેથી બેઠકના ઓરડામાં સવારથી તે સુવા જાઉં ત્યાં સુધી ધકધકતો અગ્નિ રાખવો પડતો. એના કોયલાને સારૂ મારે અઠવાડીએ બે શિલિંગ જુદા આપવા પડતા. ભાડું તથા બળતણના મહિને રૂ૪૦) થતા ને ખાધાખાઈના પણ એટલાજ થતા. એ ઉપરાંત વર્ત્તમાનપત્રો, ગાડી ભાડું, લુગડાં, તથા તેની ધોવાઈ વગેરે મળી આશરે વીશ બીજા ખરચ થતા. પાછળથી મેં હિસાબ ગણી જોયોતો માલમ પડ્યું કે મારૂં તથા મારા એક માણસનું મળી કુલ સરાસરી દર મહિને સો રૂપીઆ ખરચ થતો. માંસાહારી તથા સુરાપાન કરનાર બે માણસને એથી વધારે ખરચ થાય. મારો મુખ્ય ખોરાક ઘઉં, ચોખા, પી નામે એક જાતનો કઠોળ, બટાટા, માખણ તથા દુધ હતું. કોળું, વિલાયતી મૂળા, કોબીજ, કેટલીક જાતની ભાજીઓ, કેટલાક વિલાયતી શાક, કંદ, આદું, લીંબુ, આદિ લેઈ ઘણીક તરેહની વનસ્પતીઓ, ફળ તથા મેવા હું ખાતો. ચેલટનહામમાં ૩। મહીના મેં સુખમાં ને ઉપયોગી જ્ઞાન સંપાદન કરવામાં કાઢ્યા. અહીંની ટ્રેનિંગકાલેજમાં નિત્ય જતો, ત્યાંના ધારાઓથી વાકેફ થતો, તથા ત્યાંની ભણાવવાની રીત પૂરી જાણવા માટે વખતે વખતે શિખવવાનો અનુભવ લેતો;

એ મહાવરા વિના આવડતું નથી. ગામની બીજી નિશાળોનું કામ ચાલતું જોવાને પણ હું ઘણી વાર જતો. સારા નસીબથી આ વખતે મોની-અર ઉવિલીઅમ્સ નામે સંસ્કૃત ભાષાનો પંડિત આ ગામમાં રહેતો હતો. એના ઉપર ભલામણ પત્ર મારી પાસે હતો, તેથી તેની જોડે મારે ઓળખાણ થયું. એની સ્ત્રી તથા છોકરાં મારા ઉપર ઘણી માયા રાખતાં. ઇંગ્લિશકુટુંબની રીતભાતથી હું કેટલોક વાકેફ એમને ઘે-રથી થયો. એ કુટુંબ સાથે હું હળી ગયો હતો. એના વડે બીજા ગૃહસ્થો જોડે વળી મારે ઓળખાણ થયું. ચેલટનહામ ટ્રેનિંગકાલે-જનો મુખ્ય શિક્ષાગુરૂ રેવરંડ બ્રામ્બી કરીને છે, તેની જોડે પણ મારે મિત્રાઈ હતી. વિદ્યાર્થીઓની સંભાળ રાખવાને તે પાઠશાળાના મકાનના એક ભાગમાં પોતાના કુટુંબ સહિત રહેતો હતો. એને છ છોકરીઓ છે, ને ત્રણ છોકરા છે. વડો છોકરો કેમબ્રિજની પાઠશા-ળામાં વિદ્યાભ્યાસ કરે છે, તેનો વરશે દોઢ હજાર રૂપીઆ ખરચ થાય છે. બ્રામ્બી સાહેબને ઘેર હું ઘણીવાર જતો, અને તેની છો-ડીઓને તથા સ્ત્રીને ગાતાં તથા વાજીત્ર વગાડતાં સાંભળી આનંદ પામતો. એમનાં છોકરાંના જે દોસ્તદારો તથા સગાં હશે તેમને પોતાને ઘેર એક દિવસ ઉજાણી આપી. તેમાં થોડાંએક મોટી ઉ-મરનાં સ્ત્રી પુરૂષ પણ હતાં. સાંજના આઠ વાગે જમીને બેઠકના ઓ-રડામાં આવ્યાં, અને અનેક તરેહના નાચ કર્યા, તથા ગાયું. થાક્યાં ત્યારે થોડું ખાનપાન કરી પાછાં રમવા લાગ્યાં. કેટલાક નાટકના જેવા વેષ કાઢ્યા. તે સમશ્યા રૂપી હતા, ને છોકરાં તથા બીજા જો-નારા તેના અર્થ કરતા હતા. વેશ કાઢનારા સર્વે મોટી ઉમરનાં હતાં. હાસ્યવિનોદ પણ ચાલતો હતો. તે થઈ રહ્યા પછી વળી થોડું ખાનપાન કર્યું, અને નાચ્યા; અગીઆર વાગે સર્વે પોતપોતાને ઘેર ગયાં. એવા બેજ છોકરાંની ગમતને સારૂ ગૃહસ્થોને ઘેર વર્ષમાં એક બે વાર થાય છે. ચેલટનહામના નારમલ સ્કાલરોએ ગાયનમાં કેવો અ-ભ્યાસ કર્યો છે તે દેખાડવાને તેમના ઉપરી મી૦ બ્રામ્બીએ એક “કાનસર્ટ” એટલે મેલાવડો એક વાડીમાં કર્યો હતો. ત્યાં શેહેરના

મોટા ગૃહસ્થો તથા ગ્લાસ્ટર પરગણાનો "લાર્ડ લેફ્ટેનંટ" એટલે મુખ્ય અમલદાર આવ્યા હતા.

ઇંગ્લાંડના પશ્ચિમ ભાગનાં છ પરગણાંની નિશાળોનો ઇન્સ્પેક્ટર રેવરંડ બિલેર્સ પોતાના કબીલા સાથે ચેલટનહામથી એક ગાઉ ઉપર ડુંગરની ટેકેટીએ રેહેતો હતો, તેમને ઘેર પણ મારે ઘણું જવાનું થતું. એનાં નાનાં છોકરાં મારી જોડે એટલાં હળ્યાં હતાં કે, જાણે કે મને વળગે. નવરાશની વેળાએ હું બિલેર્સ સાહેબ જોડે તેમની વાડીમાં કામ કરતો, એપલનાં ઝાડો ઉપર ચઢી ફળો તોડવા લાગતો, તથા તેની બીજી ગમતોમાં સામીલ થતો. પરગણાંઓમાંની નિશાળોની પરીક્ષા લે, તે જોવાને હું એમની સાથે કોઈવાર જતો. ગામડાંઓની તથા નાના કસબાઓની ગરીબ લોકોની કેટલીક નિશાળો મેં જોઈ. બામ્સગ્રોવ નામે કસબામાં એ વરસની "પિવુપીલ ટીચર્સ" એટલે ભણાવાનું કામ શિખવાને રાખેલાની પરીક્ષા થઈ તે વેળા હું હાજર હતો. ચોદ વરસ ઉપર ને ૨૦ની અંદરની ઉમરના છોકરા તથા છોકરીઓ પરીક્ષા આપવા આવ્યાં હતાં. ઇન્સ્પેક્ટર સવાલ તૈયાર કરી લાવ્યો હતો. તેના જવાબ કાગળ ઉપર ઉમેદવારો કને લખાવ્યા. આરંભમાં સર્વે પરમેશ્વરની પ્રાર્થના કરી, પછી પ્રશ્ન લખાવ્યા. એક એકમાં જુવે નહીં, તેનો બંદોબસ્ત કરી, ઇન્સ્પેક્ટર તથા ગામના જે ગૃહસ્થો જોવા આવ્યા હતા, તેઓ સર્વે બીજા ઓરડામાં ગયા. એ દહાડે એના તાબાના સઘળા મેહેતાજીઓને ત્યાં તેડયા હતા, તેઓને એ ઓરડામાં બેસાડ્યા. ઇન્સ્પેક્ટરે નિશાળોની હાલત વિષે વાત કાઢી, તથા તેમને સુધારવા વિષે કેટલીક સૂચના કરી, તથા બીજાઓને પોત પોતાના વિચાર જણાવવાની અરજ કરી. મેહેતાજીઓને પણ પોતાના અનુભવથી અથવા બીજી રીતે એ વિષે જે જાણવામાં આવ્યું હોય તે કહેવાને કહ્યું. આશરે ત્રણ કલાકસુધી મનોરંજક વાતચીત ચાલી. છોડીઓની નિશાળો ભણાવનારી બાઇડીઓ પણ આવેલી હતી, તેઓ પણ પોતાના વિચાર જણાવતી હતી. મેહેતાજીઓની આવી

મુલાકાતથી ફાયદો છે. યુરોપના ઘણાક દેશોમાં એમ કરવાનો ચાલ છે.

૪૫. તા૦ ૩૧મી અક્ટોબરે એજ ઇન્સ્પેકટર જોડે હું હવુસ્ટર ગયો હતો. ત્યાંની સરકારના આસરા તળેની નિશાળની પરીક્ષા થઈ રહ્યા બાદ અમે ત્યાંના એક ધર્મગુરૂને ઘેર જઈ થોડીવાર આરામ લીધો. એ શેહેરમાં હાથનાં મોજા તથા ચીનાઈ વાસણ પુષ્કળ બને છે. જે કારખાનું જોવા હું ગયો હતો, તેમાં ચામડાંનાં મોજાં બનાવતા હતા. ચામડાં પોચાં કરવાં, તરેહ તરેહના રંગ ચઢાવવા, વેતરવાં, યંત્રોની મદદથી સીવવાં, બખીઆ ભરવા, વગેરે કરવાને ઘણાં માણસો કામે લાગેલાં હતાં. દરરોજ હજારો મોજાં તૈયાર થાય છે. જે ઓરડામાં મોચીઓ વેતરતા હતા, ત્યાં ઇટાલી દેશનો એક નકસો ઉઘાડો લટકતો જોઇ તજવીજ કરતાં મને ખબર પડી કે તે વેળા ઇટાલીદેશમાં લઢાઇ ચાલતી હતી. તેની વાતો વર્તમાનપત્રોમાં એ મોચી વાંચતા તે વેળા એ નકસો જોડે રાખી જોતા હતા. ચીનાઇ વાસણનું એક મોટું કારખાનું જોઈ હું આશ્ચર્ય પામ્યો. ચીનાઇ વાસણ બે જાતનાં થાય છે. એક જાતને "પોર્સલેન" કહે છે. એ ઘણાં સરસ અને જરા પારદર્શક છે. એમાંના કેટલાંક કેવળ સફેત હોય છે, તથા કેટલાંકપર ભાતભાતનાં સુંદર રંગીત અને સોનેરી ચિત્રો પાડે છે. બનાવવાનો ખરચ ઘણો થાય છે, તેથી તેઓની કીમત આકરી હોય છે. બીજી જાતને અંગ્રજીમાં "અર્થન વેર" એટલે માટીનો સામાન કહે છે. એનું મૂલ થોડું પડે છે. પથર ખાંડનારા, દળનારા, તેમાં પાણી ભેળી કેલ કરનારા, ઘાટ ઘડનારા, ઘડેલા ઘાટને તપાવનારા, રંગનારા, ચિતરનારા, ઢોળ દેનારા આદિ લેઈ સેંકડો કારીગરો તથા મજુરો કામે લાગેલા હતા; ને દરેક ક્રિયા કારખાનાના જૂદા જૂદા ભાગમાં ચાલતી હતી, તે ઉપર તપાસ રાખનારા ફરતા હતા. તૈયાર થએલો માલ શોભિતા કાચના કબાટમાં તથા કાચનાં ઢાંકણાંવાળી મેજોમાં ઘણી ખૂબીથી ગોઠવ્યો હતો. એ કારખાનાવાળો ઘણો વિવેકી હતો. જે મૂળ વસ્તુઓ એ બંને જાતનાં વાસણ બનાવવાના કામમાં આવે છે

તેનો થોડો થોડો નમૂનો નાનીસરખી રૂપાળી દાબડીમાં મુકી તેણે મને આપ્યો. મુંબઇથી ખંબાત લાવતાં દરીઆમાં મારો સામાન ડુબ્યો તેની જોડે તે દાબડી પણ ગઇ, તેથી હું દીલગીર છું, હું ધારૂંછું કે ચીનાઈ વાસણો ગુજરાતમાં બની શકે તેવું છે. કોઇ સાહસિક ને અકલવાન પુરૂષ ત્યાં જઈ એ કામ શિખી આવે તો આ દેશમાં લાખો રૂપિઆનો વેપાર વધે. ઇંગ્લાંડ તથા યુરોપના બીજા દેશોમા સર્વે લોક એ વાસણોમાં જમે છે. તાંબા, પીતળ કે કાંસાનાં વાસણમાં કોઇ જમતું નથી. જે ચીનાઈ વાસણો ધનવંતા લોક વાપરે છે તે બહુજ શોભાયમાન હોય છે.

૪૬. તા. ૩ જી નવેમ્બરે હું સિરિંસ્ટર ગયો. એ કસબો ઘણો જુનો છે. રોમન લોકના વખતમાં એ બાંધ્યો હતો, ને હાલ પણ એમાં તેમની ઇમારતોની કાંઈક નિશાનીઓ છે. એ સર્વ કરતા અહીંની કૃશીશાળાથી હું ઘણો ખુશી થયો. એ શાળામાં ખેતીવાડીનું કામ અનુભવ સહિત, તથા તેને લગતી જે બાબતો છે તે સઘળી શિખવે છે. એ શાળા આખા યુરોપમાં પ્રસિધ્ધ છે, અને ઘણીજ વખણાય છે. રૂશીઆ, જરમની, વગેરે યુરોપના દેશોમાંથી પણ વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે. દર વિદ્યાર્થીને વરસે ખાવાનો તથા ભણવાનો મળી આશરે નવસેં રૂપીઆ ખરચ બેસે છે. જેટલું અહીં શિખવે છે તેટલું બધું જેને શિખવું હોય તેને બે વરસ રહેવું પડે છે, ને જે થોડી ઘણી બાબતો શિખીને આવે અથવા જેને થોડા વિષયો શિખવા હોય તેને એક વરસ રહે ચાલે. ખેતીનો ધંધો કરનારા પૈસાદાર ગૃહસ્થોના અને મોટા દેસાઇઓના છોકરાજ એટલો બધો ખરચ કરી ભણી શકેછે. તેમને રહેવાને માટે જોઇએ તેવી સારી ગોઠવણ એજ મકાનમા કરીછે. શાળાનું ઘર મોટું ને સુંદર છે. પરમેશ્વરની ભકિત કરવાને જોડે એક દેવળ છે. શેહેરથી ગાઉ એકને છેટે એ શાળા છે. ખેતીનું કામ અનુભવ સુધાં શિખવાને આસપાસ પુષ્કળ જમીન રાખેલી છે. ખેડવું, ઓરવું, નીંદવું, વગેરે સર્વે કામ નિશાળીઆ કરે છે. ગાય, ઘોડા, આદિ લેઇ જે જના-

પરો એહુતો રાખે છે તેઓને કેમ ઉછેરવાં, તથા તેમને ઔષધવૈદ્યકનું, ડામનું વગેરે કામ શિખવવાને માંદાં જનાવરોનું દવાખાનું છે. શાળામાં એક સંગ્રહસ્થાન છે, તેમાં બધી જાતનાં અનાજ, બિયાં, કઠોળ, ફળ, લાકડાં, તથા માટીઓના નમૂના રાખ્યા છે. તરેહ તરેહનાં ખાતર, વનસ્પતિઓ, વગેરે જે જે ખેતીવાડીને લગતું છે તે સઘળાના નમૂના અહીં છે. ગુજરાતની કાળી તથા ગોરાડુ માટી, તથા હિંદુસ્તાનના બીજા દેશોમાંની જમીનના નમૂના રાખ્યા છે. એજ કામને મદદ કરવાને રસાયનશાસ્ત્રમાં જે જે ખપનું છે તે સઘળું શિખવે છે, અને શિખવવાનાં બધાં સાધનો તથા હોંશીઆર શિખવનારા તથા સઘળા ખેતીના ગ્રંથો રાખ્યા છે. વિદ્યાર્થીને ખેતીના કામમાં જે જે સુધારા થયા છે તે સઘળા આ શાળામાં બતાવે છે. હું ગયો તેવારે આશરે ૮૦ વિદ્યાર્થી ત્યાં હતા. એ શાળાના ઉપરીને મેં પુછયું કે, હિંદુસ્તાનથી કોઇ અહીં અભ્યાસ કરવા આવે ને જૂદા ઘરમાં પોતાનું ખાવાપીવાનું કરે તો તેને રાખશો? તેણે કહ્યું કે ખુશીથી રાખીશું. એ શાળાને "રોયલ એગ્રિકલચરલ કાલેજ" કેહે છે. એ શાળા સરકારના તાબામાં નથી. ધનવાન પુરૂષોએ પોતાના ગાંઠના પૈસા ખરચી દેશના સુધારાને સારૂ સ્થાપી છે. સરકારે પણ આરંભમાં આશરો આપેલો ખરો, પણ એ તથા એવા સુધારાનાં કામો એ દેશમાં રૈયત ઉઠાવે છે. એ શાળામાં મોટા મોટા જાગીરદારોના અને દેશાઇના છોકરા અભ્યાસ કરે છે. મદ્રેશામાં અભ્યાસ પુરો કરે તેને અહીં દાખલ કરે છે. ભણ્યા વગરના અથવા નાની ઉમરના છોકરાને લેતા નથી.

૪૭. સિરિંસ્ટરથી લંડન જતાં રસ્તામાં "શીવનહામ" નામે ગામ છે, તેની નજીકના એક ડુંગરમાં ઘોડો કોતરેલો છે, તે ધોળો છે. એ જોવા હું ગયો હતો. એવું કહેવાય છે કે, ઇંગ્લાંડના નામાંકિત અલ્ફ્રેડ રાજાએ ડેન્સ લોકની ફોજ ઉપર એક મોટી જીત એ ઠેકાણે કરી હતી, અને તેની યાદગારીને માટે પોતે એ ઘોડો કોતરાવ્યો હતો. એ જગા ઉપર રોમન લોકની છાવણી હતી તેની તથા

તેમના બાંધેલા રસ્તાની નિશાનીઓ અદ્યાપિ છે.

૪૮. ગુજરાતમાં જેમ હર વરસે તેજ વખતે ચોમાસું આવે છે, તેમ ઇંગ્લાંડમાં નથી. દરેક માસમાં વરસાદ વરસે છે; હર કોઈ વખતે વાદળાં ચઢી આવી વરસાદ થાય, પણ તેથી ગુજરાત કરતાં વિશેષ પાણી પડતું નથી. વરસાદનાં ફોરાં અહીંનાં જેવડાં મોટાં અને જોરથી આવતાં નથી; ઘણુંકરીને ઝરમર ઝરમર વરસે છે, ને પાણી સુકાઈ વહેલાં જાય છે. આપણા ચોમાસામાં જેટલું પાણી આવે છે, તેટલું ત્યાં આખું વરસ મળીને આવતું નથી. મે મહિનામાં ઉનાળો થવા માંડે છે. જુન, જુલાઈમાં તાપ જણાય, અને ઝાડોને ફૂલ અને ફળ આવે છે. આ વરસે હમેશ જેટલો તાપ પડ્યો નહીં, ને વરસાદ નિત્ય કરતાં વધારે હતો, તેથી ઉનાળામાં એ દેશમાં જેવી મઝા હોય છે તેવી નહોતી. સપટેમ્બર તથા અકટોબરમાં પાનખર રૂતુ હોય છે. એ વખતમાં પણ તાપ હોય છે; ઝાડનાં પાંદડાં પાકી પીળાં થઈ જઈ ખરી પડે છે. બારમાસી ઝાડ હોય તેનેજ ફક્ત રહે છે. નવેમ્બર માસમાં જ્યાં જોઈએ ત્યાં પાંદડાં વગરનાં બોડાં ઝાડ અને છોડવા દેખાય છે. અકટોબરની આખરે તાઢ પડવા માંડી ત્યારે બેઠકના ઓરડામાં સગડી રાખવી પડ્યો. ડીસેમ્બરના મધ્ય ભાગથી ખૂબ તાઢ પડીને ઇંગ્લાંડના શિઆળાનાં લક્ષણ જણાવવા લાગ્યાં. જે દહાડે મેં જન્મમાં પેહેલુંજ બરફ વરસતું જોયું તે દહાડે મને ઘણીજ ખુશી થઈ. વારે વારે ઘરમાંથી બહાર નિકળી હાથમાં લેઉં, મોંમાં મુકું, ગોળો વાળું ને આનંદ પામું. ડીસેમ્બર મહિનામાં વારે વારે બરફ પડતું ને યખ પણ બંધાતું. ઠરી ગએલો વરસાદ વરસે તેને બરફ કહે છે. સફૅત ને ઘણું સરસ પીંજેલા રૂનાં ઝીણાં ગાભલાં કે ફૂલ જેવું બરફ હોય છે. શિઆળામાં ઘણીવાર બરફ વરસે છે. કોઈ વાર તો એટલું બધું વરસે છે કે, છાપરાં ઉપર અને રસ્તામાં વેંત વેંત પુર એકઠું થાય છે. ફરવાના રસ્તા ઉપરથી તુરત કાઢી નાંખવામાં આવે છે, પણ બીજાં ઠેકાણાંનું તો ગરમી પડેથી પિગળી જાય છે. બરફ વરસતું હોય તે વેળા આ-

પણ બહાર ફરીએ તો પલળતા નથી. લુગડાં ઉપર પડેલું બરફ ખં-ખેરીએ એટલે ખરી પડે છે. છોકરાં એના ગોળા કરી એક એક ઉપર ફેંકે છે, ઘર અને કિલ્લા બાંધે છે, તથા બીજી રમતો રમે છે.

૪૯. ઘણી તાઢ પડે છે ત્યારે યખ થવા માંડે છે. ડિસેમ્બરના મધ્યભાગથી રસ્તામાંનાં પાણી ઠરી જવા લાગ્યાં. વીશમી તારીખ પછી તળાવો તથા નાની નદીઓ બંધાઈ ગઈ, અને યખ એટલું જાડું અને કઠણ થયું કે, લોકો ઉપર દોડી શકે. પચીસમી ડિસેમ્બરે તો ઘણીજ તાઢ હતી, એટલી કે લોક હેરાન થવા લાગ્યા. મેં ઘણાને મોઢે સાંભળ્યું કે વીશ પચીશ વરસ થયાં એવી સખ્ત તાઢ પડી નથી. એથી મને કાંઇ ઇજા થઇ નહીં. મઝેથી બહાર ફરતો અને કામકાજે જતો. એવું કહેવાય છે કે, ગરમ દેશથી જનાર આદમીને એક બે વરસ તાઢ જણાતી નથી. એ દેશમાં શિઆળો દુ:ખનો વખત છે; તેમાં ગરીબ લોકોને ઘણાં સંકટ પડે છે. તાપવાને કોયલા જોઈએ. ખાવાનો તથા લુગડાંનો ખરચ પણ એ રૂતુમાં વધારે થાય છે. પગરખાં વિના ચાલે નહીં. ઓઢવા પાથરવાને ગરમ કામળીઓ, ગોદડાં વગેરે જોઇએ; ઉઘાડામાં સુવાય નહીં. ઘણી વખતે એવું બને છે કે, ગરીબ ભીખારી રાતનો સુવે ને ઠરી જાય, ને મરણ પામે. સુતો તે સુતો, ફરી ઉઠે જ નહીં. શિઆળામાં દેશ બધો ઉજડ દેખાય છે. રાગ રંગ ને મોજ મઝા થોડી હોય છે. તેને બદલે એક મોટી રમતથી લોક રાજી રહે છે. યખ જ્યારે મજબુત બંધાય છે ત્યારે લોકના ટોળે ટોળાં તે ઉપર જાય છે, કેટલાએક ઉભા ઉભા લપસે છે. યખ ઉપર ભારદઇ ઉભા રહીને પોતાના શરીરને જમણી મેર ઝોક આપી ફેંકીએ એટલે પગ ઉઠાવ્યા વિના એમના એમ લપસ્યા જવાય છે. શરીરના ઝોકની જોડે પગ જાય નહીં તો પડી જવાય. નાનાં છોકરાં અને મોટી ઉમરના આદમી સૌ આ કસરત કરે છે. એને "સ્લાઇડિંગ" કહે છે. એના કરતાં એક બીજી સરસ કસરત છે. લાકડાની તળીવાળા જોડા થાય છે, ને તે તળીને નીચેથી એક આંગળ જાડી ને તેટલીજ પહોળી લોઢાની પટી આંગ-

ળાંથી તે એડી સુધી લાંબી વચમાં જડેલી હોય છે. એ જોડા પેહેરી બરફ ઉપર ઉભા રહીએ છીએ ત્યારે માત્ર એ પટીજ તેને અડકે છે. એવા જોડાને " સ્કેટ " કહે છે. તે પેહેરી પગને બરફ ઉપરથી ઉપાડયા વગર તરેહ તરેહની ચાલ કરે છે; એવી રીતે અક્ષર લખેછે, આંકડા લખેછે, વેલ તથા કુંડાળી કરેછે, દડી રમેછે, પાછા હઠે છે, સીધા જાય છે, વગેરે ઘણાક ખેલ કરેછે. એને "સ્કેટિંગ" કહે છે. સ્લાઇડિંગ અને સ્કેટિંગ બંનેમાં ઘણી મેહેનત પહોચે છે ને ઘણો પરસેવો થાય છે; તેમાં સ્કેટિંગમા વધારે ચતુરાઈ, કસરત ને રમુઝ છે, પરંતુ તે આવડવું વધારે કઠણ છે. બરફ લીસું એવું હોય છે કે અજાણ્યો આદમી તો પગ મુકતાંજ પડી જાય. સ્કેટ વગર પણ મુશ્કેલાઈથી ચાલી શકાય છે. હું ઘણી વખત લપસી પડતો. જેવારે મેં સ્કેટ પેહેર્યાં, તેવારે પેહેલાં તો બે માણસના બે અંગમથી હાથ ઝાલીને પણ ઉભો રહી શકું નહીં.માવરો થયા કેડે અડચણ પડતી નથી. પણ જો ભૂલ્યા તો માથું ફૂટી જાય છે, ને વખતે હાથના કડકા થાયછે. કોઈ કોઈ દહાડો રાત્રે હાથમાં મસાલો લેઈ લોક સ્કેટિંગ કરે છે, તે જોવાની ઘણીજ રમુઝ પડે છે.લંડનમાં હાઈડપાર્કમાં સરપેનટાઈન નામે કૃતિમ નદી છે,તે ઉપર એક રાત્રે પચાસ હજાર આદમી મસાલો લેઇ એકે વખતે સ્કેટિંગ કરતા હતા, અને કીનારે લાખો માણસ જોવા માવ્યાં હતાં. વાહ! વાહ! શું શોભા બની રહી હતી એ રીતે મેદાનમાં મોટા ને નાના સઘળા દરજ્જાના આદમીઓ ખેલે છે. એ કસરતમાં હાથ, પગ, કે માથું ભાગવાનો ભય છે તે વિના એક બીજો પણ છે. બરફનું પડ જ્યાં કાચું હોય ત્યાં કોઇનો પગ પડ્યો કે તેમાં બાકો પડી તે બિચારો નીચે જાય છે. એવી રીતે હર વરસે કેટલાક ડુબી મરે છે, તેમને બચાવવાને ઘણી યુક્તિઓ કરેછે. ધનવાન લોકે એ કામને સારૂ એક મંડળી કરી છે, તેના નોકરો ઘણાના જીવ બચાવે છે.

૫૦. એ વખતમાં તાપવું બહુ સારૂં લાગે છે. સવારમાં ઉઠયા અથવા બહારથી આવ્યા એટલે ઘરમાં તાપ ધીકાવી તૈયાર રાખ્યોજ

હોય; હોજદારી ને દીવાની કોરટોમાં તથા સરકારી આફીસોમાં, વેપારીની પેઠીઓમાં, દુકાનોમાં, નિશાળોમાં, ને જ્યાં જ્યાં બેસવા ઉઠવાની કે કામ કરવાની જગા ત્યાં તાપણી ખરી. મોટો ઓરડો હોય તો સામાસામી બે તાપણી હોય છે. કોયલા ભરેલું વાસણ તથા દેવતા ઉશકેરવાનો ખડપો અને ચીપીઓ તાપણી આગળ પડયા રહે છે. કોઇને ઘેર મળવા જઇએ કે તાપણી કને લેઇ જઈ બેસાડે. હાથબાથ શેકી ગરમ થઇએ ત્યારે બોલવાના હોસ આવે. અંગ્રેજ ગૃહસ્થના કુટુંબ શિઆળાની રાતના દશ અગીઆર વાગા સુધી તાપણીની આસપાસ બેસી આનંદ ભોગવે છે. એ આનંદનો ભાગ મને ઘણી વાર મળ્યો છે. સ્ત્રીઓનાં ગોરાં, રૂપાળાં અને હાસ્ય ભરેલાં મો અને સુંદર પોશાક ઉપર અગ્નિના ભડકાનું અજવાળું પડી ખૂબ દીપાવે છે. તેમની તથા પુરૂષોની રસીક વાતચિતથી મારૂં મન ઘણું રંજન થતું. ત્યાં અનીતિની વાતો કદી ચાલતી નથી, ખાવા પીવાની કે લગન તથા સગા વહાલાની વાતો કોઈ કોઇવાર થોડી થોડી ચાલે છે, પરંતુ બહુકરીને સારા સારા વિદ્યાના વિષયો તથા દેશ પરદેશની ખબરો વિષે ઘણી ખરી વાતો ચાલે છે. આઠ સાડા આઠ વાગ્યા સુધી છોકરાં બેસે છે, ને પછી દાઇ જોડે સુવા જાય છે. દશ સાડા દશ ને ઘણું તો અગીઆર સુધી બાયડી ભાયડા બેસી એ રીતે સુખમાં ગાળે છે, ને પછી સુવા જાય છે. સુવાના ઓરડામાં પણ ઘણા લોક આખી રાત તાપણી રાખે છે. મારે રાખવી નોહોતી પડી, એ અજબ છે. સુઇએ છીએ તેવારે પથારી તો તાઢી હીમ લાગે છે, પણ થોડી વારમાં આપણા શરીરની ગરમીવડે હુંફ આવે છે. પલંગ તળાઈ વગેરે સુવાની તદબીર એ દેશમાં ઘણી સારી કરે છે. ફેબ્રુઆરીની આખર સુધી મસ ટાઢ રહે છે; માર્ચમાં થંડો પવન ખૂબ આવે છે, ને પછી એપ્રિલ માસમાં વસંતરૂતુ બેસે છે, ને વૃક્ષને પાત્રાં ફુટવામાંડે છે. એ વખતે બરફ અને વખ ઓગળી જાય છે.

પ૧. સંન ૧૮૬૧ના ફેબ્રુઆરી મહિનાની પેહેલી તારીખે મેં

ઓક્સફોર્ડ શેહેરમાં જઇ મુકામ કર્યો. ત્યાં હું એક માસ બહુ સુખમાં રહ્યો. ઇંગ્લાંડના બીજા બધાં શેહેરો કરતાં ઓક્સફોર્ડ વધારે રૂપાળું છે, એવું કહી શકાય. એના જેવી સુંદર ઇમારતો એ દેશમાં બીજે ઠેકાણે નથી. શેહેરમાં બે ઘડી ફરતાં જીવ ખુશ થઇ જાય છે. એના બાગ, બગીચા અને નદીઓની શોભામાં કાંઇ કસર નથી. એમાં "હાઇસ્ટ્રીટ" નામે જે રસ્તો છે તે વાહ! વાહ! શો ખૂબસુરત છે! એની પોહોળાઈ, સફાઇ અને બાજુઓ ઉપરની ઇમારતો જોઈ જોઇને વખાણ્યાજ કરીએ. શેહેરની આસપાસનો મુલક પણ રળીઆમણો છે. ઓક્સફોર્ડ ત્યાંની યુનિવરસિટીને માટે ઘણુંજ પ્રખ્યાત છે. એની પાઠશાળા, પુસ્તકશાળા અને સંગ્રહસ્થાનો જોઈને તથા ત્યાંના મહા વિદ્વાનોના સમાગમથી મને ઘણોજ આનંદ થયો. સંસ્કૃતવિદ્યાને માટે હિંદુસ્તાનમાં જે દરજ્જો કાશીને મળેલો છે, તેજ પદવી એ ઇંગ્લાંડમાં ઓક્સફર્ડ છે. મોટી મોટી વિદ્યાશાળાને માટેજ પ્રખ્યાત છે. વીશ પાઠશાળા હાલ ત્યાં છે. તેમાંની કેટલીક તો ઘણી જૂની છે. યુનિવરસિટી કાલેજ નામની છે, તે સન ૮૭૨ પેહેલાં સ્થાપવામાં આવી હતી. એ વિદ્યાલયોની ઇમારતો બહુજ શોભાયમાન છે. વચમાં મોટા ચોક અને ચોમેર ઊંચાં અને સળંગ મકાનો, એવા ધારની ઘણુંકરીને બાંધેલી છે. ક્રાઇસ્ટચર્ચ કાલેજનો ચોક ઘણો સૌથી મોટો છે. મેગડેલન, ન્યુ, ઓલસોલ્સ વગેરે બીજી કાલેજોના ચોક અને મકાન પણ મોટાં અને ભભકાદાર છે. એ કાલેજોની બાંધણીનો દેખાવ બહારથી જેવો સુંદર છે, તેવોજ માંહેથી પણ સરસ છે. અંદર પેસતાંજ ઘણું રમણિક દિસે છે. વચમાં સુંદર લીલા ઘાસનો બગીચો આવી રહ્યો છે, તથા ચોમેર તોફે ઇમારતો દેખાય છે. એ મકાનો મોટા મોટા મેહેલ જેવાં છે. પાઠ આપવાનું કામ એમાં ચાલે છે. તેમજ ગુરૂઓને તથા વિદ્યાર્થિઓને રેહેવાને જોઈએ તેવા ઓરડા, દિવાનખાનાં, બેઠકો, ખાનગી અભ્યાસ કરવાનાં ઠેકાણાં, જમવાના ઓરડા, વગેરે સઘળો વગ એમાં છે. ગુરૂઓ તથા વિદ્યાર્થીઓ જોડે જમે છે, દરેક કાલેજમાં દેવલ પણ

છે. ત્યાં સર્વે સાથે પ્રાર્થના કરે છે, દેશની રીત પ્રમાણે દરેક ઓ-રડામાં સામાન સરનજામ હોય છે. વળી દરેક કાલેજમાં પુસ્તકશાળા પણ છે.

આપણા દેશમાં પૂર્વે જેવા ગુરૂઓના મોટા આશ્રમ હતા, અને હાલ પણ કોઇ કોઇ ઠેકાણે છે, તેવી એ કાલેજો પણ આરંભમાં આશ્રમ હતા. ફેર એટલો કે આપણા વિદ્યાર્થીઓને ભિક્ષા માગી લાવવી પડતી હતી. અને હાલ પણ "વિદ્યાર્થીઓના આશીરવાદ" એવું બોલતા ભીખારીઓ રસ્તે આવે છે. એવું શરમ ભરેલું કામ ઇંગ્લાંડના વિદ્યાર્થીઓને કરવું પડયું નથી, અને પડતું નથી. પરોપકારી પુરૂષોએ વિદ્યાનો ફેલાવો કરવા સારૂ એ કોલેજો સ્થાપી છે. ગુરૂઓને તથા વિદ્યાર્થીઓને રહેવાને ઓરડા તેમણે બંધાવી આપેલાં છે. તથા તેમાં ખાવા પીવા વગેરેના ખરચને સારૂ જાગીરો આપી છે. તેથી એ કાલેજો સ્વતંત્ર છે, સરકારના તાબામાં નથી. એ જાગીરોની પેદાશ પેહેલાં હતી, એ કરતાં હાલ ઘણીજ વધી છે, તેથી વધારે ગુરૂઓ રાખી શકાય છે, વિદ્યા ભણવાનો શોક એટલો વધી ગયો છે કે, હજારો જુવાનીઆ સામા પૈસા આપીને ભણેછે. પરીક્ષામાં સરસ ઉતરેથી જેઓને સ્કાલરશિપ મળે તેઓને ગાંઠનો ખરચ પડતો નથી, પણ બાકીના દરેકને દર વર્ષે આશરે બે હજાર રૂપીઆ ખરચ થાય છે. અસલ આપણા દેશમાં જેમ વિદ્યાર્થીઓ ગુરૂના આશ્રમમાં અભ્યાસ કરે ત્યાં લગી કુંવારા રેહેતા, તેમ એ કાલેજોમાં પણ છે. એફ. એ. તથા બી. એ. વગેરે પદવી તેમને મળે છે.

અહીંની કાલેજોમાં લાટિન તથા ગ્રીકભાષા તથા ગણિત એ ત્રણ વિષયો મુખ્યત્વે કરીને શિખવે છે. અગાઉતો ફકત એમાંજ કેળવણી આપતા હતા, પણ હાલ બીજા વિષયો દાખલ કર્યા છે. અર્વાચીન ઇતિહાસ, ખગોળ, રસાયણશાસ્ત્ર યુરોપની ચાલતી ભાષાઓ, સંસ્કૃત, તથા બીજી પ્રાચીન બોલીઓ પણ શિખવે છે. જેને જે પસંદ પડે તે બાબત વધારે શીખે એવો કાયદો છે. એ કા-

લેજોમાં નાના છોકરાને લેતા નથી. આશરે વીશ વરસ અથવા તેથી વધારે ઉમરના જુવાનીઆને દાખલ કરે છે. અહીં જેમ મન કેળવવાનાં સારાં સાધનો છે. તેમજ શરીર કેળવવાનાં પણ છે. ફરવાને માટે વિશાળ ને સુખાકારી બાગો છે. રમુજી તથા શરીરને કસરત આપે એવી રમતો રમવાનાં સ્થળો છે. એક મોટી તાલીમ છે. એના ઉપરી આબરૂદારને વિદ્વાન માણસો છે. તેથી ત્યાં કશો બિગાડ નથી. નદીમાં હોડીઓ ચલાવવાની જે રમત છે, તે મને બહુ ગમી. હલકી ને રૂપાળી નાની હોડીઓમાં વિદ્યાર્થીઓ ચાટવા લેઇને બેસે છે, અને પોતાને હાથે હલેસાં મારે છે. તે વેળા તેઓ એક સરખા અને શોભાયમાન પોશાક પેહેરે છે. દરવરસે એકવાર ઓક્સફોર્ડના વિદ્યાર્થીઓ કેમબ્રીજના વિદ્યાર્થીઓ જોડે હોડીની સરત રમે છે. એ વખત હજારો માણસ જોવા મળે છે, ને મોટી રમુજ થાય છે. હરરોજ બાર ઉપર બે કલાકે બધી કાલેજોમાં રજા થાય છે, એટલે વિદ્યાર્થીઓ પોતપોતાને ગમતી રમતો રમવા જાય છે. ગુરૂઓ પણ કેટલીક રમતોથી પોતાના શરીરને કસરત આપે છે.

ઓક્સફોર્ડને લાએક મોટાં સંગ્રહસ્થાનો તથા પુસ્તકશાળાઓ પણ છે. "બોડલીઅન" નામે પુસ્તકશાળામાં એટલાંબધાં કબાટ પ્રાચીન અને અર્વાચીન, (લાટીન, ગ્રીક, સંસ્કૃત, અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, આરબી, ફારસી, વગેરે ઘણીક) ભાષાના ગ્રંથોથી ભરેલા છે કે, દરેક ચોપડીનું માત્ર નામ વાંચીએ તો બધીનાં વાંચી રહેતાં હું ધારૂં છું કે એક અઠવાડીઉં અથવા વધારે દિવસ લાગે. અહીંના પુસ્તકો વાંચવાની તથા તેઓનો ઉતારો કરી લેવાની દેશી પરદેશી સર્વેને છુટ છે. ગ્રંથ સંતાડી મુકવાની મૂર્ખાઇભરેલી રીત અહીં નથી. યુરોપના ઘણાક દેશોના વિદ્વાનો અહીંના ગ્રંથો વાંચવા આવે છે. યુનિયન નામે એક બીજી પુસ્કશાળા છે, તેમાં ઇંગ્લાંડનાં સઘળાં પ્રખ્યાત વર્તમાનપત્રો તથા ચોપાનીઆં તથા કેટલાંક પરદેશનાં પણ લે છે; વાંચનારા ઘણા તેથી કેટલાંક વર્તમાનપત્રોની એક નકલથી પુરૂં પડતું નથી માટે વધારે પ્રતો લે છે. એમાં બેસવાની તથા વાંચ-

વાની ગોઠવણ ઘણી સારી છે. એક ઓરડો કાગળ લખવાને ક-રેલો છે. ત્યાં પુસ્તકશાળાને ખરચે જોઈએ તેવા કાગળ, પડખી-ડીઆં, લેખણ, સાહી વગેરે તૈયાર રાખે છે. બીડેલા પત્રો નાખ-વાની ત્યાં પેટી છે, તેમાં કાગળ નાંખીએ કે સરનામા પ્રમાણે પહોં-ચાડે. પરગામનો હોયતો ટપાલમાં નાંખી આવે, ને ગામનો હોય તો તે પણ પુસ્તકશાળાનો માણસ પહોંચાડી આવે છે. યુનિયનમાં દર ગુરૂવારે સાંજે સભા ભરાય છે. સઘળી મદરેસાના વિદ્યાર્થીઓ તથા ગુરૂઓનો ત્યાં આવવાનો હક છે. વિદ્યાર્થીઓ વારાફરતી ભાષણો કરે છે. હર સભામાં બે કે ત્રણ ભાષણો ઘણું કરીને થાય છે. વિદ્યા, હુનર, ભાષા, રાજકારભાર, વગેરે હરેક બાબત ઉપર ભાષણ કરવાની છુટ છે. ભાષણ થઈ રહ્યા પછી તે વિષે સારી રીતે તકરાર ચાલેછે હું એ સભામાં જોવા ગયો તે વેળા રાણીના મુખ્ય દીવાન લાર્ડપા-મર્સ્ટનની પરરાજ સાથે સલુકાઇ વિષે વિવાદ ચાલતો હતો.

ઓકસફોર્ડમાં હું એક મહિનો રહ્યો તેટલામાં ઇંગ્લિશ લોકની ઘણીક રીત ભાત મારા જોવામાં આવી. પ્રોફેસર વિલિયમ્સ તથા પ્રોફેસર ઓવન મને પોતાના મિત્રોને ઘેર જ્યારે પ્રસંગ આવે ત્યારે તેડી જતા. તેથી ઇંગ્લાંડના પંડિતોનો સમાગમ થયો, તથા ત્યાંના સંસાર વ્યવહારની રીતો જાણવામાં આવી. એ રીતો વિષે આગળ જૂદુ પ્રકરણ મેં લખ્યું છે. એ શેહેરની પાસે રાડલી કરીને એક રમણિક ગામ છે, ત્યાં રાડલી નામની મોટી શાળા છે; તેમાં ભ-ણી રહીને છોકરા ઓકસફોર્ડમાં અભ્યાસ કરવા આવે છે. પ્રોફેસર ઓવન તથા મિસ્તર જેમ્સ-ટેલર એ બે મિત્રો સાથે હું એ શાળા જોવા ગયો, ને રાતના દશ વાગા સુધી રહ્યો. ગુજરાતી લોકની રીત ભાત વિષે મેં નિશાળીઆને ભાષણ સંભળાવ્યું.

૫૨. સન ૧૮૬૧ની ૨૮મી ફેબ્રુઆરીએ હુ લંડન ગયો. મારે માટે તથા મારા મિત્રોને સારૂ કેટલોક સામાન ખરીદ કરવાનો હ-તો તે લેવામાં, તથા ઓળખીતાઓને મળવામાં, હું સાત દહાડા રોકાયો. માર્ચ માસની ૮મી તારીખના પરોઢીઆમાં પારિસ જવા

નિકળ્યા. લંડનથી પારિસ જવાના ત્રણ રસ્તા છે. બ્રાઇટન બંદરે થઈ ડીવાન પરથી જવાય છે; બીજો દોવર અને કાલેસ ઉપરથી; ત્રીજો માર્ગ ફોકસ્ટોન અને બુલોનથી જાય છે. એ છેલે રસ્તે હું ગયો. ફોકસ્ટોન બંદર ઈંગ્લાંડને દક્ષિણ કાંઠે છે. ત્યાં લગી રેલવે-માં બેશી ગયો. ત્યાંથી આગબોટમાં બેઠો. મહાસાગર કરતાં આ ખા-ડીમાં વધારે ફેર આવે છે, ને જીવ ડોહળાઇ પાછું નંખાય છે. ર-સ્તો તો બે ત્રણ કલાકનો છે, પણ તેટલીવારમાં તોબા પોકરાવે છે. સુરત અને મુંબઈ વચે ફરે છે, તેથી પણ આ આગબોટ નાની હતી, તથાપિ વગ એના કરતાં ઘણો સારો હતો એમાંના નોકરોની સભ્યતાથી હું આશ્ચર્ય પામ્યો. એમની જોડે મુકાબલો કરતાં આપણી આગબોટોના કપતાન અને બીજા માણસો ઘણા બેઅદબ જણાય છે. ઉતારૂઓ પાછું નાંખે કે તુરત તેમની આગળ કાચનું કૂંડું લાવી-ને ધરે, પાણી લાવે, હાથ પકડી સુવા તેડી જાય, વગેરે ઘણી ચા-કરી કરે છે, અને માન રાખે છે. રેલવેવાળા અને આગબોટ વાળા ઘણાજ સભ્ય છે. તેમની જોડે મુકાબલે આપણા દેશના એ કામ ઉપર લાગેલાં આદમીઓ મને જંગલી જેવા લાગ્યા. જાણે ત્યાંના માણસો એમજ સમજતા હોય કે, પોતાના ઉતારૂઓને સુખ અને માન દેવું, એ તેમનું કામ છે. અને આપણી તરફ વાળા દેશી ઉતારૂઓને દુઃખ દેવું અને અપમાન કરવું એમ સમજતા હોય તેવું જણાય છે. બુલોનને કીનારે ઉતારયાં કે, લોકના પોશાકમાં કાંઈ ફેરફાર દીઠો, અને તેમની બોલીમાંતો જરા સમજણ પડી નહીં. ફ્રાન્સના રાજ્ય તરફથી એવી ગોઠવણ કરી છે કે મુસાફરોને હરકત પડે નહીં. બંદર ઉપર પોલીસનાં માણસ રહે છે તેણે અમને પુ-છ્યું કે તમે કોણછો? અમે જવાબ દીધો કે અમે અંગ્રેજ છીએ, ત્યારે તેમણે જવા દીધા. એમ ના કહ્યું હોતતો ફ્રાન્સમાં એવો કાયદો છે કે પરવાના વગર પરદેશીઓને પેસવા દેવા નહીં. હાલ બે વરસ થયાં ઇંગ્લાંડની સરકાર જોડે એવો કરાર કર્યો છે કે, અં-ગ્રેજી રૈયતને વગર પરવાને પેસવા દેવા. બુલોનથી પારિસ લગી

રેલ્વે છે. ટ્રેન જવાને ત્રણ કલાકની વાર હતી, તેથી શેહેર જોઈ આવી એક હોટેલમાં આરામ લીધો. બાર ઉપર એવાગે ત્યાંથી નિકળ્યા, તે રાતના દશકલાકે પારિસ પહોંચ્યા.

---

## પ્રકરણ ૮ મું.

અંગ્રેજ લોકની ચાલચલણ. બાળક ઉછેરવાની રીત.

૫૬. અંગ્રેજ પ્રજાની ચાલચલણ આપણાથી કેવળ જૂદી અને જાણવા તથા અભ્યાસ કરવા યોગ્ય છે. અંગ્રેજો પોતાના છોકરાને પરણાવવાની ફીકરમાં પડતા નથી. તેમનું સારી રીતે ભરણપોષણ કરવું, તથા તનમનની સારી કેળવણી આપવી એજ તેમનો હેતુ છે; એના ઉપર તેઓ ઘણું દ્રવ્ય ખરચે છે. આપણા દેશના ગૃહસ્થોને છોકરાં ઉછેરવાનો ખરચ થાય છે, તેનાથી ત્યાંનાને ઘણો વધારે થાયછે. ગરીબ હોય તેજ પોતાના બાળકને વાસ્તે ધાવ ન રાખે. ઉંચા વર્ગના ગૃહસ્થોની સ્ત્રી પોતાનાં છોકરાંને ધવરાવતી નથી. તેઓ ધાવ રાખે છે. એથી ખરચ ઘણો થાય છે, કેમકે પગાર ભારે આપવો પડે છે, તથા ખાવાનું આપવું પડે છે. છોકરાની માના કહ્યા પ્રમાણે ધાવ સર્વે કામ કરે છે; પોતે ધવરાવતાં નથી, તેથી છોકરાંની સંભાળ તેની મા ઓછી લેછે, એવું ન સમજવું. પોતાના બાળકને તનદુરસ્ત રાખવા ઉપર તે બહુ મેહેનત લેછે, તથા છોકરાં વહાલાં પણ અતીશે હોય છે. વરસે સવા વરસે ધાવનું કામ પુરૂં થાય છે, ત્યારે તેને રજા આપી બીજી આયા રાખે છે. આયાને તથા છોકરાંને રહેવાનો ઘરમાં જૂદો ઓરડો હોય છે. આયાનું કામ એ છે કે, સવારમાં છોકરાંને વેહેલાં ઉઠાડવાં, માથાં ઓળવાં, નવરાવવાં, સ્વચ્છ લુગડાં પહેરાવવાં, જમાડવાં, આખો દહાડો રમાડવાં, ફરવા તેડી જવાં, ને સાંજરે પોતાની પાસે સુવાડવાં, છોકરાં બોલતાં શિખે ત્યારે ભણેલી આયાને રાખે છે, તેને ગવરનેસ કહે છે. એનો પ-

ગાર વધારે હોય છે, કેમકે તે કેળવાએલી તથા ઉપલા વર્ગની સ્ત્રી હોય છે; તે છોકરાનાં માબાપ જોડે જમે છે. એવી સ્ત્રી રાખવાનું કારણ એકે છોકરાં અશુદ્ધ ઉચ્ચાર, તથા ખોટી ભાષા બોલતાં શિખે નહીં. ઉપર કહેલું આયાનું સઘળું કામ તે કરે છે ને તેની જોડે છોકરાને તેમની વયના પ્રમાણમાં ભણાવે છે. નિશાળે બેઠા પહેલાં છોકરાં વાંચતાં, લખતાં, થોડું અંકગણિત, ભૂગોળવિદ્યા, વગેરે એની કને શિખે છે. ત્યારપછી કોઇ થોડાં વરસ ખાનગી નિશાળે મુકે છે ને કોઇ ઘેરજ વધારે ભણાવે છે. દશ બાર વરસની ઉમરે મોટી જાહેર શાળામાં મોકલે છે. છોકરાને માટે એવી નિશાળો છે, તેમ છોકરીઓને સારૂ પણ છે.

૫૪. ધનવાન લોકની દીકરીઓને ભણવાની પાઠશાળા ઘણી છે, તેમાંની કેટલીક મેં જોઇ. તેના ઉપરી તથા શિક્ષકો વિદ્વાન આબરૂદાર સ્ત્રીઓ હોય છે. દર છોકરી દીઠ વરસે પાંચસેંથી તે હજાર રૂપીઆ સુધીનો ખાવા તથા ભણવાનો મળી ખરચ થાય છે. ઘણું કરીને તેઓ પોતાની શિખવનારીઓને ત્યાંજ દહાડો રાત રહે છે. માબાપની શક્તિ પ્રમાણે બે ત્રણ કે ચાર અથવા વધારે વરસ રહી કેળવણી લે છે. વરસમાં મહિનો માબાપને મળવા સારૂ ઘેર જવાની રજા મળે છે. અહીં એમને કેટલુંક અંકગણિત, ભૂગોળવિદ્યા, તથા ઇતિહાસ શિખવે છે. અંગ્રેજી કવિતાના તથા ગદ્યના ગ્રંથો શિખવવાને વધારે મેહેનત કરે છે. પોતાની બોલી સારી શિખવે છે એટલુંજ નહીં પણ ફ્રેંચ, ઇટાલીઅન, વગેરે કેટલાક યુરોપની બોલીઓ શિખવે છે, સારા અક્ષર તથા ચિત્રવિદ્યા ઉપર ખૂબ મેહેનત કરાવે છે. શિવવું, ભરવું, ગાયનવિદ્યા તથા નૃત્યકળાથી અને વાજીત્ર વગાડવાના હુનરથી તેમને માહિતગાર કરે છે. એ શાળાઓમાં ઓળખાણ વગર પેસવા દેતા નથી. છોકરીઓ સુખાકારીમાં રહે તથા જોઇએ તેવું શરીર વધે ને મજબુત થાય માટે તેમને રમત રમાડે છે, તથા કેટલીક જાતની કસરત કરાવે છે. નીતિનાં શાસ્ત્ર શિખવે છે તથા સંસાર વ્યવહારની વાતોથી પણ થોડાં જાણીતાં

કરે છે. શણગાર સજવાની, લુગડાં પેહેરવાની તથા અનેક શોભા-યમાન રીતે કેશ ગોઠવવાની રીતો અહીં તેઓ શિખે છે. કોઈ ગૃહસ્થો આ બધી કેળવણી પોતાની પુત્રીઓને પોતાના ઘરમાંજ આપે છે. સોળેક વરસની ઉમરે કન્યા ઘેર આવી માને ઘરના કામમાં મદદ કરવામાં સામેલ થાય છે. અમીર ઉમરાવની દીકરીઓને ઘોડે બેસતાં શિખવે છે. એક વખત એમાંની એક શાળામાં તેને ચલાવનાર સ્ત્રીએ ત્યાં ભણનારી છોકરીઓના માબાપને રાતના ગાયન સાંભળવા તેડી, છોકરીઓ કેવું શિખી છે તે દેખાડયું. મને પણ તેડયો હતો. એવે સમે અંગ્રેજ સ્ત્રીઓ જેવા પોશાક પેહેરે છે તેવા પેહેરી તે જુવાન સ્ત્રીઓએ ગાયું તથા વાજીત્ર વગાડયાં. એવો મેળાવડો એ શાળાઓમાં વરસમાં એક બે વાર થાય છે તેથી કેળવણી આપનારની હોશીઆરી જણાય છે, ને તેથી ભણવા આવનારની સંખ્યા વધે છે.

૫૫. અગીઆર વરસની થાય તે પેહેલાં પુત્રીને પરણાવવીજ જોઈએ એવો ચાલ ઇંગ્લાંડમાં નથી. આપણા દેશમાં છોકરીના જન્મથી જેમ તેના માબાપ વગેરે નાખુશ થાય છે તેમ ઇંગ્લિશ લોકમાં થતાં નથી. પોતાની દીકરી પરણીને સુખી થાય તો સારૂં એવું તેઓ ઇછે છે ખરા, તથા સારો વર મેળવવાને યત્ન કરે છે, અને પૈસો પણ ખરચે છે, પરંતુ છોકરી કુંવારી રહે તેમાં એબ નથી. સારો જોઇએ તેવો વર મળે તો પરણે, નહીં તો મળે ત્યાં લગી કુંવારી રહે. જ્યારે લાગ ફાવે ત્યારે પરણે છે, ને ઘણીકને આખો ભવ કુંવારો કાઢવો પડે છે. કન્યાની કેળવણી પુરી થાય છે ને માબાપને ઘેર તે આવે છે ત્યારે તેમના ગુણ પ્રસિદ્ધ કરવાને તેના માબાપ યુક્તિઓ કરે છે. પોતાના સારા મિત્રો હોય તેમને જમવા તેડે છે, ગાયન તથા નાચ કરાવે છે, તે વેળા તે કન્યા પોતાનું ડહાપણ, ચતુરાઈ ફુટડાપણ, કેળવણી, એ સઘળું દેખાડે છે. તેથી કોઈ યોગ્ય કુંવારા પુરૂષનું મન તેની સાથે મળે ને પ્રીતિ થાય તો તેમનો કાગળ પત્રનો વ્યવહાર થાય છે ને સ્નેહ વધે ત્યારે પુરૂષ તેને પોતાની

સાથે પરણવાની અરજ કરે છે; કન્યા કબુલ કરે તો તે માણસ તેના તથા પોતાના માબાપને એ વાત જાહેર કરે છે, તેઓની રાજીખુશી હોય તો લગ્ન થાય છે. ઘણીક વખતે નાનપણના ઓળખાણથી, પડોશમાં રહેવાથી, અનાયાસ મળવાથી, બીજી કોઈપણ રીતે કુંવારાં સ્ત્રી પુરૂષનો મેળાપ થયાથી બંને મોહની જાળમાં પડે છે. કન્યા પ્રીતિ કરવામાં વખતે પેહેલ કરે પણ પરણવાનું તે કદી પુછતી નથી; હમેશ પુરૂષજ એવી વાત કહાડીને તેની વિનંતિ કરે છે. કોઈ સ્ત્રી પોતાના કુટુંબના ઓળખાણમાં નહીં હોય તેવા માણસને અથવા પોતાના માબાપને ના પસંદ પડે તેવા પુરૂષને પરણે છે, પણ ઘણું કરીને તેમ થતું નથી. જે પુરૂષના મા બાપ તથા આચરણ પોતાના વડીલોના જાણવામાં હોય, તથા જેની વેરે સંબંધ કરવાને તેમની મંજુરી હોય તેવાને ઘણું કરીને વરે છે. પોતાની ઇચ્છા પ્રમાણે લગ્ન થાય છે. ત્યારે કન્યાનાં વડીલ પેરામણી આપી વરકન્યાને ખુશી કરે છે. ઘણું કરીને પુરૂષ પણ પોતાના કુટુંબને કબુલ હોય તેવા ઘરની કન્યાને પસંદ કરે છે. જે કન્યાને કોઈનો ભારે વારસો મળ્યો હોય કે, મળવાનો હોય અથવા પેહેરામણીમાં ધન આપવાને જેનાં માબાપ રાજી હોય તેને પરણવાને ઘણા કોશીશ કરે છે. વરનાં સગાં તથા મિત્રો ધનવાન હોય તો કન્યાને પરણ્યા કેડે બક્ષીસો આપે છે, પણ આગળથી પલ્લું પરઠવાની દસ્તુર નથી.

૫૬ ઈંગ્લાંડમાં બે રીતે લગ્ન થાય છે. એક ધર્મની ક્રિયાથી તથા બીજી દેવળમાં રજીસ્ટરમાં ધર્મ ઉપદેશક કને નોંધાવ્યાથી જે વરકન્યા પરણવાનાં હોય તેઓ પોતાના ધર્મગુરૂને તે વાતની ખબર આપે છે, તે ઉપરથી તે ગુરૂ પોતાના દેવળમાં તેની જાહેર ખબર ચોડે છે કે કાયદા પ્રમાણે કોઈને વાંધો લેવો હોય તો લે જાહેર ખબરમાં દિવસ ઠરાવ્યા હોય તે પુરા થયા કેડે જેઓ ક્રિયાની જરૂર માનતા નથી તેઓ ફકત પોતાનાં લગ્ન રજીસ્ટરમાં નોંધાવે છે. ઘણાક તો અસલની રીત પ્રમાણે દેવળમાં આવી તેમના શાસ્ત્રની ક્રિયા મુ-

જબ પરણે છે. એ ક્રિયા લાંબી નથી. વરકન્યા, બંને તરફનાં સગા-વહાલાં સહિત, પરણવાનો સુંદર પોશાક પેહેરી દેવળમાં જાય છે. તેમની જોડે જનારા પણ ઉમદા લુગડાં પેહેરે છે. સઘળી સ્ત્રીઓમાં પરણનારી કન્યા કઈ છે તે તેના પોશાક ઉપરથી પારખી શકાય છે. દેવળમાં પરમેશ્વરની સ્તુતિ કર્યા પછી આચાર્ય વરકન્યાને કેટલાક સવાલ પુછે છે; તેની મતલબ એ છે કે, તેઓ એક એકને ઓળખે છે કે નહીં; રાજીખુશીથી પરણે છે કે કેમ. કન્યાની કબુલાત લે છે કે, હું જીવીશ ત્યાં સુધી પતિવૃતાપણે એ પુરૂષ જોડે રહીશ. તેમ વરની પાસે કહેવડાવે છે કે હું એનું રક્ષણ કરીશ, અને આખા જન્મારા સુધી એનેજ મારી ધણીઆણી ગણીશ. એ થઈ રહ્યા પછી બંનેના હાથ મેળવાવે છે, ને વર પોતાની વીંટી વહુને પેહેરાવે છે, અને વહુ પોતાની વીંટી વરની આંગળીએ ઘાલે છે. એ વખતે શાસ્ત્રના મંત્ર તથા આશીર્વાદ ગુરૂ અંગ્રેજીમાં ભણે છે. પછી વરવાળાને કન્યાવાળા સર્વે વરને ત્યાં જઈ જમે છે, આનંદ કરે છે. મિત્રો મળવા તથા મુબારકબાદી કહેવા આવે છે. વળી સો રાત્રે ગાયન, નૃત્ય ને ઉજાણી કરે છે. એમ તે દહાડો હરખમાં કહાડી બીજે દિવસે પરગામે કોઈ મોજ મજાનું ઠેકાણું હોય ત્યાં જઈ ધણીધણીઆણી મહિનો કે પખવાડીએ એકલાં સુખ ભોગવે છે.

૫૭. પરણ્યા પેહેલાં પોતાને માટે જુદું ઘર કરવાની સઘળી ગોઠવણ કરી રાખે છે. માબાપ, ભાઈઓ અથવા બીજા કોઈ સગાના ભેગાં રહેવાની રીત નથી. કુવારાં હોય ત્યાં લગી પોતાના કુટુંબના એકઠાં રહે છે; પણ પરણે એટલે પોતાનું જૂદું ઘર માંડવાનો ચાલ છે. એથી જે મહા દુખ હિંદુઓમાં વહુવારૂને પડે છે, અને સાસુ વહુની લડાઈથી ઘરમાં જે કળેશ કંકાશ થાય છે તે, તથા દેરાણી જેઠાણીની વઢવાડની પીડા, અને નણંદ ભોજાઈનાં મેણાં તથા અદેખાઈનો સંતાપ ઇંગ્લાંડની સ્ત્રીઓને થતો નથી. સાસું નવા માંડેલા ઘરમાં માથું ઘાલી ખોડખાંપણ કહાડી વહુને શિખામણ દેવાની કોશીશ કરે છે, તથા કન્યાની મા ડહાપણ ડોળવા આવે છે, પરંતુ

ઘણું કરીને તેમનું કાંઈ ચાલતું નથી, બીજો મોટો ફાયદો એ છે કે પ્રજા એથી સ્વતંત્રતા શિખે છે. સંસારની ઘણીક અડચણો તેમના ઉપર પડે છે તેને દૂર કરવાની તદબીર તેમને કરવી પડે છે, ખરચ ખુટણ વગેરે પોતાની નજરમાં આવે તેમ કરે છે, ને સ્વતંત્રતા શિખેછે. જેઓ બાપના કે ભાઈના એકઠા પરાધીન રહે છે, ને પોતાની કમાઈ તેમને સોંપે છે, તેઓને એ ફળ હાંસલ થતું નથી. પરણવાની રજા આપ્યાં પેહેલાં કન્યાના વડીલ તજવીજ કરે છે કે જે આદમી જમાઈ થવા ઇચ્છે છે તેની કમાઈ કેટલી છે, અને આગળ જતાં છોકરાં થાય તેમને પોતાની પંક્તિના લોકના જેટલી કે ભણવણી આપવાનો ખરચ કરવાની શક્તિ છે કે નહી. હીણ કમાઉ માણસને કુંવારા રહેવું પડે છે. ઇંગ્લાંડમાં કેટલાંક લગ્ન અવિચારથી થાય છે તે વાત ખરી. હું જે કહું છું તે સાધારણ રીત છે. એથી ઉલટું પણ કોઈ કરે છે ને તેનાં માઠાં ફળ ભોગવે છે, તોપણ ઘણું કરીને મોટપણે લગ્ન કરવાના તથા પરણીને જુદું ઘરમાંડી રહેવાના ફાયદા અંગ્રેજી પ્રજા સારી પેઠે ભોગવે છે. ગરીબ લોકમાં પણ છોકરાંને નાનપણાંમાં પરણાવવાનો ચાલ નથી. આ ધારાને લીધે ઇંગ્લાંડમાં કુંવારી સ્ત્રી ઘણી છે. એ કુંવારી સ્ત્રીઓનું પોષણ ઉપલા વર્ગમાં તેમના માબાપ કે ભાઈ કરે છે, અને મેહેનતું લોકમાં તો તેઓ પોતાની મેહેનતથી રળી ખાય છે. જેઓને ચાકર રાખવાની શક્તિ છે તેઓ ગરીબ વર્ગની કુંવારી બાઇડીઓને રાખે છે, તેથી ઘેર ઘેર કુંવારી ચાકરડીઓ હોય છે. તેઓ પરણ્યા પછી રહેતી નથી. ભાયડા ચાકરોનો પગાર બહુ ભારે પડે છે, તથા તેઓ ઘર સાફ કરવા વગેરે કેટલાંક કામ બઇરીનાં છે એવું ધારી તે કામ ઉપર ઘણું કરીને રહેતા નથી. ધનવાન ગૃહસ્થોના ખીજમતગારો વગેરે કેટલાક નોકરો ભાયડા હોય છે ચાકરડીઓનો પગાર મહીને વીસ રૂપીઆ કે તેથી વધારે હોય છે, ને તે જોડે ખાવાની શરત હોય છે પણ તેમને કામ બહુજ હોય છે, રાંધનારથી તે ભંગીઆ સુધીનું સઘળું કામ તેઓને માથે છે.

૫૮. ધણીનો અખ્ત્યાર તથા ધણી ધણીઆણીના હક સંબંધીનો કાયદો ઘણું કરીને આપણા જેવો છે. તથાપિ તે સંબંધી લોકના વિચાર ફરી ગયા છે તેથી સ્વતંત્રપણું તથા આપણી સ્ત્રીઓ કરતાં વધારે હકો ભોગવેછે ધણીથી છાનો અથવા તેના હુકમ વિના બાઇડીએ વેપારી નો માલ ખરીદ કર્યો હોય તેનાં નાણાં આપવાને ધણીની ખુશી ન હોય તો તેના ઉપર ફરીઆદી ચાલે નહીં. સ્ત્રી સ્વતંત્ર નથી પણ વરના હુકમમાં રહે એ કાયદાનું આ ઉદાહરણછે. સારી બાઇડીઓ હમેશ પોતાના વરનું કહેવું માન્ય કરે છે, ને તેની સલાહથી વર્ત્તે છે, એ મેં નજરે દીઠું છે. એક રાત્રે હું મારા એક મિત્રને ઘેર બેઠો હતો તે વેળા ત્યાં બીજા કેટલાક માણસો હતા, તેમાના બે ધણીઆણીના પિયરના ઓળખીતા હતા, તેમને બીજે દિવસે જમવા તેડવાની તે બાઇને ઇછા હતી માટે પેહેલાં પોતાના વરને પુછ્યું, ને તેણે હા કહી ત્યારે તે મિત્રોને નોતરૂં કર્યું કે કાલે અહીં જમવા આવજો. ગામ હોય ત્યાં ઉકરડો હોય, તેમ ઇંગ્લાંડની બાઇડીઓમાં કેટલીક પોતાના પતિની આજ્ઞામાં રહેતી નથી, અને ખુશી આવે તેમ ઉન્મત્તપણે વર્ત્તે છે. એવું શું આ દેશમાં હોતું નથી? સામાન્ય રીતે જોતાં મારે કહેવું જોઇએ કે ઘણીખરી સ્ત્રીઓ પોતાના ભરથારોની જોડે સંપથી અને નમનતાઇથી ચાલે છે. તેમના સદાચરણ વિશે પણ મારો મત સારો છે. સદગૃહસ્થોના ઘરમાં દુર્ગુણ કરતાં સદ્ગુણનું જોર વધારે ફાવે છે. એથી ઘણાક લોક સુખી છે. ઇંગ્લિશ સ્ત્રીઓ તથા આપણી સ્ત્રીઓ વચે બે વાતે મોટો ફેર છે, પેહેરવેશમાં અને કાબેલિયતમાં. કેટલોક પોશાક હવાની હાલતને લીધે જરૂરનો છે, જેવા કે મોજાં, જોડા, ત્યાં પગ ઉઘાડા મેલી શકાતું નથી. સાડી કે ઓઢણું તેઓ પેરતાં નથી. એક જાતનો જામા પેહેરે છે, તે ગળાથી તે કમર લગી ખૂબ બેસતો આવે છે. હાથે ઢીલો પડે છે ને પોંહોચા સુધી પહોચે છે. કમરની હેઠે મારવાડેણના ઘાઘરાની પેઠે બહુજ મોટો ને પોહોળો રાખે છે; તેનો ઘેરાવ ખૂબ ફુલેલો રહે માટે તેમાં ગજવેલની બે ત્રણ ગોળ પાતળી પટીઓ

શીવી લે છે; જેમ વધારે ફુલેલા તેમ વધારે મોટાઇ ગણાય છે. સ્ત્રીઓના પોશાકનો આ ભાગ મને તો બેડોળ ને હરકત કરનાર લાગ્યો. એ મતને ઇંગ્લાંડમાં ઘણા આદમી મળતા છે. જામાની અંદર બંડીઓ વગેરે અંગમાં ગરમી રેહેવાને પેહેરે છે. કમર પાતળી રાખવાને જે ઉપાય કરે છે તે પણ દુખકારી છે. બહાર જાય ત્યારે માથે ટોપી પેહેરે છે. એમની ટોપીઓનો ઘાટ મરદની ટોપીઓના આકારથી નોખો છે. ઘરમાં માથાં ઉઘાડાં રાખે છે. સ્ત્રીઓના લુગડાનો ખરચ ઘણો ભારે છે. તે પહેરતાં તથા માથું સમારતાં દરરોજ ઘણો વખત જાય છે. ઘરમાં હોય ત્યારે પણ હમેશ સુઘડ અને સુંદર દેખાવવાને તેઓ ઘણી કોશીશ કરે છે. બહુજ ધનવાન હોય તે થોડું ઘરેણું ઘાલે છે. તેના ઘાટ ઘણુજ નાજુક અને રૂપાળા હોય છે. ઘણું ઘરાણું પેહેરવાનો ચાલ નથી. ચોટલાની, ને મોઢાની ખૂબ સુરતીને દીપાવવાનો ચાલ વધારે છે. પોતાના છોકરાને પણ ઘણાજ સુંદર દેખાવના કરે છે. એવા કે જાણે હમણાં ઉડીને આંખે વળગશે. નાજુકાઈ અને વિવેકની હદની બહાર નહીં જવાને બહુ મેહેનત લે છે. આ બધી વાત ઉંચી જાતના લોકને લાગુ પડે છે. આપણા લોકની લાજમાં ને ઇંગ્રેજોની લાજમા ફેર છે. ઉદાહરણ-સાસુ સસરો તથા માબાપના દેખતાં વર જોડે બોલવું, પાસે બેસવું, તેની બગલમાં હાથ ઘાલીને હીંડવું એમા અંગ્રેજો કાંઇ લાજ ગણતા નથી. ત્યાં લાજ કાઢવાનો ચાલ નથી. ને બાઇડી હલકી કે ગુલામ જેવી ગણાતી નથી. ઉપલા વર્ગમાં બાઇડીઓને રાંધવું, ઘરનાં વાસણ માંજવાં, પુંજો કહાડવો વગેરે હલકું કામ કરવું પડતું નથી. તોપણ તેઓ પોતાનો વખત વાતો કરવામાં ગુમાવતાં નથી; પાડોશિણોમાં એકઠાં બેસી ગપો મારવાનો ચાલ ત્યાં નથી. ભરવું, સીવવું, કાંઇ ઘરનું કામકાજ કરવું, વાંચવું, ચિતરવું, વગેરે ઉપયોગી ઉદ્યમ કરવામાં સારા બઇરાં પોતાનો વખત ગાળે છે. જીવને આનંદ કરવાને સારૂ કોઇવાર વાજીત્ર વજાડે છે અને ગાય છે, તથા બે ઘડી દિવસ રહે તે વે-

ળાઓ જાહેર બાગોમાં પોતાના વરની જોડે કે એકલાં ફરવા જાય છે. ભાઈ, બાપકે બીજા કોઇ સગા અથવા મિત્ર જોડે જવામાં હરકત નથી. પોતાના દરજાનો માણસ જોડે હોય ત્યારે તે માનને અર્થે તે બાઈનો હાથ ઝાલી ફીંડે છે. પુરૂષ આગળ ફીંડે ને સ્ત્રી પાછળ ચાલે એવી રીત ત્યાં નથી. બંને હાથમાં હાથ ભેરવી હારે ફીંડે છે. એ રીવાજ અસલ અબળા જાતના રક્ષણને અર્થે નિકળેલો જણાય છે. રસ્તામાં ઘરો અથવા દિવાલ હોય તેણી મેર સ્ત્રીને રાખવી જોઈએ. ધણી જોડે હોય ત્યારે પણ તેથી મોટી પદવીનો માણસ તેની બાયડીના હાથમાં હાથ ઘાલીને ચાલે તેમાં તે બાઈને આબરૂ છે.

૫૯. નારીઓને માન આપવાની રીતોથી એશિઆખંડના રેવાશીઓ આશ્ચર્ય પામે છે. એ સંબંધી હિંદુના અને અંગ્રેજના મતમાં ઘણો ફેર છે. હિંદુ પોતાની સ્ત્રીને દાસી માને છે. ધણીની સેવા કરવી ને તેનાથી ઉતરતી જાતનું પ્રાણી છું એવું બાયડીએ સમજવું, એવા વિચાર હિંદુઓમાં છે. જે જાતની ચાકરી ચાકરડી અને ગુલામ કરે તેવી હાલ પણ કેટલીક શેઠાણીઓને (જેને ત્યાં ચાકરની ખોટ નથી) કરવી પડે છે. પંદરલાખ રૂપીઆના માલિકની બાઈડી વર જમવા બેસે છે, ત્યારે હાથમાં વીંઝણો લેઈ વા નાંખે છે, એ દાખલો મારા પોતાના જાણવામાં છે. ધણી સુવે ત્યારે તેના પગ ચાંપવા, તેને ચોળીને નવરાવવો, વગેરે હલકાં કામો મોટા હિંદુ લોકોની સ્ત્રીઓને કરવાં પડે છે. સ્વામી જમી રહ્યા પછી જમવું, તેનું છાંડેલું ખાવું, તેનો માર ને ગાળ ખમી રહેવા, વગેરે વેચાતી લાવેલી દાસીની પેઠે વરતવું, એ રીતની શિખામણ તથા દાખલા આપણા અનેક ગ્રંથોમાં છે. આજના કાળમાં આ માઠા ચાલ ઓછા થતા જાય છે, ને કેટલાંક બઈરાં ઘરમાં ઘણો અમલ ચલાવે છે, તોપણ ઘણે ઠેકાણે સ્ત્રીના માઠી સ્થીતિ જોવામાં આવે છે. હિંદુ જ્યારે ઇંગ્લાંડ જાય ને સ્ત્રીઓને દેવીની પેઠે પૂજાતી જુવે ત્યારે કેવું નવાઈ જેવું લાગે. ગમે એવા મોટા દરજાનો પુરૂષ હોય તોપણ

તેણું સ્ત્રી આવે ત્યારે ઉઠીને માન આપવું જોઇએ. બેઠકમાં બેઠકો કરતાં બેસનાર વધારે હોય તો મરદોને ઉભા રહેવું પડે ને સ્ત્રીઓ બેસે. મરદો ને ઓરતો એકે વખતે ને એક પંકિતએ બેસી જમે છે ને તેમાં ઊંચો ને સારી જગા સ્ત્રીઓને આપે છે. રસ્તામાં ચાલતાં હોય તે વખત કાંઇ બૈરી પાસે હોયતો તે ભાયડો ઉપાડે છે. ઘરના કારભારમાં બઈનું ઉપરીપણું છે. વર પોતાની વહુને ગાળ દે કે મારે એ ચાલ ઉપલી વરણમાં બીલકુલ નથી. ભાયડો ને બાઈડી ચાલતાં હોય ને બાઈડીના હાથમાંથી રૂમાલ કે ફૂલ કે બીજુ કાંઇ પડયું તો ભાયડાએ નીચાવળી તે ઉપાડી લેઇ તેને આપવું; એક એકથી અજાણ્યા હોય તોપણ તેમ કરવું જોઇએ. તેના બદલામાં બાઇ મોહોમકલાવી ઉપકાર માને. રાજકારભારમાં તેઓ હાથ ઘાલતાં નથી, તોપણ પારલમેંટમાં વખતે ભાષણો અને વિવાદ સાંભળવા જાય છે. વિદ્યા વગેરે બાબતોની જાહેર સભાઓમા તેઓ જાય છે. અને તેમાં પુરૂષો કરતાં વધારે સારો બેસવાની જગા પામે છે. નારી જાતિને માન આપવું એ રસમ હાલના વખતમાં નિકળેલી નથી, એમના પૂર્વજોથી ચાલતી આવેલી છે, તથાપિ લોકોમાં સુધારો થવાથી કાંઇ ફેરફાર થયો છે ખરો. જે અંગ્રેજી સ્ત્રીઓને એવું માન મળે છે તેઓ તે પામવાને લાયકછે. તેમને ઘેર જઇએછીએ ત્યારે તેમના વિવેકથી આપણું મન ઘણું આનંદ પામે છે. સભ્યતાથી તથા નાજુકાઇથી તેઓ વાતચીત કરે છે, બેસાડે છે, ખબર અંતર પુછે. વિદ્યાથી તથા કેટલીક કળાથી પોતાની જાતને ખૂબ દીપાવે છે. તેમની સ્વચ્છતા તથા સુઘડતાઇ ઘણીજ વખાણવા જોગ છે. સદગુણમા તેઓ બીજા દેશના બઇરાંથી જરાએ ઉતરતાં નથી. તેમની કેળવણીનું ફળ પ્રજા સારીપેઠે ભોગવે છે. વખતે કોઇ સ્ત્રીઓ તો એટલી વિદ્વાન થાય છે કે, સારા ગ્રંથો રચે છે. તેમને એક કોરે મૂકતાં બાકીનીઓને વિષે પણ મારે કહેવું જોઇએ કે તેઓને યોગ્ય છે તેટલું સઘળું શિખે છે. તેઓ સદગુણ સંપૂર્ણ છે એવું કહેતો નથી. માણસ જાતની અપૂર્ણતા તેઓમાં છે, તોપણ જે

નારીઓને કેળવણી મળતી નથી, તેઓથી વધારે ગુણવાન છે. સ્ત્રી કેળવણીનું કામ બહુ સારૂં ચાલે છે. પરપુરૂષની જોડે લાજ ન કરતા તેમની જોડે યોગ્યતા તથા વિવેકથી બોલવાનો દસ્તુર છે, તેથા એ દેશમા અનીતિ વધારે નથી. કેળવણી પામ્યાથી તથા ચોપાનિયાં તથા વર્ત્તમાનપત્રો વાચવાની ટેવથી તેઓ પોતાના ઘરની સંભાળ ભુલી જતાં નથી. કેળવાયલી નારીઓમાંની પણ કેટલીક કુભારજા નિકળે છે, તોપણ મારા જોવામાં એવું આવ્યું કે આપણા દેશ કરતાં ઇંગ્લાડના પુરૂષો સ્ત્રીનું સુખ વધારે ભોગવે છે. ધણી મરી જાય ત્યારે પુનરલગ્ન કરવાની મના નથી. એક બાયડી જીવતી હોય ત્યાં સુધી બીજી પરણાતી નથી. પાદશાહ પણ એક ઉપર બીજી કરી શકતા નથી. બંનેને અણબનાવ થયે છેડો ફાડી અપાતો નથી; બાઇડીએ કે ભાયડાએ જારકર્મ કર્યું છે, એવું કોર્ટમાં સાબીત થાય ત્યારેજ તે પરણતર ફોક કરી ફરી પરણવાની પરવાનગી મુશકેલીએ આપે છે. હમેશ ધણી વઢવાડ થતી હોય તો કોર્ટ જૂદા રહેવા દેછે, ને તેમાં જો તકશીર ધણીની હોય તો બાઇડીની ખોરાકી પોશાકી અપાવેછે. ધણીઆણીના મરણ પછી તેની બેન જોડે પરણવાની મના છે, તેમ કેટલાક સગા જોડે પરણવાની પણ મના છે.

૬૦ અંગ્રેજ લોકમાં જાતિભેદ નથી. કોઇને અડકવાથી અભડાઇએ છીએ, અથવા કોઇનું પાણી પીધાથી કે રાંધેલું ખાધાથી વટલાઇએછીએ, એવું તેઓ માનતા નથી. ખ્રીસ્તી ધર્મમાં વર્ણભેદ પાળવાનું ફરમાવ્યું નથી. ખ્રીસ્તીઓ સઘળા માણસને એકજ જાતના માને છે; પછી ગમે તે ધંધો કરતો હોય, અથવા ગમેતેવા કુળનો હોય. જાતિભેદની સકત બેડીથી ફક્ત હિંદુઓજ કેદમાં છે. તેથી દરેક હિંદના હાથ પગ ને મો ત્રણે બંધાએલાં છે; પૃથ્વીના બીજા બધા લોકો એ દુખકારી બંધનથી છુટા છે. પૃથ્વી ઉપર આશરે સો કરોડ માણસની વસ્તી છે તેમાંના આશરે તેર કરોડ આદમી એક એકનું ખાધા પીધાથી વટલવાનું માને છે, બાકીના ૮૭ કરોડ માણસો એક એકને ભાઇ પ્રમાણે ગણે છે, ને એક બાપ (પરમેશ્વર)

ના છોકરાં સમજી વગર હરકતે એક એકનું ખાય પીએછે. એ માટે તેઓ સઘળા શું નર્કના અધિકારી કે? આ બાબતપર વિચાર કરવો હિંદુને કઠણ પડે છે, ને ગમતો નથી. પણ તેની તપાસ કર્યા વિના છુટકો નથી. ને આખરે કરવી પડશે તો હાલ શા સારૂં ન કરીએ? અંગ્રેજ લોક જાતિભેદ પાળતા નથી, પણ પંક્તિભેદ અથવા પદવી ભેદ પામે છે. મોચી કે દરજીનું રાંધેલું મોટા માણસ ખાય પણ તેની જોડે બેસીને નહીં. સૌ સૌના દરજ્જા ગણુજવા છે, ને ખાવા પીવા બેસવા ઉઠવામાં તે પ્રમાણે વરતવું જોઈએ. હિંદુઓમાં જેમ જાતિભેદ હદથી વધારે છે, તેમ અંગ્રેજોમાં પદવીભેદ જોઈએ તેથી વધારે છે; એ તેમના ડહાપણમાં ખામી છે. ગુણ પ્રમાણે કાંઈક તફાવત માણસ માણસમાં છે, પણ અંગ્રેજો પાળે છે તેટલો નથી. વળી કુળભેદ પણ તેમનામાં છે. ઊચવરણ ને નીચવરણ વચ્ચે કન્યા વેહેવાર ઘણો ઓછોછે, તેમ નીચકુળનાને ઊચકુળની છોડી મળવી મુશકેલ છે, ઊંચકુળવાળા નીચકુળની કન્યા ઘણું કરીને લેતા નથી, તથાપિ એક એકનું રાંધેલું ખાવામાં વટલાતા નથી. જેઓ ઊંચા કુળના છે તેઓને "જેન્ટલમેન" કેહે છે, ઊંચકુળની સ્ત્રીને 'લેડી' કહે છે. નીચવરણ અથવા નીચકુળના હોય તેઓ પોતાના ગુણે કરીને ઊંચવરણમાં દાખલ થે શકે છે; એ ઠીક છે.

૬૧. ઘણોજ મનોરંજક તથા માણસ જાતને ઉપયોગી વિષય ધર્મ છે. વાંચનારને જાણવાનું સેહેજ મન થશે કે જે દેશ મેં જોયો ત્યાંના લોકશીઓ ધર્મ માનેછે. આ દેશમાં અંગ્રેજો રાજ્ય આવે છે, તથા તેમના ધર્મના ઉપદેશકો પણ કોઈ કોઈ ઠેકાણે પોતાનો ધર્મ પ્રગટ કરવાને રહેછે, તેથી એમના ધર્મનું નામ તથા તેના થોડાં ઘણાં લક્ષણ ઘણા લોકના જાણવામાં આવવા જોઈએ. એમના ધર્મને ખ્રિસ્તી ધર્મ કહે છે. ગુજરાતમાં ઇસુ ઉપરથી ઇસવાસી ને તે ઉપરથી અથવા વિસવાસ ઉપરથી વિસવાસી નામે તે ઓળખાય છે. ઇસુ ખ્રીસ્ત એમના પ્રભુનું નામ છે. એનો ધર્મ આખા યુરોપમાં મનાય છે. એના મરણને દિવસથી ઇસવીસન ચાલતો થયો છે. એ ધર્મમાં

ઘણીક બારીક, ગુહ્ય, તથા ગુચવણ ભરેલી વાતો છે, તેનું વર્ણન કરવાનું તથા તેઓ વિષે મત આપવાનું આ ઠેકાણું નથી. ખ્રિસ્તીઓમાં ઘણાક પંથો છે, તથા એમાંના કેટલાક પંથોને શાખા છે. બધા ખ્રીસ્તીઓ માને છે કે ખ્રીસ્ત પોતાના ભકતોને પાપથી છોડાવી પરમેશ્વર પાસે માફ કરાવશે. માટે તેઓ તેની પ્રાર્થના કરે છે કે તુંજ તારનાર છે, અને માણસ અને પરમેશ્વરની વચ્ચે પડી ક્ષમા કરાવનાર છે. ઈંગ્લાંડના ઘણાખરા લોક પોતાના દેવળમાં ખ્રીસ્તની અથવા બીજા કોઈની મૂર્ત્તિ રાખતા નથી. ત્યાં પ્રાર્થના કરવાને મુકરર કરેલા વખતે જઈને બેસે છે. ઉપદેશક ઉંચે સ્થાને ઉભો રહીને શાસ્ત્ર વાચે છે, અને પ્રાર્થના કરે છે, તે બીજા બધા સાંભળે છે, ને તેમાં કોઈવાર જોડે બોલવા લાગે છે. ત્યાં ઘણા દીવા કરે છે, તથા વાજીંત્રથી ગાયન થાય છે. ઉપદેશકોને પગાર મળે છે, ને તેઓ સારા ગૃહસ્થ તથા ભણેલા હોય છે. દર રવિવારે તથા બીજે કેટલેક પ્રસંગે દેવળમાં પોતાને સ્થાને ઉભા રહીને લોકને બોધ કરવો પડે છે. જેઓ ભાવથી ને ચતુરાઈથી ભાષણ કરે છે તેઓ વખણાય છે. એ તથા બીજી ધર્મની ક્રિયા કરતીવેળા તેમને અમુક તરેહનો પોશાક પેહેરવો પડે છે. તેમને મદદ કરવાને તેમના હાથ હેઠે બીજા માણસો હોય છે. દેવળમા તથા પોતાના ઘરમાં સઘળા લોક જોડા સુધાં પેસે છે. સ્ત્રીઓ દેવમંદિરમા માથે ટોપીઓ રાખે છે. પણ પુરૂષને ઉતારવી પડે છે. ટોપી ઉતારવી એ માન આપવાની નિશાની છે. હર કોઈના ઘરમા પેસતીવેળા ટોપી ઉતારવી પડે છે. દેવાલયમા સારે લુગડે જવું જોઈએ. એ દેશમાં પણ મરદ કરતાં ઓરતને ભકિત વધારે હોય છે. વિદ્યા કળાએ કરીને માણસનું મન જેમ વધારે કેળવાય છે, તેમ તેના ધર્મનો રંગ ફરે છે, એમ ખ્રીસ્તી ધર્મને પણ થયું છે. હાલ તે ઇંગ્લાંડમાં સારી હાલતમાં છે તેનું કારણ ત્યાંનો સુધારો છે; તથાપિ તેના મૂળતત્વો તો વખાણવા જોગ છે. ક્રિયા અને ઢોંગ તેમાં ઝાઝા નથી. માણસને ચોતરફથી બાંધી લેતા નથી, ને તેની ઇચ્છા પ્રમાણે વર્ત્તવાને કેટલીક હદમાં

છુટ આપે છે. પશુ, પક્ષી, અને મછને ખાવા માટે વધ કરવાની મના નથી, પરંતુ માણસ જાત ઉપર દયા તથા પરઉપકાર કરવાનું ઘણુંજ પુણ્ય કહ્યું છે. ઘણા અંગ્રેજોમાં એ ગુણો છે. એ ધર્મ પ્રમાણે માણસ મુવા કેડે તેનો ફરી જન્મ થતો નથી, તેમ તેનો તુરત ઇનસાફ પણ પરમેશ્વર કરતો નથી. દુનીઆની આખર આવશે ત્યારે સર્વેને ઇસુ કબરમાંથી ઉઠાડશે, ને તજવીજ કરી કર્મ પ્રમાણે કોઇને સર્વકાળ સ્વર્ગનું સુખ આપશે ને કોઇને સદાકાળ નર્કવાસી કરશે.

---

## પ્રકરણ ૯ મું.

૬૨. ઇંગ્લિશ લોકોના લક્ષણોથી વાકેફ થવું એ ત્યાંની મુસાફરીનો સૌથી મોટો લાભ છે. સર્વેના જાણ્યામાં છે કે એ પ્રજા દોલત, આબાદી, વિદ્યા, હુન્નર, કેળવણી રાજરીતિ, વેહેપાર, ખેતી વગેરેમાં હાલ પેહેલે દરજ્જે છે. એથીજ કરીને બીજા દેશો કરતાં ત્યાં જવાથી વધારે ફાયદો છે. કીઆ કારણોને યોગે કરીને એવી અદેખાઇ કરવા જોગ સ્થિતિ એ દેશ પામ્યો હશે તે અવશ્ય જાણવું જોઇએ. અંગ્રેજી પ્રજાના સ્વભાવ તથા લક્ષણોથીજ એ બધું થયું છે. એ વાત સારી સમજાવવાને હું આ પ્રકરણમાં તેમના અને મારા સ્વદેશીઓના ગુણોને ઘણે ઠેકાણે સરખાવીશ, એ દેશ ગુજરાતથી મોટો નથી, તથા ત્યાંની જમીન ગુજરાતના જેવી સારી નથી. ધોળા ઘઉં તથા પીસ નામે એક જાતની તુવેર બહુ અને ઘણી સરસ ત્યાં થાય છે. ડાંગર જેવું ઉપયોગી ધાન્ય પાકે તેટલો તાપ ત્યાં પડતો નથી. ઘણેક ઠેકાણે ડુંગરો છે, વગેરે આપણાથી કેટલાક ગેરફાયદા ભરેલી હાલતમાં ઇંગ્લાંડની સ્વાભાવિક હાલત છે, તોપણ જુવો ત્યાંના રહેવાસીઓના ગુણોથી કેટલી બધી ઊંચો પદવીએ પહોંચ્યો છે; આ દેશથી તે હજાર ઘણો ધનવાન તથા બળવાન મને લાગ્યો. એટલી બધી મોટાઇ, આબરૂ, અને સુખ દૈવ જોગે એટલે નસીબથી તેમને

મળ્યાં નથી, તેમનાં આચરણ અને મેહેનતથી મેળવ્યાં છે. તેમ આ દેશની દુર્દશા દેશીઓના નબળા ગુણોને લીધે થઈ છે. પરમકૃપાળું પરમેશ્વર અન્યાઈ નથી. તે કોઇને ઓછા વધતા ગણતો નથી. હિંદ અને અંગ્રેજ, અરબ અને ચીના, સર્વે તેના મનને સરખા છે. પરંતુ તે સઘળી પ્રજાઓને તેમના ગુણ દોષ પ્રમાણે સુખ દુઃખ મોટમ અને નામ બક્ષે છે. અંગ્રેજ લોકના મુખ્ય ગુણો ઉત્સાહપૂર્વક તથા અચળપણે કામ પછવાડે મંડવું તથા તે ઉપર ખંત રાખવી, હિંમત, સહાસ, વિદ્યા તથા સત્ય ઉપર પ્રીતિ, સ્વસ્થતા તથા સ્વતંત્રપણું આત્માભિમાન અને સ્વદેશાભિમાન અને રાજભક્તિ છે, જે પ્રજામાં આ ગુણો છે તે શું નહીં કરી શકે? ને શા વિના રહેશે?

૬૩. ઉત્સાહપૂર્વક એટલે જોસાથી ઉદ્યોગ કરવો, અને જે વાત લઈ બેઠા તે ઉપર અચળ રહેવું એટલે ગમે તે થાય પણ તેને છોડી દેવી નહીં, ને ખંત રાખીને પુરી કરવી, એ ગુણ અંગ્રેજ લોકનું મોટું લક્ષણ છે. એથી તેઓ ઘણો લાભ પામ્યા છે. ધન મેળવવાનું તથા સુધારો કરવાનું એ એક મુખ્ય સાધન છે. ગરીબ અને તવંગર નાના અને મોટા સર્વેમાં, એ ગુણ અતિ ઘણો જોવામાં આવે છે. ઘોડાની સરતની પેઠે ત્યાં ઉદ્યોગની સરત થતી હોય તેવું જણાય છે. બજારમાં અને ખેતરમાં, વખારમાં, ખાણમાં, ને બંદર ઉપર અતિ ઉમંગથી ને ઝડપથી હમેશ કામ ચાલે છે. એ ગુણવડે તેઓ ઘણો માલ ઉત્પન્ન કરી શકે છે, ને તેથી તેમનો વેપાર ઘણો બાહોળો ચાલે છે, અને ખૂબ દોલત મળે છે. હારી જવું, નિરાશ થવું, કામથી કાયર થવું, થોડામાં તૃપ્ત થઇને બેસવું એ ગુણો આપણા લોકમાં પ્રબળ છે, પણ અંગ્રેજના સ્વપ્નામાં પણ નથી આવતા. મેહેનત વ્યર્થ ગઈ તો ફરીને કોશીશ કરવી, એજ તેઓ સમજ્યા છે. એક અંગ્રેજ એક દહાડામાં જેટલું વણી શકે, કે બેડી શકે કે ઘડી શકે તેટલું તેટલાજ વખતમાં ચાર હિંદુ મળીને પણ ન કરી શકે. એ બે પ્રજાની હાલતમાં ફેર છે, તેનું એક મોટું કારણ એ છે. બેના શરીરબળમાં પણ ફેર છે, અને બુદ્ધિબળ અને નીતિબળમાં અંતર પડી ગયો છે.

બકસટન નામે એક અંગ્રેજ થઈ ગયો તે કેહેતો હતો કે "બ-ળહિન અને બળવાન, તુચ્છ અને મહાન એવા માણસોમાં ફેર પડે તે ઉત્સાહ, અજીત, નિશ્ચય, એક કામ કરવું નકી કર્યા પછી તો મ-રવું કે તે પાર પાડવું, એ ગુણો ન હોય કે હોય તેથી પડે છે. આ દુનિયામાં જે થઇ શકે છે તે સઘળું એનાથી કરાય; બુદ્ધિ, વગ, સી-ફારસ, જોગવાઈ કે બીજા કસાથી બે પગનું પ્રાણી માણસ થતું ન-થી." આ કેવળ ખરૂં છે, અંગ્રેજલોક એ સારી પેઠે સમજે છે ને એમ વરતે છે. હિંદુઓમાં એ ગુણ ઘસાઈ ગયો છે. ઇસપનીતિમાં સસલા અને કાચબાની વચ્ચે મુકાબલો કર્યો છે, તેવો હિંદુ અને અં-ગ્રેજ વચ્ચે થઈ શકે. હિંદુનું મન ચપળ છે, પણ તે ઉતાવળે થાકીને અટકી જાય છે. ઇંગ્લિશમેન ધીમો પણ અંત આણે ત્યારેજ ખ્યાલ મૂકે એવો છે, ઘણા બુદ્ધિવાન તથા મોટી શોધો કરનારા માણસ ઇંગ્લાંડમાં થોડા થયા છે, જેટલું તેમણે સારૂં કર્યું છે તેટલું અ-થવા વધારે સારૂં ઉત્સાહી, ખંતીલા, અને હિંમતવાન માણસોએ કર્યું છે. અંગ્રેજલોક હિંમત હારતા નથી. તેઓની હિંમત ખાલી અથવા કમી થઈ જતી નથી. ફક્ત ઉદ્યોગ અને આગ્રહથી અજાએ-બ જેવાં મોટાં ફળ મેળવ્યાં છે. તુરત કાંઈ પણ ફળ અથવા ફતે મળશે એવી આશા વિના વરસના વરસ સુધી હજારોએ મેહેનત કરી છે, હાલપણ કરે છે. તુરત લાભ થતો હોયતોજ હિંદુ મેહેનત કરે ને તે કામમાં જીવ ઘાલે પણ અંગ્રેજ દીર્ઘ દૃષ્ટિએ જુવે છે. ગમે એવી અડચણો પડે, મેહેનત હોય, દરિદ્રતા અથવા બીજાં કોઇપણ જાતના સંકટથી તે પાછો હઠશે નહીં, હાલના હિંદુમાં એ ગુણ નથી. કાંઇ સારૂં કામ કરવા માંડે છે અથવા કરવા ઇચ્છે છે ને લોક સામા થાય અથવા બીજી હરકત પડે છે, એટલે હિંદુ તેને પડતું મૂકે છે, અંગ્રેજ તેમ કદી કરતો નથી. જેમ હરકત વધે તેમ તેની હોસ વધે છે. જે સારૂં કામ અંગ્રેજે કરવા ધાર્યું હોય તે લોકને પસંદ ન પડે ને તેઓ નિંદા કરે અથવા બીજી રીતે હેરાન કરે તોપણ ડરે નહીં, અને એ કામ સારૂં છે માટે આવતા જ-

માનાની પ્રજા સ્વિકાર કરશે. ને સારૂં બોલશે એવી આશાએ તે કર્મો જાય છે. હિંદુઓમા કેહેવત છે કે "યદ્યપિ શુદ્ધમ્ લોક વિરૂદ્ધમ્ નાચરણીયમ્ નાકરણીયમ્" એવી નામરદી કેહેવત અંગ્રેજી ભાષામાં છેજ નહીં.

૬૪. અંગ્રેજ લોકોનું મન સહાસીક છે. અને સુધારો તથા વધારો કરવાને હરનીશ આતુર રહે છે. હમેશ એક સરખી હાલતમાં રહેવાને તેઓ કાયર છે, અંગ્રેજો પૃથ્વીના હરેક ભાગમાં જાય છે, સ્વદેશનો માલ વિદેશોમા વેચે છે, અને જે માલ પોતાના દેશમાં બનતો ન હોય અથવા બનાવવો મોઘો પડતો હોય તે પરદેશોથી લાવે છે, એથી વેપાર રોજગાર અને ધનની ઘણી વૃધિ થાય છે. દરીઆનાં તથા પવનનાં તોફાન સહિ તથા દેશવિદેશના તાઢ તડકા ખમી તેમનાં શરીર કઠણ થાય છે, અને હિંમત કસાય છે. જ્યાં તેઓ જાય છે ત્યાંથી વિદ્યા, હુનર અને ડહાપણ શિખી લાવે છે. કોઈકની મેહેનત વ્યર્થ પણ જાય છે, કેટલાંક વહાણો દરીઆમાં ડુબે છે પણ ખરાં, પરંતુ એકની આશા ભંગ થયાથી કે તેને નુકશાન થયાથી બીજો ડરતો નથી. ભય ભરેલા કે જોખમવાળા કામ કરતાં ઇંગ્લિશ પ્રજા બીહીતી નથી. જે કરે છે તે વિચારીને કરે છે, પરંતુ દુઃખ કે નુકશાનથી પાછા હઠતા નથી. મોટી સફરો કર્યાથી અંગ્રેજ લોકનું બુદ્ધિબળ અને શરીરબળ વધ્યું છે. જનાનામાં પુરી મૂકેલી બાઈડીઓની પેઠે હિંદુઓ ઘરમાં બેસી રેહેથી બધી વાતે કમજોર થઇ ગયા છે, તથા દુનીઆથી કેવળ અજાણ્યા રહ્યા છે. કોઈ બાયલી પ્રજા હજુ સુધી આબાદ થઇ નથી. બાપ કરતાં સરસ થવું એમા અંગ્રેજો મોટાઈ માને છે, બાપ કરતાં સરસ થવું એમાં હિંદુઓ નામોસી ધારે છે. પોતાના બાપદાદાના કરેલા કાયદા ખોટા હોય તે રદ કરવા, અને ભૂલ ભરેલા હોય તો સુધારવા જોઇએ એવું અંગ્રેજો સમજે છે; બાપદાદાના કાયદા જેવા હોય તેવા માનવા તેમાં કાંઇ ફેરફાર કરવો નહીં એવું હાલના હિંદુઓનું મત છે. એ બે પ્રજાની હાલતમાં મોટા ફેર પડવાનું એક મોટું કારણ એ છે.

૬૫. સ્વસ્તા અને સ્વતંત્રપણું એ સદ્ગુણો અંગ્રેજી પ્રજાનું બહુ કલ્યાણ કરે છે. તેઓનું વર્ણન તથા ખુબી ગુજરાતી ભાષામાં કહેવા કઠણ છે, કેમકે એવા વિચારો ગુજરાતી લોકમાં નથી, ને તેથી કરીને એ વિશે વાપરવાને ઘટતા શબ્દો મળતા નથી; એ સદ્ગુણોનું મૂળ આત્માભિમાનમા રહેલું છે. આત્માભિમાન જાણે બીજ છે ને તેનું એ ઝાડ અથવા ફળ કહીએ તો ચાલે. અહંકાર કરવો એ દુર્ગુણ છે, પણ પોતાને તુચ્છ ગણાવું કે અપમાન સહેવું એ તેનાથી મોટો દુર્ગુણછે. અહંકાર અને આત્માભિમાન એ એક એકથી ઉલટાછે, હું પણ મોટું માણસછું, કે વિદ્વાન છું, કે ધનવાન છું વગેરે મનમાં ધારવું, પછે તેવા હોઈએ અથવા નહોઇએ ને ડોળ દેખાડવું, બીજાઓનો તીરસ્કાર કરવો એ અહંકાર છે, ને મોટો દુર્ગુણ છે; પરંતુ પોતાને કોઇ નઠારો અને નીચ પ્રાણી ન ગણે એવું ઇચ્છવું એ સારો ગુણછે. ગરીબ હોવામાં લાજ નથી પણ તુચ્છ હોવામાં ઘણી છે. જે તુચ્છ ગણાવવામાં જેમ શરમ ઓછી સમજે તેમ તેના મનમાં આત્માભિમાન ઓછું. અંગ્રેજ લોકમાં એ સદ્ગુણ પુષ્કળ છે; હિંદુઓમાં એ કમ છે. આત્માભિમાન એટલે શું તે ઉદાહરણથી સમજાવું છું. ચેલટનહામ શેહેરનો એક ખ્રીસ્તી ધર્મગુરૂ મારો મિત્ર હતો, તેણે અંગ્રેજ અને હિંદુના લક્ષણમાં ફેર બતાવવાને નીચેની વાર્તાનો દાખલો આપ્યો તે એવો કે, કેટલાક વરસ ઉપર એક અંગ્રેજ જે હિંદુસ્તાનમાં ઊંચી પદવીએ હતો તે લાગ લાગટ ત્રીશેક વરસ ત્યાં રહી ઇંગ્લાંડ પાછો આવ્યો. પેહેલો વહાણમાંથી લિવરપુલ શેહેરમાં ઉતર્યો. ભાડાની બગીમાં બેસી કોઈ ઓળખીતાને ઘેર મળવા ગયો હશે, તે ઘર આવ્યું ત્યારે ગાડીમાંથી ઉતરી ખીસામાંથી હાથમાં નાણું લીધું ને તેમાંથી ગાડી ભાડુ આપતો હતો, એવામાં કોઇ મજુર જતો હતો તેનાહાથનો હડસેલો લાગ્યો, તેથી તે રસ્તામાં વેરાઇ ગયું. મજુરને એ માલમ નહીં તેથી તે ચાલતો થયો. પેલા સાહેબે તુરત પાછળ જઇને તેને લાત મારી ને ગાળો ચોપડી. મજુરે પાછો ફરી ઝટ એક તમાચો લગાવ્યો. લોક જોવા મળ્યા ને બંનેને છુટા પાડયા. પૈસા વેરી નાખી

સામા તમાચો માર્યાને સારૂં સાહેબે તેના ઉપર ફરીઆદી કરી. મજુરે જવાબ દીધો કે માર્ગમાં ભીડ ઘણી હતી, તેથી મારૂં શરીર એના હાથ સાથે અજાણે અથડાયું હશે; એણે તે વાત મને કહી હોતતો હું માફ માગત, નાણું વીણીઆપત અથવા ભરી આપત. પરંતુ એણે મને ઉઠાવતાને પાટુ ઝાપટ્યું તેથા મારૂં ઘણું અપમાન થયું, માટે મારે મારો બચાવ કરવો પડ્યો. હું ગરીબ આદમીછું તથાપિ આબરૂદારછું, મજુરી કરીને પ્રમાણિકપણે મારૂં પેટ ભરૂંછું. માજીસ્ટ્રેટે તે મજુરને નિરપરાધી ઠેરવ્યો, અને તેની ફરિયાદ ઉપરથી પેલા સાહેબનો ભારે દંડ કરચો ને કહ્યું કે તમે ત્રીશ વરસ સૂધી હિંદુસ્તાનમાં રહ્યા તેથી ઇંગ્લાંડના કાયદા અને રીવાજ ભુલી ગયા જણાઓ છો. આ દેશમાં કોઈ ગુનો કરેતો તેનો ઇનસાફ કરી તેને સજા કરવાનો અધિકાર કેટલાક અધિકારીઓને કાયદા પ્રમાણે સોંપાયો છે, તે ઉપર તમે ધ્યાન નપહોંચાડતાં કાયદા વિરૂધ્ધ વર્ત્યાછો, તે મોટુ શરમ ભરેલું કામ કરયુંછે. ઇંગ્લાંડમા સરવે માણસને આત્માભિમાન છે, તે ઘણું યોગ્યછે. આ દેશમાં મોટા માણસ પણ ગરીબોનું અપમાન કરી શકતા નથી. તમે હિંદુસ્તાનમાં છો એ ભુલી જઈઇંગ્લાંડમાં છો એવું યાદ રાખવું. અહીં"ધનવાન અને નીરધન, સરકારો અમલદારો અને રૈયત કાયદાની નજરમાં સરખાછે." ઇંગ્લાંડથી પાછો આવીને થોડે દહાડે મુંબઇથી હું માથરાન ગયો. તે દિવસે આગગાડીમાં કેટલાક સાહેબ લોક હતા તેઓ પણ જે સ્ટેશન ઉપરથી મથરાન જવાય છે ત્યાં મારી જોડે ઉતર્યા. તેમનો સામાન ઉતર્યો એટલે કેટલાક હેલકરી (મજુર) તે ઉપાડવાને આવ્યા. એક સાહેબે પોતાની પેઠી ઉપાડવાને એક મજુરને કહ્યું, પણ તે ભારે ઘણી હતી તેથી તેનાથી ઉચકાઇ નહી. તેણે સાહેબને કહ્યું કે મારા એકલાથી ડુંગર ઊપર નહીં લેઈ જવાય, સાહેબે તેને સુવર ગધા વગેરે ગાળો ચોપડીને એક ઠોંસો ને એક લાત મારી, પણ તેથી પેઠી હલકી થઇ નહીં, તથા બાપડા મજુરનું બળ વધ્યું નહીં, પણ તે રોવા લાગ્યો. ગુસામાં ને ગુસામાં જઈ એક બીજા મજુરની ગરદન પકડીને હડસેલા

મારતો પકડી લાવ્યો. સાહેબ લોક તથા સરકારી દેશી અમલદારો બધા એમ કરેછે, જવલે કોઇજ સારો આદમી હોયછે. જેઓને આ પ્રમાણે ખમવું પડે છે તેઓને દુઃખ થાય છે, તથાપિ ઇંગ્લાડના લોક જેટલું માઠું લાગતું નથી, કેમકે તેમનામાંથી આત્માભિમાન જતું રહ્યું છે. આપણા દેશમાં તો ઉપરની વાતમાં કહ્યા તેવા મજુર નથી, ને એવા માજીસ્ત્રેટ પણ નથી.

બીજું ઉદાહરણ—વળી મેં એવી કહાણી સાંભળીછે કે એક ગૃહસ્થ પોતાનું કામકાજ વગેરેને સારૂ અંગ્રેજ ચાકરો કરતાં ફ્રેંચ ચાકરો વધારે પસંદ કરતો. તેને તેના એક દોસ્તે તેનું કારણ પુછ્યું, ત્યારે તેણે ઘંટડી[1] વગાડી ફ્રેંચ ચાકરને તેડ્યો ને ખૂબ રોફથી ફરમાવ્યું કે જાઓ નીચેથી ફલાણું લાવો. તે વસ્તુ ત્યાં નહોતી તેથી પાછો આવી કહ્યું સાહેબ તે ત્યાં નથી, એટલે સાહેબે રીસમાં ઉઠી એક થપડ મારી કહ્યું બેવકુફછે, ત્યાં નથી તો બીજે ઠેકાણે જો. બીચારો ઘભરાતો ઘભરાતો શોધવાને ચાલ્યો. પછી તે સાહેબે અંગ્રેજ નોકરને બોલાવ્યો ને ક્રોધથી બીજા ઓરડામાંથી કાંઇ લાવવાનું ફરમાવ્યું. નોકર ગયો ને શોધ્યું પણ તે જડ્યું નહીં, ત્યારે આવીને કહ્યું સાહેબ તે ત્યાં નથી. સાહેબ ગાળો ભાંડીને જોસાબંધ મારવા ગયા, એટલે નોકરે તેનો હાથ પકડી લેઇ કહ્યું રાખો સાહેબ મારો કાંઇ વાંક નથી, ને વાંક હોય તો તમને ગાળોદેવાનો તથા મારવાનો અખતીઆર નથી, હું આજથી રજા લેઉ છું; એમ કહી પોતાને ઘેર ગયો. પેલા ગૃહસ્થે પોતાના ભાઇબંધને કહ્યું, ફ્રેંચ ચાકર પસંદ કરવાનું કારણ જોયું. ભાઇબંધે કહ્યું હા, પણ એમાં તમારી કસુર છે, જેને ઘટતું આત્માભિમાન નહીં તે ઘણું કરીને સારો માણસ હોતો નથી. આ બંને વાતો કદાપિ બની નહીં હશે પરંતુ ઇંગ્લિશ લોકમાં ચાલે છે ખરી, ને તેથી આત્માભિમાન ઉપર તેમની પ્રીતિ કેટલીબધી છે તે જણાય છે. એ ગુણે કરીને તેઓ તવંગર અને ગરીબ, અમીર અને મ-

---

[1] ચાકરને ઘાંટો કહાડી બોલાવ્યાને બદલે ઘંટડી વાગે એટલે આવવું એવું શિખવે છે.

જુર સર્વે એક એકનું યોગ્ય માન રાખે છે.

ખરા આત્માભિમાનથી માણસ મગરૂર થતું નથી. તેથી તે હિમતવાન, ઉદ્યોગી અને સત્ય ભાષણ કરનાર થાય છે. ઇંગ્લાંડના ઉદ્યોગનું, હિંમતનું, સારા કાયદાનું તથા સ્વાધિન્તાનું મૂળ આત્માભિાન છે. હું માણસ છું ને મને જેટલું માન ઘટે છે તે સંપાદન કરવાને તથા સારી રહેણીવડે તે સાચવવાને મારે કોશીશ કરવી જોઈએ એવું તેઓ સમજે છે, તથા તેના બચાવને સારૂ પોતાનો પ્રાણ ખોવા તઇઆર છે. ઇંગ્લાંડમાં કોઇને જૂઠો કોહો અથવા બીજી કોઇ ગાળ દો તો તરત તે પોતાની આબરૂનો જવાબ માગશે. તેનાથી અપમાન ખમાતુંજ નથી; ગુજરાતી લોકો અપમાન એટલે શું તે બાપડા પુરૂં સમજતા પણ નથી. અહીંના રેલવેના માણસો તથા સરકારી સિપાઇઓ વગેરે, જેટલું લોકનું અપમાન કરે છે, તેને સોમે હીસે ઇંગ્લાંડમાં ત્યાંના રેલવેવાળા તથા સરકારી માણસો કરેતો ત્યાં કેર વરતાઇ રહે, ને કોણ જાણે શું થાય. તોપણ કાયદાને જેટલું માન ત્યાં છે તેટલું બીજા થોડાજ દેશોમાં છે. યોગ્ય નમ્રતા અને ખરો વિવેક આત્માભિમાનના સાથીછે, આત્માભિમાન રહિત આદમીઓ ઘણું કરીને ખુશામતખોરા, જૂઠાં વખાણ કરનારા, પરતંત્ર, ગર્વીષ્ટ, અને અવિવેકી હોય છે. જે અંગ્રેજો હિંદુસ્તાનમાં આવે છે તેમાંના ઘણાને પોતાની જાતિના સદ્ગુણો દેશીઓમાં જોવા ગમતા નથી. ભાટ ચારણના જેવા લોક ઇંગ્લાંડમાં નથી. ગરજ હોય તેની કને જઇ તેના મોઢે વખાણ કરવાનો ચાલ ત્યાં નથી.

૬૬. સ્વસ્તા એટલે પોતાની લગામ પોતાના હાથમાં રાખવી. ઘોડાના મોંમાં લગામ ઘાલીને પકડી એટલે ઘોડો પરાધિન કહેવાય. તેમજ ચાર ભાઇ એકઠા રહેતા હોય તેમાંના જેનું ઘરમાં ચલણ હોય તે વિના બાકીના પરતંત્ર કહેવાય, વળી જેઓ બીજાના કહેવા અથવા કરવા પ્રમાણે વરતે, જો કોઇ ગ્રંથમાં લખ્યું હોય કે ગધેડાની પૂજા કરવી, માટે જે કરે, તે તથા બાપ બાવળીઆની પૂજા કરતો માટે છોકરો કરે, જેઓ પોતાના ઘરનો અને દેશનો કારભાર પોતે

કરી શકતા નથી, તેઓ પરતંત્ર કહેવાય. પોતે વિચાર કરે ને જે ઠીક લાગે તેમ ચાલે તે પોતાની સ્વસ્તામાં અથવા સ્વાધીન કહેવાય. અંગ્રેજી પ્રજાને સ્વસ્તા અને સ્વતંત્રપણું એ સદ્‌ગુણો ઉપર બહુ પ્રેમ છે. એ ગુણોનો ઉપયોગ કેમ કરવો તેની સમજણ એમના જેવી બીજી પ્રજામાં નથી. એમના ઘર વેહેવારની તથા સંસાર વેહેવારની રીતો, અને રાજનીતિ એ સઘળા એ ગુણો ઉપર આધાર રાખે છે. સર્વ છોકરાના મનમાં એનું મૂળ હોય છે. એ બાજને કેળવણી ઝાડ ઉગાડતાં જેવું અંગ્રેજોને આવડે છે તેવું બીજી કોઈ પ્રજાને આવડતું નથી. એ ગુણો પોતાના દેશમાંથી જાય નહીં માટે ઘણી સંભાળ રાખે છે, એટલે સુધી કે પોતાનું સ્વતંત્રપણું રાખવામાં કેટલોક બિગાડ થવા દે છે, ને મોટું નુકશાન ખમે છે. એ લોકે પોતાનું સ્વતંત્રપણું તથા સ્વસ્તા અથવા છુટપણું કેમ મેળવ્યું ને સાચવ્યું છે તે સમજવાને ઇંગ્લાંડનો ઇતિહાસ ભણવો જોઇએ. કાયદા કરવામાં તથા બજાવવામાં તેઓ પોતાની સત્તા રાખે છે, પણ કાયદો કર્યા પછી તેની ખેતમા રાખતા નથી. જેટલી આબરૂ કાયદાને ઇંગ્લાંડમાં છે તેટલી બીજા દેશમાં નથી. કાયદાનો હુકમ જેવો ઇંગ્લાંડના લોકો માને તેવો કોઇ દેશમાં મનાતો નથી. કાયદા બજાવવા એ કામ કઠણ નથી, કેમકે તેઓને અમલમાં આણવાને સર્વે લોક મદદ કરે છે. મુંબઇમાં બહાર કોટના મારકીટ આગળ ગાડીઓ ઉભી રહે છે ત્યાં ઘણી ભીડ ન થવા દેવી એવો પોલીસના સિપાઇઓને હુકમ છે. પોલીસના સિપાઇઓ ઘણી વાર ગાડીવાળાને કહે છે, પણ તેઓ જતા નથી ને માર ખાય છે ત્યારેજ જાય છે. સિપાઇ એમ સમજે છે કે એને લેઇજઇ દંડ કરાવવો તેના કરતાં ગાળ ભાંડવી ને લાકડી મારવી એ દયાનું કામ છે, પણ ઇંગ્લાંડમાં એથી ઉલટી સમજણ છે. સિપાઇ એ રીતે કોઇને મારી શકતો નથી, તેમ સિપાઈ કહે તે તુરત કરવામાં આવે, જો તે કાયદા વિરૂદ્ધ કહેતો તેના ઉપર પાધરી ફરીઆદ થાય છે. એવી ગાડીની ભીડ થાય છે ત્યારે પોલીસના સિપાઈ ફકત આંગળીની નિશાનીથી કોઇને એક ત-

રફ ને કોઇને બીજી તરફ જવાનું કહે છે ને સર્વે તે માને છે, એ મેં ઘણીવાર નજરે જોયું છે. ગાળ દેવી કે મારવા એતો છેજ નહીં. મુસકા બાંધીને ચોર અથવા બીજા કોઈ ગુનેગારને લઇ જવાનો શરમ ભરેલો ચાલ ઇંગ્લાંડમાં નથી. દશ મહિના હું એ દેશમાં રહ્યો, પણ કોઈને મુસકે અથવા એક હાથ બાંધીને લેઇ જતાં જોયો નથી. પાછા આવતી વેળા મીશરદેશના કેરો શેહેરમાં હું એક રાત રહ્યો હતો, ત્યાંના રેલવે સ્ટેશન ઉપર ભાડાની ઘોડાગાડીઓ આવી ઉભી રહે છે. તે દહાડે એક બે ઘોડાની ગાડી ઠેરવેલી હદથી જરા અંદર આવી એટલે પોલીસના સિપાઇઓએ આવી હાંકનારને હાથ પકડી હેઠે નાંખ્યો ને લાત મુકી, ધોલ વગેરેથી થોડી પૂજા કરી, ચોકીમાં લઇ ગયા ને ત્યાંથી તેનીજ પાઘડીએ હાથ બાંધી પોતાના ઉપરી કને દોરી ગયા. ઉપરી આગળ તે માણસ રોઇ પડયો ને માફ માગી એટલે તેને છોડી દીધો. ઇંગ્લાંડમાં આવો બનાવ કદી બને નહીં. કોઇ જાણે અજાણ્યાં ઠેરવેલી હદથી બહાર જાય તો સિપાઇ તેને ચેતાવી ધીમાસથી પાછો કાઢે અને તે કહ્યું નામાને કે જાણી જોઇને ધારો તોડે તો તેના ઉપર બીજે દહાડે કે તે દહાડે માજીસ્ટ્રેટની કચેરીમાં હાજર થવાનો હુકમ આવે ને ત્યાં કાયદો તોડવાની તેને સજા થાય. તોપણ મીસરદેશ કરતાં સો ગણો સારો બંદોબસ્ત ઇંગ્લાંડમાં પોલીસ રાખે છે. ઇનસાફ થતો હોય ત્યાં જોવા જવાની સર્વેને પરવાનગી છે. ધક્કાખાઇ કાઢી મુકવાનો કોઇને ડર નથી. એ બધું સ્વતંત્રપણા ઉપર પ્યારથી થયું છે. તેમજ ધર્મ સંબંધી પણ કશો જુલમ નથી, તે પણ તેનું ફળ છે. પોતાની ખુશીમાં આવે તે માર્ગે પરમેશ્વરને ભજે અને ભજવાને બોધ કરે. ધર્મની સભાઓમાં તથા વિદ્વાનોની સભામાં કોઇને માઠું ન લાગે એવી રીતે વર્ત્તે છે. જૂદા જૂદા પંથના ધર્મગુરૂઓ તો એક એકથી થોડા અનુચિત ખરા, પરંતુ વિદ્વાનોમાં એક એકનું માન ભંગ કરવાનો ચાલ બીલકુલ જતો રહ્યો છે. પંડિતો માંહો માંહી ઘણો સ્નેહ રાખે છે. સભામાં કોઇની ભૂલ તેના દેખતા કહેવી, વ-

ધારે કોણ ભણ્યું છે. તે દેખાડવું, વગેરે જંગલી ચાલો બ્રાહ્મણોમાં છે તેવી ત્યાં નથી, કેમકે અપમાન કરવું અથવા સહેવું એ અપલક્ષણ ઇંગ્લિશ લોકમાં નથી.

૯૭. અંગ્રેજ લોકના સુલક્ષણોને આમ ટુંકામાં વર્ણવો રહેતા મારે કેહેવું જોઈએ કે તેઓમાં કેટલાક અપલક્ષણો પણ છે. તેઓ ફીરસ્તા કે દેવના જેવા સકળગુણ સંપૂર્ણ નથી. કેવળ દોષ રહીત થવું તો માણસને અશક્ય છે, તથાપિ સારા માણસો હરેક દુર્ગુણ તજી સદ્‌ગુણમાં સંપૂર્ણ થવાને કોશીશ કરે છે; સઘળા માણસોએ જેમ વધારે સદ્‌ગુણી થવાય તેમ કરવાને મેહેનત કરવી. એક પ્રજા જે કર્મને પાપ કહેછે તેને બીજી નથી કહેતી, જેમકે ખાવાને સારૂ પશુવધ કરવો એને હિંદુઓ પાપ ગણે છે, ખ્રીસ્તિ, મુસલમાન વગેરે ધર્મના લોક તેમ નથી કહેતા. એવા તકરારી દોષોને ન ગણતાં બીજા દુર્ગુણો જેને વિષે પૃથ્વીના બધા લોકનું એક મત છે તેવા કેટલાક દુર્ગુણો અંગ્રેજ લોકમાં છે, તોપણ મારે કહેવું જોઈએ કે તેઓ હલકા દરજાના છે, અને તેમના સુલક્ષણો અને કુલક્ષણનો તોલ કરતાં સુલક્ષણો વધારે ભારે થાય છે. જે સદ્‌ગુણો એમનામાં છે અને આપણામાં નથી તેઓને મેં દરસાવ્યા છે, બેહુમાં સામાન્ય છે તે વિષે હું બોલતો નથી. જે દુર્ગુણો અંગ્રેજોમાં છે તે હિંદુઓમાં પણ છે. માટે તે વિષે હું આ નાના ગ્રંથમાં લખતો નથી. એમના દુર્ગુણો હિંદુસ્તાનમાં સાફ જોવામાં આવેછે. તે જોવાને ઇંગ્લાંડ જવાની જરૂર નથી. હું તેમના સારા ગુણો જોવા ગયો હતો માટે તે ઉપર ધ્યાન પહોંચાડયું છે.

૯૮. વિશાળ લંડન શેહેર, પારલેમેંટના શોભાવંત મેહેલો, ઉવેસ્ટમિન્સ્ટર આબી, સેંટપાલનું દેવળ, બ્રિટિશ તથા કેનસિંગટન સંગ્રહસ્થાનો, ચિત્ર સંગ્રહસ્થળો, આશ્ચર્યકારી નાટકશાળાઓ, બાગબગીચા, ઉનાળામાં ખેતરો અને ડુંગરોનો સુંદર દેખાવ, શિઆળાના બરફ તથા ધુમ્મ, આ દુનીઆમાં એક મોટો ચમત્કાર એવો જે ટેમ્સ નદીની નીચેનો રસ્તો બીલાડી, મેહેલ, વિશાળ ગોદીઓ અને

અગણિત મોટાં વહાણો, સુતર, કાચ, યંત્રો વગેરેના અતિ મોટા કારખાનાં ગામે ગામ છે, એ સર્વે જોવા લાયક છે, તથા બોધકારક છે. તેઓ વિદ્યા તથા હુન્નરનો વધારો, દોલતનો સમુચ્ચય અથવા જમાવ તથા તે મેળવવાની યુક્તિઓ દેખાડે છે. એ બધું જોઈ સાનંદાશ્ચર્ય પામીએ તથા વખાણ કરીએ. પરંતુ એકલું એજ જોવાનું છે એમ નથી, એટલું જોએ બસ નથી. અવલોકન કરવાનું તથા અભ્યાસ કરવાનું બીજું કાંઈ છે, ને તે બીજું કાંઈ જોવાને માટે ઇંગ્લાંડ જવાની જરૂર છે. તાજમેહેલના જેવી શોભાયમાન તથા સુંદર ઇમારત પૃથ્વી ઉપર બીજી થોડીજ છે, પણ આગ્રાના રહેવાસીઓ તેથી બીજા કરતાં વધારે સારા નથી. આપણે પારિસ અને લંડનના જેવડા સંગ્રહસ્થાનો સ્થાપીએ અને જોઈએ તેવા મોટા યંત્રો વેચાતા લાવીએ પણ તેઓથી ઘણી મદદ થવાની નથી. બહારના બનાવોથી થોડું ફળ છે. યંત્રો અને તેનાથી મળેલું ધન, ઇમારતો અને શેહેરો એ સર્વે કાંઈ મૂળ કારણથી થયેલું ફળ છે; તે મૂળ કારણ શું છે તે જાણવું જોઈએ. ઇંગ્લાંડના લોકનાં લક્ષણ તે મૂળ કારણ છે. સર્વ વ્યાપક ઉત્સાહને હમેશ ગતીમાં નીરખીને તથા પોતાની ફરજનો ભાવ દરેક આદમીના રૂદયમાં એટલો ઊંડો પેઠેલો છે કે સઘળા વર્ગના લોક સ્વદેશાભિમાનમાં એકત્ર ગુંથાઈ ગએલા છે, તે જોઈ હું દંગ થઈ ગયો. દરેક અંગ્રેજ એમ સમજે છે કે ઇંગ્લાંડની આબરૂ, મોટાઈ, અને આબાદી મારા ઉપર આધાર રાખે છે; હું ઉદ્યોગ કરીશ તથા હરેક રીતે મારો ધર્મ બજાવીશ તોજ હું તથા મારો દેશ સુખી અને આબરૂદાર રહેશે; મારા હીતમાં અને મારા દેશના હીતમાં કાંઈ અંતર નથી, ઇંગ્લાંડનું અનહીત થાય તે પોતાનું થાય, એમ તે સમજે છે; ઇંગ્લાંડની દોલત ઘટે તે પોતાની ઘટે, ઇંગ્લાંડનું માન ઓછું થાય તે પોતાનું ઓછું થાય, એમ જાણેછે. સઘળા કરશે તે હું કરીશ, સોનું થશે તે મારૂં થશે, એમ અંગ્રેજ વિચારતો નથી. મારે પોતાને શું કરવું જોઈએ તે વિચારીને હરેક પ્રસંગે વર્તે છે. હુંનર, ઉદ્યોગ, વેપાર,

યુદ્ધકળા, રાજકારભાર, વિદ્યા વગેરે હરેક બાબતમાં પ્રજાને દોરનારા મહાન પુરૂષો થઇ ગયા છે, અને હાલ પણ છે; પરંતુ ઇંગ્લાંડની આબાદી તથા વૃદ્ધિ જેટલી એ સરદારોથી થઈ છે તેટલીજ અથવા વધારે લાખો સાધારણ અને અપ્રસિદ્ધ માણસોથી થઇ છે. તેમનાં નામ ઇતિહાસમાં કે જન્મચરિત્રના ગ્રંથોમાં લખ્યાં નથી, તોપણ ઇંગ્લાડ ઉપર તેમનો ઉપકાર થોડો નથી. ઇંગ્લાંડની સારી હાલત પોતાની એકલાની મેહેનતથી થનાર છે, એવું નક્કી માની લાખો આદમી વર્ત્યા છે, અને આજે પણ વર્ત્તે છે. જે દેશ એવા માણસોથી ભરેલો છે તેજ દેશ સારી સ્થિતિને પામે છે. કોઈની દેખાદેખી કે કોઇને ખુશ કરવાને કે નામ મેળવવાને નહીં પણ એ સારૂં કામ છે, તથા કરવું એ મારો ધર્મ, પછી તે ફરજ બજાવતાં નફો થાય કે નુકશાન થાય કે દુઃખ વેઠવું પડે તેની દરકાર રાખ્યા વિના આગ્રહથી કરે એવાં આદમીઓથી જે દેશ ભરપુર છે તેજ દેશ ઊંચે દરજ્જે ચઢે છે. હાય હાય! આપણા દેશમાં એવા માણસો કેમ નથી! દેશહીત અથવા સર્વનું સારૂં થતું હોયતો તે ગાંઠનો ખરચ કરી, પોતાના ધંધાથી ચૂકી બીજા જોડે વૈર બાંધીને પણ થતું હોય તો કરવું એવો ગુણ અંગ્રેજ લોકમાંછે. કાયદા તોડનારને, દગલબાજી કરનારને, જુલમ કરનારને તથા બીજાં માઠાં કામ કરનારને પકડી કોરટમાં ન્યાય કરનારાઓની પાસે કાયદા પ્રમાણે ત્રાહેત ધણીઓ કેવળ પરમાર્થને સારૂ સજા કરાવે છે. એનાં ઘણાં દૃષ્ટાંતો મેં નજરે જોયાં છે, ને તેથી મારા મન ઉપર બહુજ અસર થઇ છે, ત્યારે શું આ દેશથી બીજા જશે. તેમના ઉપર નહીં થાય? ભરતખંડની માઠી હાલત મટાડવાના જે ઉપાયો છે, તેમાંનો એક ઉપાય યુરોપની મુસાફરીછે, એટલુંજ નહીં પણ તે ઉપાય મુખ્યછે. પોતે નજરે દેખ્યાથી જેટલું શિખાય છે તથા મન ઉપર અસર થાય છે તેને દશમે હિસ્સે પણ વાંચ્યાથી કે સાંભળ્યાથી થતી નથી.

## પ્રકરણ ૧૦ મુ.

૬૯. ઇ૦ સ૦ ૧૮૬૧ ના માર્ચ મહિનાની ૮ મી તારીખે રાત્રે ૧૧ કલાકે હું પારિસમાં દાખલ થયો. શેહેર સુધારાના ખરચને કાજે કેટલાક માલ ઉપર શેહેરમાં પેસતાં જકાત લેછે. એ જકાત લેનારાઓએ મારી તથા મારી સાથે આવેલા સઘળા ઉતારૂઓની પેટીઓ ઉઘાડીને જોઇ. મારી સિશેઇ જોઇને અજબ થયા. મારા એક સાથીએ ફ્રેંચ ભાષામાં તેમને કહ્યું કે, એમાં પાણી છે. તેઓએ પેહેલું તો ન માન્યું ને કહ્યું કે પાણી લાવવાનું શું કામ છે, પારિસમાં બહુ પાણી છે. તેમાંના એકની હાથેળીમાં મેં પાણી રેડયું તે તેણે ચાખ્યું ત્યારે માન્યું, પણ તેમનું અચરજ ઓછું થયું નહીં. ફ્રેંચભાષા બોલતાં આવડે નહીં માટે લંડનથીજ એક મિત્ર પાસે નોટબુક ઉપર પારિસની એક અંગ્રેજી બોલનારા હોય તેવી સારી હોટેલનું નામ લખાવી લીધું હતું; તેનું નામ "હોટેલ ડિલિલિ એનડ આલબીઓન." સ્ટેશન પાસે ભાડાની બગીઓ હતી ત્યાં જઇ એક બગીવાળાને તે દેખાડયું. વાંચો તેણે અમારો સામાન બગીમાં મૂકી અમને પણ બેસાડી લીધા. બધું કામ ઇસારતે ચાલ્યું. થોડી મીન્યુટમાં તે હોટેલમાં પહોંચાડયા. આગણામાં પેઠા એટલે હોટેલના બે આદમીએ આવી ગાડીનાં બારણાં ઉઘાડયાં, ને મારો સામાન ઉપાડયો. બગીમાંથી ઉતરી તેના કહેવા પ્રમાણે બગીનું ભાડું આપ્યું. ભાગાતુટા અંગ્રેજીમાં તેણે અમારૂં નામ તેમના રજીષ્ટરમાં લખવાનું કહ્યું, ને સુવા બેસવાના ઓરડા બતાવ્યા. સુવાનો પલંગ, તળાઇ વગેરે બહુજ સરસ હતાં. બેસવાના ઓરડાનાં શાં વખાણ કરૂં! કાચના બારણાવાળા કબાટ, આરસીઓ, ચિત્ર, સુંદર ગલીચા, ગાદીવાળા કોચ, તકીઆ, રૂપાળી ખુરસીઓ, ટેબલ વગેરે જે જોઇએ તે હતું. મારી પાસે જેમના ઉપર ભલામણ પત્રો હતા તેમને બીજે દિવસે મળવા ગયો. આકસફોર્ડના સંસ્કૃત વિદ્યાગુરૂ માનીઅેર ઉવીલ્યમ્સ સાહેબે પારિસના એક સંસ્કૃત ભણેલા, ત-

થા એક હિંદુસ્તાની ને ફારસી ભણેલા પંડિતો ઉપર પત્રો આપ્યા હતાં તેમને મળ્યો. એ સંસ્કૃત વિદ્વાનનું નામ મ. રેગનીરી, અને હિંદુસ્તાની પંડિતનું નામ ગારસિન ડિ તાસી. અંગ્રેજીમાં જેમ સદ્‌ગૃહસ્થોના નામને મિસ્તર લગાડે છે, તેમ ફ્રાંસીસ અથવા ફ્રેંચમેનના નામને મશ્યુર લગાડાય છે. એ બંને સાહેબે મારા ઉપર ઘણી મેહેરબાની કરી, તેઓનાં ભાષણો સાંભળવા મને તેડી ગયા, તથા તેઓના મિત્રો સાથે ઓળખાણ કરાવ્યું. ઇન્સ્ટિટ્યુટ ડિ ફ્રાંસ નામે સભા છે, તેના પ્રમુખ મુ. જુલીસ મોહલ જોડે મુલાકાત કરાવી, તે સારા ખપમાં આવી. એણે મારા ઉપર ઘણી માયા કરી, પોતાના કુટુંબ જોડે ઓળખાણ કરાવ્યું, તથા પારિસમાં રહ્યો તેટલા દિવસમાં ઘણીવાર મને પોતાને ઘેર તેડતો. એક સાંજના પારિસના થોડાક મુખ્ય પંડિતોને પોતાને ઘેર તેડયા, ને મને તેમની જોડે મેળવ્યો. તેમાંના જેને અંગ્રેજી બોલતાં આવડતું હતું તેમની સાથે હું વાત કરી શક્યો. તેઓમાં એક રૂશીઅન પંડિત પણ હતો તે અંગ્રેજી બહુ સારૂં બોલતો હતો. તે પંડિતોની સ્ત્રીઓ પણ આવી હતી. તે રાત્રે મને ઘણો આનંદ થયો. જો હું ફ્રેંચભાષા સમજતો હોત તો વધારે ખુશી થાત.

૭૦. ઇન્સ્ટિટ્યુટ ડિ ફ્રાંસ નામે એક પ્રસિદ્ધ અને વખાણાએલી મહાવિદ્વાનોની મંડળી પારિસમાં છે. તેમનું મકાન મોટા મેહેલ જેવું છે. એક ભાગમાં ગ્રંથોનો સંગ્રહ છે, લાખો પુસ્તકો, પ્રાચીન અર્વાચીન લેખો, નકસા વગેરે ભરેલા છે; ને નવા ગ્રંથો પ્રગટ થાય છે, તે ઉમેરતા જાય છે. જે ઓરડામાં સભા ભરાય છે તે શોભીતો કરેલો છે. બેસવાને સારૂ મખમલથી જડેલા બાજઠો તથા ખુરશીઓ છે. એ સભા આખા યુરોપમાં બહુ માન પામે છે. એના સભાસદ થવું એ મોટી આબરૂ ગણાય છે. વિદ્યા હુન્નરની શોધ કરવાથી, સારા ગ્રંથો રચવાથી, અથવા જ્ઞાની હોયાથીજ એ સભામાં પેસાયછે. દરેક સભાસદને ફ્રાન્સના રાજ્ય તરફથી પગાર મળેછે. સભાસદો જેને ઠરાવે તેજ દાખલ થઈ શકે છે. પરદેશના વિદ્વાનોને

પણ આપરૂને સારૂ સભાસદો કરે છે. મુકરર વખતે હમેશ સભા ભરાય છે. તે વેળા કોઇ નવી શોધ વિષે કોઈએ લખી મોકલ્યું હોય તે, અને આ સભામાંથી કોઈ લખી લાવ્યું હોય તે વંચાય છે, અથવા કોઇને મોઢે કહેવું હોય તો તે કહી સંભળાવે. પછી તે વિષે ઘણુંજ વિવેકથી વાદવિવાદ કરે છે. આપણા શાસ્ત્રીઓની સભા થાય છે તેવી આ ન સમજવી. કોઇનું મન ભંગ કરવું, જીત્યા કહેવડાવવું, પંડિતપણાનું ડોળ દેખાડવું, લઢી ઉઠવું, આગળ બેસવાને ધસારો કરવો, એક એક ઉપર પડવું, બુમો પાડવી, વગેરે જે આપણા પંડિતોની સભામાં જંગલી ને શરમ ભરેલા બનાવ બને છે, તેવા અહીં બનતા નથી. અહીંતો શાણા વિચારવંત મહા પુરૂષો એકઠા મળી એક એકના વિચાર સાંભળે છે, પોતપોતાના મત જાહેર કરે છે, નોંધી લેવા લાયક હોય તો નોટબુકમાં લખી લે છે. અરસ પરસ જ્ઞાન આપે છે ને લે છે. એ લોકની વાતચીતમાં સાધારણ ભણેલાને તો સમજણે ન પડે. હું પારિસમાં હતો ત્યારે એક વાર એ મંડળીની બેઠક થઇ હતી, ને તેના પ્રમુખ જોડે તે જોવા ગયો હતો. સભાનું કામ આરંભ થયા પેહેલા પ્રમુખ સાહેબે મને કેટલાએક ફ્રેંચ વિદ્વાનોનું ઓળખાણ કરાવ્યું. ગીઝો નામે મહાપંડિત તથા ફ્રાંસના મરહુમ પાદશાહ લુઇફિલિપના મુખ્ય પ્રધાન જોડે મારે સૌથી વધારે વાતચીત થઇ, કેમકે તેને અંગ્રેજી બોલતાં ઠીક આવડે છે. સભાસદો આવી રહ્યા એટલે મુ. માહેલ પ્રમુખસ્થાને બિરાજ્યા. મહા વિદ્વાન પરદેશી એ સભામાં આવે છે ત્યારે તેને પ્રમુખની પાસે ખુરશી આપે છે. એ મોટું માન ગણાય છે. મેં ત્યાં બેસવાની ના કહી, કેમકે મેં કહ્યું હું કાંઇ વિદ્વાન નથી. એ મહા પુરૂષોની સભામાં બેઠાથી હું તે દિવસે કૃતાર્થ થયો. મને તેમની ભાષા બોલતાં આવડતી હોત તો કેવું સારૂં થાત! ગીઝો સાહેબે પારિસની પાઠશાળાઓ, તથા ફ્રાન્સની નિશાળો દેખાડવાનું કહ્યું, પણ મેં આગબોટની ચીઠી કરાવી હતી, તેથી દિલગીર થયો કે પારિસમાં વધારે રહેવાઇ શકાયું નહીં.

૭૧. પારિસમાં હું આઠ દાહાડા રહ્યો તેમાં ખાવાના તથા ઉંઘવાના વખત સિવાય જરાએ પગવાળીને બેઠો નથી, ફર ફર કર્યા કીધું. પારિસ સુંદરપણામાં, તથા શોભાયમાન બાંધણીમાં લંડનથી ઘણું ચઢતું છે. એવું કહેવાય છે કે આખી પૃથ્વી ઉપર એના જેવી શોભા બીજા કોઈ શેહેરમાં નથી. હાલ વસ્તી આશરે પંદર લાખની ગણાય છે. યુરોપના ધનવાન લોકોને મોજ ભોગવવી હોય છે, ત્યારે પારિસ આવીને રહે છે. ત્યાં સારો મઝાનો તડકો પડે છે, ટાઢનું દુઃખ નથી. ઉદ્યોગ ઘણો છે, પણ લોકો મોજી ઘણા છે, તેથી જ્યાં જોઈએ ત્યાં આનંદ થતો દેખાય છે. કારખાનાં અને જમવાની દુકાનો ઠેર ઠેર છે. શેહેરની રચનામાં કાંઈ કસર નથી. જે જોઈએ તે સાનંદાશ્ચર્ય પમાડે છે. પહેલાં તો ધોરી રસ્તા જોઈને ખુશી થઈ જઈએ છીએ. ચારગાડિઓ બીનહરકતે જોડે દોડે એટલા પોહોળા માર્ગો પથરાના બાંધેલા છે. ઘોડા તથા ગાડીઓને માટે રસ્તો વચમાં રાખ્યો છે; તેની બંને બાજુએ ઝાડો બીલી રહ્યાં છે. બેહુ બાજુએ ઝાડો અને ઘરોની વચે પગે ચાલનાર લોકને સારૂ પહોળા રસ્તા છે. ઘરને તળીએ સુંદર દુકાનો કાઢેલીછે. સુંદર રંગેલા તથા કારીગીરીથી શોભિતા ઊંચા ધામ સામાસામે આવી રહ્યાં છે.

"સપ્ત ભૂમિનાં ભવન તે ભાસે, જોતાં ભુખ તરશ તે નાસે;
બહુ કળશ ધજાઓ બિરાજે, જોતા અમરાપુરી તો લાજે.
શોભે છજાં ઝરૂખાં ને માળ, મણીમય થંભ ઝાક ઝમાળ;
વાકિ બારી ને ગોખે જાળી, નિલા કાચ મુક્યા છે ઢાળી.
લીપી ભીંત સોનાની ગાર, ચળકે કામ તે મીનાકાર;
ભલા ચોટા શેરી ને પોળ, સામાસામી હાટની ઓળ.
ઘેર ઘેર તે વાટિકા કુંજ, કરે ભમર તે ગુંજા ગુંજ;
થાય ગાનના ઘોષ તે કાળે, રસ જામ્યો વાજિત્રને તાળે.
શકે અવાસ અડશે વ્યોમ, જાણે વૈકુંઠ આવ્યું ભોમ."

એ રીતે કવિ પ્રેમાનંદ ભટે દ્વારિકાનું વર્ણન કર્યુંછે. જો તેણે હાલનું પારિસ શેહેર જોયું હોત તો દ્વારિકાને એથી વધારે સારી બ-

નાવત, તથા તેને વૈકુંઠને બદલે પારિસની ઉપમા આપત. પારિસની શોભા અને પારિસની મઝાથી ભુખ અને તરશ થોડી વાર લગી ખરેખાત વીસરી જવાયછે. એ નગરનું ખરેખરૂં બ્યાન કરવાને પ્રેમાનંદ સરખા પુરૂષોનીજ શક્તિ પહોંચે. બધા મુસાફરો, મિત્ર અને શત્રુ સર્વે, કહેછે, પારિસ અતુલ્ય છે. આપણા કવિયે કલ્પના કરીછે તે કરતાં સરસ મેં નજરે દીઠું. સીનનદી શેહેરની વચમાં વહી ખૂબ બહાર આપેછે. અંગ્રેજી બોલનાર ભુમીયાને લઇને આઠ દહાડા સુધી આખા શેહેરમાં હું ફર્યો. કોઈ વાર તો રાત્રે બાર વાગે મુકામે આવતો. મેં પેહેલે દહાડે શેહેરના ધોરી રસ્તા, સીનનદીના પુલો, નાત્રદામ નામે મંદીર, તથા બીજાં કેટલાંક સુંદર દેવળો જોયાં. એ દેવળોને માહિથી શણગારેલા છે, તે જોઇને મને બહુ અચંબો થયો. મેં જે દેવળો જોયાં તે કાથલિક પંથનાં હતાં. તેમાંની મૂર્ત્તિઓ તથા જે ક્રિયા ચાલતી હતી તે જોઇ મને હિંદુદેવસ્થાનો સાંભર્યાં. નવાઈનું એટલું હતું કે ખુણાઉપર ઉપદેશક તથા કેટલીક બાયડીઓ બેઠેલી હતી. તેઓ વારાફરતી પોતાનાં કરેલાં માઠાં કામ ગુરૂના કાનમાં કહેતી હતી. બારણા આગળ એક માણસ વાસણમાં પવિત્ર પાણી લઇને બેઠો હતો, ને દેવળમાં જનારા લોક તેને પૈસો આપી તેમાંથી ચાગળું લેઇ જીભ ઉપર મુકતા, તથા આંખે અડકાડતા. એ દેવસ્થાનોની માંહેની શોભા, તથા ગાયન સાંભળી મારો જીવ ઘણો આનંદ પામ્યો, પણ ત્યાંના વહેમી કામોથી હું નાખુશ થયો. એવાં સુંદર દેવળો ઇંગ્લાંડ કે બીજા કોઇ ઠેકાણે મારા જોવામાં આવ્યાં નહોતાં. પારિસમાં સરકારી ઇમારતો ઘણીજ છે. તે બધી જોવામાં મેં પાંચ દિવસ ગાળ્યા પણ પુરી થઈ નહીં, ને જેમાં એકવાર જઇ આવ્યા કે મનમાં એમ થયાજ કરે કે ક્યારે તેમાં બીજી વાર જઇશું. નાટકશાળાઓ અને રાજસભાને બેસવાના મકાન જોઈ વખાણ કર્યાંજ કરીએ. મહારાજાના મેહેલોની કાંઇ વાતજ નથી કહી જતી; તેમાંના અતિસુંદર ગલીચા, સોને રસેલાં બહુજ રૂપાળાં છજાં, ગોખ, બારીઓ, ખુરશીઓ, કાચો, આરસીઓ, ઝૂમરો, ચિ-

ત્રો વગેરે શણગારો તથા અનેક નવાઈની વસ્તુઓ, આરસનું અને મીનાકારીનું કામ, ઈત્યાદિ જોઈ મારી અકલ ગુમ થઈ ગઈ. જેણે એવું ઘણું જોયું હોય તેને તો ઘણું સાનંદાશ્ચર્ય ન લાગે, પણ મારા જેવા પેહેલીવાર જોનારને તો વખતે ભ્રાંતિ પડે કે, આખરેખરૂં છે કે સ્વપ્ન હશે, હું પૃથ્વી ઉપર છું કે પરલોકમાં છું. મેં જે જે સંગ્રહસ્થાનો, પુસ્તકશાળાઓ, જનાવરશાળાઓ, દુકાનો, યંત્રનાં કારખાનાંઓ, હુન્નર બનવાનાં ઠેકાણાં, બાગ બગીચા, છોકરાંને રમાડવાની જંગો, કીર્ત્તિસ્થંભો, ફરવાનાં રમણીય સ્થળો વગેરે જે અદ્દભુત રચના જોઈ તેઓનું વર્ણન પારિસમાં ઘણા મહિના રહ્યા વિના થઈ શકે નહીં, અને ત્યારે પણ ઘણાજ પરભાષાના શબ્દો વાપરવા પડે. એક ગ્રંથમાં નીચે પ્રમાણે પારીસનું બ્યાન કરયુંછે.

૭૨. એ શેહેર ફ્રાન્સની રાજધાની છે. એનો ઘેર આશરે ૧૫ માઈલ છે. ત્યાનાં ઘરો પથરાનાં બાંધેલાં તથા ઘણાંક સાત માળનાં છે. એમાંના દરેક માળ ઉપર જૂદું કુટુંબ ઘણું કરીને રહે છે. સીનનદી એમાં છે તે ઉપરના પુલોમાંના નળ બહુ મોટા છે. સીનનદી ટેમ્સના જેટલી પોહોળી નથી. એ શેહેરમાં ફુવારા ઘણા છે, તથા કેટલાક કીર્ત્તિસ્થંભ, તથા વિજય કમાનો ઘણા સુંદર છે. શેહેરમાં જે ચોક છે તેમાં જે "પ્લાસ ડિ લુઈ ૧૫ મા" કહેવાય છે તે સૌથી સરસ છે. એમાં ૧૬મા લુઇને તથા તેની રાણીને તથા તેની બેનને ગરદન માર્યાં હતાં. પ્લાસ ડિ વેનદોમ નામનો ચોક પણ બહુ સારો છે. એ મેદાનમાં ભભકાદાર અને બહુ ઊંચો પંચરસ ધાતુનો સ્થંભ છે. આસ્ત્રીઆની જોડે લડતાં એક વરસમાં નેપોલીઅન પાદશાહે તોપો જીતી હતી, તેનો તેણે એ બનવરાવ્યો છે, અને લડાઈમાં પડેલા સરદારોનાં નામ તે ઉપર કોતરેલાં છે. નાટ્રડામનું દેવળ યુરોપનાં સર્વોત્તમ દેવળોમાંનું એક છે. તે સિવાય પારિસમાં બીજાં પણ ઘણાં રૂપાળાં દેહેરાં, મંદિર વગેરે છે. પારિસની યુનીવરસિટી ઘણી વખાણાય છે. એ નગરમાં સુંદર અને મોટા મેહેલો છે તેમાંના ચાર સૌમાં મુખ્ય છે. તેનાં નામ, ૧ લુવ્, ૨ ટ્યુલરીસ,

૩ પેલેસરોયલ અને ૪ લુકસેમબર્ગ. લુવ્રમાં હુન્નરોનું મધ્ય સંગ્રહસ્થાન છે. ટયુલરીસની વાડી એજ નામના મેહેલની આગળ અને સોનનદીને કાંઠે છે તે બહુજ સુંદર છે. પાલેસરાએલની માહેની બાજુએ તાજી ઇમારતો, દુકાનો, કાવાખાનાં તથા રળીઆમણા બગીચા છે,ને ત્યાં હરવખતે એટલા બધા લોક હોયછે કે હમેશ મેળો કે જાતરા ભરાઇ હોય તેવું દીસે છે; ચિત્રોના સંગ્રહને સારૂ લુકસેમબર્ગ પ્રખ્યાત છે. રાજકારભારને અર્થે પારિસના બાર ભાગ કર્યા છે. એમાંના દરેક ભાગના રહેવાસીઓની રીતભાત તથા બારામાં કાંઇક ફેર છે. પારિસ જેમ ફ્રાન્સની રાજધાની છે, તેમ વેપાર રોજગારનું મોટું સ્થળ છે. ઉપયોગી હુન્નરોમાં માનચેસ્ટર, બરમીંગહામ કે ગ્લાસ્‌ગોની બરાબરી કરી શકતું નથી. ગલીચા, શેતરંજી, આરસા, સુંદર કપડાં, ઘરેણાં, જવાહીર, રમકડાં, ચિત્ર વગેરે સુંદર હુન્નરો અને શણગારની જણશો બનાવવાનાં કારખાનાં ઘણાં અને બહુજ મોટાં છે. એવી મોટી અને મોજી રાજધાનીના રહેવાસીને જે જે જોઇએ તે પુરૂં પાડવાને ઘણોજ વેપાર છે, તેમ પરદેશ પણ ઘણો માલ જાય છે. હાલ શેહેર ચઢતી કળા ઉપર છે. જાહેર પુસ્તકશાળાઓ, સંગ્રહસ્થાનો, ચિત્રસંગ્રહો, અને વિદ્યાનાં સ્થળો ઘણાં અને બહુ સારાં છે. કાલેજો અને નિશાળો મોટી મોટી છે, અને સરકાર તેઓ ઉપર પુષ્કળ ખર્ચ કરે છે; નાટકશાળાઓ તો પારિસના જેવી આખા યુરોપમાં બીજે કોઇ ઠેકાણે નથી. હાસપિટલો એટલે ધર્મનાં દવાખાનાં, અને બીજાં પરોપકારી સ્થળો ઘણાં છે. તે બધાનો ખર્ચ સરકાર આપે છે. ઇમારત બાંધવાના બહુ સરસ પત્થર અને માટી પારિસની આસપાસ છે. પારિસમાં એક અજાએબ જેવી કબરસ્તાન છે, તેમાં મોટી મોટી ગુફાઓ અને કોતરી કાઢેલા ઓરડા છે, જેમાંના સૌથી મોટામાં ૨૮૫૦૦૦૦ ખોપરીઓ તથા તે પ્રમાણમાં હાડકાં છે. હાડકાંને એવાં પાસે પાસે ગોઠવ્યાં છે કે તેની ભીંતો બની ગઇ છે, અને છાજમાં ખોપરીઓ તથા જાંગનાં હાડકાંથી વેલો થઇ છે. એ કબરસ્તાન ચોતરફ કેટલાક ગાઉ લાંબું

બહોળું છે. ઘણાક અટકાવને દૂર કરી માજી પાદશાહ લુઈફિલિપે શેહેરની આસપાસ કોટ કર્યો છે. શેહેર ઉપર બહારથી કોઈ હુમલો કરે તો તેને અટકાવવામાં તથા પારિસના રહેવાસીઓ ફિતુર કરે ત બેસાડી દેવામાં કામમાં આવે એવો એ કોટ છે. પારિસના પૂર્વ રેખાંશ ૨.૨૨ અને ઉત્તર અક્ષાંશ ૪૮.૫૦ છે.

૭૩. ઉપર લખેલું વર્ણન કેવળ ખરૂં છે; તે સઘળું મેં મારી નજરે જોયું છે. ફેર એટલો પડ્યો છે કે લખાયા પછી મેં કેટલેક વરસે જોયું તેથી એમાં ઘણે ખરે ઠેકાણે સુધારો થયો છે, તેથી વધારે સારૂં દીઠું. ફ્રાંસીસ લોકો હમેશ હરેક બાબતમાં સુધારો કરતા જાય છે. ૧૭ મી માર્ચના સવારે દશ કલાકે અમે પારિસ છોડી મારસેલ્સ જવા નિકળ્યા. પારિસના રેલવેસ્ટેશન ઉપર જે ટીકિટો વેચતો હતો તેને અંગ્રેજી બોલતાં આવડતું નહોતું, ને મને ફ્રેંચ ન આવડે તેથી હું બોલ્યો તે તે સમજ્યો નહીં. મારસેલ્સનું નામ દીધું તે ઉપરથી તેણે અટકળ કરી કે મારે ત્યાંની ટીકિટ જોઈએ છીએ. મેં તેની આગળ પાંચ મહોરો મૂકી પણ તેણે લીધી નહીં, ને કાંઇ પોતાની બોલીમાં બોલ્યો. મેં ધાર્યું કે તેને વધારે જોઇએ છીએ. એક વધારે મુકી, બીજી મુકી, તોપણ સામું જોયાં કર્યું, ત્યારે મેં પાંચ મુકી એટલે તેમાંથી બે મને પાછી આપી ને ટીકિટ પણ આપી. રોમન અક્ષરે તે ઉપર લખેલું હતું, માટે હું વાંચી શક્યો. આખા યુરોપમાં એજ અક્ષરે લખે છે. પારિસમાં એક સાંજના હું નાટકશાળામાં ગયો હતો, ત્યાં મને બેસવાની જગા સારી મળી નહોતી તેથી ઊંચો થાઉં નીચો થાઉં, બેસું ઉઠું. એમ કરૂં ને આસપાસ કાંઈ બીજી જગાને માટે જોઉં પણ શું કરૂં કોઈ મારી જોડે વાત કરે તેવું નહોતું, ને માણસ તો હજારો ભરાએલાં હતાં. એવામાં નાટકશાળાના એક માણસે મને એમ કરતો દીઠો એટલે પાસે આવી મને ઇશારતે ઘણા વિવેકથી ઉઠાડી બીજે સારે ઠેકાણે બેસાડ્યો. ફ્રાન્સના લોક ઘણાજ સભ્ય છે. વિવેક અને આદરમાનમાં તેઓ અંગ્રેજ લોકથી પણ ચડતા છે.

તથા બીજા દેશોના લોક કબુલ કરે છે. અંગ્રેજ લોકમાં કાંઇક અ-
તડાપણું છે, અને હિંદુસ્તાનમાં આવેથી તે વધતું હોય તેવું જણાય
છે. મારસેલ્સ જવાને રેલવેની ગાડીમાં બેસવા હું ગયો ત્યારે મને
જે ગાડીમાં બેસાડ્યો તે ગાડીમાં બે અંગ્રેજ હતા; તેઓ રજા ઉ-
પર સ્વદેશ ગએલા તે પાછા મુંબાઇ આવતા હતા.મારે ને તેમને કાં-
ઇક પીછાન થયું હતું. હું ગાડીમાં ચઢ્યો એટલે તેઓ ઉતરી ગયા
ને બીજીમાં જઇ બેઠા, તેથી મારા મનમાં કાંઈ સંદેહ ઉત્પન્ન થ-
યો અને જ્યારે એલેક્ઝાંદ્રીઆમાં એમજ તેમણે ફરીને કર્યું, ત્યારે
મને નક્કી લાગ્યું કે તેમ કરવાનું કારણ તેમનો અહંકાર છે. જે
દેશને ઇંગ્લાંડે જીતી જેર કરી રાખેલો તેના વતની સાથે તેમને બે-
સતાં ગેરત લાગી! તેમનાં નામ હું જાણુંછું. પણ પ્રસિદ્ધ કરવામાં
માલ નથી. ધિક્કાર છે તેમની સુધરાવટને.

રાત્રે દશ કલાકે લાયન શેહેરમાં અમે પહોચ્યા. એક કલાક
વિસામો ખાઇને ગાડી ચાલતી થઇ. સવારના મોંસુજતાં થતાં મા-
રસેલ્સમાં પહોંચાડ્યા. હાટેલવાળાની બગીઓ તેડવાને ઉભી હતી,
તેમાંથી જેને અંગ્રેજી બોલતાં આવડતું હતું તેમાં હું ચઢી બેઠો. ઉ-
તારા ઉપર જઇ થોડો આરામ લીધો. પછી બહાર નિકળી તજવીજ
કરતાં જણાયું કે અમારી આગબોટ તે દહાડે ઉપડવાની નથી. પ-
છી ભુમીઓ લેઇ અમે શેહેર જોવા નિસરયા. પારિસનું રૂપ જોયા
પછી મારસેલ્સ શેહેરમાં કાંઈ માલ જણાયો નહીં. બાંધણીમાં યુ-
રોપનાં બીજાં શેહેરો જેવું છે, કાંઈ વિશેષ નથી. ફ્રાન્સના દક્ષિણ
ભાગનું મોટું બંદર એ છે. ભૂમધ્ય સમુદ્રના કાંઠાના દેશો જોડે
ઓહોળો વેપાર ચાલેછે. માલટા, સિકંદ્રીઆ તથા ઇસ્તામબોલ જોડે
હાલ આગબોટાવડે વેહેવાર ચાલેછે, તે એ બંદરની મારફતે ચાલે
છે. એ બહુ જુનું ને પ્રખ્યાત શેહેર છે. બંદરમાં વહાણોને રેહે-
વાને પુષ્કળ જગા છે, તથા શત્રુથી તેમનો બચાવ કરવાને કિલ્લા
છે. ફ્રાન્સના ઉત્તર ભાગ કરતાં અહીં ગરમી વધારે પડે છે, ને
તેથી એ શેહેરના લોકોની ચામડી જરાક શામળી છે. ૧૯ મી તા-

ત્રીજે સવારમાં અમે આગબોટમાં ચઢ્યા. યુરોપનો કીનારો છોડતી વેળા, ત્યાં ફરી બીજીવાર જવાની આતુર ઇચ્છાથી મેં તે ઉપરથી જોયું. ચોથે દહાડે માલટે પહોંચ્યા, ને ત્યાંથી નિકળેલા ત્રીજે દિવસે પરોઢિયામાં સિકંદ્રીઆમાં ઉતર્યા. અહીં અમારે બેસવાને અગ્નિરથ તૈયાર હતો. માલ, ઉતારૂઓનો સામાન તથા ટપાલની પેટીઓ (જેની સંખ્યા જોઇ હું ચકીત થયો) ગાડીમાં આવી રહી કે અમે ચાલતા થયા, ને બપોર થતામાં તો કેરો શેહેરમાં પેઠા. સાંજ પડ્યા પેહેલાં હું એ નગર જોઇ વળ્યો. તે મોટું અને આપણા શેહેરોથી સારૂં છે, પણ યુરોપના શેહેરના જેવું સુંદર નથી. ઘણીખરી દુકાનો તથા બજાર આપણાં શેહેરોનાં જેવાં છે બાયડીઓ મોં ઢાંકીને ફરે છે. રહેવાશીઓ મુસલમાન ધર્મને માને છે. ગામમાં ઠેર ઠેર મસજીદો છે, તેમાંની કેટલીક મોટી છે. માજી પાદશાહ મહમદઅલીએ જે બાંધી છે તેની શોભાથી સીમા છે. એવું કહેવાય છે કે દુનીયામાં એવી સુંદર અને વિશાળ મસજીદ બીજી નથી. બહુજ સારા આરસપાહાણની બાંધેલી છે, તથા ચિત્ર અને સોનેરી ખૂબ શણગારી છે. ઊંચાણ અને લંબાણ અને પોહોળપણ ઘણુંજ છે. કેરોમાં એક મોટા મેહેલ તથા બીજી કેટલીક ઇમારતો છે, પણ તે જોવાનો મને વખત મળ્યો નહીં. શેહેરના દેખાવ ઉપરથી એવું જણાય છે કે, ત્યાં વેપાર રોજગાર ઠીક હશે. કેરોથી થોડા ગાઉ ઉપર પીરામિડની બહુ જૂની બાંધણીઓ છે, પરંતુ મારાથી તે જોવા જવાનું બન્યું નહી. કેરોમાં મોટા લોક પણ સ્વારી કરવાને ગધેડા પાળે છે. બીજે દહાડે સવારના દશ કલાકે આગગાડીમાં સ્વાર થયા તે બાર ઉપર એક કલાકે સુવેઝ પહોંચ્યા. સુવેઝ છોડ્યા કેડે સાત દહાડે અમે એડન પહોંચ્યા. એડન મૂક્યા પછી આઠ દિવસે એટલે સન ૧૮૬૧ના અપરેલ માસની ૧૩મી તારીખે હું મુંબઇમાં ઉતર્યો.

સમાપ્ત.